



આ પુસ્તક લેખકની [illegible] વર્ષની [illegible] 'અનુભૂતિ' [illegible] નવ કાવ્ય ને [illegible] છે.

ગુજરાતનાં [illegible]

[illegible]



'તમારે વિષે આવી વાતો
છાપી નાખીએ તો તમારું શું
થાય?'


સટોડીઆને તાવ આવ્યો હતો.
'કેટલો છે, ડોક્ટર?' પત્નીએ પૂછ્યું.
'૧૦૩ ડીગ્રી.'
'૧૦૫ થાય ત્યારે વેચી મારજો.'
સટોડીઓ હસ્યો.

એક કરતાં બે ભલા, બેથી બાવીશ ભલા એમ ભલે કહેવાતું હોય, પણ આમાંની એકજ રમૂજ મિત્રોને કહી જુઓ તો તરતજ ખાત્રી થશે કે એ એકે હજારાં છે.

એવી પાંચસો ઉપરાંત રમૂજોનો સંગ્રહ

ટૂંકું ને ટચ



મૂળરાજ અંજારિયા

શ્રી. જ્યોતીન્દ્ર દવેની પ્રસ્તાવના સાથે

: પ્રકાશક :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : : : પબ્લીશર્સ

૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨.

કિંમત રૂા. ૩-૮-૦

પ્રસિદ્ધિને પંથે

★ નિત નવી વાતો

★ લાકડાના લાડુ અને બીજા ટૂચકા

પ્રણય અને પરિણય
પતિ — પત્ની
સ્ત્રી અને પુરૂષ
મથાળાં હેઠળ પ્રકટ
થઈ ગયેલ રસમય ટૂચકાઓનો સંગ્રહ

★ હળવે હાથે

Published by Nandlal Mohanlal Thakkar, N. M. Thakkar & Co. 140, Princess Street, Bombay 2. & Printed by Jadavji Pitamber Thakkar Usha Printery, Devkaran Mansion, Princess Street, Bombay 2.

અર્પણ

શ્રી. ચાંપશીભાઈ


શ્રી. ગગનભાઈ

શ્રી. રમણિકભાઈ

તથા

કલકત્તા ગુજરાતી સાહિત્ય મંડળના

અન્ય મિત્રોને



ટૂંકું ને ટચ

☆

છેલ્લા ૭ વરસથી, ઓગસ્ટ ૧૯૩૯થી અત્યાર સુધી, 'નવચેતન' માં દર મહીને નિયમિતરૂપે પ્રગટ થયે જતી 'નિત નવી વાતો' તથા 'ટૂંકું ને ટચ' ના મારા કોલમમાંથી ચૂંટી કાઢેલા ફકરાનો આ પહેલો સંગ્રહ આજે બહાર પડે છે.

આવા ત્રણ સંગ્રહ હજી ચાલ્યા આવે છે.

આમાંનાં પ્રતિકાવ્યો શ્રી. રતુભાઈ દેસાઈએ મઠારી આપ્યાં છે તે માટે તેમનો આભારી છું.

જૂન ૧૯૪૫.
બીજે માળે,
૩૩૦, વડગાદી,
મુંબઈ ૩.

મૂળરાજ અંજારિયા

ટૂંકું ને ટચ

●

પ્રેસીડન્ટ વિલ્સનને કોઇએ પૂછ્યું: 'દશ મિનિટ ભાષણ કરવું હોય તો તમારે કેટલી તૈયારી કરવી પડે ?'

'બે અઠવાડિયાં.'

'એક કલાક ભાષણ કરવું હોય તો ?'

'તો એક અઠવાડિયું.'

'ને બે કલાક ભાષણ કરવું હોય તો ?'

'ચાલો તૈયાર છું,' વિલ્સને કહ્યું.

●

સાંકળીયું

સાહિત્યનાં·સુરસુરિયાં

★

રાજકીય રમૂજો

★

અક્કલ બડી કે....?

રજવાડી રમૂજ

★

તંત્રી કથાઓ

★

કવિ કથાઓ

★

★

અભિનય અને અદાકારો

★

★

જાહેર ખબરોની ઝમક

★

વેપાર—વણજ

▼

શુદ્ધિપત્ર

ભૂલચૂક લેવીદેવી.

●

૨૫૪૫૭

લાંબું ને લચ

મૂળરાજ અંજારિયાએ એમનું પ્રથમ પુસ્તક 'ટૂંકું ને ટચ' પ્રસિદ્ધ થવાનું છે એ સમાચાર મને આપ્યા ત્યારે મેં આનંદ વ્યકત કર્યો ને એમણે, માનવ જીવનમાં આનંદ પછી શોક છે એ વાતની પ્રતીતિ કરાવવા માટે, મને એમના 'ટૂંકું ને ટચ' ને માટે કંઇક 'લાંબું ને લચ' પ્રસ્તાવનારૂપે લખી આપવા આગ્રહ કર્યો.

ટૂંક વખતમાં ઇષ્ટ સ્થાને પહોંચવું એ પ્રગતિની નિશાની ગણાય છે. बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते (બહુ જન્મોને અંતે જ્ઞાની મને પામે છે) એમ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે. પણ એ પ્રાચીન કાળના જ્ઞાની માટે ખરૂં હશે. આજના વિજ્ઞાનીને બહુ જન્મના અંત સુધી થોભવું પાલવે એમ નથી. એક જન્મના અંત સુધી થોભવું પડે તો એ જન્મનો જલ્દી અંત કેમ આવે તેને માટેનાં સાધનોની શોધ-ખોળ એ કર્યા જ કરે છે. ખૂબ લાંબી બુદ્ધિ દોડાવી ટૂંકામાં ટૂંકા વખતમાં વધારેમાં વધારે મનુષ્યોનાં જીવન ટૂંકાવી નાખવાની કલા ને તે માટેનાં સાધનો વિજ્ઞાનવિદે જગતને ચરણે, ચરણે જ નહિ, મસ્તકે પણ ધર્યાં છે.

આપણે ત્યાં, તેમ અન્યત્ર પણ, ઘણાખરા લેખકો લખવાની શરુઆત કાવ્યથી કરે છે. આનાં બીજાં કારણો હશે, પણ એક કારણ મને એ પણ લાગે છે કે કાવ્યસર્જન એ સાહિત્યકાર તરીકેની પ્રસિદ્ધિનો ટૂંકો માર્ગ છે. નિબંધ, નવલકથા અને ટૂંકી વાર્તા કરતાં પણ કવિતા વધારે ટૂંકી હોય છે. એટલે સાહિત્યોદ્યાનમાં પ્રવેશ કરવાનો એ ટૂંકો રાજમાર્ગ ઘણાને પસંદ પડે એમાં નવાઇ નથી. પરંતુ ભાઇ મૂળરાજે તો એથી એ ટૂંકો માર્ગ શોધી લાંબા લેખો લખવાની પંચાત છોડી ટૂંકા ટૂચકા તેમજ કટાક્ષ—ટીકા આદિ પ્રસિદ્ધ કર્યા. ને હવે એ બધા ટૂચકા આદિ ને ભેગા કરી પુસ્તરુપે એ પ્રસિદ્ધ કરે છે.

સાહિત્યકારોનું ટૂંકાણ પ્રત્યેનું આ વધતું વલણ જોઇને વર્ષો પૂર્વે 'મારી નોંધપોથી' માં મેં લખ્યું હતું:—

"આ જમાનો ટૂંકાનો છે. એક લાખ શ્લોકનાં મહાકાવ્યોને બદલે ધીમેધીમે ખંડકાવ્યો તે ઊર્મિગીતો પ્રચારમાં આવ્યા તે હવે તો આપણે 'કુસુમમાળા'ને બદલે 'ફૂલપાંદડી' પર આવ્યા છીએ. (હવે તો એથી યે વધારે પ્રગતિ કરી આપણે રજકણ ને તજકણ જ વેરવા મંડયા છીએ.) લાખ શ્લોકના પૂરને છોડી એકાદ—એ વાકયના નાનકડા રસ-બિંદુથી આપણે તૃપ્ત થઇએ છીએ. દશ દશ ભાગની લાંબી નવલકથાઓને બદલે સામાન્ય કદની નવલકથા અને તેને સ્થાને ટૂંકી વાર્તાઓ દિવસે દિવસે લોકપ્રિય થતી જાય છે. બાણ ને મનઃસુખરામ જેવી લાંબી વાકય રચનાને સ્થાને ટૂંકા ટૂંકા વાકયોવાળી લેખનશૈલી તરફ લોકવૃત્તિ વળતી જાય છે. દશાંકી, પંચાંકી ને ત્રિઅંકી નાટકો પરથી આપણે એકાંકી નાટકો તરફ અને તેમાં યે એક પાત્રના નાટક તરફ વળ્યા છીએ. માનવ જીવનની પેઠે સાહિત્યની કૃતિઓ પણ ટૂંકાણ તરફ વળતી જાય છે.

ટૂંકી ભાષા, ટૂંકી કડી, ટૂંકી વાત વિવેક,
ટૂંકામાં ટૂંકું કથે, તે સાક્ષરજન એક—

એ પ્રમાણે સાક્ષરનું કોઇ લક્ષણ બાંધે તો ખોટુ નહિ.

સાક્ષરનું આ લક્ષણ ભાઇ મૂળરાજને ઘણે અંશે લાગુ પડે એમ છે. સાક્ષરોની સાહિત્યકૃતિ પેઠે એમની દેહાકૃતિ પણ ટૂંકી હોય તો તે ઘણું ઉત્તમ કહેવાય. साक्षरा विपरीता राक्षसा भवन्ति। (સાક્ષરો વિપ-રીત થાય તો રાક્ષસ થાય) એમ કહ્યું છે તે પણ આ જ વસ્તુ પૂરવાર કરે છે. રાક્ષસો સ્વભાવે ચંડ ને શરીરે પ્રચંડ હોય છે, જ્યારે સાક્ષરો સ્વભાવે ચંડ ને શરીરે દુર્બલ હોય છે. સ્વ. નરસિંહરાવ ને વિદ્યમાન ઠાકોર કે બાદરાયણને બાદ કરતાં વિજયરાયાદિ આપણા સાક્ષરો, ભદ્રં-ભદ્રની પેઠે 'મારૂં બલ જિહ્વામાં છે, શરીરે નહિ' એમ કહી શકે એવી સ્થિતિમાં છે એ જાણીતી હકીકત છે. ભાઈ મૂળરાજે પણ કૃતિ અને આકૃતિ બંનેમાં ટૂંકાણ સાધીને આ પદને યોગ્ય ગુણસંપત્તિ પ્રભુકૃપાથી મેળવી લીધી છે.

ગુજરાતી ભાષા અને સાહિત્ય પર ઉપકાર કરવાની એક બીજી લાયકાત પણ એમણે પ્રાપ્ત કરી છે. ગુજરાતી ભાષાનો શ્રેષ્ઠ નવલકથાકાર કોણ એ પ્રશ્નના જવાબમાં એમણે શરદચંદ્રનું નામ ગણાવ્યું છે. અત્યાર સુધી મારી પેઠે ઘણા એવા ભ્રમમાં હશે કે શરદ્‌બાબુ તો બંગાળના નવલકથાકાર છે. પણ ભાઇ મૂળરાજે શરદ્‌બાબુ એ ગુજરાતના નવલકથાકાર ને તે પણ શ્રેષ્ઠ નવલકથાકાર છે એમ જણાવી આપણો આ ભ્રમ દૂર કર્યો છે. જો કે એ પૂર્વે આપણા પ્રકાશકોએ એ ભ્રમ દૂર કરવા પ્રયત્ન કર્યો હતો પણ કોઇ પણ પ્રકાશકે સ્પષ્ટ રીતે શરદ્‌બાબુ ગુજરાતના નવલકથાકાર છે એમ કહેવાની હિંમત કરી નથી. શરદ્‌બાબુ ગુજરાતમાં નહિ, પણ બંગાળમાં રહેતા હતા. એ ગુજરાતી લેખક શી રીતે થઇ શકે એમ પહેલાં મને લાગ્યું. પણ જરા વધારે વિચાર કરતાં સમજાયું કે બંગાળમાં રહેવું એ તો ગુજરાતી સાહિત્યના સર્જન માટેની ખાસ લાયકાત ગણાવી જોઇએ.

પ્રાચીન કાળમાં કાશી ગયા વગર પંડિત થઇ શકાતું નહિ, તેમ અર્વાચીન યુગમાં સાહિત્ય, અભિનય, સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર (અને ભૂખમરો) આદિ કોઇ પણ કલામાં નૈપુણ્ય મેળવવું હોય તો બંગાળનો આશરો લીધા વિના છૂટકો નથી. જેમ મોંટિસોરીના વર્ગમાં દાખલ થયા વિના શિક્ષણના કાર્ય માટેની યોગ્યતા પ્રાપ્ત થઇ શકતી નથી, જેમ ફ્રોઇડ ને જંગ સમા માનસશાસ્ત્રવેત્તાઓના ઉલ્લેખ વિના સમાલોચના પ્રતીતિકારક લાગતી નથી, જેમ માર્ક્સ ને લેનિનના નામોચ્ચાર વિના રાજકરણની વાત કરવી અશકય છે, જેમ આપણી સંસ્કૃતિના ગુણગાન ગાયા વિના દેશાભિમાની થવું મુશ્કેલ છે, તે જ રીતે સાહિત્યની કે બીજી કલાના નિર્માણ માટે, ખાસ કરીને એ ગુજરાતમાં કે ગુજરાતી ભાષામાં કરવાનું હોય ત્યારે, બની શકે તો જન્મે, નહિ તો વાસ્તવ્યે બંગાળી હોવું એ જરુરનું છે. આપણા કેટલાય સુપ્રસિદ્ધ ચિત્રકારો ને સાહિત્યકારો બંગાળમાં રહીને શીખ્યા છે ને ત્યાંથી પ્રેરણા મેળવી છે. શ્રી. મેઘાણી, શ્રી. ચાંપસી, શ્રી. ગગનવિહારી મહેતા, શ્રી. બચુભાઇ શુકલ, શ્રી. પિનાકિન્ ત્રિવેદી આદિની પેઠે ભાઇ મૂળરાજ પણ બંગાળમાં—ને તે પણ તેની પાટનગરી કલકતામાં—લાંબો વખત રહ્યા

હતા. બંગાળમાં વસતા બધા ગુજરાતી બિન–ગુજરાતી સાહિત્ય શોખીનોને પ્રત્યક્ષ રીતે કે અનુવાદ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવાના કોડ જાગે છે. તેમ ભાઇ મૂળરાજને પણ એ કલકત્તામાં હતા તે વખતે જ ગુજરાતી સાહિત્યની સેવા કરવાની ઇચ્છા થઇ હતી.

ટૂંકામાં ઘણું કહેવાની કલા વિષે લંબાણથી ઘણું લખી શકાય. પણ તેમ કરીને વિરોધ ભાવે એનો મહીમા વધારવાની જરુર નથી. ટૂંકામાં કહીએ તો ટૂંકું લખવું એ ટૂંક બુદ્ધિનાનું કામ નથી. તેમ જ ટૂંકું લખવાની કલા સિદ્ધ કરવા માટે લાંબી તપશ્ચર્યાની જરુર રહે છે. આ પુસ્તકમાંનો જ એક દાખલો જોઇએ: અમેરિકાના પ્રેસિડન્ટ વુડ્રો વિલસનને કોઇકે પૂછ્યું, 'દશ મિનિટના ભાષણ માટે તમારે કેટલી તૈયારી કરવી પડે?' 'બે અઠવાડીયાં' જવાબ મળ્યો. 'એક કલાક ભાષણ કરવું હોય તો?' તો એક અઠવાડીયું.' 'ને બે કલાક ભાષણ કરવું હોય તો?' 'ચાલો તૈયાર છું'' પ્રેસિડન્ટે જવાબ વાળ્યો. આ ઉપરથી ટૂંકું ને ટચ બોલવા–લખવા માટે કેટલી મહેનત લેવી પડે છે તે સમજાશે. આવી જ બર્નાર્ડ શો વિષેની વાતનો ઉલ્લેખ કરતાં ભાઇ મૂળરાજ કહે છે: 'ટૂંકું ને ટચ' લખવા માટે એ ઘણી મહેનત લે છે. વાકયોમાંના શબ્દો કાઢી નાખવા એ ખાસ પ્રયત્ન કરે છે. હમણાં જ લંડનના થીએટરગીલ્ડ (નાટક મંડળી)ને એક લાંબો પત્ર લખેલો, ને તે માટે માફી ચાહતાં લખ્યું કે 'ટૂંકો પત્ર લખવા માટે મારી પાસે સમય ન હોતો!' ટૂંકાણમાં ટૂંકું લખવા માટે લાંબી સાધનાના જરુર છે—જો કે બર્નાર્ડ શોની રીત જરા વિચિત્ર લાગે છે. પહેલાં લાંબા પત્રો લખીને પછી તેને ટૂંકાવવા માટે એ પ્રયત્ન કરતો હશે એમ લાગે છે. પરંતુ લાંબા માણસને જેમ ટૂંકાવી શકાતો નથી, તેમ લાંબું લખાણ કરીને તેને ટૂંકાવવાનો પ્રયત્ન કરવો એ ઉચિત નથી. નાટક કરતાં તેની પ્રસ્તાવના લાંબી લખવાની શોની ટેવ જાણીતી છે. કદાચ એ રીતે પોતાની પ્રસ્તાવના પેઠે એ પ્રથમ લાંબો પત્ર લખતો હશે અને પછી તેને ટૂંકાવતો હશે. પણ એ તો રોટલી ગોળ ન વણાય ત્યારે પહેલાં ગમે તેમ રોટલી વણી કાઢી પછી તેના પર વાટકો દાબી તેને ગોળ બનાવવાના પ્રયત્ન જેવું છે.

એના એક નાટકની પ્રથમ રાત્રિએ 'ટાઇમ' અને 'લાઇફ' પત્રોના સંચાલક હેન્રી લ્યુઇસની પત્ની ક્લેર લ્યુઇસે તેને થીએટર પર મળતાં ઉત્સાહથી કહ્યું: 'ઓહ, મી. શૉ, **If it were not for you, I would not be here,**' (તમારે લીધે તો આજે હું અહીં આવી છું.)

'એમ?' શૉએ એને કાપી, '**What was your mother's name?**' (શું હતું નામ એમનું?)

શૉ પણ દોઢ ડાહ્યો રતો! નામ જાણીને કામ શું?

ભાઇ મૂળરાજે આમાં દેશદેશના સાહિત્યકારો ને રાજકીય નેતાઓથી માંડી સિનમાના નટો ને નટીઓની પણ વાતો આલેખી છે. તે પરથી આપણા જ્ઞાનમાં જરુર વધારો થાય છે. આપણને એમના વિષે નવું જાણવાનું મળે છે એટલું જ નહિ, પણ કેટલીક વાર તો ખુદ એ સાહિત્યકાર ને નેતા તથા નટનટીઓને પણ પોતાને વિષે નવું જાણવાનું આમાંથી મળશે એમ લાગે છે.

'ધૂની સાહિત્યકારો' એ શીર્ષક હેઠળ લખતાં ભાઈ મૂળરાજ કહે છે: "સાહિત્યકારો પણ માનવી હોય છે." ખરેખર? હવે, સાહિત્યકારોના માનવી હોવા વિષે કોઇના મનમાં જરા પણ સંદેહ નહિ રહે એવી આશા રાખીએ.

અંગ્રેજ લેખક સ્ટીવનસન માટે ભાઇ મૂળરાજ જણાવે છે કે 'એને ગધેડાની સવારી કરવી ઘણી ગમતી ને કેટલીક નવલકથાઓનું વસ્તુ તેને આવી સવારીઓ દરમ્યાન જ સ્ફુર્યું હતું.' આમ ગધેડાને એ પ્રેરણા આપતો (ચાલવાની) ને ગધેડો એને પ્રેરણા આપતો (લખવાની). અન્યોન્યાશ્રય તે આનું નામ.

ઇતિહાસ અને સાહિત્યનાં અનેક પુસ્તકો લખનાર ઇંગ્લંડના બીશપ ક્રેઇટન કહે છે કે 'મારી લખેલી એક બાળપોથી મારા ઇતિહાસ ને સાહિત્યના ગ્રંથો કરતાં વધુ વેચાય છે અને ખૂબ કમાણી આપે છે.'

આ વાત જણાવતા પહેલાં શ્રી. મૂળરાજે આપણા બાળકોનો વિચાર કરવો જોઈતો હતો. આ વાંચીને આપણે ત્યાંના ઇતિહાસ લેખકો ને સાહિત્યકારો બાળપોથી લખવા માંડશે તો બાળકોની કેટલી દુર્દશા થશે?

ભાઇ મૂળરાજ લખે છે, 'સાહિત્યકારો માટે ચ્હા એક સુંદર વ્યસન છે. અને તેય વળી નિર્દોષ.' આ વાંચ્યા પછી કોઇ કહેતું હતું કે 'મૂળરાજને મુંબઇમાં મફત ચહા મળે છે' તે મને ખરું લાગે છે.

એક સ્થળે એમણે મોટા અક્ષરમાં લખ્યું છે 'કામ કર્યું તેણે કામણ કર્યું.' આ જૂની કહેવતને લીધે એ અત્યારના યુગને ઓળખી શક્યા હોય એમ લાગતું નથી. હવે તો કામણ કરનારીઓ કામ કરતી નથી—બીજા પાસે કામ કરાવે છે. હવે એ કહેવત ફેરવીને 'કામણ કર્યું એ જ કામ કર્યું'' એમ કહેવું જોઇએ.

શ્રી. મૂળરાજ અંજારિયાનું નામ વાંચતાં જ એમને વહેપારીઓ સાથે સારો સંબંધ હશે એમ લાગે છે ને તે આ પુસ્તક પરથી પણ જણાઇ આવે છે. આ પૂર્વે ચહા વિષે એમણે સિફતથી કરેલી વકીલાતનો ઉલ્લેખ આવી ગયો છે. એક બીજે સ્થળે એમણે લખ્યું છે, "બ.ક.ઠા. નાં કાવ્યપુસ્તકો સાથે બામની શીશી વેચવાનો પ્રબંધ કરવો જોઇએ. કાગળ અને શાહીના ખાસ ભાવો બંધાય ને યોગ્ય વહેંચણી થાય તેની ગોઠવણ કરવી જોઇએ. લેખનજથ્થો એકઠો કરી રાખનાર પાસેથી એ જથ્થો જપ્ત કરી લઇ લોંકડી જેવા થતા જતા પત્રોમાં એ વહેંચી આપવો જોઇએ. ખબરદાર અને બ.ક.ઠા. જેવા ધીંગા સાહિત્યકારોને માપબંધીમાં વધુ અનાજ મળે એવી ગોઠવણ કરવી જોઇએ ને જ્યોતીન્દ્રને થોડા દહાડા કન્ડેન્સ્ડ દૂધ પર રાખી જોવા જોઇએ." આ ઉપરથી બામની શીશી વેચનારાઓ, કાગળ ને શાહીના વહેવારીઓ, પત્રોના માલિકો, દાણાવાળા ને કેન્ડન્સ્ડ દૂધના વહેવારીઓ સાથે ભાઇ મૂળરાજને સારો સંબંધ હશે એમ કલ્પી શકાય. તેમના તરફથી એમને આર્થિક મદદ, કંઈ નહિ તો આ પુસ્તકની એકકે નકલ ખરીદવા પૂરતી પણ, મળવાનું વચન મળ્યું હશે એમ પણ કોઇને લાગે તો નવાઇ નહિ. એ જે હોય તે, પણ મને કન્ડેન્સ્ડ દૂધ

પર રાખવાની એમની સૂચના હું માન્ય રાખી શકું એમ નથી. હું કન્ડેન્સ્ડ દૂધ લઉં તો એમાં દૂધને ને મને બંનેને હાનિ થવાનો સંભવ છે એમ હું અનુભવને આધારે કહી શકું છું. ભૈયાઓ પાણીવાળું દૂધ વેચે છે તે સામે મને મુદ્દલ વાંધો નથી. કારણ કે એવું દૂધ હું પીઉં છું ત્યારે મને એમાંનું પાણી પચી જાય છે, દૂધનો તો અપચો જ થાય છે. આથી જ દૂધ કરતાં ચહા એ પેય તરીકે ઉત્તમ વસ્તુ છે અને સાહિત્યકારો માટે તો એ સુંદર ને નિર્દોષ વ્યસન છે એમ ભાઇ મૂળરાજ જાતે જ કહે છે. 'શ્રી. ખબરદાર ને શ્રી. બ. ક. ઠા. ને માપબંધીમાં વધુ અનાજ મળે એવી ગોઠવણ કરવી જોઇએ' એમ એઓ એ સાહિત્યકારોની સૂચનાથી કહે છે કે પોતાની મેળે જ એ હું જાણતો નથી. પરંતુ એમ કહેવું એ એમના લાભની વાત નથી. માપબંધી એ અનાજના વિષયમાં જ નહિ, પણ શરીરની બાબતમાં યે જરૂરની છે. અમુક માપે પહોંચ્યા પછી શરીરે અટકવું જોઇએ એમ એ સાહિત્યકરો પોતે પણ કબૂલ કરશે એમ ધારું છું.

અન્યત્ર આવી જ એક વિચિત્ર સૂચના કરતાં ભાઇ મૂળરાજ લખે છે, 'નસોમાં લોહી નહિ, પણ શાહી દોડે છે એવું લાગે ત્યારે જ લેખકોએ કલમ ઉપાડવી જોઇએ.' ભલા માણસ, કાલે તો તમે એમ પણ કહેશો કે, નસોમાં લોહી નહિ, પણ દાળ દોડે છે એમ લાગે ત્યારેજ સ્ત્રીઓએ રાંધવા બેસવું જોઇએ!

'અક્કલ બડી કે ઇટલી?' એ વિષે લખતાં ઇટલીનો એક સુંદર કિસ્સો એમણે રજૂ કર્યો છે. ત્યાંના જીયોયાની નામના બહાદુર પુરૂષે 'એલેક્ષાન્ડરેસો' નામના સરમુખત્યારના જુલમમાંથી એ દેશને મુક્તિ અપાવી. ('એલેક્ષાન્ડરેસો' જેવા નામવાળો માણસ જુલમ ન કરે તો બીજું શું કરે? આવું નામ રાખવું એ પણ એક જાતનો જુલમ નથી?) આ જુલમમાંથી છોડાવનારની કદર શી રીતે કરવી તે નક્કી કરવા નગર પંચ બેઠું. બહુ ચર્ચાને અંતે એમ ઠર્યું કે 'આ પાપમય સંસારમાં આવા પુણ્યપુરૂષને માટે કોઇ પણ પ્રકારનું ઇનામ કે પદવી ઓછી પડે તેમ છે. માટે એને મારી નાખવો જોઇએ. પછી આપણે તેની

સંત તરીકે પૂજા કરીશું !' અને ઠરાવ અમલમાં મૂકાયો. જીયોયાનીનો વધ કરવામાં આવ્યો અને પછી સંત જીયોયાની તરીકે એની પૂજા શરૂ થઇ. આના કરતાં આપણા દેશનો અહિંસાત્મક પ્રયોગ શો ખોટો ? એ દેશના લોકોએ પોતાના શૂરવીર દેશભકતને મારીને સંત બનાવ્યો, આપણે ત્યાં દેશનાયકોને સંત બનાવી માણસ તરીકે એમને ખલાસ કરી નાખવામાં આવે છે.

નાટકમાં 'પ્લોટ' શો છે તે શોધી કાઢવા માટે એમાં એક ડિટેક્ટીવ પાત્ર ઉમેરવાની સૂચના કોઇકે અમુક નાટકકારને કરી હતી તે તે વિષે આમાં વાંચી આપણા સીનેમા ને વાર્તાઓ માટે પણ એવા ડિટેકટિવની જરૂર છે એમ ઘણાને લાગશે. પરન્તુ આપણા સીનેમાવાળાઓ ને કથાલેખકો પોતાની વાર્તામાં ડિટેકટિવનું પાત્ર 'પ્લોટ' શોધી કાઢવા માટે નથી ઉમેરતા તે બહુ યોગ્ય છે; કારણ કે એવો કોઇક ડિટેકટિવ એઓ લઇ આવે ને તેને પોતાની વાર્તાનો 'પ્લોટ' શોધી કાઢવાનું કામ સોંપે, તો ડીટેકટિવને શોધી કાઢવા માટે શું કરવું એ મોટો પ્રશ્ન થઇ પડે !

રંગભૂમિ પર ભજવાતા બીજા કોઇક નાટકને સફળ બનાવવા માટે પણ એક સુંદર યુકિત આમાં આપવામાં આવી છે. નાટકનો 'વિલન' (ખલપાત્ર) ઝેર પીને મૃત્યુ પામે છે તેને બદલે પિસ્તોલથી આપઘાત કરે તો સારું એમ એક શુભેચ્છક સૂચના કરે છે ને તેના કારણ તરીકે જણાવે છે કે પિસ્તોલના અવાજથી પ્રેક્ષકો ઝબકીને જાગી જશે. આ બાબતમાં આપણા રંગભૂમિના સંચાલકો જે અગમ બુદ્ધિ વાપરે છે તે જોઇ તેમને માટે માન ઉત્પન્ન થાય એમ છે: આપણા નાટકનો પડદો જ નળીના બાર સાથે ઊઘડે છે ને પછી વચ્ચે વચ્ચે વારંવાર એ નળીના અવાજો કરવામાં આવે છે, પડદા પાછળથી ઘાસલેટના ખાલી ડબ્બાઓ વગાડવામાં આવે છે ને એવો કોઇ અવાજ ન થતો હોય ત્યારે વચગાળાના સમયમાં નટો એવો મોટો ઘાંટો પાડે છે કે ઊંઘવાની કોઇ હિંમત કરી શકે જ નહિ.

'ટૂંકું ને ટચ' વિષેનું આ લાંબું-લચ લખાણ વાંચી 'માથા કરતાં પાઘડી મોટી' એ કહેવત યાદ આવ્યા વિના નહિ રહે. ગુજરાતી

સાહિત્ય સમૃદ્ધ ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવી એવી પ્રતિજ્ઞા પ્રેમાનંદે લીધી હતી. એ પ્રતિજ્ઞાનું પાલન કરતાં એ ટોપી પહેરતો, ફેંટા બાંધતો કે ઉઘાડે માથે ફરતો એ વિષે હજી શોધખોળ થઇ નથી. પરંતુ પાઘડી નહોતો પહેરતો એ હકીકત છે. પ્રેમાનંદને પગલે ચાલી એની પ્રતિજ્ઞાના વારસો સમા આધુનીક ગુર્જર લેખકો અને બીજાઓ પણ પાઘડી પહેરતા નથી. એટલે 'માથા કરતાં પાઘડી મોટી' એ કહેવત હવે જુનવાણી થઇ ગણાય. આમ છતાં પાઘડી આપણા જીવનમાંથી છેક લુપ્ત નથી થઇ એ વાતની પ્રતીતિ મુંબાઇમાં ઓરડી શોધનારને પળેપળે મળી રહે છે. એટલે એ કહેવતમાં જરા ફેરફાર કરીને કહી શકાય કે 'ભાડા કરતાં પાઘડી મોટી' અને એ મારા લખાણને બરાબર લાગુ પડે છે. માસિક ભાડા કરતાં પાઘડીની રકમ મોટી હોય છે, તેમ આ પુસ્તકના છૂટક ટૂચકાઓ કરતાં આ લખાણ લાંબુ છે. પરંતુ વાર્ષિક કે એથી એ લાંબા કાળના ભાડાની કુલ રકમ કરતાં પાઘડીની રકમ નાની હોય છે, તેમ આ પુસ્તકના કુલ પાનાં કરતાં આ લખાણનાં પૃષ્ઠો સંખ્યામાં ઓછાં છે એટલે લંબાણ, આખા પુસ્તકની સરખામણીમાં વધારે પડતું થયું છે એમ ભલે બીજાઓ કહે, હું નહિ કહું. પાઘડીની પ્રથા પ્રત્યે ભલે નાખુશી દર્શાવે, ઘરધણીને તો એ ગમે જ.

આમ છતાં આ પુસ્તકમાં માર્ક ટવેન વિષે આપેલો એક કિસ્સો મને યાદ આવે છે. સંકટગ્રસ્તોને મદદ કરવા માટે ફાળો ઉઘરાવવા કોઇક ભાષણ કરતો તે સાંભળવા માર્ક ટવેન ગયો હતો. ભાષણકર્તાનું અસરકારક ભાષણ સાંભળી એનું હૃદય ભરાઈ આવ્યું ને એણે ફંડમાં ૫૦ ડોલર આપવાનો નિશ્ચય કર્યો. ભાષણકર્તાએ આગળ ચલાવ્યું ને એને કંટાળો આવ્યો. એણે ૨૫ ડોલર આપવાનું ઠરાવ્યું. ભાષણ આપનાર તો બોલતો જ રહ્યો. માર્ક ટવેનને કંટાળો આવ્યો. એણે એક પાઇ પણ ન આપવાનો નિરધાર કર્યો. ભાષણકર્તાનું વ્યાખ્યાન પણ એટલું લાંબુ ચાલ્યું કે અંતે જ્યારે ફંડ ઉઘરાવવા માટે એની પાસે જ્યારે પેટી લઇને કોઇક આવ્યું ત્યારે એમાં પૈસા નાખવાને બદલે એમાંથી એણે ઉપાડી લીધા ! આ વાંચીને મને લાગે છે કે જો હવે હું લંબાણ કરીશ તો કોઇ આગળ વાંચશે જ નહિ

અને તેથી 'ટૂંકું ને ટચ' વંચાયા વિનાનું રહી જશે. એટલા માટે, કંઈ નહિ તો લેખકના પર ઉપકાર કરવા ખાતર પણ, મારે હવે ટૂંકું કરવું જોઈએ.

અમુક વર્ગનો સાપ પોતાના જ વર્ગના સાપને કરડે તો તેને ઝેર ચઢે નહિ, પણ બીજા વર્ગનો સર્પ કરડે તો ઝેર ચઢે. આ વાતનો ઉલ્લેખ કરી ભાઈ મૂળરાજ કહે છે કે સાક્ષરોમાં પણ એમ જ છે. કોઈ સાક્ષર પોતાના જ વાડાના સાક્ષર ટીકા કરે તો તેને નહિ લાગે, પરન્તુ બીજા સંપ્રદાયનો સાક્ષર સહેજ પણ વિરુદ્ધ કરે તો એ છેડાઈ પડે છે. ભાઈ મૂળ-રાજને હું એક જ સંપ્રદાય, પક્ષ કે વાડાના છીએ કે નહિ તેની મને ખબર નથી. આથી એમના પર ટીકા કરવી મને સલામત લાગતી નથી. પણ મિત્રભાવે એટલું તો કહેવું જ જોઈએ કે 'ટૂંકું ને ટચ'નો પ્રદેશ તમે સારો ખેડયો છે. તેમાં તમને સફળતા પણ મળી છે. પણ વિદ્યાર્જન, ધનપ્રાપ્તિ, યશઃસંપાદન ને ઇતર ઇષ્ટસિદ્ધિના માર્ગો હંમેશાં ટૂંકા જ હોતા નથી. લાંબા પ્રવાસ ને દીર્ઘ પ્રયાસની વારંવાર જરૂર પડે છે. તમે લાંબા સળંગ લેખો, વાર્તાઓ, નિબંધો કે 'સ્કેચ' તરફ પણ નજર દોડાવશો તો તેથી તમને ને ગુજરાતી સાહિત્યને બન્નેને લાભ થશે.

આ પુસ્તક માટે, બીજા ઘણાં પુસ્તકને પણ લાગુ પડે એવું એક જ વાકય કહેવું બસ છે: આમાંનો ઘણો ભાગ ઘણાને ગમશે; કેટલોક ભાગ કેટલાકને ગમશે; થોડો ભાગ ઘણાને નહિ ગમે; ઘણો ભાગ થોડાકને જ નહિ ગમે. બધો ભાગ નહિ ગમે એવા કોઈ નહિ હોય એમ નહિ, પણ તેઓ ગુજરાતી નહિ જાણનારા બિનગુજરાતી હશે.

જ્યોતીન્દ્ર હ દવે



સાહિત્યનાં સુરસુરિયાં

એઓ કેમ વાંચે છે ?

શેલી જબરદસ્ત વાંચનારો હતો. લોકોમાં એ કિતાબોનો કીડો કહેવાતો. કોઈ વખત તો રોજના સોળસોળ કલાક વાંચતો. ઊભા ઊભા વાંચવાની એને ટેવ હતી.

દાન્તે એક વખત રસ્તામાં બેસી વાંચતો હતો. ત્રણ કલાક વીતી ગયા તેની તેને ખબર ન રહી. રસ્તામાં ઉત્સવનો મેળો હોવાથી ધમાલ મચી રહી હતી તેનું એને કશું ભાન જ ન થયું. કોઈએ પાછળથી કહ્યું કે 'અહીં તો મોટો મેળો ભરાયો હતો' ત્યારે દાન્તેને એ વાત ખોટી લાગી હતી.

ડી' ક્વીન્સી ચોપડીઓ વાંચવા લાવતો તે કદિ પાછી વાળતો નહિ તેમ તેની કાળજી પણ રાખતો નહિ. ગમે તેવું કીંમતી પુસ્તક હોય પણ તેને કંઇ ઉતારો લેવા જેવું જણાય તો ઉતારી ન લેતાં પાનું જ કાપી લેતો.

વીલ્કીના 'વન વર્લ્ડ' (અખંડ દુનિયા) પુસ્તકને એક વર્ષ સુધી તો સરકારે મુંબઇના બારામાં સુરક્ષિત દબાવી રાખ્યું. એ વાંચવા લોકો ઘણા આતુર હતા. એટલે સુધી કે જોડીઆ પ્રાંતના એક રાજદ્વારી નેતાએ જ્યાં સુધી એ પુસ્તક હિંદમાં વાંચવા માટે છૂટું કરવામાં ન આવે ને પોતે તે વાંચી ન લે ત્યાં સુધી પોતાની જેલયાત્રા મુલતવી રાખી હતી. જ્યારે એણે પુસ્તક મેળવ્યું અને વાંચ્યું ત્યારે આનંદિત બની જેલમાં જવા તૈયાર થયો.

એથી ઉલટું, આપણે ત્યાં કેટલાંક એવાં પુસ્તકો પ્રગટ થાય છે, જે વાંચ્યા પછી વિવેચકોને થઈ આવે છે કે આવાં પુસ્તકો વાંચવાની સજા કરતાં જેલયાત્રાની સજા સારી !

કેટલાંક વર્ષો પહેલાં અંગ્રેજી સાપ્તાહિક 'ટીટ–બીટસ્'માં ક્ષયથી પીડાતા સ્ત્રીપાત્રની ચાલુ વાર્તા આવતી. તે એક ડૉકટર લખતો. ક્ષયરોગ ધરાવતી એક સ્ત્રી પણ તે વાંચતી. વાર્તાના અંતમાં પાત્ર મરી જશે એવા રોગનાં અને વાર્તાનાં લક્ષણો લેખકે દેખાડવા માંડયાં. આથી આ દર્દના ડૉકટરને ચિંતા પેઠી ને એણે પેલી ચાલુ વાર્તાના લેખક–ડૉકટરની મુલાકાત લઇ પોતાના દર્દીને ખાતર અને માનવહિત માટે વાર્તાનું દર્દીપાત્ર જીવી જાય એવો અંત આણવા વિનંતિ કરી. લેખક ડૉકટર પણ માનવતાથી ભર્યો હતો. એણે વાર્તાના પાત્રને જીવાડયું અને એ દ્વારા સાચા દર્દીને પણ.

મળવા આવનારને ગાંધીજી કંઇ ને કંઇ કહી હસાવ્યા વિના રહેતા નથી. એકવાર બપોરના આશરે ત્રણેક વાગે બાપુજી નીચે પથારીમાં સૂતા હતા, તેમને ઓશીકે 'શેકસપીઅર' અંગેનું કોઇ પુસ્તક પડેલું. આગંતુકોને જોતાં બાપુએ ધીમેથી ચોપડી કાઢી બતાવી કહ્યું: ' માથા

નીચે રાખીને સૂતો છું-એમાંનું બધું જ્ઞાન મારા મગજમાં ભરાય એ માટે !'

ચૌલાદેવીને મારી નાખવાના આરોપનો બચાવ કરતાં શ્રી. મુન્શી કહે છેઃ-"એના ભાવી-જીવન પર દ્રષ્ટિ ન રાખતાં મેં એને મારી નાખી એ ઘણાને મન મેં બહુ ખોટું કર્યું છે. પરંતુ મંજરીને ભરૂચના કિલ્લામાં મેં ભૂખમરો વેઠતી બતાવી હતી ત્યારે ગુજરાતમાં મંજરીના બની ગએલા અનેક પ્રણયીઓ તરફથી મને પત્રો મળતા કે મંજરીને મારી ન નાખશો. એમને એમ કે એ મરી જશે તો અમારૂં શું થશે? પણ મેં તો મારી નાખી. મારે સ્ત્રીઓને ન્યાય કરવો હોત તો મેં નિરૂપી છે એના અનુસંધાનમાં બીજો ભાગ બહાર પાડીને ચૌલાને ૩૫ વર્ષની બનાવી હોત. એને ૬ છોકરાં થઇ ગયાં હોત. પછી ત્રીજો ભાગ લખ્યો હોત. તેમાં ચૌલાની ત્રણ હડપચીઓ થઇ ગઈ હોત અને શરીરનો ઘેરાવો નવ ફુટ જેટલો થઇ ગયો હોત. અને ધારો કે ચોથોયે ભાગ લખ્યો હોત જેમાં ચૌલાનાં છોકરાંનાં યે છોકરાં થઇ ગયાં હોત તેનાં દાંત પડી ગયા હોત. નેત્રો નિસ્તેજ થઇ ગયાં હોત. અને બધાં એને કહી રહ્યાં હોત, 'ડોશી, હવે મરને?' પરંતુ કલાકારની દૃષ્ટિએ તો સુંદરતાની અવધિ આવી જાય એટલે એ પાત્રને માર્યે જ છૂટકો.'

'વેરની વસુલાત' 'ગૂજરાતી' અઠવાડિકમાં ચાલુ વાર્તારૂપે લખાતી હતી ત્યારે તેમના એક મિત્રની પત્નીએ એ વાર્તાની રસિકતાને મોટામાં મોટી અંજલિ આપી. એને છેલ્લા દહાડા જતા હતા. વાર્તા પૂરી વાંચ્યા પહેલાં વખત છે ને મૃત્યુ આવે તેથી એ મિત્ર એમની પાસેથી એ વાર્તાના બાકીના ભાગની હસ્તપ્રત લેવા આવ્યા, ને એ રીતે વાર્તા પૂરી વાંચવાનો પોતાનો વાંચક તરીકેનો હક્ક વસુલ કર્યો.

જાણીતા પાશ્ચાત્ય નાટયકાર શ્રી. નોએલ કાવર્ડની કરૂણિકાઓ જોઇ તેની પ્રસંશક બનેલી એક ઓસ્ટ્રેલીઅન બાઇએ તેને સાત રૂમાલ ભેટ મોકલાવેલા ને સાથે લખી મોકલેલું કેઃ "તમારી કરૂણિકાઓ જોઇ

મેં એટલાં આંસુ પાડયાં છે કે તમારી શી સ્થિતિ હશે તે હું કલ્પી શકું છું. તમારાં આંસુ લૂંછવા આટલા રૂમાલ બસ થશે એમ હું માનું છું."

શાહીના ખડીઆ પર લેબલ લગાડવાની મજુરી કરી સાહિત્યકાર બનેલા ચાર્લ્સ ડીકન્સની 'ધી ઓલ્ડ ક્યુરિઓસીટી શૉપ' જે પત્રમાં પ્રગટ થતી હતી તે પત્ર વહાણ મારફત અમેરિકા પહોંચતું હતું. જેમ જેમ વાર્તા આગળ વધતી ગઈ તેમ તેમ લોકોનો રસ એમાં વધતો ગયો. તે એટલે સુધી કે તે પત્ર ખરીદવા સેંકડોની સંખ્યામાં લોકો ગોદી પર એકઠા થઈ જતા અને વહાણ કયારે લાંગરે છે તેની વાટ જોતા.

વાર્તાના છેલ્લા પ્રકરણવાળી નકલ ખરીદવા લગભગ પાંચથી છ હજાર જણ આવ્યા હતા. દરેકના મ્હોં પર 'પેલીનું શું થયું હશે?' તે જાણવાની આતુરતા ઝબકી રહી હતી. વહાણ દેખાયું ન દેખાયું ત્યાં તો તેમણે વહાણના કપ્તાનને બ્રાંટા પાડી પેલા પાત્રની ખબર પૂછવા માંડી: 'પછી પેલી ન્હાની નેલ મરી કે જીવે છે?' કોઇ કોઇ તો નાનાં હોડકાંમાં બેસી નકલ ખરીદવા વહાણ પર જ ધસી ગયા.

ગુજરાતનો વાંચક આવો 'સાગરઘેલડો' નથી. એ તો વ્યવહાર-કુશળતાથી કોઇએ વાંચવા આપેલું પુસ્તક વાંચવા તકડાવી જાય છે.

'વકીલનું વર્ષાસન' નામનો મારો 'નવચેતન' માંનો ટૂચકો, કે જેમાં વર્ષોથી પૂરો ન થવા દીધેલો એક કેસ વકીલ પોતે બહારગામ જાય છે ત્યારે પોતાના પુત્રને સોંપી જાય છે ને પાછા આવી તે બાબત ખબર પૂછતાં 'બાપુજી, જે કેસ તમે ૨૫ વર્ષથી પૂરો નહોતા કરી શકયા તે મેં પાંચજ દહાડામાં પતાવી દીધો,' નો જવાબ મળતાં બાપે માથે હાથ કૂટયો ને કહ્યું: 'એ તો હું તને વર્ષાસનરૂપે વારસામાં આપી જવાનો હતો, બેટા,' વાંચી આપણા એક વકીલનું ઉકળી આવ્યું ને એણે વકીલોની આવી બદનક્ષી કરવા માટે તંત્રીને તતડાવીને પત્ર લખ્યો ને 'નવચેતન'નું વર્ષાસન,' લવાજમ, બંધ કર્યું!

લાગે છે કે કાં તો પાઘડી બંધબેસતી થઈ હોવી જોઇએ અથવા ગુજરાતમાં હાસ્યવૃત્તિ નવે સ્વરૂપે ખીલી નીકળી હોવી જોઇએ.

સ્વ. કસ્તુરબા અંગ્રેજી જાણતાં નહોતાં પણ તે શીખી લેવા ઘણો ઉત્સાહ દાખવતાં. ઘણીવાર એ અંગ્રેજી છાપાંઓ લઈ બેસતાં. પણ કંઈ આવડતું નહિ એટલે તેમાંથી બાપુના ફોટાઓ જોઈ પતિની ઉન્નતિમાં રાચતાં, એક આર્ય સ્ત્રીનો આનંદ અનુભવતાં અને તે ફોટા નીચે શું લખ્યું છે તે વાંચી બતાવવા કોઇને કહેતા.

એક ઉગતો લેખક બર્નાર્ડ શૉ પાસે પોતાનું નાટક વાંચી સંભળાવવા આવ્યો. પહેલો અંક વંચાઇ રહ્યો કે શૉને ઉંઘ આવવા માંડી, પેલો તો રાતો પીળો થઇ ગયો: 'મી. શૉ, હું તો મારૂં નાટક વંચાવીને તે પર અભિપ્રાય લેવા આવ્યો છું' તેણે કહ્યું.

'ઉંઘ પણ એક અભિપ્રાય જ છે ના !' શૉએ હળવે રહીને કહ્યું.

કામના બોજા હેઠળ દટાએલા રહેતા ડિઝરાયલીને એક લેખકે પોતાનું પુસ્તક અભિપ્રાયાર્થે મોકલી આપ્યું. તેને તે વાંચી જવાની ફુરસદ નહોતી, છતાં પેલાને માઠું ન લાગે તે રીતે પુસ્તકની દ્વિઅર્થી પહોંચ લખી મોકલી કે: 'આઇ શેલ લૂઝ નો ટાઇમ ઇન રીડીંગ ઇટ !'

લોર્ડ બેકન-સફિલ્ડને કોઇએ વર્ડઝવર્થ વિષે પૂછતાં તેમણે કહ્યું: 'એ સદ્દગૃહસ્થ છે: અને એની કવિતા એજ ફક્ત વાંચે છે !'

નિબંધ અને નવલકથા લેખક ક્રિશ્ચી મરેને એક પાર્ટીમાં કોઇ કુમારિકાએ પૂછ્યું: 'મેરી કોરેલીની પ્રણયકથાઓ વિષે તમારો શો મત છે ?'

'શ્રીમતિ કોરેલીની કૃતિઓ વિષે હું શું ધારૂં છું તે સન્નારીઓ વચ્ચે કહી શકાય એવું નથી.' તેમણે કહ્યું.

ડયુમાના મૃત્યુ પહેલાં એના પુત્રે એને 'થ્રી મસ્કેટીઅર્સ' વાંચતાં જોયો હતો. તેણે પૂછ્યું:' બાપુજી, તમને તે કેવીક ગમે છે. ?'

'ઠીક છે, ચાલશે' ડોસાએ કહ્યું.

★

[૬]

બેસ્ટ સેલર્સ

પ્રસિદ્ધ લેખક થવાનો માર્ગ સહેલો નથી. એમાં તો એક ટકો પ્રેરણા અને ૯૯ ટકા પરસેવાની જરૂર પડે છે.

એડગર વૉલેસની 'ધી ફોર જસ્ટ મેન' ની ડિટેકટીવ કથાની ચાલીસ લાખ નકલો અત્યાર સુધીમાં ખપી ગઈ છે ને હજુ વેચાયે જાય છે. પણ જ્યારે તેણે એની હસ્તપ્રત પ્રકાશકોને બતાવી છાપવા કહ્યું ત્યારે કોઇ ૭૫ રૂપીયે પણ એને હાથ અડાડવા તૈયાર ન થયું.

એરિક મેરીઆ રેમાર્ક 'ઑલ કવાએટ ઑન ધ વેસ્ટર્ન ફ્રન્ટ' લખી ૯૦૦૦૦ પૌંડ અને આંતર રાષ્ટ્રિય કીર્તિ કમાયો. પણ તે એકાદ વર્ષની મહેનત નહોતી. વર્ષો સુધી એણે એ પર વિચાર્યા કર્યું ને લખ્યું, વીશેક પ્રકાશકોના પુણ્યવંતા હાથમાં એ ફરી આવ્યું પણ બધાએ કહ્યું કે એ નહિ ચાલે. આથી એક દિવસ કંટાળી જઇ તેણે એને સગડીમાં નાખી દીધું. એની પત્નીએ સમયસર એ ઉપાડી લીધું, ને મિત્રોએ મળીને એ નિરાશ ન થઇ જાય માટે દયા ખાઇ તેના જન્મદિવસની ભેટ તરીકે તેને છાપી આપ્યું.

કલાસિક પુસ્તકોમાં ગણાતા ટોમસ હાર્ડીના 'ડેસ્પરેટ રેમેડીઝ,' 'અન્ડર ધ ગ્રીનવૂડ ટ્રી,' અને 'એ પેર ઓફ બલ્યુ આઇઝ' ની પ્રકાશકે શરૂઆતમાં ૫૦૦–૫૦૦ નકલ જ કાઢેલી. પણ ૨૦ પ્રત પણ વેચાણી નહિ. એટલે બાકીની ૪૫૦ નકલોનાં છૂટા ફર્મા એક ફળ અને મેવાની ફેરી કરનારને વેચી માર્યા. એણે આ ત્રણે કથાઓને સાદા બ્રાઉન પેપરથી બાંધી પાંચ પાંચ આને વેચવા માંડી

નોર્વેનો મહાન નાટયકાર ઇબ્સન તેનું નાટક 'કેટેલાઇનિ' ઓસ્લોના સ્ટેજ મેનેજરો પાસે લઇ ગયો. પણ એને હાંકી કાઢવામાં આવ્યો. આથી એણે એ છપાવ્યું. એની ફકત બાવીશ નકલ જ વેચાઇ. બાકીના ફર્માઓ એક મોદીને પડીકાં બાંધવા માટે વેચવામાં આવ્યા.

ગોલ્ડસ્મિથને એકવાર પૈસાની તંગી પડી અને તે ડો. જ્હોનસન પાસે ગયો. ડોકટરે જૂનાં સાપ્તાહિકોમાં પ્રગટ થયેલાં એનાં જૂનાં લખાણો

જેમતેમ પુસ્તકના આકારે એકઠાં કરી ૬૦ પૌંડમાં વેચાવી આપ્યા. ગોલ્ડસ્મિથને લાગ્યું કે તેને ધાર્યા કરતાં વધુ મળ્યુ છે. પણ તે પછી એ ગ્રંથ ખૂબ પ્રસિદ્ધિ પામ્યો ને ઘણો વેચાયો. એ ગ્રંથ તે 'વિકાર ઓફ-વેઇકફીલ્ડ.'

ઇંગ્લેન્ડમાં ઘેર ઘેર વંચાતી કવિ ગ્રેની 'એલિજી' માટે કવિને દંઇ જ મળ્યુ નહોતું

એડવર્ડ ફિટ્ઝરાલ્ડે 'ઓમર ખય્યામ' નો અનુવાદ 'કવૉર્ટરલી-રિવ્યુ' માં પ્રસિદ્ધિ અર્થે મોકલ્યો. તેમણે ચાર વર્ષ સુધી સાચવ્યા પછી નાપસંદ કરી પાછો મોકલ્યો, આથી ફિટ્ઝરાલ્ડે પોતાને ખર્ચે છપાવ્યો. પણ બજારમાં તેની તેની માગણી નહોતી. છેવટે તેણે બધી નકલો તેના મિત્ર અને પુસ્તક–વિક્રેતાને ભેટ આપી દીધી.

એક દિવસ કોઇ વિચિત્ર જેવો જણાતો માણુસ દુકાનમાં અવનવાં પુસ્તકો ઉથલાવતો હતો ત્યારે એ 'રૂબાઇઆતો' એને હાથ ચડી. એ ત્યાં જ વાંચવા બેસી ગયો. એ વિચિત્ર જણ તે ડાન્ટે ગેબ્રી-અલ રોઝેટી હતો.

પોતે આવું સરસ પુસ્તક શોધી કાઢયું છે તેનો હરખ બતાવવા એ એના કવિમિત્ર સ્વીનબર્નને દુકાનમાં ઘસડી લાવ્યો, તેણે એની ચાર નકલો ખરીદી. તે દિવસથી 'રૂબાઇઆતો' નું નસીબ ખુલી ગયું.

કયું પુસ્તક વધુ વેચાશે તેની અગાઉથી ગણત્રી બાંધી શકાય એવી કોઇ કૂંચી નથી. વર્ષો પહેલાં લંડનની એક પ્રકાશન પેઢીએ એ જમા-નાની બહુ વંચાયેલી ચાર નવલકથાઓનું વસ્તુ–પૃથક્કરણ કરવા સાહિત્યકારોનો એક સ્ટાફ રોકયો, તેમણે એમાંના સારામાં સારા પ્રસંગો અને વર્ણનો પરથી તારવણી કરી એક નવી જ કથા એ ઢબની લખી. લોકરૂચિનાં બધાં તત્ત્વોને એમાં સમાવી લેવામાં આવ્યાં હતા. સિદ્ધહસ્ત નવલકથાકારોને હાથે એને મઠારવામાં આવેલી. ને પૂર બહારમાં એની જાહેરખબર પણ કરવામાં આવેલી. ગરમાગરમ ભજીયાંની જેમ એ વેચાઇ જશે એવી બધાને ખાત્રી હતી.

પણ એ તો ખારી છાશ જેમ થોડી વેચાઇને રહી ગઇ.

પુસ્તક વધુ કેમ વેચાય તે બાબત પોતાનો અનુભવ રજૂ કરતાં ઇતિહાસ અને સાહિત્યવિષયક અનેક પુસ્તકો લખનાર ઈંગ્લેન્ડના બિશપ ક્રેઇટન કહે છે કે "મારી લખેલી એક બાળપોથી મારા ઇતિહાસ અને સાહિત્યના ગ્રંથો કરતાં વધુ વેચાય છે અને ખૂબ કમાણી આપે છે."

આ બાળપોથી પ્રાથમિક શાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે. એનું કદ નાનકડા પથરા જેવું હોઇ છોકરાઓ રમત માટે એક બીજા પર એની ફેંકાફેંક ચલાવે છે. તેથી એ ફાટી જઇ તરત બીજી નકલ ખરીદવી પડે છે.

સાપના ભારા બાંધી આપો !

'એકશેર 'ચિતાના અંગારા' આપશો.'

'મને અઢીશેર 'ભારેલો અગ્નિ' જોઇએ.'

'ભારેલો અગ્નિ' કરતાં 'સળગતો સંસાર' સસ્તો પડશે. ફક્ત એશેર છે. કહેતા હો તો તે સાથે અધોશેર 'લગ્ન સુખ' પણ આપું.'

'ના, ના, 'લગ્ન સુખ'ની જરૂર નથી, એમ કરો, 'સળગતો સંસાર' તો મારે ત્યાં છે જ. 'પ્રાયશ્ચિત' હોય તો આપજો.'

'મને દોઢશેર 'સાપના ભારા' બાંધી આપજો તો !'

પ્રીન્સેસ સ્ટ્રીટના પુસ્તક પ્રકાશકો અને ગ્રાહકો વચ્ચે આવા ટહુકા જો તમે સાંભળો તો જરૂર આશ્ચર્ય અનુભવો. પણ પંજાબમાં પુસ્તકો વજનને હિસાબે વેચાય છે એ તમે નહિ જાણતા હો !

ચીનમાં પુસ્તકો વેચવા માટે વળી જૂદોજ રિવાજ છે. ત્યાં શાકપીઠમાં પુસ્તકોના છાપેલા ફરમા અને પ્રકરણો છુટાં વેચાય છે. શાક લેવા જતી વેળા લોકો એ ખરીદી લઇ પછી એકઠાં બંધાવી લઇ આખું પુસ્તક બનાવી લે. આ રીતે ત્યાંના ગરીબમાં ગરીબ માણસ પણ પોતાને ત્યાં પુસ્તકો વસાવી શકે છે.

★

[૯]

ધૂની સાહિત્યકારો

સાહિત્યકારો પણ માનવી હોય છે અને માનવસુલભ નબળાઈઓ તેઓમાં હોય છે. કેટલીકવાર એ નબળાઇઓ એટલે અંશે પહોંચી જાય છે કે આપણને તેમાં એમની મૂર્ખતા દેખાય.

પોલેન્ડનો મખ્યાત સંગીતકાર પેડ્રુવસ્કી જ્યારે પીયાનો વગાડવા બેસતો ત્યારે પાટલી લઇ પીયાનો પાસે ન બેસતો. પણ પોતાને ફાવે ત્યાં પાટલી મૂકી ત્યાં પીયાનો ઢસડી જતો !

કવિ બાયરન પર મુગ્ધ થઇ ઇંગ્લેન્ડની ઘણી યુવતીઓ તેને પ્રેમપત્રો લખતી. કોઇ કોઇ તો પોતાના વાળની એકાદી લટ પણ કાપીને મોકલતી. આવી એક પ્રેમિકાએ મોકલેલી લટમાં ઘડીઆળ પરોવી બાયરને તેને પોતાના મેજ સામેની ખીંતીમાં લટકાવેલું. મળવા આવનારને એ ઘડીઆળ બતાવીને કહ્યા કરતોઃ 'મારી પ્રેમિકાની લટમાં એટલું સામાર્થ્ય છે કે સમયને પણ બાંધી લે છે.'

ટોલસ્ટોય પોતે પારેવાની જેમ ઉડી શકે છે એમ માનતો, ને એક વાર એમ ઉડી જોવા એંશી ફુટ ઉંચેથી પડતું પણ મૂકેલું. સારું થયું કે તેના બાગની ફૂલોની બિછાત પર પડ્યો અને બચી ગયો. (કોઇ કહે છે કે 'આવું કેમ સૂઝ્યું ?' નામે પુસ્તક તેણે આ પછી લખેલું !)

આર્નોલ્ડ બેનેટ વિષે કહેવાય છે કે એ પોતાના હાથમાં પાંચ પૌંડની નોટ લઇને ફરતો. તેનાં પુસ્તકો વાંચતો જે પહેલો મળે તેને એ નોટ ભેટ આપવા તેની ઇચ્છા હતી. એ મર્યો ત્યાંસુધી એનાં પુસ્તકો વાંચતો વાંચક એણે પોતાની નજરે નિહાળ્યો નહિ ને પાંચ પૌંડની ચવાયલી નોટ એના ખિસ્સામાં જ પડી રહી.

વિવેચક જી. કે. ચેસ્ટરટન રાત્રે સૂતી વખતે ચાના શીશા ભરાવી સાથે લઇ સૂતો. એ વડે પોતાના અંગોને શેક કરતો ને જરૂર પડે એમાંથી ચા કાઢી પી લેતો !

ફ્રેંચ વાર્તાલેખક મોપાંસાંને કોઇ કોઇ વાર એવો ખ્યાલ આવી જતો કે તે ઓરડાના એક ખૂણામાં એકલો જ બેઠો છે; ને બ્હીકથી એને આખે શરીરે પરસેવો વળી જતો.

એમીલ ઝોલા જ્યારે જ્યારે ફરવા નિકળતો ત્યારે રસ્તા પરની બત્તીઓ ગણતો જતો.

ડો. જ્હોન્સનને લોખંડનો કઠેરો ઘણું આકર્ષણ કરતો, અને કઠેરા આગળથી પસાર થતાં દરેક સળીયાને એ સોટી અડકાડતો.

ફ્રાન્સીસ બેકન વરસાદમાં ખુલ્લી ગાડીમાં ફરવા નિકળતો. સર વોલ્ટર સ્કોટની યાદદાસ્ત ઘણી નબળી હતી. એકવાર પોતાની કવિતાની જ એ બાયરનની છે માની, ખૂબ પ્રસંશા કરેલી. બર્નાર્ડ શો જ્યારે ઉગતો લેખક હતો ત્યારે જાહેરાત મેળવવા પોતે જ પોતાના લેખોના વિવાદ ઉભો કરે એવા વિવેચનો વિવિધ અઠ્વાડિકોમાં જૂદે જૂદે નામે લખી મોકલતો.

રૂસો પોતાના એકરારમાં લખી ગયો છે કે: 'મને ઘણીવાર થતું કે હું મૃત્યુ પામું તો મને મોક્ષ મળશે કે નહિ? એક દિવસ મને લાગ્યું કે જો પેલા વૃક્ષના થડને પત્થર વડે આંટી શકું તો મને મોક્ષ મળશે. બધી હીંમત એકઠી કરી મેં ફેંક્યો. ધાર્યું નિશાન વાગ્યું, તે દિવસથી મને મારા મોક્ષ માટે જરાય શંકા રહી નથી.'

કવિ કોલરીજ ભારે લપ્પી હતો. એકવાર ચાર્લ્સ લેમ્બ જમવા જતો હતો ત્યાં એને કવિ સામે મળ્યો. 'આજે તો એકાદશી જ કરવી પડશે' લેમ્બને બ્હીક લાગી. એના કોટનું બટન પકડી, આંખો મીંચી, કોઇ ભાષણકર્તાની ભવ્ય અદાથી કવિએ વાત ઝીકવા માંડી. કંટાળીને લેમ્બે ચપ્પુ વડે પોતાના કોટનું બટન કાપી નાખ્યું ને જમવા ઉપડયો.

બે કલાક રહીને એ પાછો વળ્યો ત્યારે પણ કોલરીજ આંખો મીંચી, ઉન્નત મસ્તકે પેલું બટન પકડી વાતોના ગોળા ગબડાવ્યે જતો હતો!

ચાર્લ્સ માર્ટીન નામના એક વાર્તાલેખકે પોતાની વાર્તાઓમાંના પાત્રોનું ક્યારે ક્યારે ખૂન થાય છે, કોણ આપઘાતથી ને કોણ માંદગીથી મૃત્યુ પામે છે એ બધું બતાવવા એ મૃતપાત્રોના સ્મરણાર્થે તેના ઘરની પાછળ એક નાનીશી સ્મશાનભૂમિ ઉભી કરી છે. તેમાં પ્રત્યેક મૃતપાત્ર માટે ઉભી કરવામાં આવેલી કબર પર તેનું નામ, મૃત્યુતિથિ વિ. લખવામાં આવ્યું છે.

'ટ્રેઝર આઇલેન્ડ' લખી મશહૂર થનાર નવલકથાકાર શ્રી. આર. એલ. સ્ટીવનસન વિષે કહેવાય છે કે એને ગધેડાની સવારી કરવી ઘણી ગમતી, ને કેટલીક નવલથાઓનું વસ્તુ તેને આવી સવારીઓ દરમ્યાન જ સ્ફૂર્યું હતું.

'એન્સાઇકલોપીડીઆ બ્રિટાનિકા' નામના બ્રિટનના વિશ્વકોષમાં જગતના નાનામાં નાનાથી ઉંડામાં ઉંડાં વિષયો પર ઘણી નોંધો લેવામાં આવી છે. લંડન યુનીવર્સીટીના માજી પ્રોફેસર બર્નાર્ડે એમાં આસરે ૬૦૦૦ નાની-મોટી નોંધો પોતાની ગાંડપણની અવસ્થામાં લખી છે. પ્રોફેસર સાહેબ છેલ્લા ૩૫ વર્ષથી બ્રોડમૂરની દિવાનશાળામાં કેદ છે. આ પ્રતિભાશાળી પ્રોફેસરનું ભેજું તદ્દન ગેપ છે. જે દિવસે તેમનું ભેજું ખરાબ થઇ ગયું છે એવી લોકોને ખબર પડી તે દિવસે તે કોલેજમાં પોતાનો વર્ગ લેતા હતા. વિદ્યાર્થીઓ તન્મય બની તેમની વિદ્વતાભરી વાણી સાંભળી રહ્યા હતા. એકાએક તેમણે ખિસ્સામાંથી પીસ્તોલ કાઢી કોલેજીઅનો પર ગોળીઓ છોડવી શરૂ કરી દીધી જેના પરિણામે ઘણા યુવાનો ઘાયલ થઇ ગયા. દિવાનશાળામાં ઘણા વર્ષો સુધી તેમની આ સ્થિતિ રહી. સુધારવાનું કંઇ ચિહ્ન જણાયું નહિ. પણ તેઓ વિજ્ઞાનમાં થોડો થોડો રસ લેવા લાગ્યા અને ટૂંકી નોંધો લખવા લાગ્યા જે ઘણી વિદ્વતાભરી હોઇ 'એન્સાઇકલોપીડીઆ'માં ઉપયોગ કરવા માટે મોકલી આપવામાં આવી. લેખો લખી રહ્યા બાદ તરત તેમના પર ગાંડપણનું ભૂત પાછું સવાર થઇ બેસતું.

વિલીયમ સારોયનને પોતાના શરીર પર આવી રહે તેના કરતાં ત્રણગણા કદનો ઓવરકોટ પહેરવાની ટેવ છે. આવડો મોટો કોટ શા માટે પહેરે છે એમ કોઇ પૂછે તો જવાબ આપે છે કે 'આ કોટ હું મારા શરીર પર સહેલાઇથી ચડાવી શકું છું માટે પહેરૂં છું.'

આપણા સ્વ. સાક્ષર ગોવર્ધનરામને શરદીની બહીક લાગતી, તેથી ગરમ ગંજી હમેશાં પહેરી રાખતા. એક દિવસ ગરમીના દિવસોમાં પણ તેમને ગરમ ગંજી પહેરી ફરતા જોઇ તેમનાં બાએ ટકોર કરી કે: આટલું ગરમ ગંજી કેમ પહેર્યું ?' તો હસીને એમણે કહ્યું: 'શું કરૂં ! આનાથી વધુ ગરમ કપડું ઘરમાં નથી તેથી !'

ચીનના પ્રસિદ્ધ ફિલસુફ કોન્ફ્યુશીઅસને તરબુચનાં બી એટલાં ભાવતાં કે આખો દિવસ એ જ ચાવ્યા કરતો.

માનવસ્વાતંત્ર્યનો અણનમ હીમાયતી વોલ્ટેર તેની કલમથી બધાને ડારતો. પણ એ પોતે અંધારાથી ભારે બીતો. અંધારામાં એ કદિ સૂતો નહિ. ને દિવસ ઉગતાં સુધી એના ખંડમાં દીવો બળતો રહેતો.

જુલીઅસ સીઝર મહાન લડવૈયો હતો. ઇતિહાસલેખક પણ હતો, પણ એની મોટામાં મોટી ચિંતા તેના દેશને બચાવવા કરતાં પોતાને માથે ટાલ ન પડે તે હતી, ને ટાલ પડી ત્યારે તે સંતાડવા એ કૃત્રિમ ઉપાયોનો આસરો લેતો.

વોલ્ટર સ્કોટને રાત્રે એક વાગે ઘોડેસ્વારી કરવાની ધૂન હતી. આથી ચોર–ડાકુ ગણાઇ એ ઘણીવાર પોલીસના પંજામાં સપડાઇ જતો. સવારે ન્હા–પાણી કરવા એ સગડી જાતે જ પેટાવતો. તે વખતે બાસ્તેલમાં કાકડી કરવાને બદલે પોતાની રચેલી કવિતાઓના કાગળોથી જ કામ લેતો.

આપણા ઘણા કવિઓની કવિતાઓનો આવો સદુપયોગ કરી શકાય.

હિંદી પીનલ કોડનો રચનાર મેકોલે દર શનિવારે સાંજે રીચમંડ પાર્કમાં આવેલી લંડનની 'સ્ટાર એન્ડ ગાર્ટર' હોટેલમાં કોફી પીવા

જતો. અને પીધા પછી ટેબલ પર કે આસપાસ પડેલાં બધાં કાચનાં વાસણો ફોડી નાખી, તે બધાંનું બીલ ચૂકવી ચાલતો થતો. હોટેલવાળો તેની આ ટેવ જાણતો હોઇ કંઈ વાંધો ન લેતો.

પીનલ કોડ ઘડીને હિંદનું શહેરી સ્વાતંત્ર્ય ફોડી નાખવામાં એ કારણભૂત થયો તેનું આજ મૂળ હશે.

યુરોપનો મહાન તત્ત્વજ્ઞાની સોક્રેટીસ પગે ચાલીને જવા કરતાં ઘણીવાર લાકડાના નાના ઘોડા પર ફરવા જવાનું પસંદ કરતો. આ જોઇ શહેરીઓ તેને બાળકની ઉપમા આપતા. તે ન ગણકારતાં તે ઘોડાને 'ચલો બેટા!' કહી ચાબૂક ફટકારી બમણા જોરથી હંકારતો.

અંગ્રેજ કવિ ગ્રે બીજાઓથી ભાગ્યે જ વાત કરતો. ફરવા નીકળતો ત્યારે હસમુખો રહેતો. પણ શાક લેવા જતો ત્યારે ભાવતાલ કરવાના કંટાળાને લઇને વધુ પૈસા આપી આવતો.

ટેનીસનને ગમે તેવા રાજવંશી મહેમાનોની હાજરીમાં પણ જમીને તરત ટેબલ પર પગ લાંબા કરવાની ટેવ પડેલી. તેને લીધે તેના મિત્રો મુશ્કેલીમા મૂકાતા.

એકલા બેઠા બેઠા છોડ સાથે વાતો કર્યા કરવાનું ઝોડ એને વળગ્યું હતું.

એને એકાંત એટલું પ્રિય હતું કે એકવાર તે માંદો પડતાં અમીર ઉમરાવો અને સાહિત્યકારો તેને મળવા ગયા પણ તેણે કોઇને મુલાકાત આપી નહિ. એ લોકો તેના ટેબલ પર પોતાનાં નામનાં કાર્ડ મૂકતા ગયા તેને પણ તેણે નોટ–પેપરથી પાછા મોકલાવ્યા !

કવિ શેલીને પુનર્જન્મમાં ઘણો વિશ્વાસ હતો. એકવાર રસ્તે જતી કોઇ બાઇના હાથમાંથી તેનું બાળક ખુંચવી લઇ તેને તે કયાંથી આવ્યો, તે જન્મ્યા પહેલાં જે દુનિયામાં રહેતો તે દુનિયા કેવી છે? વિ. પ્રશ્નો પૂછવા લાગ્યો. બાળક ચીસો પાડવા લાગ્યું એટલે માને

પાછું સોંપતા તેણે કહ્યું 'અજબ છે આજકાલનાં બાળકો ! પૂછીએ તેનો જવાબ પણ નથી આપતાં !'

૧૮૧૩ માં તેના મનમાં ભુત ભરાયું હતું કે મુસાફરીમાં એની સામે બેઠેલી એક જાડી બાઇ જેને પગે 'હાથીપગોરસ' ઉતર્યો હતો તે ચેપી રોગ હોવાથી એને પણ એ રોગનાં જંતુ લાગ્યા હતા. ત્યાર પછી એ હંમેશાં એના પગનું કદ તપાસ્યા કરતો. હાથ પગની ચામડીને, ગરદનની ચામડીને એ સખત રીતે ખેંચી જોતો, અને જો એ જરા ય બરછટ લાગતી તો ગાંડાની જેમ પોતાની પાસે બેઠેલા ગમે તે માણસની ચામડી ખેંચીને સરખાવી જોતો. આ ટેવને લીધે એ અનેક જુવાન સ્ત્રીઓને ગભરાવી મૂકતો.

એની આનંદ માણવાની વૃત્તિ હીન પ્રકારની હતી. કોફી હાઉસમાં જમતાં જમતાં એ પાંઉના ટુકડા ગ્રાહકોને તાકીને મારતો. જો ઘા બરાબર વાગે તો એ આનંદથી નાચી ઉઠતો. એને બીજા દેશોનાં કુરિવાજો અને કુસંસ્કારો દૂર કરવા માટે ઉપદેશાત્મક જાહેરખબરીઆ લખાણો લખવાની ધૂન હતી, એ લખાણોને શીશીઓમાં મૂકી તેમને સમુદ્રમાં તરતી મૂકી દેતો. જે દેશને ઉદ્દેશીને લખવામાં આવ્યું છે તેને કિનારે એ પહોંચી જશે એમ એ માનતો, આ ધૂનમાં એણે એકવાર દશ પૌંડની નોટની હોડી બનાવી તરતી મૂકી દીધેલી ! આપણા પ્રાચીન કવિ ધીરા ભગતને પણ પોતાનાં કાવ્યો લખી, વાંસની પોલી ભૂંગળીમાં નાખી નદિમાં તરતાં મૂકી દેવાની ટેવ હતી.

જર્મનકવિ શીલર સડેલું સફરજન ટેબલ પર રાખી લખવા બેસતો. પગ નીચે બરફના ટુકડા અને ટેબલ પર સડેલું સફરજન રાખી તેણે અનેક મહાકાવ્યો રચ્યાં હતાં.

જગવિખ્યાત ગાયક બીથોવન સ્નાન માટે બરફથી ઠંડુ કરેલું પાણી વાપરતો, અને 'પાણી જરા ય ગરમ નથી'ના બરાડા પાડતો.

ફ્રેંચ ક્રાંતિનો એક નેતા મોંશ્યો મૂરાત પોતાના સ્નાનગૃહનો ઉપયોગ ન્હાવા ધોવા માટે નહિ પણ લખવા માટે કરતો. ન્હાવાના ટબ પર

એક પાટીયું ગોઠવી તેનું ટેબલ બનાવતો. સાબુ રાખવાના સાધનમાં શાહી ભરતો. એક વાર એ આવી રીતે લખતો બેઠો હતો ત્યારે તેનું ખૂન થયું હતું.

રેમ્બ્રાન્ટને થયા કરતું કે એનાં હાડકાં ગળતા જાય છે. અને એ દિવસની એ કલ્પના કર્યા કરતો કે જ્યારે એનાં બધાં હાડકાં ગળી ગયાં હશે.

પ્રાચીન ઇજીપ્ટની રાણી કલીઓપેટ્રા પોતાના સૌંદર્યથી પોતા પર એટલી મોહીત થઇ ગઇ હતી કે પોતે પોતાને પ્રેમપત્રો લખતી.

વૈજ્ઞાનિક એડીસન કોઇને ત્યાં જમવા જતો ત્યારે ખાવાનું ઘેરથી સાથે લઇ જતો ને યજમાનને ત્યાં બધા સાથે ટેબલ પર બેસી ખાતો.

ડાયોજીનીસ નામનો ફિલસુફ દાઢી બોડતાં કોઇવાર ગરદન કપાઇ જાય એ બ્હીકે ગરમ કરેલાં અખરોટનાં કોટલાંથી દાઢી છોલતો.

ત્યારે તો એ દોઢ ડા'યો જીનીયસ કહેવાય !

એક સાંજે યુરોપના જાણીતા લેખક ડી' કવીન્સીની મકાનમાલિક બાઇએ તેની ઓરડીમાં ભારે ધબાકો થતો સાંભળ્યો. ઉપર જઇ તેણે કડું ખખડાવ્યું પણ જવાબમાં બીજો ધબાકો સંભળાયો. બારણું તોડાવી એ અંદર દાખલ થઇને જોયું તો ડી' કવીન્સી ગળામાં કાચ તુટેલા ચિત્રની ફ્રેમ પહેરેલો, વેરવિખેર ફરનીચર વચ્ચે પડેલો.

ખુલાસામાં તેણે જણાવ્યું કે માખીઓને ઓરડીની છત પર ચાલતાં જોઇ એને વિચાર આવ્યો કે તે પણ એમ કેમ ન ચાલી શકે ? ને એમ ઊંધે માથે છત પર ચાલવાનો પ્રયત્ન એ છેલ્લા એક કલાકથી કરી રહ્યો હતો !

એની લખવાની ટેવ પણ ઘણી વિચિત્ર હતી, એ લખી લખીને પથારી, ટેબલ ને આખો ઓરડો કાગળના ઢગલાથી ભરી મૂકતો. એટલે સુધી કે પછી એમાં રહી ન શકાતું. આ પછી તે નવું ઘર ભાડે લેતો. ને જુનાનો ઉપયોગ પોતાના લખાણોનો સંગ્રહ

કરવા માટે કરતો. મરતી વખતે તેની પાસે આવા છ ઓરડા ભરેલા હતા, જેનું ભાડું એ ભરે જતો.

★

શૉ મહાશય

એક વખત જી. કે. ચેસ્ટરટને બર્નાર્ડ શૉ પર એક સ્વતંત્ર વિવેચનાત્મક પુસ્તક લખ્યું. એની શરૂઆત જ એણે 'હું એક જ જણ એવો છું જે એને સમજી શક્યો છું; અને હું એનાં ઘણાં વિધાનો સાથે સંમત થતો નથી." એવા દ્વિઅર્થી શબ્દોએ કરીને આગળ દોઢસો પાના પછી એને એકસરખો ઉચક્યો, ઉધડો લીધો. પણ શૉએ તે વાંચીને અવલોકન લખ્યું, 'આ પુસ્તક બધાએ આશા રાખેલી એવું જ, મેં ધુત્કારી કાઢેલ ઉત્તમોત્તમ કળાકૃતિઓમાંનું એક છે!"

કોઈ પત્રના તંત્રીએ બર્નાર્ડ શૉને દુનિયાના ચાર મહાન લેખકોનાં નામ આપવા કહ્યું. શૉએ પોતાની લાક્ષણિકતાથી લખી મોકલ્યું.

"(૧) જ્યોર્જ બર્નાર્ડ શૉ (૨) જી. બર્નાર્ડ શૉ (૩) જી. બી. શૉ (૪) જ્યોર્જ બી. શૉ. (૫) જી. બી. એસ. (૬) જ્યોર્જ શૉ (૭) બર્નાડ શૉ (૮) જ્યોર્જ (૯) બર્નાર્ડ (૧૦) શૉ (૧૧) બી. જ્યોર્જ શૉ (૧૨) શૉ જ્યોર્જ બર્નાર્ડ."

એને મળવા આવનાર એક કહ્યું.

'એક વાર મારો ચહેરો તમારા જેવો જ હતો. પણ તેથી હું વિચિત્ર જણાઉં છું એવું જાણ્યું એટલે દાઢી કપાવી નાખી.'

'અને અત્યારે તમારો ચહેરો છે એવો મારો ચહેરો એક વાર હતો. પરતું મારો ચહેરો તો હું કાપી શકું એમ ન હતો એટલે મેં દાઢી વધારી.' શૉએ સપાટો માર્યો.

પાશ્ચાત્ય નવલિકાકાર શ્રી. સારોયાને જ્યારે શૉની મુલાકાત માગી ત્યારે એણે એ મિલન માટે એણે હજાર ડોલર માગ્યા. સારોયાનેએ

ચૂકવી આપ્યા. આથી શૉએ એને ઘેર ચા પીવા નોતર્યા. સારોયાનને ફળની એક ટોપલી તેમને ભેટ આપવા લાવેલા જોઈ શૉએ ટકોર કરીઃ 'બધા મુલાકાતે આવનારા એમ સમજે છે કે હું અહીં ભૂખે મરી રહ્યો છું !'

પોતાના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન શૉ એક તળાવમાં ન્હાઇ રહ્યો હતો. બાજુમાં થોડા નિશાળીઆ તરતા હતા. એક મહાન સાહિત્યકાર પણ તેમની સાથે ન્હાઇ રહ્યો છે તે એ જાણતા નહોતા. આ ડોસાને પાણીમાં બે ચાર ગળકાં કોણ ખવરાવી દે છે તેની શરત એમણે અંદરોઅંદર બકવા માંડી. સૌથી નાનાએ એક શીલીંગમાં એ કામ માથે લીધું. પણ જેવો એ તરતો તરતો શૉ પાસે પહોંચ્યો કે શૉએ પાછું વળીને જોયું ને એ ગભરાઇ ગયો. શૉએ પૂછ્યું તો એણે શરતની બધી વાત કહી દીધી. 'છોકરા, મારા જેવા ડોસાને ડુબકાં ખવરાવવા જેટલી હજુ કોઇની માએ સુંઠ ખાધી નથી. પણ તારે શીલીંગ કમાવો જ હોય તો હું શ્વાસ રૂંધી લઉં ત્યાં સુધી થોભ ને પછી દબાવ મારૂં ડોકું પાણીમાં.'

શૉએ પોતે ડૂબતો હોય એવો દેખાવ કર્યો ને નિશાળીઓ એક શીલીંગ એકઠો કરવા સાથીદારો પાસે હસતો હસતો ચાલ્યો.

એનું કેટલાંક વર્ષો પહેલાં સતત માથું દુખ્યા કરતું. એ જ અરસામાં પ્રખ્યાત પ્રવાસી નાનસેન તેને મળવા આવેલો. આવા મોટા સાહિત્યકાર પાસેથી વિશ્વભ્રમણને લગતો કંઇ વિચિત્ર કે વિદ્વતાભર્યો પ્રશ્ન પૂછાશે એમ એ ધારતો હતો ત્યાં જ શૉએ ધડાકો કર્યોઃ 'નાનસેન, તમે આખી દુનિયા ફરી વળ્યા તેમાં તમને કોઇ એવો ડૉકટર ન ભેટયો જે માથું દુઃખતું મટાડવાની અચૂક દવા જાણતો હોય ?'

આ પ્રશ્ન પછી નાનસેનને આધાશીશી ચડેલી કે નહિ તે જણાયું નથી.

એક કપ્તાને તેને પૂછ્યુંઃ 'મિ. શૉ, સૌથી શ્રેષ્ઠ નાટયકાર કોણ તે તમે કહી શકશો કે ?'

'હું જ તો ! બીજો તે વળી કોણ હોઇ શકે ?' કહી શૉએ તેને આશ્ચર્યમાં મૂકી દીધો.

મુંબઇ યુનિવર્સિટી વ્યાખ્યાનો વેળા શ્રી. રમણલાલ દેસાઇને પણ આવો પ્રશ્ન કોઇએ પૂછેલો કે 'નવલકથાકાર તરીકે કોણ શ્રેષ્ઠ, તમે કે મુન્શી ?' ત્યારે રમણભાઇએ નમ્ર જવાબ વાળેલો: 'જાહેરમાં મુન્શી, ખાનગીમાં હું !'

શૉએ પોતાને જાહેરમાં શ્રેષ્ઠ કહેલો કે ખાનગીમાં તે જણાયું નથી.

એ દારૂ પીતો નથી એટલે દારૂબંધીમાં માનતો હશે માની કોઇ મદ્યપાનનિષેધ મંડળીએ એનું ભાષણ ગોઠવ્યું. ત્યાં એ દારૂ પીવાથી થતા ફાયદા સમજાવી આવેલો !

'મારા જેવું રૂપ અને તમારા જેવી બુદ્ધિના સંયોગથી જે સંતાન થાય તે કેવું ઉત્તમ હોય ?' કહી એક નટીએ તેની પાસે પરણવાની માગણી મૂકી.

'પણ કદાચ એ મારૂં રૂપ ને તમારી બુદ્ધિ લઇ અવતર્યું તો ?' શૉએ કહ્યું.

એક પાર્ટીમાં એના સ્ત્રી જજમાને એને ખૂબ ખુશખુશાલ જોઇ કહ્યું: 'યુ લુક એઝ ઇફ યુ વેર એન્જોઇંગ યોર સેલ્ફ એટ ધિસ પાર્ટી.'

'આઇ એમ ગ્લૅડ આઇ ડુ, બિકૉઝ ઇટ ઇઝ ધ ઓન્લી થીંગ આઇ એમ એન્જોઇંગ' કહી શૉએ એના સ્વાગત પર પાણી ફેરવી દીધું.

કોઈ કાઉન્ટેસે તેને પોતાને ત્યાં મિજબાનીમાં ભાગ લેવા નોતરતાં કાર્ડ મોકલ્યું કે: **'Lady so—&—so will be at home on Thursday between 4 & 6.'**

એણે તે પાછળ જ લખી મોકલ્યું: **'Mr. Shaw likewise!'**

'ટૂંકું ને ટચ' લખવા માટે એ ઘણી મહેનત લે છે. વાકયોમાંના શબ્દો કાઢી નાખવા એ ખાસ પ્રયત્ન કરે છે. હમણાં જ લંડનના થીએટર

ગીલ્ડ (નાટક મંડળીને) એક લાંબો પત્ર લખેલો. ને તે માટે માફી ચાહતાં લખ્યું કે: 'ટૂંકો પત્ર લખવા માટે મારી પાસે સમય નહોતો!'

એ કહે છે કે દુનિયામાં કોઈ ડાહ્યામાં ડાહ્યો માણસ હોય તો તે મારો દરજી છે. એ જ્યારે મને મળે છે ત્યારે મારૂં નવું માપ લે છે, જ્યારે બીજાઓ મને જૂના ગજથી જ માપે છે.

'ઇંગ્લેન્ડ એન્ડ અમેરિકા આર ટૂ નેશન્સ સેપરેટેડ બાય ધ સેઈમ લેંગ્વેજ.'' એમ એનું કહેવું છે.

એ પરથી આપણે આપણા માટે કહી શકીએ કે: 'હિન્દુઝ એન્ડ મુસ્લીમ્સ આર વન નેશન સેપરેટેડ બાય ધ સેઇમ કલ્ચર.'

અમેરીકી અઠવાડિક 'ટાઇમ' અને 'લાઇફ'ના સંચાલક હેન્રી-લ્યૂઇસની પત્ની કલેર લ્યૂઇસ એની જબરી પ્રસંશક છે. એક દિવસ શૉના નાટકની મધુરજનીએ એને થીએટર પર મળતાં ઉત્સાહથી બોલી ઉઠી: 'ઓહ, મી. શૉ, If it were not for you, I would not be here.' (તમારે લીધે તો આજે હું અહીં આવી છું.)

'એમ?' શૉએ એને કાપી, 'What was your mother's name?' (તમારી બા સાથે કયારે ય પાનું પડયું હોય એવું મને તો સાંભરતું નથી શું નામ હતું એમનું?)

એણે કોઇ મિત્રને પોતાનું લખેલું એક પુસ્તક 'અનેક શુભેચ્છાઓ સાથે' ભેટ આપેલું. મિત્રે બેદરકારીમાં તે વેચી નાખ્યું હશે. જૂની ચોપડીઓવાળાની દુકાને ચોપડીઓ ફંફોળવા જતાં એની નજરે ચડયું. ખરીદી લઇ એણે પોતાની 'અનેક તાજી શુભેચ્છાઓ સાથે' મિત્રને પાછું ભેટ મોકલાવી આપ્યું!

એક વાર કોઈ હોલમાં સમાજવાદીઓની સભા ચાલતી હતી ત્યાં તે જઇ ચઢયો. સભાજનોના આગ્રહથી તેણે દ્રવ્યની અસમાન વહેંચણી પર સણસણતું ભાષણ કર્યું—

'જેવો હું આ સભાગૃહમાં પ્રવેશવા જતો હતો ત્યાં દરવાજા આગળ મેં એક રોલ્સરોઇસ મોટર જોઈ. એની કિંમત ૨૦૦૦ પૌંડથી જરાય ઓછી નહિ હોય. હવે તમે જ કહો', શૉએ સભાજનોને પૂછ્યું; 'કે જ્યારે ઈંગ્લાન્ડના હજારો મજુરો ગરીબીમાં સડતા હોય ત્યારે એક માણસને આટલી સાહ્યબી ભોગવવાનો શો અધિકાર છે?'

ભાષણ ખૂબ જ અસરકારક નીવડ્યું. સભાજનોનું એક ઉશ્કેરાયલું ટોળું દરવાજા પાસે જવા લાગ્યું. 'હમણાં જ એ મોટરને ભાંગી નાખીએ' એવા ભાવ એમના મ્હોં પર હતા.

'શાંતિ, જરા શાંતિ' શૉએ સભાજનોને કહ્યું: 'હું તમારા ઉદ્દેશ પ્રત્યે સહાનુભૂતિ ધરાવું છું. પણ તમે એ રોલ્સરોઇસ ભાંગી નાખો તે પહેલાં મારે તમને જણાવી દેવું જરૂરી છે કે એ મોટર મારી છે!'

★

માર્ક ટ્વેઇન

અમેરિકાના વિખ્યાત હાસ્યલેખક માર્ક ટ્વેઇનને ત્યાં એક રાત્રે ખાતર પડ્યું ને ઘણી ચીજો ઉપડી ગઇ. બીજે દિવસે તેણે 'ચોરોને સૂચના' નામની કાપલી બારણા પર ચોડી દીધી. તેમાં કઇ કઇ ચીજો ઘરમાં ક્યાં ક્યાં પડી છે ને શી શી કીંમતની છે તે જણાવી લખેલું કે: 'એ ઉપાડી જતી વખતે મારી ઊંઘમાં ખલેલ ન પાડવી, ઘોંઘાટ ન કરવો ને જતી વેળા બારણું દેતા જવું.'

આ નિયમોથી ગભરાઇ ઊઠીને કોણ જાણે કેમ પણ ચોર એને ત્યાં બીજીવાર ફરક્યા નહિ.

થોડું પણ જરૂર જોગું જ બોલવાની મહત્તા સમજાવતો એનો દાખલો જાણીતો છે. એક સભામાં એ કોઈ સંકટફાળો ઉઘરાવવા નીકળેલા વક્તાનું દિલ પીગળાવી નાખતું ભાષણ સાંભળી લગભગ રડી પડ્યો ને ૫૦ ડોલર મદદ આપવા વિચાર કર્યો.

પણ ભાષણકર્તા ભારે લપ્પી નિકળ્યો. એણે એ સંકટગ્રસ્તોની વાતો ફરીફરી વર્ણવવા માંડી. ટવેઈનને કંટાળો આવ્યો. એણે ૫૦ ને બદલે ૨૫ ડોલર આપવાનું નક્કી કર્યું. વક્તા તો કોઈ ભારે બક્તા નીવડયો. ભાષણ લંબાતું ગયું તેમ ટવેઈન આપવાની રકમ ઓછી કરતો ગયો. છેવટે તદ્દન કંટાળી જઈ જ્યારે નાણાં એકઠાં કરવા ઝોળી ફેરવવામાં આવી ત્યારે પૈસા નાખવાને બહાને તેણે તેમાંથી ઉલટા બે ડોલર કાઢી લઈ ચાલતી પકડી!

એને ગોલ્ફ રમવાનો ભારે કંટાળો હતો. છતાં એક મિત્રના આગ્રહથી તેને રમતો જોવા કબુલ્યું. દડાને ઉછાળવા મિત્રે ગેડી મારી પણ ધૂળ જ ઉછળી. ઘા અફળ ગયો. ભોંઠાપણું સંતાડવા એણે ટવેઇનને પૂછ્યું: 'કેમ, અમારાં મેદાનો તમને કેવાં લાગ્યાં?'

'ઘણાં જ સ્વાદીષ્ટ' હોઠ પર વળગેલી ધૂળ દૂર કરતાં ટવેઇને કહ્યું.

એક વાર પડોશી પાસેથી એણે કોઇ ચોપડી વાંચવા માગી. 'જરૂર' પડોશીએ કહ્યું, 'તમે જરૂર એ ચોપડી વાંચો. પણ અહીં બેસીને જ. તમે જાણો છો કે મેં એ નિયમ કર્યો છે કે મારા વાચનાલયની બહાર કોઇને ચોપડી લઈ જવા દેવી નહિ.'

થોડા દિવસ પછી એ પાડોશીને ઝાડુની સખત જરૂર પડી, ને એ ટવેઇનને ત્યાં દોડયો. 'જરુર' ટવેઇને કહ્યું, 'તમે જરૂર ઝાડુ કાઢો, પણ આ ઓરડામાં રહીને જ. તમે જાણો છો કે...!'

એક દિવસ ન્યૂયોર્કમાં વસતા કેટલાક મિત્રોને યાદ આવ્યું, આજે ટવેઇનનો જન્મ દિવસ હોઇ અભિનંદન આપવા જોઇએ. પણ મી. ટવેઈન તો 'ઈન્નોશન્ટસ એબ્રોડ'ની જેમ ભમતારામ હોઇ કયાં હશે તેની તેમને ખબર નહોતી. એટલે એમણે તો શિરનામું કર્યું :—

'માર્ક ટવેઈન

પ્રભુ જાણે એ કયાં છે!'

થોડા મહિના પછી ઇટાલીમાંથી તેમને એક પત્ર મળ્યો. તેમાં લખ્યું'તું: 'પ્રભુએ જાણી લીધું !'

★

હસ્તાક્ષરોની ઘેલછા

મહારાણી વિકટોરીઆને ઘણી વાર લાગતું કે તેમના જેવડું બહોળું કુટુંબ નિભાવવું એ સામ્રાજ્ય નિભાવવા જેટલું જ મુશ્કેલ હતું.

એક વાર તેમના એક ઉડાઉ પૌત્રે પોતાનો જન્મદિવસ યાદ અપાવી તેમને સૂચન કર્યું કે કંઇ આર્થિક ભેટ મળે તો સારું. જવાબમાં મહારાણીએ તેની ખર્ચાળ ટેવો માટે તતડાવીને કાગળ લખ્યો.

'વ્હાલાં દાદીમા,' વળતો કાગળ આવ્યો, 'તમારો માયાળુ પત્ર મળ્યો. હસ્તાક્ષરો એકઠા કરનારને વેચતાં તેના પાંચ પૌંડ ઉપજ્યા છે. આભાર !'

એક દરજીને બર્નાર્ડ શૉના હસ્તાક્ષરો મેળવવાની લગની લાગી. ઘણી વિનંતી કરી. પણ એમ દાદ આપે તો શૉ શૉ શાનો ? છેવટે એણે પોતાને ત્યાં શીવડાવેલાં કપડાંના પૈસા તરત ચૂકવી દેવાની તાકીદ કરતો પત્ર એના પર લખ્યો. બીજે દહાડે જ શૉના હસ્તાક્ષરોમાં જવાબ આવ્યો: 'તમારા જેવા લેભાગુઓને ત્યાં હું કદિ કપડાં શીવડાવતો નથી. બીલ મોકલવામાં કંઇ ભૂલ થઇ લાગે છે. બરાબર તપાસ કરજો.'

જો શૉએ બરાબર તપાસ કરી હોત તો જણાત કે દરજીને જોઇતુ'તું તે મળી ગયું !

મશહૂર જાસુસી નવલકથાકાર એડગર વૉલેસને સ્કૉટલેન્ડ યાર્ડમાંથી બે ડિટેકટીવો મળવા આવ્યા. એક ચેક પર વૉલેસની સહી હતી તે બતાવી પૂછ્યું કે તે તેની જ હતી કે નકલી. વૉલેસે તે નકલી જાહેર કરી એટલે તેની સાચી સહીનો નમૂનો પોતાની ડાયરીમાં તેમણે લઇ લીધો. 'તમારી બેન્ક તરફથી અમને આની તપાસ કરવાનું કહેવામાં આવ્યું છે.' કહી તે ચાલતા થયા. વૉલેસને ફાળ પડી. નકલી સહી

ફરી પોતાનાં નાણાં કોઇએ ઉચાપત કર્યાં કે શું ? એ બેન્કમાં દોડયો. પણ નાણાં સલામત હતાં. સ્કૉટલેન્ડ યાર્ડમાં ફોન કર્યો. 'આ ખાતા તરફથી તમારે ત્યાં કોઇ ડિટેકટીવોને મોકલવામાં આવ્યા નથી.' એવો જવાબ મળતાં વૉલેસે આખો બનાવ કહી તેમને તપાસ કરવા કહ્યું. પેલા 'ડિટેકટીવો'નો કંઇ પત્તો લાગ્યો નહિ. પણ સ્કૉટલેન્ડ યાર્ડ ધારે છે કે કોઈ હસ્તાક્ષરોની ઘેલછા ધરાવનાર યુવાનોની જ આ ધાંધલ હોવી જોઇએ.

રૂડયાર્ડ કીપ્લીંગને એટલો સરસ લેખનપુરસ્કાર મળતો કે તેની સરેરાશ શબ્દે એક શીલીંગ આવતી. આથી એક પ્રસંશકે તેના હસ્તાક્ષર મેળવવા કાગળમાં એક શીલીંગનો પોસ્ટલ ઓર્ડર બીડયો.

કીપ્લીંગ પણ કયાં ઓછો ઉતરે એમ હતો ? એના નામમાં બે શબ્દો હતા. એક શીલીંગમાં બે શબ્દો લખી દઇ પોતાની કિંમત ઘટાડવાને બદલે જવાબમાં ફક્ત એક જ શબ્દ લખી મોકલ્યો; 'થેંકસ.'

★

લેખક થવાના ગેરફાયદા

'મ્હારાં તથા મ્હારાં સાહિત્યનાં વખાણ જ્યારે જ્યારે સાંભળું છું ત્યારે અભિમાન ન ઉપજાવે એ માટે ઈશ્વરેજ ઉભો કરેલ એક પ્રસંગ મને યાદ આવ્યા જ કરે છે. અંગત રૂપગુણનાં વખાણનું નિવારણ કરતો એક પ્રસંગ સાત–આઠ વર્ષ પર બની ગયો. મ્હારાં પુસ્તકો વાંચી મ્હારે વિષે કંઇક ખ્યાલ નક્કી કરી ચૂકેલા એક વાચક કરાચીથી આ બાજુએ આવ્યા એટલે મને મળવા સિવાય વડોદરેથી જવું નહિ એવો એમણે નિશ્ચય કર્યો. મ્હારે ઘેર તેઓ આવ્યા ત્યારે હું સ્ટેશને ગયો હતો. એમને લાગ્યું કે કદાચ હું ગાડીમાં ચાલ્યો જઇશ, એટલે બહુજ ઉતાવળથી તેઓ સ્ટેશને આવી પહોંચ્યા અને તેમના કોઇ ઓળખીતાએ અમારી અરસપરસ ઓળખાણ કરાવી. ઓળખાણ થતી વખતે એ

ગૃહસ્થના મુખ ઉપર ફેલાયેલી અસંતોષ અને નિરાશાની વ્યથા હું એટલી સ્પષ્ટતાથી જોઈ શકયો કે મ્હારાથી પૂછ્યા વગર રહેવાયું પણ નહિ—

'આપે મને આવો નહિ ધારેલો, ખરું ?'

'ના, ખરેખર આવા નહિ' એમણે પ્રમાણિકપણે કહ્યું.

'મ્હારો દેખાવ આપને નિરાશાજનક લાગ્યો ત્યારે !' મેં વધારે સ્પષ્ટતા કરી અને મને નિહાળવા આવનાર એ મ્હારા પ્રસંશકે સંકોચસહ છતાં સ્પષ્ટતાથી કહ્યું:–

'હા, જરા એમ છે તો ખરું !

'ત્યારથી મ્હારાં અંગત વખાણ થતી વખતે હું આ બનાવ યાદ રાખું છું.' **શ્રી. રમણલાલ દેસાઈ**

★

ઇટાલીના હાસ્ય લેખક ગ્રીવાલ્ડીએ એક વાર એક ડૉકટરને પોતાનું શરીર ઠીક રહેતું નથી કહી કંઈ દવા આપવા કહ્યું. ડૉકટરે છાતી પર ભૂંગળી મૂકી, જીભ કઢાવી, એમ આખું શરીર તપાસ્યું ને કહ્યું, 'તને કંઇ દરદ બરદ નથી. ફકત તું ઉદાસ રહ્યા કરે છે તેનું આ પરિણામ છે. તું ગ્રીવાલ્ડીની હાસ્યરચનાઓ વાંચવા માંડ. બધી ઉદાસીનતા નાસી જઇ એ તને ખડખડાટ હસાવશે.'

ગ્રીવાલ્ડીએ માથું કૂટયું. 'હું પોતે જ ગ્રીવાલ્ડી મૂઓ છું તેનું શું ?'

★

ચ્હા અને સાહિત્યકારો

સાહિત્યકારો માટે ચ્હા એક સુંદર વ્યસન છે. અને તે ય વળી નિર્દોષ. યુરોપના ઘણા સાહિત્યકારો લખતી વેળા કલ્પના ઉત્તેજવા ચ્હા અને સિગારેટનો બહોળો ઉપયોગ કરે છે.

એકલા ઈંગ્લેન્ડમાં જ ચ્હાની ખપત ઘણી છે. એક રાજપુરુષે તો એક વાર એટલે સુધી કહી નાખેલું કે ઈંગ્લેન્ડમાં દર વર્ષે એટલી ચ્હા

ખપે છે કે તેમાં આખો બ્રિટિશ કાફલો ખુશીથી તરતો મૂકી શકાય. ૧૯૨૯ માં જ્યારે ચ્હા પરથી કર કાઢી નાખવામાં આવ્યો ત્યારે બ્રિટનની સરકારને સાઠ હજાર પૌંડની ખોટ ખમવી પડેલી. આ પરથી ચ્હા કેટલી પીવાય છે તેનો અંદાજ કાઢી શકાય છે.

ચ્હાનો પ્રચાર બ્રિટનમાં કયારથી થયો તે કંઇ નક્કી કહી શકાતું નથી. પણ ૧૬૬૦ ની ૨૨ મી સપ્ટેમ્બરની, મી. પેપી નામના અંગ્રેજની ડાયરીમાં ઉલ્લેખ છે કે "મેં ચીનાઇ ચ્હાનો એક પ્યાલો મંગાવ્યો, જે મેં કદિ પીધી નહોતી." ત્યાર પછી ત્યાં ચ્હાનો ખૂબ પ્રચાર થયો છે. એટલે સુધી કે દરેક અંગ્રેજ બચ્ચો ચ્હા પીવાની આકાંક્ષા લઇને જ જન્મે છે. એની રગેરગમાં એ પ્રસરી ગઈ છે. એ બધું તજવા તૈયાર થશે પણ ચ્હાનો પ્યાલો તરછોડશે નહિ.

વિશ્વવિખ્યાત વિવેચક ડૉ. જ્હોન્સન ચ્હાનો ભારે પીનારો હતો. એ લખે છે: "હું ચ્હાનો સખત અને નિર્લજ પીનારો છું. વર્ષો સુધી એ જ મારૂં ભોજન હતું. મારાં ચ્હાનાં વાસણોને ઠંડાં થવાની તક ભાગ્યે જ મળતી. ચ્હાથી હું મારી સોહામણી સાંજ આનંદમાં પસાર કરૂં છું, ચ્હાથી મધ્યરાત્રિને સાંત્વન આપું છું અને ચ્હાથી જ ઉષાનું સ્વાગત કરૂં છું."

ડૉ. જ્હોન્સનનું જીવન ચ્હાથી જ ભરેલું હતું. ચ્હા પરથી એની નિયમિતતા અંકાતી. એ લંડનમાં હોય કે સ્ટ્રીમહેમમાં, બોસવેલ સાથે હોય કે મિસિસ થ્રૅલ સાથે, એ સદાય ચ્હા પીતો જ જોવામાં આવતો.

સવારે ઊઠયા પછી એક કલાકે એ પોતાનું આ સાત્વિક પીણું પીતો. બપોરે પુનઃ પુષ્કળ માત્રામાં તે ચ્હા પીવી શરૂ કરતો. રાત્રે તો એટલી બધી પ્યાલીઓ પી જતો કે એટલી તૈયારી કરી આપનાર કોઇ નહોતું. એ જ્યારે એને ઘેર હોય—એવું ભાગ્યે જ બનતું—ત્યારે પવાલાંના પવાલાં ભરી ચ્હા પી જતો.

એવું કહેવાય છે કે એક વાર મી. રિચર્ડ કમ્બરલેન્ડે ડૉ. જહોન્સનને કહ્યું કે 'તમે આજે અગીયાર પ્યાલા ચ્હા પીધી છે. ડૉ. જહોન્સને આને પોતાનું અપમાન ગણ્યું અને કહ્યું: " હું તમારા જામે—શિરાઝીની કદિ ગણુતરી નથી કરતો તો તમે મારા ચ્હાના પ્યાલાની ગણુતરી કરવા પાછળ કેમ પડયા છો ?' પછી હાજર-જવાબીથી હસીને કહ્યું કે "હું તમારાં શ્રીમતિને વધુ તકલીફ દેવા માગતો નથી. પણ તમે જ મને હમણાં યાદ અપાવ્યું કે એક ડઝન પ્યાલીમાં હજુ એક પ્યાલી બાકી છે, તો એ પણ ભલે થઇ જાય."

ડૉ. જહોન્સને જાતે કબૂલ કર્યું છે કે એ એકી બેઠકે પચીસ પ્યાલા ચ્હા તો સ્હેજે પી જતો.

કાઉપરને તો અંગ્રેજી ભાષાનો 'ટી ટેબલ' કવિ કહેવામાં આવે છે. 'ચ્હાના પ્યાલા જે આપણુને પ્રસન્ન કરે છે પણ નશો ઉત્પન્ન નથી કરતા'ની એની કાવ્યપંક્તિઓ અંગ્રેજી સાહિત્યમાં અમર થઇ ગઈ છે. ચ્હા પીવાથી એનામાં એક પ્રકારની મસ્તી ઉત્પન્ન થતી અને એ મસ્તીમાં જ કેટલીક કાવ્યપંક્તિઓ સ્વાભાવિક સર્જાઈ જતી.

સિડની સ્મિથને તો ચ્હા જીવનસંગિની જેટલી ઉપકારક મિત્ર થઇ પડી હતી. એની માનસિક વ્યથાઓ દૂર કરવામાં ચ્હા ઘણી મદદરૂપ બની હતી. એની ઉદાસી સામે ચ્હા એક મોરચા સરખી હતી.

પ્રસિધ્ધ લેખક હેઝલિટ અને સર ચાર્લ્સ લેમ્બ ખૂબ ચ્હા પીતા. કવિ કોલરિજ પણ જબરો પીનારો હતો. એકવાર એને પૂછવામાં આવ્યું કે 'તમે કેટલા પ્યાલા ચ્હા પીઓ છો ?'

'પ્યાલાથી હું કદિ ગણુતરી નથી કરતો, ઘડાથી જ કરૂં છું.'

કાર્લાઇલ પણ ચ્હાનો ભારે ચાહક હતો. એના કહેવા પ્રમાણે મનુષ્યના આનંદ માટે આટલી વસ્તુઓ ખાસ જરૂરી છે: (૧) ખાસ જૂદો ઓરડો (૨) ન્હાવા માટે પાણી (૩) પીવા માટે ચ્હા અને જો પોતાને મનુષ્ય માનતો હોય તો (૪) સેવન કરવા માટે તંબાકુ.

હિન્દી સાહિત્યકાર શ્રી. નિરાલાજીને નવ ઈંચ લાંબા મોટા ટંબલરને બે હાથે પકડી ચ્હા ગટગટાવતા આ લેખકે સગી આંખે જોયા છે, નહિ નહિ તો ય એમાં છ–સાત પ્યાલા ચ્હા જરૂર સમાતી હશે.

વિવેચક જી. કે. ચેટરટન રાત્રે સૂતી વખતે ચ્હાના શીશા ભરાવી, સાથે લઇ સૂતો. એ વડે તે પોતાનાં અંગો શેકતો અને જરૂર પડે ત્યારે એમાંથી ચ્હા કાઢી પી લેતો !

જ્યોતીન્દ્રને કોઇએ કહ્યું : 'ચ્હા એ તો ધીમું ઝેર છે.'

'–તો અહીં કોને મરવાની ઉતાવળ છે ?' એમણે જવાબ આપ્યો.

★

ચાતુરીભરી ચીનાઇ ભાષા

ચીનાઇ ભાષાનો દરેકે દરેક અક્ષર એક શબ્દ છે. પણ એક સામાન્ય ચીનો ઉચ્ચાર કરી શકે એવા તો માંડ સાતસો ઉચ્ચારો–શબ્દ બોલવાની ઢબ–હશે. તેથી એક સરખા ઉચ્ચારોના ઘણા શબ્દો મળી આવે છે. દા. ત. એક 'શી' ઉચ્ચારનો અર્થ જ સિંહ, શબ, ઘર, કવિતા, દશ, સોગંદ ખાવા, મરી જીવું, ઇત્યાદિ થાય છે અને તો ય એના બીજા ૫૫ અર્થો છે.

એટલે શબ્દનો ચોક્કસ અર્થ સમજવા દરેક ચીનાને પૂર્વાપર સંબંધ જાણવો પડે છે. અર્થ નક્કી કરવા માટે એમનામાં શબ્દોચ્ચાર કરવાની ખાસ ઢબ હોય છે. જેથી એક જ શબ્દનો વિવિધ ઢબમાં ઉચ્ચાર કરવાથી બોલનાર શું કહેવા માગે છે તેનો અર્થ ઘટાવી શકાય. શબ્દોચ્ચારની આવી ચાર ખાસ ઢબ ઉત્તર ચીનમાં ને નવ કેંટોનના ચીનાઓમાં ચાલુ છે.

લખાણમાં તો ચીનાઓને ઉચ્ચાર જેટલી મુસ્કેલી પડતી નથી. કારણ એમની લિપિ ચિત્રલિપિ છે. ઉપર કહી ગયેલ તે ૫૫ અર્થવાળો 'શી' જુદી જુદી ૫૫ રીતે લખાય છે. દરેક અર્થ માટે જુદું ચિત્ર હોય

છે. બે-ત્રણ શબ્દોનો સમાસ હોય તો તે માટે તેટલાં ચિત્રો ચિતરવાં પડે. અત્યારે ચીની ભાષામાં ૪૦૦૦૦ શબ્દો છે, જેમાંના દરેક માટે જુદું ચિત્ર છે. અને આટલા બધા શબ્દો જાણનાર આખા ચીનમાંથી માંડ બારેક જણ નીકળે. નિશાળે જતો ચીનાઈ બાળક ૧૦ વર્ષનો થાય ત્યાં સુધીમાં આવા ૨૦૦૦ ચિત્ર-શબ્દો શીખી લે છે અને દરેક ચીનાઇ વર્તમાનપત્ર રોજ સરેરાશ ૭૦૦૦ ચિત્ર-શબ્દો ઉપયોગમાં લે છે.

'બાર ગાઉએ બોલી બદલે' એ ન્યાયે ચીન મોટો દેશ હોવાથી ભાષાના ઉચ્ચારોમાં જુદે જુદે સ્થળે ફેર પડે છે. પણ આ ચિત્ર-શબ્દો તો દરેક સ્થળે એક સરખા જ છે અને ચીનને એકતાના પાશમાં આજ-સુધી બાંધી રાખવામાં આ ચિત્રલિપિએ જ મદદ કરી છે.

નવા શબ્દો રચી કાઢવાની ચીનાઇ ચાતુરી આપણને આશ્ચર્ય પમાડે એવી છે. દા. તરિકે: 'ચોવટ' શબ્દ માટે ત્રણ ધુસપુસ વાતો કરતી સ્ત્રીઓ ચિતરાય છે. (આ ચિત્ર આપણી કહેવત 'ચાર મળે ચોટલા તો ભાંગે ઘરના ઓટલા' ને ઘણું મળતું આવે છે.) એવાજ બીજા શબ્દો નીચે આપ્યા છેઃ

લૂંટ: એક માણસ પાછળ પડેલો બીજો માણસ.
ઋષિ: માણસ અને પર્વત.
પત્ની: વાસીદું વાળતી સ્ત્રી.
કેસ: બે લડતા કુતરા.
વિચારવું: બુદ્ધિ+હૃદય.
શુભ: સ્ત્રી સાથે બાળક.
કેદી: પટારામાં પુરાએલો માણસ.
વર્ષાદ: 'પાણીનાં ટીપાં કંઇ ન્હાનાં.'
ઘર: છાપરા નીચે આસરો લેતું ડુક્કર.
પૂર્વ દિશા: વૃક્ષો વચ્ચેથી દેખાતો સૂર્ય.
ભક્તિ: ગોઠણીએ નમતો માણસ.

જેમ જેમ પાશ્ચાત્ય વિચારો અને આચારો ચીનમાં પ્રવેશતા ગયા તેમ તેમ તેને લગતા શબ્દો પણ ચીનાઓએ પોતાની રીતે અપનાવવા માંડયા.

દા. ત. એંજીનઃ આગ+ડબ્બો. ['ભદ્રંભદ્ર'માંનો 'અગ્નિરથ' શબ્દ શું ખોટો ?]

મુડીવાદઃ જેનું મૂળ પૈસા એવી નીતિ.
સામ્યવાદઃ એકસામટા મળીને–ઉત્પાદનપદ્ધતિ.
પાર્લામેન્ટઃ દેશરાજ ચલાવવું–ચર્ચા–સભા.
ચુંટણીઃ પસંદગી માટે હાથ ઉંચકવો.
ટેલીફોનઃ વીજળી ભાષા.
પ્રજાતંત્રઃ યજમાન તરીકે–પ્રજા–દેશ.
સરમુખત્યારીઃ એક જણનું કહેવું માનવાની પદ્ધતિ.
પ્રજાવાદઃ એક સામટા મળીને જાળવેલી શાંતિ.
સોડા વોટરઃ ક્રોધી પાણી.
અસ્તરોઃ દાઢી–છોલ–ચાકુ.
લીફ્ટઃ ચઢ–ઉતર [કરાવતું]–યંત્ર.
દીવાસળીઃ સ્વયંભૂ–પ્રકાશ.

આપણી ભાષામાં આ રીતે શબ્દો બનાવવાની ચિત્ર–લિપિની પદ્ધતિ જો ચાલુ થાય તો ? થોડાક રમુજી દાખલા જોઇએઃ–

સમાજવાદીઃ લેંઘો અને પહેરણ.
ગાંધીવાદીઃ મુંડો ને પોતડી.
જાહેર કાર્યકર્તાઃ મતભેદ–વાંધો–વિરોધ–રાજીનામું.
લઘુમતિઃ માંકડને મોઢું આવવું.
દુકાળઃ થોડા માણુસો+ફંડની વધુ અપીલો.
તંત્રીઃ કલમ–કિતાબ–કાતર–પાછાં વળતાં વી. પી.
લેખકઃ પેટ વિનાનું પ્રાણી–પાછા વળતા લેખો–ગાંઠનું ગોપીચંદન.

કવિતા: આંસુ–આહ–નિસાસા.
સાક્ષર: જયંતિની ઉજવણી.
વિવેચન: ધૂળ અને ઢેફાં.
મફતીઆ વાચક: એક છાપું–અનેક જણ–પરાં તરફ જતી ટ્રેન.
સ્નેહસંમેલન: સુંદર સલુણીઓ–સંમેલનની ખરીદેલી
ટીકીટો–પસ્તાવો કરતો માણસ.
પત્રકારિત્વ: મેલડીની જમાત–નાગચૂડ–આગ–અકસ્માત.
ખૂન–અને ચક્રોનું ગતિમાન થવું.

★

અગ્નિ–શાંતિ–બમ્બ થાણું!

એક વાર વડોદરામાં ફરતાં ફરતાં મારી નજર એક પાટીઆ પર ગઈ. એ પર લખ્યું'તું 'અગ્નિ શાંતિ બમ્બ થાણું.' હું ભડકયો, 'શું અહીં બોમ્બ બનાવવાનું કારખાનું ચાલતું હશે? તો એની જાહેરાત કરવા જેટલી હીંમત હિન્દના કાવત્રાખોરોમાં કયારથી આવી? કે પછી બોમ્બદ્વારા અગ્નિ શાંત કરવાની કોઈ અમેરીકી શોધ થઇ હોઇ તે બનાવવાનું થાણું અહીં નખાયું છે?' મારા મગજમાં વિચારોનું અથાણું થવું શરુ થઈ ગયું.

ત્યાં તો સાથે આવેલા મિત્રે કહ્યું 'એ તો બમ્બાખાના માટેનું શુદ્ધ ગુજરાતી નામ લખવામાં આવ્યું છે.'

'ત્યારે તો તેનું ઉદ્‌ઘાટન ભદ્રમ્‌ભદ્રને હાથેજ 'થયું' હશે?' મારાથી પૂછ્યા વિના રહેવાયું નહિ.

બે ત્રણ દિવસ પછી દરજી કને કંઇ કપડાં શીવવા નાખતાં મેં કહ્યું, 'આ પહેરણમાં બે—વસ્ત્રાંતરગત—દ્રવ્ય સંચયાગાર મૂકજે.' ને એ મારા પર ઉતરી પડયો. 'આ તમે ભણેલાઓ, ગજ ગજ લાંબા શબ્દ વાપરી જાણો પણ તસુય વેતરી જાણો નહિ!' ત્યારે મને

ભાન આવ્યું કે હું હજુ 'અગ્નિ શાંતિ બમ્બ થાણા'ની અસર નીચે હતો અને દરજી મને થાણા જઈ આવેલો સમજતો હતો.

ધીરે રહી મેં એને બે બાજૂએ બે શબ્દ જેટલા જ ચચ્ચાર ઇંચ લાંબા બે ખિસ્સા મૂકવા કહ્યું ત્યારે એ કંઈક સમજ્યો.

સ્વ. સયાજીરાવ ગૂજરાતી ભાષા માટે ઠીક મમતા ધરાવતા. અને વિદેશી શબ્દોના નવા ગૂજરાતી શબ્દો ઘડવા માટે ખાસ સમિતિ નીમેલી. એ સમિતિએ આવા ઘણા નામો શોધ્યા છે. 'બોઇલર' માટે 'વરાળ ભાંડ' શબ્દ ઘડયો છે. એ જોઇ સમિતિના આવા શબ્દ પ્રેમ પ્રત્યે ઉરની વરાળ ઠાલવવા તેને ભાંડવાનું મન થઇ જાય છે. ને અગ્નિ શાંતિ બમ્બથાણું ? આગ લાગો એ શબ્દમાં !

*

'કામ કર્યું તેણે કામણ કર્યું'

અમેરિકાના ફિલસુફ એમર્સનને એક વાછરડીએ એક વાર મુંઝવણમાં મૂકી દીધેલ. એ અને એના પુત્ર એડવર્ડે પોતાની રેઢી ફરતી વાછરડીને ગમાણમાં બાંધવા વિચાર કર્યો. એડવર્ડે કાન ઝાલ્યા ને એમર્સને પાછળથી ધકેલવા માંડયું પણ વાછરડી હઠીલી થઇ હતી. જરા ય ચસી નહિ. એમર્સને કાવ્ય, વિજ્ઞાન, ફિલસુફી અને ઇતિહાસ વાંચ્યાં હતાં પણ એમાં કયાંય વાછરડીને ખીલે કેમ બાંધવી તેનો ઉપાય લખ્યો નહોતો. પિતા–પુત્ર થાકીને પરસેવે રેબઝેબ થઇ ગયા. એટલામાં તેની આયરીશ દાસી આવી પહોંચી. તેણે આવીને વાછરડીના મ્હોંમાં પોતાની આંગળી રમતી મૂકી. મ્હોમાં આંચળ જેવું કંઇ આવવાથી એ હરખાઇ અને દાસીની પાછળ ગમાણમાં ચાલી.

એડવર્ડ આશ્ચર્ય પામ્યો પણ એમર્સનને તો આ પરથી એક નવું તત્વ લાધ્યું. એણે તો જઇને સીધો 'કામ કર્યું તેણે કામણ કર્યું' પર એક નિબંધ લખી કાઢયો.

એક સંસ્કારી કુટુંબ

'આ દેસાઇનું કુટુંબ તો ભારે સંસ્કારી અને સાહિત્યરસિક જણાય છે. એમની પુત્રી અછાંદસ કાવ્યો લખે છે, જે કોઇ છાપતું નથી. પુત્ર એકાંકી નાટકો લખે છે, જે કોઇ ભજવતું નથી. પત્ની નવલકથાઓ લખે છે, જે કોઇ વાંચતું નથી.'

'ત્યારે દેસાઇ પોતે શું લખે છે?'

'તેઓ હુંડીઓ લખે છે, જે કોઇ સ્વીકારતું નથી.'

બાબાની વર્ષગાંઠ

સાહિત્યનું વૈદું કરતા એક સાક્ષર શ્રી વિવેચકરાવના બાબાની વર્ષગાંઠ આવી. ગૃહસચીવનો હુકમ છૂટયો કે: 'કેસર લઇ આવો તો શ્રીખંડથી વર્ષગાંઠ ઉજવીએ.'

માનસિક ધૂનમાં ને ધૂનમાં એ ઉપડયા મોદી કને અને ઘંટનાદ કર્યો: 'અલ્યા, પાશેર કેસર તોળી આપજે જરા.' પાલનો મોદી, એકાદ–બે ડબ્બી કેસર રાખનારો; પાશેર કેસરનો ભવ્ય ઑર્ડર સાંભળી ભડકી ગયો. પૂછ્યું: 'કંઈ ન્યાત જમાડવી છે કે મોટી જયાફત છે? પાશેર કેસરને કરશો શું, શેઠિયા?'

'બાબાની વર્ષગાંઠ છે તે શ્રીખંડ બનાવવો છે. જમવામાં તો હું, બાવા, ને મંગળદાસ જ છીએ.'

'ત્યારે એ પૈસાભાર લઇ જાઓ. ઘણું થઇ રહેશે.' મોદીએ કહ્યું.

સાહિત્યકારોની વ્યવહારકુશળતા પર કટાક્ષ કરતો આ એક જ દાખલો બસ નથી?

ચીનની રમૂજવૃત્તિ

દરેક દેશમાં વેદિયા પંડિતોની જે મજાક કરવામાં આવે છે તેમાંથી ચીન પણ મુક્ત નથી. એક દિવસ જંગલનાં પ્રાણીઓએ મળીને નક્કી કર્યું કે દરેકે જુદી જુદી દિશામાં શિકારે જવું ને જે કંઇ મળે

તે વહેંચી ખાવું. સાંજે બધા કંઇ ને કંઇ લાવ્યા પણ વાઘ ખાલી હાથે આવ્યો. 'પરોઢિયે મને એક નિશાળીઓ મળેલો' તેણે કહ્યું, 'પણ મને લાગ્યું કે એ તમને બહું કુમળો પડશે. બપોરે એક ધર્મગુરૂ મળેલો. તે નકામો ફૂગેલો, નર્યા પવનથી ભરેલો હોય એટલે મેં તેને પણ જવા દીધો. સાંજે એક પંડિત મળ્યો. પણ તેને ઉપાડી લાવવામાં મને કંઇ લાભ જણાયો નહિ. કારણ, એ લોકો એટલા સુક્કા ને હાડકાંના માળખાં હોય છે કે એમને ખાવા જઇએ તો આપણા દાંત જ ભાંગી જાય.'

યુરોપીઅન પદ્ધતિનાં ખાણાં તૈયાર કરતા ચીનાઇ વીશીવાળાઓ પણ હાસ્યવૃત્તિમાં ઓછા ઉતરે એમ નથી; ચીનમાં ઠેર ઠેર વિદેશી પ્રવાસીઓને આવાં પાટીઆં જોવા મળે છે કે 'અસભ્ય લોકોને લાયક ખાણું અહીં જમો.' પાશ્ચાત્ય લોકોના ખોરાકને એમણે 'જંગલી લોકોનો ખોરાક' નામ આપ્યું છે.

દેશ અને દુનિયા

'દેશ અને દુનિયાના આવા સંજોગો જોતાં સાહિત્ય પરિષદે શું કરવું જોઇએ ?' એક પત્ર પૂછે છે.

રોજ–બ–રોજ બહાર પડતી અર્થઘન કવિતાનું નિયમન કરી કવિતા કરવાનું 'પોએટીક લાયસન્સ' આપવું જોઈએ. કલમ–બ્રહ્મચર્યનો પ્રચાર કરવો જોઇએ. બ. ક. ઠા.નાં કાવ્યપુસ્તકો સાથે બામની શીશી વેચવાનો પ્રબંધ કરવો જોઇએ. કાગળ અને શાહીના, લેખકો માટે ખાસ ભાવો બંધાય ને યોગ્ય વહેંચણી થાય તેની ગોઠવણ કરવી જોઇએ. વધુ–પડતો લેખનજથ્થો એકઠો કરી રાખનાર પાસેથી એ જથ્થો જપ્ત કરી લઇ સારા લેખોને અભાવે લાંકડી જેવા થતા જતા પત્રોમાં એ વહેંચી આપવો જોઇએ. કવિતા ન છાપતા પત્રો કને લેખો સાથે થોડાં કાવ્યો પણ તેઓ છાપશે એવી ખાત્રી માગવી જોઇએ. ખબરદાર અને બ. ક. ઠા. જેવા ધીંગા સાહિત્યકારોને માપબંધીમાં

વધુ અનાજ મળે એવી ગોઠવણુ કરવી જોઇએ ને જ્યોતિન્દ્રને થોડા દહાડા કન્ડેન્સ્ડ દૂધ પર રાખી જોવા જોઇએ.

સંગીતનો પ્રભાવ

ગ્વાલીઅરમાં તાનસેનની સમાધિ છે. તેની નજીક એક આમલીનું ઝાડ છે. તે વિષે કહેવાય છે કે કોઇ એનાં બે પાદડાં પણ ખાય તો એનો કંઠ મધુર થઈ જાય છે. હિન્દભરમાંથી સંગીત પ્રેમીઓ અને સંગીતકારો આ આમલીનાં પાન ખાવા ગ્વાલીઅરની સંગીત–યાત્રા કરે છે. ને યાત્રાનાં પ્રસાદરુપે પાછાં વળતાં આ પાન સાથે લઇ જાય છે ને મિત્રોમાં વહેંચે છે.

પંડિત ઓમ્કારનાથ થોડા વરસો પહેલાં યુરોપની સંગીતયાત્રાએ ગએલા. ત્યાં મુસોલીનીને સંગીત સંભળાવેલું. એનો મુસોલીની પર કહે છે કે, એટલો પ્રભાવ પડેલો કે આંખો મીંચીને એ ઘુંટણીએ બેસી ગયો ને હિન્દી સંગીતના રસના ઘૂંટડા પીધે ગયો.

આપણું ઉસ્તાદી સંગીત આલાપથી શરૂ થાય છે. એ મુજબ પંડિતજીએ અર્ધોએક કલાક આલાપના ઘોડા હણહણાવી જ્યારે ગીતની પ્રથમ પંકિતની શરૂઆત કરવા માંડી ત્યારે મુસોલીની સમજ્યો કે આ એક ગીત પુરૂં થયું ને હવે બીજું શરૂ થાય છે! એટલે એણે આલાપ-રૂપી પુરા થએલા પહેલા ગીત (!) માટે પંડિતજીને અભિનંદન આપ્યાં.

એવી જ વાત પંડિતજીના ગુરૂ પંડિત વિષ્ણુ દિગંબર વિષે પણ કહેવાય છે.

એકવાર અમદાવાદમાં કોઇ પોળના ભાવિક જનોએ એમને પોતાની પોળમાં સંગીતમય ભજન ગાવા નિમંત્ર્યા.. પંડિતજી તો ઘણા જ ભકિતમય હોઈ ગાતે ગાતે 'રઘુપતિ રાઘવ રાજા રામ' ની ધૂન પર ચડી ગયા તે છેક પરોઢ થયું ત્યારે તન્મયતામાંથી આંખ ઉઘાડી જોયું તો એક સિવાય બધા શ્રોતાજનો કંટાળીને ચાલ્યા ગયેલા.

આથી તેમને આ ભકિતમય એવા એક જ શ્રોતા માટે ઘણું માન

થયું ને તેને પગે પડયા ને કહ્યું કે 'તું સંગીતનો ખરો પૂજારી છે. છેવટ સુધી કંટાળો લાવ્યા વિના બેસી રહ્યો. ધન્ય છે તને.'

ત્યાં તો 'લશ્કર કા ભેદ પાયા, આગુ સે ગદ્ધા આયા' પ્રમાણે આ અદ્વિતીય શ્રોતાએ ફોડ પાડયોઃ

'બાપજી, હું ઊઠીને જઉં કયાં? આ પોળમાં જ મારું ઘર છે. ને આપ જે પર બેઠેલા છો તે શેતરંજી મારી છે. તમે ઊઠો તેની જ હું રાહ જોઇ બેઠો છું!'

★

નર્મદ, આખરે માથાનો દુઃખાવો જ!

સુરતના વિકટોરિયા બાગમાં બાપ સાથે ફરવા નીકળેલા છોકરાએ કપાળે આંગળી મૂકી વિચાર કરતા નર્મદનું પૂતળું જોઇ સહજ કુતૂહલથી પૂછ્યુંઃ "બાપુજી! માથું દુઃખે છે તો ય આ માણસ અહીં કેમ બેઠો છે? ઘેર કેમ ચાલ્યો જતો નથી? ને આવડું મોટું પાઘડું પહેરે પછી માથું દુઃખી આવે જ ના?"

"બેટા! એ તો કેટલાયનાં માથાંનો દુઃખાવો થઇ પડેલો." બાપે કહ્યું.

★

જ્યોતીન્દ્રના ઝબકાર.

એક સભામાં જ્યોતીન્દ્રને કોઇએ પૂછ્યું કે 'જો સાહિત્યકારોનું સર્કસ કાઢવામાં આવે ને તેમાં ખબરદારને વાઘ, ન્હાનાલાલને સિંહ તથા બ. ક. ઠાકોરને હાથી બનાવવામાં આવે તો તમે શું બનો?'

'કોઈ ન જાતાં પકડે કાન' એવી 'બકરી' બનું.' કટાક્ષમાં જેને કોઇ કાન પકડાવી શકતું નથી એવા જ્યોતીન્દ્રે તરત જવાબ વાળ્યો.

'તમને બાદરાયણ જેવી હેડંબા પત્ની હિંદ સંરક્ષણ ધારા હેઠળ ફરજીયાત પરણાવી દેવામાં આવે તો?'

'તો તો જ્યોતીન્દ્ર સંરક્ષણ ધારાની જરૂર પડે !'

'તમે ગધેડા પર બેસો તો કેવા લાગો ?'

'તમારા પર બેઠો હોઉં તેવો !'

ઇકબાલ સંવત્સરી અંગે ભરાએલા મુશાયરામાં એ અને શયદા ગયા હતા. ત્યાં ભાષણની શરુઆતમાં જ તેમણે કહ્યું: 'ગુજરાતી સાહિત્યનું 'લોંગ એન્ડ શૉર્ટ' તમને સમજાય માટે હું ને શયદા આવ્યા છીએ.'

એમને કોઇએ પૂછ્યું : 'સાહિત્યકારો દેહે દુબળાઓ કેમ હોય છે. ?'

'વિવેચકોએ એમનાં લખાણોમાં શોધી કાઢેલાં છિદ્રોમાંથી તેઓ પસાર થઇ જઇ શકે એ માટે !'

★

'બંગાળમાંથી ઘણી કૃતિઓ ગુજરાતમાં આવી છે પણ કોઇ ગુજરાતી કૃતિ બંગાળમાં ગઇ હોય એમ સાંભળ્યું નથી. હા, ગુજરાતી કન્યાઓ ગઇ છે ખરી.' એક સભામાં એમણે કહ્યું.

એ કન્યાઓ ગરવા ગુજરાતીઓની કૃતિઓ નહોતી શું ?

★

'નવલકથામાં પાત્રોનું પરિવર્તન થાય ત્યાં સુધી તો ઠીક, પણ કેટલીક નવલોનાં થોડાં પાનાં વાંચ્યા પછી લાગે છે કે નવલકથાનું જ પરિવર્તન થયું છે.' જ્યોતીન્દ્ર.

એટલા માટે તો નવલકથા વાંચવાનો મેં નિરાળો રસ્તો લીધો છે. હું એ છેલ્લે પાનેથી વાંચવી શરૂ કરૂં છું. કારણ, એમાં છેલ્લા પ્રકરણે વહેમથી વિખૂટા પડેલા પ્રેમીઓ પરણી ગયાં હોય છે. એટલે આપણને સ્વાભાવિક જીજ્ઞાસા જાગે છે કે તેઓ શા માટે પરણ્યાં ? એમ છેડેથી વાંચતાં પ્રેમવિષયક ઉપરાંત બીજા પણ ઉકેલ મળતા જાય છે. અને પહેલા પ્રકરણે પહોંચતાં નિરાંત થાય છે કે 'હાશ,

તેઓ કોણ હતા, શા માટે વેપારધંધા પાછળ દોડવાને બદલે પ્રિયા પાછળ દોડતા હતા, તે મેં શોધી કાઢયું !'

★

જ્યોતીષની રૂએ કવિશ્રી ખબરદાર માને છે કે કવિઓને અને આંખોને લેણાદેણી હોતી નથી. કવિશ્રીને જ્યોતીષમાં ઘણો રસ છે. એ બાબત ઘણા એમની સલાહ લે છે.

એક વાર કોલક અને જ્યોતીન્દ્ર એમની સાથે સાહિત્ય અને જ્યોતીષ સંબંધી વાતોમાં પાંચ કલાક ગાળ્યા પછી જ્યારે દાદર પર ટ્રેન ચૂકી ગયા ત્યારે જ્યોતીન્દ્રથી રહેવાયું નહિ: 'અલકમલકની બધી વાતો કરી પણ આપણને ટ્રેન મળશે કે નહિ તે પૂછવાનું ભૂલી જ ગયા !' તેમણે કોલકને કહ્યું.

★

શરૂઆતનો અખતરો !

વિજળી અને ગ્રામોફોનના શોધક ટોમસ આલ્વા એડીસનના મોટા પુત્ર ચાર્લ્સ એડીસનની ઓળખાણ એક મિજબાનીમાં આપતાં યજમાને કહ્યું: 'લાયક પિતાના લાયક પુત્ર હોઇ તમે પિતાની કીર્તિની જ્યોતને જીવંત રાખતું જીવન જીવ્યે જાઓ છો.'

ચાર્લ્સ એડીસને આભાર માનતાં કહ્યું: 'તમોએ મારે વિષે લાગણીપૂર્વક પ્રસંશાના જે બે શબ્દો વેર્યા છે તેને હું લાયક નથી. હું તો હજુ ય મને મારા પિતાના શરૂઆતના અખતરામાંનો એક ગણું છું.'

★

જે સાંજે તેનું નવું પુસ્તક બહાર પડવાનું હતું તે સાંજે તેનું વેચાણ કેવું થાય છે તે જાણવા વિકટર હ્યુગોએ તેના પ્રકાશકને એક પોસ્ટ કાર્ડ પર ફકત '?' જ લખી મોકલ્યો.

પ્રકાશક પણ એટલો જ ચબરાક હતો. એણે સામો એવો જ જવાબ વાળ્યો. એક કાર્ડ પર '!' ચિહ્ન ઉતારી મોકલ્યું.

ટૉલ્સટૉયે કેમ ન લખ્યું ?

ઘણા મહાન સાહિત્યકારોએ કબુલ કર્યું છે કે તેમની શ્રેષ્ઠ વાર્તાઓ તો અણુલખી જ રહી છે. એક દિવસ કાઉન્ટ ટૉલ્સટૉય મિત્રો વચ્ચે વાત કરતા હતા: 'મોસ્કોમાં મેં સાંભળેલી એક લગભગ સાચી વાત પર હું કેવી સુંદર નવલકથા લખી શકત ? એક અફસરની પત્નીને પ્રસુતિવેદના ઉપડી હતી. એની સારવારમાં રહેલા ડૉક્ટરે આ બાઇ બચશે નહિ કહી હાથ ધોઇ નાખ્યા હતા. બાજુના મઠમાંથી એક સાધુને મૃત્યુ વેળાની છેલ્લી વિધિ કરવા તેડાવવામાં આવ્યો. બન્યું એવું કે તની ગૃહસ્થાવસ્થામાં તે એક કુશળ શસ્ત્રવૈદ્ય હતો. એને લાગ્યું કે બાઇ અને બાળક બન્નેને બચાવી શકાય એમ છે. એણે તો ઓજારો હાથમાં લઇ સફળ શસ્ત્રક્રિયા કરી અને દુનિયામાં એક નવો જીવ આણ્યો. બાઇ પણ બચી ગઇ. બાઇનો પતિ, ઝારનો એક અફસર, ગદ્‌ગદ્‌ થઇ સાધુને ઘુંટણીએ પડ્યો. પણ ઉલટું, બદલામાં સાધુએ એ પતિ–પત્નીની ક્ષમા માગી અને આ વાત કોઇને ન કહેવાનું વચન માગ્યું. કારણ, તેણે મહાપાપ કર્યું હતું. સાધુ હોવા છતાં તેણે એક સ્ત્રીનું નગ્ન શરીર જોયું હતું: સ્પર્શ્યું હતું. અને વધુમાં પ્રભુનું નામ લેતે લેતે તેના જ એક જીવનું લોહી છાંટ્યું હતું, જે એક ખ્રિસ્તી સાધુ માટે અબ્રહ્મણ્યમ્ હતું.

પણ જીવનમાં બને છે તેમ સ્વાભાવિકપણે જ આનંદઘેલો અફસર આ વાત કહ્યા વિના રહી શક્યો નહિ. અને સાધુને તેના આ મહાપાપનું પ્રાયશ્ચિત કરવા સાઇબીરીઆના ઠંડા પ્રદેશમાં કોઇ ખૂણાના મઠમાં ધકેલી દેવામાં આવ્યો. 'ઓહ' ટૉલ્સટૉય ગળગળા થઇ ગયા, 'આ પ્રસંગની આસપાસ કેવી સુંદર નવલકથા વણી લઇ શકાત ?' એમનો સ્વર થડક્યો, આંખો ભીની થઇ ગઈ.

કાગળના દેવ

જાપાનમાં કેટલાંય વર્ષોથી કાગળને ઇશ્વરનું પ્રતીક ગણવામાં આવે છે. કાગળ માટેના એમની ભાષાના શબ્દ 'કામી' નો અર્થ પણ ઇશ્વર-સૂચક થાય છે. એમના પૂર્વજપૂજારૂપ શીન્તો ધર્મમાં કોઇની મૂર્તિ ન

રાખતાં સ્વચ્છ સફેદ કાગળની પૂજા કરવામાં આવે છે. કાગળ બનાવવામાં મુખ્ય ભાગ ભજવનાર શેતુરનાં ઝાડને તેમની ભાષામાં 'કોઝો' કહે છે, જેનો અર્થ 'ઇશ્વરનું વસ્ત્ર' થાય છે.

★

અંગ્રેજ લેખક થેકરે પાસે એક ડોશીએ એક પેનીથી ભીખ માગતાં થેકરેએ પોતાનો હાથ ગજવામાં નાખ્યો. એટલે ડોશીએ કહ્યું: 'પ્રભુનો આશીર્વાદ તારી પાછળ પગલાં પાડો.' પણ ગજવામાંથી થેકરેએ પેની નહિ પણ છીંકણીની ડબ્બી બહાર કાઢી. ડોશીએ વાક્ય આગળ લંબાવ્યું:— 'પણ એ આશીર્વાદ તને કદિ સ્પર્શી શકો નહિ.'

ચાખી જુઓ ખરા ?

રૂડયાર્ડ કીપ્લીંગે એક વાર જૂની ચોપડીઓ વેચનારની દુકાનેથી એક સારી કૃતિ ખરીદવા માટે ચૂંટી કાઢી ને દુકાનદારને પૂછયું કે એ કેવી છે.

'મેં તે વાંચી નથી.' તેણે કહ્યું.

'ચોપડીઓ ખરીદવા કે વેચવા બેસતા પહેલાં તમે લોકો એ વાંચી લઇ ખાત્રી કેમ નહિ કરી લેતા હો કે એ ચાલશે કે નહિ?' કીપ્લીંગ બબડયો.

'ધારો કે તમે દવાવાળા છો. દવા વેચવા બેસતાં તમે દરેક બનાવટનું એકકેક ટીપું ચાખી જુઓ ખરા ?' કહી એ સાધારણ દુકાદારે આ સાહિત્યકારને વાતમાં બાંધી લીધો.

★

ઈંગ્લેન્ડનો પ્રસિદ્ધ લેખક ચાર્લ્સ લેમ્બ ઑફિસે મોડો જતો. એક વાર એના ઉપરીએ ટકોર કરી: 'મી. લેમ્બ, તમે રોજ સવારે મોડા કામે આવો.'

'હા, પણ તેના બદલામાં સાંજે વહેલો જાઉં છું ના!'

નાગાબાવા

વાત સાચી કે નહિ તેની જવાબદારી હું લેતો નથી. પણ કહેવાય છે કે નગ્ન સત્ય સંભળાવી દેવામાં કોઇની સાડીબાર ન રાખનાર આપણા એક જાણીતા સાહિત્યકારે પોતાના ચલમમંડળમાં મિત્રો સાથે શરતની ધૂણી ધખાવી કે તે ધોતીયું કે એવું કંઇ વસ્ત્ર પહેર્યા વિના એ ફક્ત એકલો ઝભ્ભો પહેરી 'ભ્રાતૃભાવ'ની નિશાળમાંથી નીસરી ગોવાળીઆટેન્કના રસ્તાને એક ચક્કર લગાવી આવશે. શરત ચોક્કસ પળાય છે કે નહિ તે જોવા દુબળીઆ દવે, પઠાણી વ્યાસ અને ખભે ખેસધારી શ્રી. સુખડીઆ અને બીજા ચલમમંડળીઆ થોડે થોડે અંતરે રસ્તા પર ઊભા.

લેડી ગોડીવાની અદાથી એમણે આખું ચકકર ધીમી ચાલે પૂરૂં કર્યું ને શરતના દશ રૂપિયા ખીસા ભેગા કર્યા. રસ્તે કોઇ 'પીપીંગ ટોમ' ન મળ્યો એટલા એ નસીબદાર !

તમે તાળીઓ કેમ પાડતા હતા ?

એક વખત બેન્જામીન ફ્રેન્કલીન ફ્રાન્સના સાહિત્ય સંમેલનનો સન્માનિત અતિથિ થયો. ફ્રેંચ ભાષા તેને આવડતી નહોતી. પણ મશહૂર વકતાઓના પ્રવચન પ્રસંગે મૂંગા રહેવું તે તેમને અન્યાય કરવા જેવું લાગ્યું. તેથી પોતાના ફ્રેંચ મિત્ર મેડમ બફલર તાળીઓ પાડે તે તે વાકયે તેણે પણ તાળીઓ પાડવા માંડી.

સંમેલનની પૂર્ણાહૂતિ વખતે ફ્રેંચ જાણતા તેના નાના પુત્રે પૂછ્યું: 'બાપુજી, જે જે વાકયોમાં તમારી પ્રસંશા આવતી હતી તે તે વાકયો પર જ તમે કેમ તાળીઓ પાડતા હતા ?

સારા બૂક-કીપર્સ

સર વોલ્ટર સ્કોટે પોતાનાં પુસ્તકોની અભેરાઇ પર નીચેનું સુત્ર કોતરાવી રાખેલું: '—અને મહેરબાની કરી આ પુસ્તક પાછું વાળશો. જો કે મારા ઘણા મિત્રો 'પૂઅર મેથેમેટીશીઅન' છે પણ તેમાંના બધાજ લગભગ સારા 'બૂક-કીપર્સ' છે!'

જ્યારે આનાતોલ ફ્રાંસ ગર્વથી પુસ્તકોથી ભરેલી પોતાની અભરાઇ બતાવીને કહેવા કે 'આમાંનાં લગભગ બધાં પુસ્તકો મારા મિત્રોને આભારી છે.'

★

તજકણ

★ 'વિવેચક સર્જક હોતો નથી' ના જવાબમાં કહે છે કે ગુજરાતના એક જાણીતા વિવેચકે પોતાનાં બાળકો સહિત પડાવેલો ફોટો એ ટીકાકાર પર મોકલી આપેલો.

★ નાગરી અને ઉર્દૂ લીપીની તકરારનો નવો તોડ શ્રી. ફરીદુન મુલ્લાંએ પોતાના પુસ્તક 'ધી લીંગ્વા ઇન્ડીકા'માં દેખાડયો છે. એમનું કહેવું છે કે બધું ગદ્ય લખાણ નાગરી લીપીમાં ને પદ્ય લખાણ ફારસી લીપીમાં છાપવું !

ને અપદ્યાગદ્ય ?

★ એક હિંદીભાષી મિત્રે એક દિવસ મને પૂછયું :—

'ગૂજરાતનો શ્રેષ્ઠ નવલકથાકાર કોણ ?'

'શરદબાબુ' મારાથી સહજ બોલી જવાયું.

★ '......જૂજવે રૂપ અનંત ભાસે.'

'કોણ ? શ્રી હાર ?'

'ના, શરદ અનુવાદો !'

★ 'આજકાલના ઉગતા લેખકો વાકયનો અંત ઘણીવાર પ્રશ્નવિરામમાં શા માટે લાવતા હશે ?'

વાંચકોમાં આશ્ચર્યવિરામ ઉભું થાય એ માટે !

★ કહે છે કે શ્રી. રમણલાલ દેસાઇની નવલો વડોદરાના ગાડીવાળા વધુ વાંચે છે.

છતાં એમાં મોટરવાળાઓને લગતી વાતો વધુ હોય છે.

★ 'પિતા–પુત્રી સાથે વાંચી શકે એ અમારી નવલકથાની વિશિષ્ટતા છે.' એક જાહેર ખબર.
આ તો મફતીઆ વાંચનને ઉત્તેજન આપવા જેવું થયું.

★ 'મારી નવલકથા સુંદર ભાત પાડશે.'
'ભાત મને ભાવતા નથી તેનું શું ?'

★ 'નવચેતન'ના તંત્રી શ્રી. ચાંપશીભાઈને એકવાર સ્ટેશને જવું હતું. ગાડી ચૂકી ન જવાય એ માટે ગાડી તેજીથી ચલાવવા ગાડીવાનને કહેતાં જવાબ મળ્યો; 'આ તે શું 'નવચેતન' ચલાવવું છે, સાહેબ ?'

★ એ સામ્યવાદી લેખક હતો. રાજકારણમાં અને સાહિત્ય ક્ષેત્રે એ રાજાશાહી પર તૂટી પડતો. પણ પુસ્તકો બાબત એને Royalty વગર ચાલતું નહિ !

★ ગર્ભ શ્રીમંતનો પુત્ર કોઈ પુસ્તકો વેચનારની દુકાને જઈ ચડયો ને વિવિધ પુસ્તકો ફેંદવા માંડયાં. તેને મદદરૂપ થવા વેચનારે કહ્યું. 'કંઇ હળવું સાહિત્ય બતાવું ?'

'ખાસ કંઇ નહિ, ભારે હશે તો પણ ચાલશે. મારી મોટર સાથે જ છે.'

★ 'લેખનનું કાર્ય તમને કદિ આભારહીન નથી લાગ્યું ?' કોઈએ લેખકને પૂછ્યું.

'ના, ઉલટું મારાં ઘણાં લખાણો આભારસહ પાછાં વળે છે !'

★ વેન્ડેલ વીલ્કની 'વનવર્લ્ડ' પુસ્તકની ૨૨૪૧૭૪ નકલ ખપી ગઈ. જ્યારે અહીં પોતાનાં પુસ્તકો ખપાવવા પાછળ અસંખ્ય લેખકો ખપી ગયા છે.

★ કલકત્તાની એક શેરીનું નામ 'સાહિત્ય પરિષદ સ્ટ્રીટ છે.'
બંગાળ ઝખ મારે છે ત્યારે; અમારે ત્યાં તો એક પુરૂષ જ આખી સાહિત્ય પરિષદ છે.

★ જાપાની ભાષામાં ગાળ માટે શબ્દો જ નથી.
લાગે છે કે ત્યાં સાક્ષરો સાહિત્ય ચર્ચા નહિ કરતા હોય.

★ 'કેટલીક ડિટેક્ટીવ કથાઓ ખૂન કરવા ઉશ્કેરે એવી હોય છે.'
એક વડીલનો મત.
પણ એના લેખકો હાથ નથી ચડતા એજ વાંધો છે!

★ યુદ્ધને લઈને શાહીના ભાવો જ્યારે બાદશાહી થઈ ગયા છે

ત્યારે અલ્જીરીઆમાંથી આશ્વાસનદાયક સમાચાર મળે છે કે ત્યાં શાહીની નદિ વહ્યા કરે છે. આ નદિ જ્યાંથી નીકળે છે ત્યાંથી તો ફક્ત પાણી જ આવે છે. પણ વચ્ચે એક જગાએ તેને સિંદુર અને હીરાકસીનો પ્રવાહ મળે છે જ્યાંથી એ શાહીની નદિ બની આગળ વહે છે.

ગુજરાતના એકના એક અને અનોખા જથ્થાબંધ લેખક શ્રી. ડુંગરશી સંપટને, કહે છે કે, કરાંચીમાં આવી કોઈ નદિ હાથ લાગી છે.

★ 'સાહિત્ય પરિષદથી આપણા કેટલાક સાક્ષરો શા માટે રીસાઈ બેઠા છે?' એક પ્રશ્ન.

પરિષદે હજુ સુધી તેમને યોગ્ય પદ નથી આપ્યું તેની જ આ રીસ છે.

★ માનવીના મ્હોં પર ૬૬ માંસપેશીઓ છે. ક્રોધ દર્શાવવા ૫૦ માંસપેશીઓથી ને હાસ્ય દર્શાવવા ૧૩ થી કામ લેવું પડે છે.

લોકો આટલી ઓછી મહેનતે હસી શકે એ માટે અમો હાસ્ય લેખકોને તો શરીર અને મનની સઘળી માંસપેશીઓ નિચોવી નાખવી પડે છે.

★ નસોમાં લોહી નહિ પણ શાહી દોડે છે એવું લાગે ત્યારે જ લેખકોએ કલમ ઉપાડવી જોઈએ.

★ દૂધ-પૌઆ પર કેટલાક દહાડા ખેંચી કાઢનાર નર્મદનો દાખલો

આ મોંઘવારીમાં અમને કોઇ ન આપશો. નર્મદ કેટલો ઉડાઉ હતો તેનું અમને એ ભાન કરાવે છે.

★ પૂર્વ લંડનમાં ૨૦ વર્ષથી ઠામ–વાસણની ફેરી કરતો ચાર્લી સિલ્વેસ્ટર તેના અનુભવોના લખવા ધારેલા પુસ્તક 'રાઉન્ડ ધી સ્ટ્રીટ' (શેરીને નાકે) નાં પ્રકરણોનો વિચાર ફેરી ફરતાં જ કરી રહ્યો હોય છે.

જ્યારે આપણા લેખકો લખવા પાછળ ફના થતાં ઘરનાં કેટલાં વાસણો વેચવાં હજુ બાકી રહ્યાં છે તેનો વિચાર કરતા હોય છે.

★ કેટલાક સાક્ષરોને મળીએ છીએ ત્યારે તેઓ એવી તો સાકર પીરસવા માંડે છે કે તેનું રેશનીંગ હજુ કેમ નથી થયું એ આશ્ચર્ય પમાડે છે.

★ 'મારું સુંદરમાં સુંદર સ્ત્રીપાત્ર મારી પત્ની છે.' શ્રી. રમણલાલ દેસાઇ કહે છે.

હું જે નવલકથા લખવાનો છું તેનો સાહસિક નાયક એક પ્રકાશક છે. એનું પહેલું સાહસ મારું પુસ્તક પ્રગટ કરવાનું હશે.

મારો કઠોરમાં કઠોર શઠનાયક મફતીઓ વાચક હશે.

★ કહે છે કે હવેથી સંગીત પરિષદો ખુલ્લા મેદાનમાં ભરવામાં આવે એવી સૂચના થઇ છે.

કેટલાકોનું ધારવું છે કે No turn will be left unstoned!

★ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ પહેલ વહેલા ગયા ત્યારે ત્યાંના વતનીઓ સાથે અંગ્રેજીમાં વાત કરવા પ્રયત્ન કર્યો. તેમના ઉચ્ચારો હબસીઓને કોઇ પીધેલો માણસ બોલતો હોય એવા લાગ્યા. ત્યારથી તેમનામાં અંગ્રેજી બોલનારા પીધેલા તરિકે જ ઓળખાય છે.

આપણે ત્યાં પણ જરા 'ગોટ–પીટ' ભણ્યા કે એ ભણતરનો મદ ક્યાં નથી ચડતો ?

★ પ્રોફેસર ઠાકોરને આ ઉંમરે પણ બત્રીસ દાંત પૂરેપૂરા હોવાનું કહેવાય છે.

એમનાં કાવ્યો વાંચનારની બત્રીસીની શી હાલત છે ?

★ કેટલાકો સાહિત્ય પાછળ ભેખ લે છે, કેટલાકો ભીખ.

★ ફ્રેંચ ભાષામાં મચ્છર માટે કોઈ ખાસ નામ નથી.

મચ્છરોને ટપટપથી નહિ, રોટલાથી કામ છે; ડંખ મારીને નામ કાઢવામાં એઓ માને છે.

★ 'સીધી આંગળીએ ઘી નીકળે જ નહિ.'

ને નીકળે તો વેજીટેબલ સમજવું ?

★ જાપાનની ભાષામાં 'લ' અક્ષરનો ઉચ્ચાર જ નથી. 'લ' ની જગાએ તેઓ 'ર' બોલે છે.

છતાં તેઓ 'લ'ડવા જતી વખતે 'ર'ડવા નથી બેસતા.

★ 'પ્રેમાનંદનાં નાટકો નાથાશંકરે લખેલાં એમ તમે માનો છો ?'

'પ્રેમાનંદનાં નાટકો નાથાશંકરે લખેલાં કે પેથાશંકરે તેની મને કંઇ ખબર નથી, હું તો એટલું જાણું કે મેં તે નથી લખ્યાં.

★ 'બંગાળમાં હાસ્ય સાહિત્ય છે ?' એક પ્રશ્ન.

નહિવત્ જ હશે. નહિ તો અત્યાર સુધીમાં આપણા પરભાષા જીવીઓ એના કેટલાય કરૂણ અનુવાદો કરી નાખત !

સર્પ અને સાક્ષર

★ એક ઝેરી સાપને એનાજ કુટુંબનો ઝેરી સાપ કરડે તો કંઇજ થતું નથી. પણ બીજા કુટુંબનો ઝેરી સાપ કરડે તો મૃત્યુ થાય છે.

આપણા સાક્ષરો જેવું જ ! એક સાક્ષરની ટીકા તેનો સંબંધી સાક્ષર કરે તો તેને કંઇ થતું નથી. પણ સામા પક્ષનો સાક્ષર

કંઇ કહે ન કહે ત્યાં તો શાહીની સારમારી ઉભી થઇ જાય છે. મરે છે બિચારો વાચક.

★

જનની જણ્ લેખક કવિ, ચિત્રકાર મશહૂર;
મફતીઆ વાચક જણી ના ગૂમાવીશ નૂર.

★

★ શ્રી. રમણલાલ દેસાઇએ 'સાહિત્ય અને વાસ્તવિકતા' પર વ્યાખ્યાન આપ્યું હતું.

એક ભાઇ કહે છે કે સાહિત્ય એટલે રમણલાલ અને વાસ્તવિકતા એટલે આર. આર. શેઠ !

★ કેનેડીઅન અર્થશાસ્ત્રી અને મશહૂર હાસ્યકાર સ્વ. પ્રોફેસર સ્ટીફન લીકોકની યાદગીરીમાં અમેરીકી સરકાર એક જહાજ તરતું મૂકવાની છે.

ગુજરાતે તો એના ઘણા સાહિત્યકારોને જ વહેતા મૂકયા છે.

★ 'એમને તો બટાટા ય બાફતાં નથી આવડતો.' કનુ મુન્શી વિષે લીલા મુન્શી.

વાર તહેવારે આખું કોળું બાફી નાખનાર સાહિત્યકારોને આથી ગર્વ થશે.

▼



રાજક્રિય રમુજો

કોઇક તો હશે જ ને!

એકવાર એક શસ્ત્રવૈદ્ય, ઇજનેર અને રાજદ્વારી પુરુષ ટ્રેનમાં સાથે પ્રવાસ કરતા હતા. તેમની વચ્ચે ચર્ચા ચાલી કે જગતમાં કોનો વ્યવસાય પહેલો ચાલુ થયો.

શસ્ત્રવૈદ્યે ગર્વ લીધો! 'આદમની પાંસળીમાંથી ઇવનું સર્જન થયું. દુનિયાની એ પહેલી શસ્ત્રક્રિયા હતી.'

'—ત્યારથી આપણી ઇવાઓ અદકપાંસળી બની ગઇ છે; કોઇ વાત સાચવી શકતી નથી' ઇજનેરે ટીકા કરતાં પોતાનો પક્ષ રજૂ કર્યો: 'અંધાધુધીમાંથી વિશ્વકર્માએ સૃષ્ટિ રચી એ તો જગજાહેર વાત છે.

સૃષ્ટિ ન હોત તો આદમ કે ઇવા રહેત જ ક્યાં ? એટલે અમારો વ્યવસાય પહેલો શરૂ થયો છે.'

'પણ અંધાધુંધી ઉભું કરનારૂં તો કો'ક હશે જ ને?' રાજદ્વારી પુરૂષે ખંધુ હસતાં પોતાની દલીલ પેશ કરી.

★

હાડકું કદિ લડે છે?

ધરીરાષ્ટ્રો સામે લડવામાં મિત્ર રાજ્યોને હિન્દે શા માટે ઉલટથી મદદ કરી નહિ. એ પ્રશ્ન ઘણા અમેરીકન મિત્રોને થાય છે. તેમને તેમનાજ દેશનો એક દાખલો અર્પણ કરીએ. હબસી ગુલામોને માટે ઉત્તર અને દક્ષિણ અમેરિકા વચ્ચે લડાઇ જામેલી ત્યારે હસબીઓ તેમાં રસ લેતા નહિ. એક દિવસ એક ગોરા અફસરે હસબી નેતાને પૂછ્યું: 'તમારે માટે તો ઉત્તર–દક્ષિણ પ્રદેશ વચ્ચે જંગ જામ્યો છે. તમે કેમ તેમાં જોડાતા નથી?'

'તમે હાડકાંના ટૂકડા માટે બે કૂતરાને લડતા જોયા છે?' હબસીએ પૂછ્યું.

'ઘણી વાર.'

'પણ કદિ હાડકાંને લડતાં જોયું છે?'

'ના.'

'અમારી સ્થીતિ પણ હાડકાં જેવીજ છે. હાડકું લડે છે કે અમે લડીએ? અમારે તો બેઉ સરખા; બેઉની દાનત અમને ખાઇ જવાની છે.'

ઓગળી જતી મહેસુલ.

પ્રશીઆના રાજા ફ્રેડરિક ધી ગ્રેટને મહેસુલની આવક ઘણી હતી છતાં, ખજાનામાં ખોટ જ દેખાતી. તેણે મહેસુલી અમલદારોને ખાણા પર નોતર્યા ને આનું કારણ જાણવા માગ્યું. લાંચીઆ અમલદારોએ 'ખેડૂતો પૂરતી રકમ આપતા નથી' 'મોડેથી આપે છે' વિ. બહાના

બતાડવા માંડયાં, પણ પ્રામાણિક અને ચબરાક એવા એક તેજુરીએ પૂરતી રકમ કેમ નથી પહોંચતી એ સૂચવવા પાસે પડેલા શરબતના પ્યાલામાંથી બરફનો એક મોટો ટુકડો ઉપાડયો ને રાજાને પહોંચાડવા કહ્યું. બધાએ વારાફરતી એ ટુકડો હાથમાં લઇ રાજા સુધી પહોંચતો કર્યો ત્યાં સુધી એ અર્ધો થઇ ગયો હતો.

ફ્રેડરિકે મહેસુલી ખાતાની નવેસરથી ગોઠવણ કરી લીધી.

★

કૈઝર બેલ્જીયમમાંથી શા માટે પસાર થયો?

૧૯૧૪ ની લડાઇ પહેલાં કૈઝરે સ્વીટ્ઝરલેન્ડની મુલાકાત લીધેલી. ત્યાં એમને લશ્કરી કિલ્લા અને કવાયત બતાવવામાં આવ્યા ત્યારે તેમણે એક સૈનિકને પૂછેલું: 'તમે પાંચ લાખ છો અને ધાર્યું નિશાન પાડો છો. અમે જો દશ લાખ માણસો લઇ તમારા પર તૂટી પડીએ તો તમે શું કરો?'

'તો અમારે દરેક જણે બબ્બે બાર કરવા પડે એટલું જ' સૈનિકે ખુમારીથી જવાબ આપ્યો.

જગત જાણે છે કે કૈઝરે બેલ્જીયમમાંથી પસાર થવાનું પસંદ કર્યું.

★

પૂરતી સજા નથી કરી નાખી?

જ્યારે વોલ્ટાયર ૧૭૨૭ માં ઈંગ્લેન્ડના પ્રવાસે ગયો ત્યારે ત્યાં ફ્રેંચો વિષે ભારે રોષ પ્રવર્તતો હતો. રસ્તે જતાં એકવાર લોકોનાં ઉશ્કેરાએલા ટોળાંએ એને ઘેરી લીધો: 'પૂરો કરો આ ફ્રેંચને; લટકાડી દો એને ફાંસીએ' ટોળામાંથી શોર ઊઠયા.

સમયસૂચકતા વાપરી એક ઓટલા પર ચડી જઈ એણે કહ્યું: 'અંગ્રેજો, હું ફ્રેંચ છું એ માટે તમે મને મારી નાખવા માગો છો.

પણ એક અંગ્રેજનો જન્મ ન આપી ઇશ્વરે મને અગાઉથી જ પૂરતી સજા નથી કરી નાખી ?'

એની આ હાજરજવાબીથી ટોળું ખુશખુશાલ થઇ ઉઠ્યું ને એને સહીસલામત ઘેર પહોંચાડી આવ્યું.

★

અંગ્રેજો અને ઇયળ

બર્નાર્ડ શૉ તેના 'જહોન બુલ્સ અધર આઇલેન્ડ' નાટકમાં લખે છે: 'અંગ્રેજોના પ્રજાકિય લક્ષણનો અગત્યનો સિદ્ધાંત છે ઇયળ. ઇયળ કોઇ ઝાડમાં પેસે છે ત્યારે સ્વાભાવિક રીતે તેના પાંદડાં જેવો દેખાવ ધારણ કરી લે છે. આથી તેના દુશ્મનો અને શિકારી ભુલાવો ખાય છે ને તેની તરફ લક્ષ આપતા નથી. ઝાડ પર જેમ પાંદડાંનો સુમાર નથી તેમ આ જગતમાં મુર્ખાઓનો પાર નથી, એટલે અંગ્રેજો ઇયળની માફક જ વર્તે છે. તેઓ મૂર્ખ દેખાવાનો ઢોંગ કરે છે. દરમિયાન પોતાની સગવડ પ્રમાણે ખરા મૂર્ખાઓને સ્વાહા કરી જાય છે. આ બધો વખત તેમના દુશ્મનો તેમને બીજાઓના જેવા મૂર્ખ માની તેમના તરફ હસ્યા કરતા હોય છે.'

★

એ પણ આપણાં જ છે ના !

કોંગ્રેસમાં જ્યારે લાલા લજપતરાય, બાળ ગંગાધર તિલક અને બિપિનચંદ્રપાલની ત્રિપુટી જોરમાં હતી ત્યારે એક વાર શ્રી. બીપીનચંદ્ર પાલ ઠરાવ લાવ્યા કે: 'હવે આપણે અંગ્રેજોને કહી દેવાનો સમય આવ્યો છે કે તેઓ તેમનાં ગાંસડાં–પોટલાં લઇ તેમના ઘર ભેગા થઇ જાય.' ત્યારે મૌલાના મહમદઅલીએ સુધારો સૂચવ્યો કે ગાંસડાં–પોટલાં શાના લઇ જાય ? એ પણ આપણાં જ છે ના !

★

ઝીણા અને ગુલિસ્તાન.

'ફૂલોમાં પણ કેટલાંક એવી જાતનાં ફૂલ હોય છે કે એક—બીજાના સહવાસને સહન કરી શકતાં નથી. માંસના રંગનાં અમુક ફૂલોને ફૂલદાનીમાં બીજાં ફૂલો સાથે રહેવું ગમતું નથી; તેમનો સ્પર્શ થતાં જ બીજાં ફૂલો ખરી પડે છે. એવાં જ કેટલાંક ગુલાબનાં ફૂલો છે, જે તેમની ભાઇબંધ કોમનાં કેટલાંક ગુલાબ સાથે કશો વહેવાર રાખવાની ના પાડતાં હોય છે !'

આમાંના કોઇ ઝીણા છોડ જુદું ગુલિસ્તાન માગી ન બેસે તો સારું !

★

પાટલુનની ક્રીઝ

બીજી ગોળમેજી પરિષદમાં મૌલાના મહમદઅલીને કોઇ પત્રકારે પૂછ્યું : 'ઝીણા વિષે તમે શું ધારો છો ?'

'મી. ઝીણા ઘણા જ બહાદુર માણસ છે. પણ રખેને પોતાના પાટલુનનો સળ (ક્રીઝ) ચોળાઇ જશે એની તેમને હંમેશાં બીક રહ્યા કરે છે !'

ને જેનું મન પોતાની પાટલુનના 'ક્રીઝ'માં જ પડ્યું હોય તેને રાષ્ટ્રના ચુંથાઇ જતા ક્રીઝ, માન, ની શી પરવા ?

★

ગાંધીજીનો ફોન હતો.

'કાલે વર્ધાથી ગાંધીજીનો મારા પર ફોન હતો.'

'શું કહ્યું એમણે ?'

'ખોટો નંબર જોડાઈ ગયો છે !'

★

સઘળી લઘુમતિ વતી બોલનારની મતિ લઘુ હોય એમ તમને કદિય નથી લાગ્યું ?

★

શાનદાર વિજય

મધ્યયુગનું તાર્તરો અને રશિયનો વચ્ચેનું છેલ્લું યુદ્ધ ઇતિહાસની સૌથી મોટી હાસ્યાસ્પદ બીના છે. રશિયન બાદશાહ ત્રીજો આઇવાન બીરૂ હતો. રશિયામાં પેસી ગયેલા તાર્તરોને હાંકી કાઢવા આખો દેશ તેને આગ્રહ કરી રહ્યો હતો. છેવટે જેમ તેમ હિંમત એકઠી કરી તેણે એક લશ્કર ઉભું કર્યું અને તાર્તરો સામે લડવા નીકળ્યો. અઠવાડિયાંઓની કૂચ પછી તેમને તાર્તર લશ્કરનાં દર્શન થયાં. બન્ને સેનાઓએ તંબુ તાણ્યા. દુશ્મનોને નજીકથી નિહાળવા રાત્રે જ બન્ને સેનાઓ એકબીજાથી અજાણી રીતે આગળ ધસી.

સવારે બન્ને સેનાઓ જાગી. તેઓ એકબીજાની એટલા નજીક આવી પહોંચ્યા તેથી આશ્ચર્ય પામી. થોડીવાર મંત્રમુગ્ધ થઇ સૈનિકો એકમેક સામે જોઇ રહ્યા. પછી તેમને એટલો તો ભય વ્યાપી ગયો કે બન્ને સેનાઓ પોતપોતાની દિશામાં નાસી છૂટી !

★

જ્યારે ચીનના બાદશાહ નારાજ થએલા

સને ૧૮૭૫ માં ચીનના બાદશાહને કોઇએ ખબર પહોંચાડયા કે કેલીફોર્નીઆમાં રેલ્વે મજુર તરિકે કામે ગયેલા હજારો ચીનાઓ પર ઘણો જુલમ થઈ રહ્યો છે ત્યારે તેઓ ઘણા નારાજ થયા. એમણે અમેરિકાને એવો દાખલો બેસાડવા નક્કી કર્યું, જે તેને જીંદગી ભર યાદ રહે.

શાહના હુકમથી સાત મનવાર પિત્તળની તોપો ભરી અમેરિકા પર ચઢાઇ કરવા રવાના થઇ. કોઇ જાણતું નહોતું કે પેસિફિક મહાસાગર કેટલો પહોળો છે અને અમેરિકા કેટલે દિવસે પહોંચાય છે. રસ્તામાં જ ખોરાકી ખૂટી ગઇ અને પીવાના પાણીની તાણ પડી. ઇશ્વરકૃપાથી વરસાદ પડયો તેનું પાણી ઝીલી લઇ ખલાસીઓએ જીવ બચાવ્યો.

છેવટે આ ફતેહમારીઓ મોન્ટરે બન્દરે પહોંચી. તોપચીઓ રમકડાં જેવી પિત્તળની ૫૦ તોપો પાસે ગોઠવાઇ ગયા. જો લોકો સામનો કરે તો શહેરને તોપને ગોળે ઉડાડી દેવું એમ નકકી કર્યું. પણ મોન્ટરેના લોકો સામનો કરવાનું ભૂલી જઇ, હોડકાં લઇને, તો કોઈ તરીને, રમકડાં જેવી તોપો ધરાવતા આ સાત લડાયક જહાજોને જોવા ધસી ગયા. તે દિવસ મોન્ટરેમાં ઉત્સવ તરિકે ઉજવાયો.

મનવારો પરના સૈનિકો અમેરિકન લોકોના આ સ્વાગત—સત્કારથી એટલા તો ખુશ થયા કે પોતે શા માટે આવ્યા હતા તે ભૂલી ગયા. 'આવી માયાળુ પ્રજા સાથે લડવાનું હોય?' તેમણે વિચાર્યું. તેમને કેલીફોર્નીઆ એટલું ગમી ગયું કે પાછા ચીન જવા તેઓ નારાજ હતા. વૃદ્ધો રેલ્વેમાં કામે લાગી ગયા, જુવાનો ખલાસીનું કામ કરવા લાગ્યા.

કેટલાક દિવસો પછી એ સાતે ફતેહમારીઓને એક પછી એક તોડી નાખી એનાં લાકડાં ઇંધણ તરિકે એ જ સૈનિકોએ કામે લીધાં.

★

અયોધ્યા ઓહીઆં

સર ચાર્લ્સ નેપીઅર પોતાનાં સંસ્મરણોમાં લોર્ડ ડેલહાઉસીના પિતાની એક મઝેદાર ઘટના નોંધે છે.

એ વખતે અયોધ્યામાં નવાબ અસફુદ્દોલા રાજ કરતા હતા. લોર્ડ ડેલહાઉસીના પિતા ત્યારે ઇન્ડીઆ કમ્પનીના હિંદી લશ્કરના સેનાધિપતિ હતા. એક વાર તેમને થયું કે ચાલો, મડમ સાહેબને પણ નવાબની મુલાકાત કરાવીએ. વિલાયતમાં રાજદરબારોમાં જ્યારે આવી મુલાકાતો ગોઠવાય છે ત્યારે રાજાની મુલાકાત કરવા જતી વ્યક્તિને **Present** કરવી કહેવાય છે. જેનો શબ્દાર્થ 'ભેટ કરવી' થાય છે.

જ્યારે નવાબ અસફુદ્દોલાને ખબર પડી કે કંપનીનો સેનાપતિ પોતાની પત્નીને 'ભેટ' કરવા લાવ્યો છે ત્યારે એ ઘણા જ મુંઝાવા. અને વિનયથી કહી મોકલાવ્યું કે 'કોઇની પત્ની ભેટ તરીકે સ્વીકારવી હું નૈતિક દૃષ્ટિએ હાનકિારક સમજું છું.'

મેજર બસુ પોતાના ઇતિહાસમાં નોંધે છે કે લોર્ડ ડેલહાઉસી પોતાની માનું આ અપમાન કદિ ભૂલ્યો નહોતો. અને અયોધ્યા ખાલસા કરવાનું એક કારણ આ પણ હતું.

★

તોબ્રૂકને મોરચે

ટીકાકાર 'એનાલિસ્ટ' તોબ્રૂકના મોરચા પર થએલી એક ઝપાઝપીનો અહેવાલે ભૂલી ગએલ તે અહીં રજુ કરીએ છીએ :

'ગઇ કાલે આપણા લશ્કરના એક ડીવીઝને દુશ્મનના એક સાયકલ સ્વાર પર હુમલો કર્યો અને એને સાયકલ પરથી ઉતરી પડવાની ફરજ પાડી. ઘણી જ લાંબી અને ભારે ઝપાઝપી પછી તેઓ સાયકલના ટાયરોમાં પંકચર પાડી શકયા. આગલું પૈડું તો તદ્દન નકામું કરી નાખવામાં આવ્યું છે, જ્યારે પાછલાં પૈડાં વિષે પણ એવી જ આશા રાખવી વધુ પડતી ન કહી શકાય.'

"હેન્ડલ-બાર (હાથા) આપણા હાથમાં આવી ગયા છે, જ્યારે સાયકલનાં માળખા માટે હજુ રસાકસી ચાલી રહી છે. દુશ્મનનો સામનો આટલો મજબુત હશે તેનો આપણને ખ્યાલ નહોતો. આપણા યુધ્ધનિષ્ણાતોનો અભિપ્રાય હતો કે તોબ્રૂકના રેતાળ પ્રદેશમાં સાયકલ ચાલી જ નહિ શકે, રેતીમાં ખૂંચી જશે. હમણાં જ ખબર મળ્યા છે કે દુશ્મનને એના વાહન પરથી ઉતારી પાડવામાં આવ્યો છે. એથી અનુમાન બાંધી શકાય કે એ હવે વધુ વખત સામનો કરી શકશે નહિ.'

★

ધીખતી ધારા!

ધીખતી ધરાની નીતિ પહેલવહેલી ક્યારે અમલમાં આવી એ વિષે ચર્ચા ચાલે છે. નેપોલીઅને મોસ્કો પર ચડાઇ કરી ત્યારથી તેની શરૂઆત થઇ કહેવાય છે. જો કે હિન્દમાં તો તેની શરૂઆત એથી યે અગાઉ, અલાઉદ્દીન ખિલજીના વખતથી થઇ છે. રાજપુતાણીઓ પોતે શત્રુના હાથમાં ન જાય એ માટે જાતે જોહર કરી બળી મરતી.

હિન્દુઓમાં સ્ત્રી એ પતિની મિલ્કત ગણાય છે. એટલે આ જોહર પણ એક જાતની ધીખતી ધરા (કે ધીખતી દારા ?) જ કહી શકાય.

★

મત અને મૂછો

પોતાની રાજકીય કારકીર્દીની શરૂઆતમાં ચર્ચીલ ટોરી પાર્ટીમાં જોડાયા. પણ કંઈ મતભેદ પડતાં છૂટા થઈ લીબરલ પાર્ટીમાં ગયા. એ વખતે તેમને મત આપનાર એક મહિલા મતદારે ટકોર કરી 'મી. ચર્ચીલ, મને તમારી માન્યતા કે મૂછોમાંથી કોઈ માટે માન નથી.' ચર્ચીલ એ વખતે ભરાવદાર મૂછો રાખતા.

'પણ એ બન્નેમાંથી એકનો તમને સ્પર્શ થાય એવો સંભવ નથી, બાનુ.' ચર્ચીલે કટાક્ષ કર્યો.

★

ઉંમરે પહોંચ્યા પછી માનવીને મૂછો સાથે મત પણ ફૂટી નીકળે છે.

★

જ્યારે ગ્લેડસ્ટને ડિઝરાયલી વિષે કહ્યું કે 'ફાંસીને માંચડે અથવા ભયંકર દર્દોના ભોગ થઈ પડી તારો અંત આવશે' ત્યારે ડિઝરાયલીએ મર્મ કર્યો: 'તે તો હું તમારા સિદ્ધાંતો કે રખાતોના સંસર્ગમાં આવું તે પર આધાર રાખે છે.'

★

ગળાફાંસો દઈ દઈએ

અમેરિકાથી વાત ઉડતી આવી છે. કેનેડામાં ભરાયલી લેબર કૉન્ફરન્સમાં હિન્દ તરફથી સરકારના ચાર પ્રતિનિધિ ગયેલા. બે હિન્દી ને બે અંગ્રેજ. તેમાં ય એક તો ઇંગ્લેન્ડથી હિન્દનો પ્રતિનિધિ બનીને ગયેલો. ને તેનું નામ જ મી. ઈંગ્લેન્ડ હતું !

ચારે જણ ઓટાવા શહેરમાં ટેક્ષી કરી ફરવા નીકળ્યા. મી. ઇંગ્લેન્ડ શોફરની બાજુમાં બેઠા. રસ્તે હિન્દ વિષે વાત કાઢી શોફરે જાણી લીધું કે આ હિન્દના પ્રતિનિધીઓ છે.

'આટલાં વર્ષોથી પડયા પાથર્યા રહે છે છતાં તમે હજુ અંગ્રેજોને કેમ હાંકી કાઢતા નથી?' શોફરે ધડાકો કર્યો.

મી. ઇંગ્લેન્ડ તો ડધાઇ જ ગયા. કંઇ જવાબ ન આપ્યો.

'મહત્ત્વનાં સ્થાન અને ખાતાં સંભાળી રહેલા ફકત ૨૦૦ જ જણ છે. એમને નથી ફેંકી દઇ શકતા?' શોફરે કહ્યું. મી. ઇંગ્લેન્ડ પાસે કંઈ જવાબ નહોતો.

'અમારે ત્યાં આવું હોય તો શું કરીએ અમે, કહું?' શોફરે કહ્યું, 'ગળાફાંસો દઇ દઇએ અકકેકને પકડી પકડીને.'

મી. ઇંગ્લેન્ડ અને બીજા ત્રણે જણ ટેક્ષીમાંથી ઉતરી ગયા. હિન્દના પ્રતિનિધિઓને (!) હિન્દસ્વાતંત્ર્યની વાતો કેમ ગમી નહિ તે કેનેડાના શોફરને હજુ સમજાતું નથી!

★

ઝીણા, તમને ખબર નથી......

'ઝીણાનો તાપ ભારે હતો. એ ફક્કડ પણ ખરા ને અક્કડ પણ ખરા. એનાં કપડાં જેવા સુંદર કપડાં બીજું કોઇ પહેરતું નહિ. એના વાળ સદાય ઓળેલા અને સફાઇબંધ; એના અભિનય નાટકી ને રોફીલા; એની અંગ્રેજી બોલવાની રીત ફક્કડ ને સચોટ; ઉચ્ચારણો ભારવાળાં; તેમાં તોર પણ ખરો. કોઇ વાર વ્યાકરણ ખોટું આવી જાય પણ છટા હંમેશાં કરમાયા વિનાની.'

'એ આવીને કોર્ટમાં બેસે તે જાણે છબી પડાવવા; ઉભા રહી, કેડે હાથ દઇ કોર્ટને સંબોધે તે નાટકી છટાથી; એની અક્કડાઇનો પાર નહિ. મિજાજ તો જરા જરામાં ડોકીયાં કરે; સ્વમાન બહુ સુંવાળું,

જરાજરામાં ઘવાઇ જાય. પણ હસે ત્યારે સામાનું હૃદય તરત જીતે. નિર્ભ-યતા એનો પ્રધાન ગુણ: અક્કડાઇ દુર્બળ: કોઇ જરાક અયોગ્ય કહે કે તરત સામો ફટકો લગાવે.'

'કાયદા કરતાં સામાની ત્રૂટીઓ પકડી પાડવામાં વધુ નિપુણ. એ વાટ જોયા કરે; હિંમતથી હાંકયા કરે; સામો એડવોકેટ જરી ભૂલ કરે કે એ શેર થઇ જાય. પોતાનો મુદ્દો ઠોકી બેસાડે ને છટાથી હસીને કે આજીજીને ન્યાયાધીશ પાસે ધાર્યું કામ કરાવી લે.'

'મારા પર એને ઘણો સદ્ભાવ હતો. હું હોમરૂલ લીગનો મંત્રી થયો ત્યારે એ પ્રમુખ હતા. આથી અમારો પરિચય વધુ ગાઢ થયો. મૈત્રીમાંથી અંગત સંબંધનાં તત્ત્વો એ નિતારી નાખતા. ગમે તેવો પરિચય કેળવાય પણ કદિ પોતાની અંગત વાત કરે નહિ; મિત્રને એવી વાત કરવાની તક આપે નહિ. શક્તિની એમની ભાવના દુર્બળતા પર રચાઇ હતી.'

'આજ તો એ ને હું એક-બીજાથી જુદી જ દુનિયામાં ફરીએ છીએ. એક વખત અમે ખૂબ નિકટ હતા. એક દહાડો અમે બન્ને આડીતેડી વાતો કરતા બેઠા હતા. એ વખતે એના પર કૌટુમ્બિક આફ્-તનાં વાદળાં ઝઝુમતાં હતાં. મેં પૂછ્યું: 'ઝીણા, તમારી તબીઅત ઠીક નથી?' એણે એની છટાભરી ટેવથી કપાળ પર આવેલા વાળ ઉંચા કર્યા ને કહ્યું 'મુન્શી, તમને ખબર નથી કે મારા પર શી વીતે છે!' પછી એણે હોઠ બીડી દીધા ને અંતરની વ્યથા પર તરત પડદો પાડી દીધો.' (કનુ મુન્શી, 'સીધા ચઢાણ'માં.)

માનવી પર શું વીતે છે તે પરથી નહિ, વીતે છે ત્યારે એ કેવી રીતે વર્તે છે તે પરથી એની કીંમત થાય છે. પોતાના પર વીત્યું હોય તેવું વહુઓ પર વીતાવવાની કેટલીક ડંખીલી સાસુઓ જેવી રુખ આજ ઝીણાએ રાષ્ટ્ર પ્રત્યે ધારણ કરી છે. ઝીણા, તમને ખબર નથી કે રાષ્ટ્ર પર શું વીતે છે!'

★

[૫૮]

કોંગ્રેસ કે કાચબી?

શ્રી. ઝીણા હંમેશાં કોંગ્રેસ પર આક્ષેપો મૂકયા કરે છે કે તે પાકીસ્તાનની આડે આવે છે. પણ હમણાં વાત બહાર આવી છે કે તેમના પાકીસ્તાન આડે કોંગ્રેસ નહિ પણ એક કાચબી આવેલ. સર્વપક્ષી સંમતિથી એક માગણી મૂકવા બાબતની વાટાઘાટ કરવા બાબુ રાજેન્દ્રપ્રસાદ, ગાંધીજી તથા ઝીણાને વાઇસરોયે પોતાના મહેલમાં આમંત્રણ આપ્યું. ઝીણાની મોટરમાં ત્રણે જણ ચાલ્યા. પ્રાથમિક મુલાકાતનો ઔપચારિક વિધિ પુરો થયા બાદ ગાંધીજીએ વાઇસરોયને 'ફીલીસ'ની તબીઅતના સમાચાર પૂછ્યા. 'ઘણી જ સરસ,' વાઇસરોયે કહ્યું, 'મેં છેલ્લે તમને પત્રમાં લખેલ તે પછી ઘણી જ સુધરી ગઇ છે.' ને થોડી વાર સુધી તો બન્નેએ 'ફીલીસ'ને શું ભાવે છે ને શું નથી ભાવતું તેની ચર્ચા કર્યે રાખી.

આમ એક બાજુ જ્યારે 'ફીલીસ'ની તબીઅત, આદત, સ્વભાવ અને વિચિત્રતાઓની વાતો ચાલ્યા કરતી હતી ત્યારે બીજી બાજુ જનાબ ઝીણા મુંગા અને ઉદાસીન થઇ બેસી રહ્યા હતા. અચાનક વાઈસરૉયે ગાંધીજીને કહ્યું: 'આવ્યા છો તો હવે ફીલીસને પણ જોતા જાઓ.' ગાંધીજી, વાઇસરૉય અને રાજેન્દ્રબાબુ ફીલીસને જોવા જવા ઉભા થયા. વાઇસરૉયે જનાબને પણ ફીલીસ જોવા આમંત્રણ આપ્યું. પણ પળે પળે પાકીસ્તાનનું સ્વપ્ન જોતા જનાબનો મિજાજ ગયો હતો. આ 'ફીલીસ'ની વાતોએ એમનું માથું પકવી દીધું હતું. એ પાકીસ્તાન ચર્ચવા આવ્યા હતા કે ફીલીસ? ત્રણે તો ગયા ને ફીલીસને જોઈ પાછા વળ્યા. પાછળથી જનાબને ખબર પડી કે આ 'ફીલીસ' તો વાઈસરૉયની પાળેલી કાચબી હતી! એમને માટે આ ઉપેક્ષા ઘણી હતી. એ ધૂંધવાઈ ઉઠયા. ત્યારથી એમણે વાઇસરૉયને ત્યાં કદિ પગ નથી મૂકયો. એમની અને પાકીસ્તાનની વચ્ચે 'ફીલીસ' આડખીલી થઇ નડી હતી તે તેઓ હજુ ભૂલી શકયા નથી.

ભવિષ્યમાં જનાબ આપી કાયબીની જાતને ઇસ્લામને ખતરારૂપ જાહેર કરી પાકીસ્તાનની પાદશાહતમાંથી હાંકી કાઢે તો એ વખત જરા ય મુંઝાઇશ નહિ, કાચબી બ્હેન, ને પેલા ભજનમાં કાચબે તને કહેલું તેમ હૈયે ધીર ધારણ કરજે; ચિંતા મેલી રાષ્ટ્રવાદને શરણે આવજે; એ તને મરવા નહિ દે. ઉલટું, અમારી અખંડિતતાના પ્રતીકરૂપે ઝંડા પર ચરખા સાથે તને પણ બેસાડશે.

★

સપ્લીમૂર્તિ !

મધ્યસ્થ ધારાસભાની બેઠકો શરૂ થઇ છે ત્યારે સત્યમૂર્તિની ખોટ ઘણી સાલે છે. પ્રશ્નો પૂછવામાં એ ભારે પ્રવીણ હતા. કયારેક તો કલાકેક સુધી એ જ એકલા પ્રશ્નોની ઝડી વર્ષાવે જતા. સરકારી પક્ષ એમના પ્રશ્નોથી હેરાન-પરેશાન થઇ જતો. ધારાસભાના એ જ એક એવા સભ્ય હતા જેમને લીધે સરકારના સમગ્ર દફ્તરખાનામાં મહિનાઓ સુધી કામની ધમાલ રહ્યા કરતી- ધારાસભામાં શું પૂછાશે એની સરકારને ચિંતા નહોતી જેટલી સત્યમૂર્તિ કયી ઘડીએ શું પૂછી બેસશે તેની.

તે વખતના કાયદાસભ્ય શ્રી. એન. એન. સરકાર આ પ્રશ્નયુદ્ધથી એટલા તો પરેશાન થઇ ગયા હતા કે પાંચથી વધુ પ્રશ્નો એકી દિવસે એક સભ્ય ન પૂછી શકે એવો નિયમ કર્યો હતો. પણ પૂરક પ્રશ્નો, સપ્લીમેન્ટો, પર કંઇ પ્રતિબંધ નહોતો. સત્યમૂર્તિ આનો પૂરો લાભ લેતા ને પૂરક પ્રશ્નો પૂછી પૂછી કાયદાસભ્યને થકવી દેતા. આથી ધારાસભામાં એમનું ઉપનામ 'સપ્લીમૂર્તિ' (પૂરક પ્રશ્નો પૂછનાર) પડી ગયું હતું !

★

જે-હો-તે !

રશિયા જર્મનીથી છૂટું પડી બ્રિટનનું મિત્ર બન્યું તેના માનમાં કેટલાક બ્રિટિશ અફસરોને રશિઆ ફરવા મોકલવામાં આવ્યા. રશિઅન ભોમીઆએ તેમને મોસ્કોમાં ફેરવતાં એક રાજમાર્ગ બતાવી કહ્યું : 'આ

અમારો એન્થની ઇડન એવેન્યુ. પૂર્વે એ ગોરીંગ મહામાર્ગ હતો.' એક મોટા મકાન તરફ આંગળી ચીંધી કહ્યું: 'આ અમારૂં ચર્ચીલ બીલ્ડીંગ. પૂર્વે એ એડોલ્ફ બીલ્ડીંગ હતું.' આમ નવો સંબંધ બંધાયા પછી નવાં પાડેલાં નામો તેઓ ગર્વથી ગણાવ્યે જતા હતા. તેમનાથી છૂટા પડતી વખતે બ્રિટિશ અફસરોથી ટકોર કર્યા વિના રહેવાયું નહિ. 'સલામ બિરાદારો, પૂર્વ ફલાણા–ઢીકડા જે–હો–તે!'

★

પંડિત ઝીણા!

એક વખત હૈદ્રાબાદના એક કેસમાં સર તેજબહાદુર સપ્રુ અને જનાબ ઝીણા સામસામા પક્ષે મુકદ્દમો લડવા ઊભા. કુરાનના કોઇ ખાસ ફકરાના અર્થના મતભેદ પરથી મુકદ્દમો ઊભો થયો હતો. સર તેજે પોતાની દલીલો કરતી વખતે અરબ્બીમાં લખાયેલા એ ફકરાનો અંગ્રેજી તરજૂમો કરી બતાવ્યો.

જ્યારે જનાબ ઝીણાનો દલીલ કરવાનો વારો આવ્યો ત્યારે અદાલતે તેમને તેઓ એ ફકરાનો શો અર્થ કરે છે તે જાણવા માગ્યું. આથી જનાબ ભારે મૂંઝવણમાં મૂકાઇ ગયા. જનાબને અરબ્બી તો શું, તૂટીફૂટી ઉર્દૂ પણ માંડ આવડે છે. ને આ કંઇ કોંગ્રેસને ગાળો દેવા જેટલું સરળ કામ નહોતું કે કડકડાટ બોલી જવાય. કુરાનની અમુક આયોતોનો ચોકકસ અર્થ કરવાનો હતો.

છેવટે અરબ્બી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજીના પ્રખર વિદ્વાન સર તેજે ન્યાયાધીશને ગળે ઝીણાની દલીલો ઉતારવા એ ફકરાનો તરજૂમો જનાબને કરી આપ્યો, જે જનાબે માન્ય રાખ્યો.

તે દિવસે હૈદ્રાબાદના પત્રોને ભારે તડાકો પડયો. આ સમાચાર છાપતાં તેમણે મથાળું કર્યું કે: 'મૌલાના તેજ બહાદુર સપ્રુ પંડિત ઝીણા માટે કુરાનનો તરજૂમો કરે છે!'

મૌલાના સપ્રૂ!

એવી જ મનોરંજક ઘટના જ્યારે સર તેજ, ઝીણા, સર શફાત અહમદખાં તથા ડૉ. મુંજે ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઉપડેલા ત્યારે બનેલી. કાહીરા જવા માટે એ સ્વેઝમાં ઉતરી પડયા. ત્યાં એમને ઉંટની સ્વારી કરવી પડી. વાટ કાપવાના ઈરાદાથી ઉંટોના અરબ માલિકે સર તેજને પૂછ્યું કે 'તમે મુસલમાન છો?' સર તેજે તેને અરબ્બીમાં જ જવાબ જવાબ આપ્યો: 'ઇન્શા અલ્લાહ.' અને અરબ્બીમાં કુરાનમાંથી થોડીક આયાતો કહી સંભળાવી.

સર તેજે તદુપરાંત એ પણ કહ્યું કે તેની સાથેના ત્રણ સાથીઓમાંથી ઝીણા અને સર શફાત મુસલમાન છે, જ્યારે ડૉક્ટર મુંજે હિન્દુ.

આથી પ્રેરાઇને ઉંટના માલિકે ઝીણા અને સર શફાત સાથે વાતચીત કરવાના ઇરાદાથી તેમને અરબ્બીમાં કંઇક પૂછ્યું. પણ એ ભાષા જાણતા ન હોવાથી બન્નેએ બાઘા બની તેની સામે જોયા કર્યું. છેવટે કંટાળી જઇ ઉંટના માલિકે સર તેજને કહ્યું: "આ ચારે જણમાં તમે જ એક સારા મુસલમાન છો."

★

ટૂંકું ને ટચ

ટૂંકું ને ટચ બોલવું કે લખવું કેટલું મુશ્કેલ છે તે બતાવતો અમેરિકાના પ્રેસીડન્ટ વૂડ્રો વિલ્સનનો નીચેનો દાખલો અમેરિકામાં વારંવાર અપાય છે. એમને કોઇએ પૂછ્યું: 'દશ મીનીટ ભાષણ કરવું હોય તો તમારે કેટલી તૈયારી કરવી પડે?'

'બે અઠવાડિયાં.'

'એક કલાક ભાષણ કરવું હોય તો?'

'તો એક અઠવાડિયું.'

'ને બે કલાક ભાષણ કરવું હોય તો?'

'ચાલો, તૈયાર છું.' વિલ્સને કહ્યું.

★

ઝીણાનું ઝેરી માનસ

મહાત્માજીની નમ્રતા અને જનાબ ઝીણાના ઝેરી માનસનો એક દાખલો હમણાં બહાર આવ્યો છે. બીજી ગોળમેજી પરિષદ વખતે બન્નેની મુલાકાત કરાવી આપવા લંડનમાંના એ બન્નેના અંગત મિત્ર જેવા એક અંગ્રેજને ત્યાં ગોઠવણ કરવામાં આવી. કારણ, પાકીસ્તાનની ભાવી પાદશાહતના પ્રેરક ઝીણા મહાત્માજી જ્યાં ઉતર્યા હતા ત્યાં, લંડનના શ્રમજીવી રહેઠાણ ઇસ્ટ એન્ડમાં, જવા તૈયાર નહોતા.

ઝીણાનું સ્વાગત કરવા એ મિત્ર અને મહાત્માજી વહેલા જ ત્યાં પહોંચી ગયા. જનાબ આવ્યા કે તરત ખાણું પીરસવાની શરૂઆત કરવામાં આવી. પળેપળ વિરોધીઓને નીચું દેખાડી પોતાનું ગૌરવ જાળવવાનો પ્રયત્ન કરતા, લઘુગ્રંથિથી પીડાતા જનાબે ટકોર કરી કે: 'આજનો મુખ્ય મહેમાન હું હોઇ મહાત્માજીને અનુકુળ ખોરાક રાંધવા કરતાં મને અનુકુળ આવે એવો ખોરાક રાંધવાની જરૂર તમે કેમ ભૂલી ગયા?'

યજમાનને પોતાને માથે વીજળી તૂટી પડી હોય એવું લાગ્યું. તેણે નમ્રતાથી કહ્યું: 'મહાત્માજી વનસ્પત્યાહારી છે એટલે મેં ... ' ત્યાં તો સૌમ્યરૌદ્ર કરાલકોમલ બાપુ વચ્ચે પડયા ને યજમાનને બાજુના રેસ્ટોરાંમાંથી માંસની કેટલીક વાનીઓ ઝીણા માટે મંગાવી આપવા કહ્યું. હજુ યજમાન નિરાંતનો શ્વાસ ખેંચે તે પહેલાં તો જનાબે પાછી જાત બતાડી. મુખ્ય મહેમાન હોઇ એમને પોતાને અનુકુળ આવે એવું પીણું જોઇશે એમ જણાવ્યું.

યજમાનના બિચારાના તો છાતીનાં પાટીયાં જ બેસી ગયાં. મદિરા અને માંસ તરફ મહાત્માજીને કેટલી ઘૃણા છે તે એના ધ્યાનમાં હોઇ આ સંઘ કાશીએ કેમ પહોંચશે તેનો તેણે ખ્યાલ કરવા માંડયો. પણ સાગર પેટા મહાત્માજી જેમણે પોતાની લાગણીઓ કરતાં અતિથિ ધર્મને ઉંચો ગણ્યો છે તેમણે કહ્યું: 'જરૂર, ઝીણા એ વસ્તુથી ટેવાએલા છે ત્યારે તેમને એ જરૂર મળવી જોઇએ'

મહાત્માજીએ તેમની આવી નમ્રતાથીજ વિરોધીઓને મદીલા અને છોકરા બનાવ્યા છે એમ નથી લાગતું ?

જ્યારે વ્હીસ્કી અને સોડાની બોટલો આવી ત્યારે મહાત્માજીએ જાતે તે ઉઘાડી જનાબને તે પીવડાવવા વિચાર કર્યો. પણ જીંદગીમાં કદિ દારૂ કે સોડા પીધો હોય તો તેની શીશી ઉઘાડતાં આવડે ને ? છેવટે યજમાને તે ખોલી આપી ગાંધીજીને દારૂ પીરસવાના મહા પાપમાંથી ઉગારી લીધા.

ઇતિહાસમાં એક જ આવો દાખલો આપણને મળે છે; ચેલૈયાની કથામાં ભગવાન આવીને તેના પિતાની ભક્તિ પરીક્ષા કરે છે ત્યારે.

★

બે વૃક્ષોની વાત

દૂર દૂર-મલબાર હિલ પર એકલદંડીઆ મહેલમાં એક ઝીણો શો માનવી રહે છે. કોઇ સગુંસાગવું સાથે નથી; સહવાસમાં છે ફક્ત એક બબરચી, એકાદ ડ્રાઇવર અને વનસ્પતિમાં જીવ છે એમ ગણીએ તો બે વૃક્ષો. એક છે તાડ ને બીજું છે વડ.

એક–બીજાથી દશેક વારને અંતરે આવેલા જનાબ ઝીણાના બંગલાના આ ઝાડ પોતે પોતાની ઇચ્છા મુજબ જુદી જુદી દિશામાં પ્રગતિ સાધી રહ્યાં છે. વડ પોતાના સ્વાભાવિક ક્રમ મુજબ બેઠી દડીનો, વેલીઓથી વીંટળાએલો, ટેટાઓથી છવાએલો, મુક્તિગંગા મહાસભા જેવો સર્વને સમાન શીતળતા અને છાંયડો અર્પતો, જાણે કે ઠરેલ, વાયુના ઝોકાંથી કોઇ કોઇ વાર નમી પડતી ડાળીઓથી નમ્રતા સૂચવતો કોઇ જુગજૂના ઋષિ–મુનિ શો ઊભો છે.

બીજીબાજુ અરબસ્તાનનું સૂચક વૃક્ષ તાડ એકલું, અટુલું, વેલી, વિટપ કે ડાળીઓથી વીંટળાયેલું નહિ એવું, ઉન્નત મસ્તકે અક્કડ ઊભું છે.

મીઠો છાંયડો કે શીતળતા લોકોને એણે કદિ આપ્યાં નથી. લોકોએ એની પાસે એવી આશાયે રાખી નથી. સુક્કા ઠુંઠા જેવો,

ચિરાગેલ'બુસ્તાન માફક એ ઊંચાને ઊંચો વધતો ગયો છે: દઢતા અને અભિમાનપૂર્વક, પડોશીઓનાં સુખદુઃખની પરવા કર્યા વિના.

જે બંગલાની હદમાં એ ઉગ્યો છે તે બંગલાના માલિકના માનસની છાપ જાણે એના પર ઉપસી આવી હોય એમ લાગે છે. કે પછી એ જુદા જુદા વિકાસ પરથી એ વૃક્ષોએ પોતાના માલિકને જુદા પડવાનો સિદ્ધાંત તારવા પ્રેર્યા હશે. !

★

તિલકની દીર્ઘદૃષ્ટિ

એકવાર લખનઉથી નરમ દળવાળા એક કાર્યકર્તા લોકમાન્યને મળવા આવ્યા. તેઓ ગુસ્સે થઈ લોકમાન્ય પર કોંગ્રેસમાં ભાગલા પડાવવાનો આક્ષેપ મૂકવા માંડયા: 'તમને ખબર છે કે હિંદુઓ વિરુદ્ધ સંગઠન કરી મુસ્લીમો મુસ્લીમ–સામ્રાજ્યવાદી આંદોલન શરૂ કરવાની તૈયારીમાં છે ?"

લોકમાન્યની આંખ ચમકી ઊઠી: 'તમે બરાબર જાણો છો ?" એમણે પૂછ્યું.

"અમે એમના પત્રો જોયા છે. અહીં હિંદુઓમાં તમે ભાગલા પડાવી રહ્યા છો અને ત્યાં તેઓ આપણને કચડી નાખવા સંગઠિત થઈ રહ્યા છે."

લોકમાન્ય હસ્યા. એ હાસ્ય અવર્ણનીય હતું. "ત્યારે તો આપણી આઝાદી ઘણી નજીક છે. શું તમે નથી જાણતા કે જે ક્ષણે મુસ્લીમો સંગઠિત થશે તે જ ક્ષણે સરકાર તેમના પર તૂટી પડશે ? અને જે ક્ષણે સરકાર એમના પર તૂટી પડશે તે ક્ષણે જ તેઓ આપણી સાથે એક થઈ જવાના ?"

★

મત અને મતા

રાજકારણ એ એક કળા છે. તેમાં શ્રીમંત અને શ્રમજીવીને એક બીજાથી બચાવવા પહેલા પાસેથી મતા અને બીજા પાસેથી મત પડાવવામાં આવે છે.

★

[૬૫]

વિઠ્ઠલભાઈની મુત્સદ્દીગીરી

૧૯૨૭ માં સર જહોન સાયમન પોતાના કમિશનના પ્રમુખ તરીકે હિંદમાં આવ્યો હતો. પોતાને બહુ મોટો માનવી ધારીને, બ્રિટિશ વિવેક નીતિ પ્રમાણે જે બીજાને મળવા માગતો હોય તેણે જાતે એની પાસે જવું જોઈએ એ રૂઢીને પણ તુચ્છારી તેણે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલને મળવા જવાને બદલે 'એમણે મને મળવા આવવું જોઈએ' એવી હઠ પકડી. વિઠ્ઠલભાઈ પટેલ તે વખતે વડી ધારાસભાના પ્રમુખ હતા. એમણે સાયમનની એ માગણીનો અસ્વીકાર કર્યો. એથી કેટલાક મિત્રોએ વચલો માર્ગ શોધી કાઢયો કે, સાયમન વિઠ્ઠલભાઈને મળવા એમને ત્યાં આવે, તે વખતે વિઠ્ઠલભાઈ જાણીબુઝીને ઘરમાં ન રહે. પછી પોતે વળતી મુલાકાતે જતા હોય તે રીતે વિઠ્ઠલભાઈ પટેલે સાયમનની મુલાકાતે જવું. એ વાત બેઉએ સ્વીકારી. પછી ઠરેલા ધોરણ પ્રમાણે સાયમન પટેલના નિવાસસ્થાને એમની મુલાકાત માટે ગયા અને અંદર પોતાનો 'પરિચય પત્ર' (વીઝીટીંગ કાર્ડ) મોકલાવ્યો. સાયમને તો ઠરેલી ગોઠવણ પ્રમાણે માનેલું કે ચપરાસી આવીને કહેશે: "પ્રમુખ સાહેબ ઘેર નથી." પરંતુ એની અજાયબી વચ્ચે તેણે તો આવીને કહ્યું કે: "પ્રમુખ સાહેબ સ્નાન કરે છે, થોડા વખતમાં તેઓ આવી પહોંચશે. બેસો!" પછી તો ફરજિયાત બેઠા વિના સાયમનનો આરો નહોતો. કેમકે તેણે એક વખત કાર્ડ મોકલાવ્યું અને 'થોભો આવું છું" એવો જવાબ મળી ગયો પછી ઉપાય શું?

થોડોક વખત પસાર થયો તે પછી સીધા સ્નાનગૃહમાંથી નીકળેલા વિઠ્ઠલભાઈ, માત્ર એક ટુવાલ વીંટી હવામાં સફેદ દાઢી ફરફરાવતા, નિર્દોષ બાળકસમું હાસ્ય કરતા રાહ જોતા સર સાયમન આગળ મળવા માટે આવીને ઉપસ્થિત થયા.

★

ખાત્રી કરી જુઓ.

અમેરિકાના એક વખતના પરદેશમંત્રી રિચર્ડ ઓલ્નીને ધખારો હતો કે પરદેશોમાં મોકલાતા એલચી પસંદ કરતી વેળા જે એલચી તે દેશની ભાષા જાણતો હોય તેને પહેલી પસંદગી આપવી. એક વાર ચીનના એલચીખાતામાં જોડાવા માટે એક ઉમેદવાર આવ્યો તેને તેમણે પૂછ્યું: " તમે ચીનની ભાષા જાણો છો ? "

" સારી પેઠે. તમે એ ભાષામાં એકાદ સવાલ પૂછી ખાત્રી કરી જુઓ." એને તરત નીમવામાં આવ્યો. પરદેશમંત્રી એ ભાષા જાણતા નહોતા.

★

ઘીમાં તળાવું ગમે કે તેલમાં ?

ઇંગ્લેન્ડમાં ઓક્ષફર્ડ યુનીઅનના પ્રમુખ શ્રી. સતીશ કાલેલકરને એક અંગ્રેજ ઉમરાવે પૂછ્યું : " તમે અંગ્રેજોને વખોડો છો તો શું તેમને બદલે જર્મની કે જાપાનને પસંદ કરશો ? "

" તમે ઘીમાં તળાવાનું પસંદ કરશો કે તેલમાં ? એના જેવો આ પ્રશ્ન છે." સતીશે જવાબ આપ્યો.

★

જાણે પાણીનો રેલો !

વિન્સ્ટન ચર્ચીલ એક મહાન વકતા છે. કદાચ વિલાયતનો સર્વશ્રેષ્ઠ વકતા એ જ છે. પણ એણે જાહેર જીવન શરૂ કર્યું ત્યારે એનું ભાષણ અચકાતું અચકાતું, મુસીબતે થતું. એક દહાડો માંચેસ્ટરમાં સભા હતી. એ ને એનો સાથી વકતા લોર્ડ સેલીસબરી મોટરમાં બેસીને સાથે ત્યાં જતા હતા. વાતમાં ને વાતમાં લોર્ડ સેલીસબરીએ કહ્યું: 'દોસ્ત, તને મનમાં ગભરામણ થતી લાગે છે, નહિ ?'

વિન્સ્ટને કહ્યું: 'હા, ખરેખર થાય છે.'

ડોસાએ કહ્યું: 'જો દીકરા, ગભરાવું નહિ. હું તને કરામત બતાવી દઉં. હું જ્યારે બોલવા ઉભો થાઉં છું, ત્યારે ઉભો થઇને શ્રોતાગણ તરફ એક નજર નાંખી લઉં છું. પછી મનમાં ગણગણું છું: 'કેવા બેવકૂફો બધા ભેગા થયા છે! નર્યા મુરખાઓ!' બસ તે પછી ઝીકવા માંડું છું તે ચાલે છે જાણે પાણીનો રેલો!'

★

રૉથ્સચાઇલ્ડનો સામ્યવાદ

પ્રસિદ્ધ ધનકુબેર લૉર્ડ રૉથ્સચાઇલ્ડને ત્યાં એકવાર ત્રણ–ચાર સામ્યવાદીઓ જઇ ચડયા અને સમાનતા પર અને દ્રવ્યની અસમાન વહેંચણી પર ભાષણ ભરડવા માંડયા. તેમને આટલી બધી દોલત ધરાવવાનો કંઇ હક્ક નથી એમ જોરશોરથી કહેવા લાગ્યા.

ભાષણ સાંભળી રહ્યા પછી રૉથ્સચાઇલ્ડ ચુપચાપ એક કાગળની ચબરખી પર કંઇ હિસાબ ગણવામાં પરોવાયા. ને તે પૂરો થયે તેણે દરેક સામ્યવાદીના હાથમાં બબ્બે પેન્સ મૂકયા.

આશ્ચર્ય પામી પેલાઓએ આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે રૉથ્સચાઇલ્ડે કહ્યું કે "મારી દોલતને મેં દુનિયાની વસ્તીથી ભાગી નાખી છે. એ હિસાબે દરેક જણને ભાગે બે પેન્સ આવે. તમે તમારો ભાગ લેતા જાઓ. ને બીજાઓ તેમનો ભાગ લેવા આવશે ત્યારે તેમને પણ આપતો રહીશ."

★

સગવડીઓ સામ્યવાદ

રોથ્સચાઇલ્ડનો નોકર આલ્ફોન્ઝે સામ્યવાદમાં ગણો રસ લેતો. પણ એનો સામ્યવાદ ચર્ચા, દલીલ, વાંચન અને સભાઓથી આગળ વધતો નહિ. એટલે બેરન તેના રાજકીય મત માટે વાંધો ઉઠાવતા નહિ.

કેટલાક દિવસો પછી બેરનને આલ્ફોન્ઝેનો હૃદયપલટો થયો હોય એમ લાગ્યું. એ પક્ષની અઠવાડિક સભાઓમાં હવે જતો નહિં; ન તો

સામ્યવાદની ઝનુની દલીલો કરતો. બેરને કારણ પૂછતાં તેણે જણાવ્યું કે: "એક સભામાં અમારા સામ્યવાદી વડાએ જણાવ્યું હતું કે ફ્રાન્સની બધી દોલત જો સરખે ભાગે વહેંચવામાં આવે તો બધાને બબ્બે હજાર ફ્રાંક મળે.'

'પણ એમાં તને શું આડું નડ્યું?' બેરને પૂછ્યું.

'મારી પાસે પાંચ હજાર ફ્રાંક છે!'

★

"યાવત્ વાનરીવાનરૌ."

જીબ્રાલ્ટર એ સ્પેનમાં આવેલું બ્રીટીશ તાબાનું દરિયાઈ મથક છે. એનાં સંરક્ષણ માટે પાયદળ, નૌકાદળ અને હવાઇ દળ રાખવામાં આવ્યું છે. તે ઉપરાંત બ્રીટીશ સામ્રાજ્ય ટકી રહે એ માટે કેટલાક વાંદરાં પણ ત્યાં વસાવવામાં આવ્યાં છે.

અંગ્રેજોએ જ્યારે જીબ્રાલ્ટરનો કબજો લીધો ત્યારે ત્યાં મૂળ વતનીઓ ઉપરાંત આફ્રિકાથી આવી વસેલા ઘણાં વાંદરાં પણ હતાં. વખત જતાં જીબ્રાલ્ટરના મુળ વતનીઓમાં એવી વહેમી દંતકથા પ્રચલિત થઇ કે જ્યાં સુધી જીબ્રાલ્ટરમાં વાંદરાં હશે ત્યાં સુધી જ બ્રીટીશ સામ્રાજ્ય ટકશે.

૧૯૩૦માં ત્યાંની વાંદરાંની વસ્તી પાતળી પડતી ગઇ અને ફક્ત બે જ વાંદરાં રહ્યાં. આથી મૂળ વતનીઓમાં અસંતોષ જાગ્યો. લશ્કરી અધિકારીઓ ચિંતાતુર બન્યા અને આફ્રિકામાંથી ૩૦ વાનરદંપતીને પકડી મંગાવ્યાં.

જ્યારે એ વાનરદંપતીઓએ જીબ્રાલ્ટરમાં 'ઘર માંડ્યું' ત્યારે જ દેશી અને અંગ્રેજી અધિકારીઓનાં હૈયાં હળવાં થયાં.

★

ચર્ચીલનું ચાતુર્ય

આરામ લઇ તાજા થવાની મી. ચર્ચીલની રીત અનેરી જ છે.

કામકાજથી થાકે કે ગમે તેવો વખત હોય, એ ગરમ પાણીના ટબમાં નહાવા પડશે. ને પછી નગ્ન દશામાં પીઠ પાછળ હાથ મૂકી ઓરડામાં આંટા માર્યા કરશે.

વ્હાઇટહોલમાં એક વાર પ્રેસીડન્ટ રૂઝવેલ્ટ તેમને મળવા ગયા ત્યારે તેઓ આવી દશામાં આંટા મારતા હતા. છોભીલા પડી જઇ પ્રેસીડન્ટ પાછા જતા હતા ત્યાં તેમણે કહ્યું. 'આવો પ્રેસીડન્ટ, ભલે પધાર્યા. મેં તમને અવારનવાર કહ્યા કર્યું છે તેમ અમો બ્રિટિશરોને તમો અમેરિકનોથી છૂપાવવા જેવું કંઇ નથી.'

★

શું સાચું?

પાર્લામેન્ટના સભ્ય મી. શેરીડને તેના વિરોધીને જૂઠો કહ્યો ત્યારે સ્પીકરે તે માટે માફી માગવા જણાવ્યું.

શેરીડને કહ્યું: "મી. સ્પીકર, મેં કહેલું કે આપણા આ માનનીય સભ્ય જુઠા છે એ સાચું છે અને એ માટે હું દિલગીર છુ."

વિરોધી સભ્યે વાંધો લીધો કે "આ વાકયરચના દ્વિઅર્થી છે. મારે ચોકખા શબ્દોમાં માફી જોઇએ."

'સાહેબ,' શેરીડને કહ્યું; 'આપણા માનનીય સભ્ય પોતાના જ્ઞાન મુજબ એનો અર્થ કરી શકે છે અને એમને યોગ્ય લાગે ત્યાં અલ્પ-વિરામ મૂકી શકે છે.'

★

સૌંદર્યો વેડફી દેતાં—

બ્રહ્મદેશમાં ગયેલા અમેરિકન લશ્કરીઓનો મત છે કે બ્રહ્મદેશ સ્વરાજને માટે સંપૂર્ણ લાયક છે કારણ કે બ્રહ્મી સ્ત્રીઓ ઘણી સુંદર છે.

કલાપીએ એટલા જ માટે કહ્યું હતું ના કે :—

'સૌંદર્યો વેડફી દેતાં ના ના સ્વરાજ્યો મળે,
સ્વરાજ્યો પામવા પહેલાં, સુંદર બનવું પડે!'

★

આ લડાઇ ક્યારે પૂરી થશે?

ગયા વિશ્વયુધ્ધમાં માર્શલ ફોકના શોફર મોન્સ્યો પીઅરેને એના મિત્રો "આ લડાઇ ક્યારે પૂરી થશે? માર્શલ સાથે રહેતો હોવાથી જરૂર તને ખબર હોવી જોઇએ." એમ વારંવાર પૂછી એનો જીવ ખાતા.

"જેવો મને માર્શલ તરફથી આ બાબત ઇશારો થશે કે હું તમને ખબર કરીશ" કહી પીઅરે તેમને શાંત પાડતો.

એક દિવસ એ મિત્રો પાસે દોડી ગયો: "માર્શલ આજે લડાઈ બાબત બોલ્યા."

"શું કહ્યું એમણે?"

એમણે કહ્યું: "પીઅરે, તું શું ધારે છે? આ લડાઇ ક્યારે પૂરી થશે?!"

★

વિગતવાર અહેવાલ

અમેરિકાના પ્રેસીડન્ટ લિંકનને વિગતવાર અહેવાલો મેળવવાની ભારે લગની હતી. લડાઇ ચાલતી હતી તે દરમિયાન તેમણે સેનાપતિને રોજ વિગતવાર અહેવાલ મોકલવા હુકમ કરેલો. એક દિવસ તાર આવ્યો: "હમણાં જ દુશ્મનની છ ગાયો પકડાઈ છે. શું કરવું?"

લિંકનમાં હાસ્યવૃત્તિનો અભાવ નહોતો. તેણે જવાબ વાળ્યો: 'પેલી ગાયોના સંબંધમાં. એમને દોહી લ્યો!'

એક અંગ્રેજ ઉમરાવ એક વાર લિંકનને ઘેર મુલાકાતે ગયો. ત્યાં લિંકનને તેમના જોડાને પૉલીશ કરતા જોઇ કહ્યું, 'અંગ્રેજો કદિ પોતાના બૂટ પૉલીશ કરતા નથી.'

'ત્યારે તેઓ કોના બૂટ પાલીશ કરે છે?' લિંકને ધીરે રહી મમરો મૂક્યો.

★

મઝેદાર વસ્તુ

ભૂખમરાના દિવસોમાં કલકત્તાની સડકો પર ફરવા નીકળેલો ત્યારે મેં જોયું તો એક છબીકાર એક રાજમાર્ગ પર સડતી લાશો અને મરવા પડેલા હાડપીંજરોની છબી લઇ રહ્યો છે. એનાથી થોડે જ દૂર એક ચિત્રકાર થોડા નર–કંકાલોનાં રેખાચિત્રો તાણી રહયો છે. પાસે એનો મિત્ર ઊભો ઊભો કોઇ વાર એ સ્કેચ ઉપર તો કોઇ વાર એ જેના પરથી દોરાઈ રહ્યું છે તે હાડપીંજરો તરફ એકાદ નજર નાખી લે છે.

ફોટો લીધા પછી છબીકારે એક સિગારેટ સળગાવી. અને નવી 'વસ્તુ'ની શોધમાં આગળ ચાલ્યો. ચિત્રકારે કાગળ–પેન્સીલ ખીસ્સામાં નાખ્યાં અને મિત્ર તરફ જોઇ કહ્યું 'યાર, ચીજ તો ખાસી મઝેદાર બનશે !'

અને બન્ને આગળ ચાલ્યા.

★

ફરિયાદ ટળી ગઇ હશે !

ડિઝરાયલી કહેતો: 'જ્યારે હું કોઇને મળું પણ એનું નામ યાદ ન આવે તો બે મીનીટ વિચાર કરૂં છું. છતાં સફળ ન થાઉં તો છેવટે 'કેમ, તમારી પેલી ફરિયાદ હવે ટળી ગઇ હશે, નહિ ?' એમ પ્રશ્ન કરૂં છું. દરેકને તબીઅતની કંઇ ને કંઇ ફરિયાદ તો હોય છેજ.'

★

જીવી નાખવું પડશે...!

શ્રી. ગગનવિહારી મહેતા કંઇ કારણસર ઓગસ્ટ ૧૯૪૧ માં ગાંધીજીને મળવા વર્ધા ગએલા. સાંજે ગાંધીજી સાથે ફરતા હતા ત્યાં પાંચ વાગે આખા સેવાગ્રામમાં સંભળાય એવો ઘંટ વાગ્યો. સહેજ હસીને ગાંધીજીએ શ્રી મ્હેતાને કહ્યું: "આ ઘંટ શા માટે થયો, જાણો

છો? આ લોકોનું માનવું છે કે હું માનસિક શ્રમ પ્રમાણમાં વધુ કરું છું. તેથી મારી શકિત ઘટી જઇ તેની અસર મારા આયુષ્ય પર થવા સંભવ છે. તેથી સાંજે પાંચ વાગતાં જ મારે લેખન-વાચન કે બીજો માનસિક શ્રમ કરવો છોડી દેવો જોઇએ એવો આશ્રમવાસીઓનો આગ્રહ છે. આ રીતે આ લોકો મને વધુ જીવાડવા ઇચ્છે છે, પણ હું એમ મરું એવો નથી. તમને ખબર છે? અહીંના એક જ્યોતીષીએ મારો હાથ જોઇ આપી કહ્યું છે કે હું ૧૦૦ વર્ષ જીવીશ. કંઈ નહિ તો એ જ્યોતીષીને ખોટા ન પાડવા ખાતર પણ મારે સો વર્ષ જીવી નાખવું પડશે!" કહી ગાંધીજી ખડખડાટ હસી પડયા.

★

ખચ્ચરની ખાંભી

ફ્રાંસમાં લશ્કરની ગાડી ખેંચતા એક ખચ્ચરની કબર-ખાંભી પર નીચે પ્રમાણે કોતરેલું છે:

'મેઝીની પુણ્યસ્મૃતિમાં,

'જેણે લશ્કર માટે સેવા કરતે કરતે બે કર્નલ, ચાર મેજર, દશ સરદાર, ૨૪ લેફ્ટેન્ટ, ૪૨ સાર્જન્ટ, ૪૩૨ સૈનિક અને મીલ્સ પદ્ધતિના એક બોમ્બને પોતાની લાતો વડે અભિષેકયા હતા.'

★

ગાંધીજીની ગોદડી

આશ્રમના એક દરદી માટે શિયાળામાં ઓઢવા એક ગોદડી તૈયાર કરવામાં આવતી હતી. કસ્તુરબાની જૂની ફાટેલી સાડીઓ આ માટે એકઠી કરવામાં આવી. ગાંધીજીએ પોતાને હાથે એનું માપ લીધું; કેટલું કપડું જોઇશે એ નકકી કર્યું. ગોદડીમાં રૂની જગાએ જૂનાં છાપાંની પસ્તીની એક ઉપર બીજી થડી મૂકી તેને કપડાં સાથે શીવી લેવામાં આવતી. આમ ગાંધીજીની નજર નીચે જ આખી ગોદડી તયાર થઇ.

જાણે પોતાનીજ ગોદડી શીવાતી હોય એટલો રસ ગાંધીજીએ એમાં લીધો. પાસે ઉભેલા બિરલાજીને એમણે કહ્યું : 'આ છાપાં રૂ કરતાં વધુ ગરમ છે.'

આ ગરીબ દેશમાં કોઇ પણ રીતે બે પૈસાનો બચાવ થાય એવા ઘરગથ્થુ અખતરા ગાંધીજી અવારનવાર કરે છે. છાપાંની ગોદડી બનાવવી એ તેમાં નવો ઉમેરો છે. ને છાપાં રુ કરતાં વધુ ગરમ છે એની કોણ ના પાડી શકશે ? છાપાંઓની ગરમી ભલભલી સલ્તનતોનેય ઉથલાવી પાડે છે. એટલે તો એને મ્હોંએ સેન્સરના ડૂચા દેવા પડે છે. તો આ છાપાંની ગરમી સામે શિયાળુ પવન ક્યાં સુધી ટકી શકે ? પણ ગાંધીજીની આ શોધ મૌલિક નથી. કલકત્તા-મુંબઇ જેવા મોટા શહેરોમાં જેમને રહેવા ઘર નથી એવા ફૂટપાથ પર સૂઇ રહેનારા શ્રમજીવીઓ શિયાળામાં બીજું કંઈ ન મળે તો સીનેમાનાં મોટાં મોટાં પોસ્ટરો ભીંતેથી ઉખેડી ઓઢે પાથરે છે એ તો જાણીતી વાત છે. એ વાતને ફક્ત કલાત્મક ગોદડી રૂપે શીવી લેવામાં જ ગાંધીજીની મૌલિકતા છે. પણ શ્રમજીવીઓનો આ નૂસખો વર્ધાનો વાણીઓ કેમ જાણી ગયો હશે ? કદાચ શ્રમજીવીનો સાદ આશ્રમજીવી તરત સમજી જતો હશે.

ગાંધીજીએ તો છાપાંની ફક્ત ગોદડી જ કરી. પણ હંગેરીના મી. હેનરી રોજ બે છાપાં ખરીદે છે. એક પોતાને વાંચવા માટે અને બીજું એમની શ્રીમતિના ભોજન માટે.

વર્ષોથી મીસીસ હેનરી ફક્ત છાપું ખાઇને જ રહે છે. બીજો ખોરાક એમને ફાવતો કે ભાવતો નથી. એમનું કહેવું છે કે છાપાંનું ભોજન પાચક અને રેચક છે. તદુપરાંત એ ચામડીને સુંદર, મુલાયમ અને ગુલાબી રાખે છે.

★

ગાંધીજીની સાધના

ઘનશ્યામદાસ બિરલા બીજી ગોળમેજી પરિષદનાં સંસ્મરણોમાં લખે છે કે તેઓ ગાંધીજી સાથે લંડનમાં મીસ મ્યુરિયલ લીસ્ટરને ત્યાં

ઉતર્યા હતા ત્યાં કેટલીક સ્ત્રીઓએ આવી પોખરાજનો એક હાર ગાંધી-જીના પગ પાસે મૂકયો. ગાંધીજીના પૂછવાથી તેમાંની એકે કહ્યું : ' આ હાર ૧૮૫૭ના બળવાને દાબવા નીકળનાર અમારા લશ્કરી પૂર્વજોએ હિન્દુસ્તાનમાંથી કેટલુંક ઝવેરાત અંધાધુંધીનો લાભ લઇ લૂંટી આણ્યું હતું તેમાંનો છે. પેઢી દર પેઢી એ અમને વારસામાં મળ્યો છે. પણ આજે તમારી સાધના ને તપ જોઇ તમારા દેશમાંથી લૂંટેલું ધન રાખવા હૈયું કબુલ કરતું નથી.

ગાંધીજીએ હાર સ્વીકારી લીધો.

★

તજકણ

★ મેક્ષીકો દેશવાસીઓ પોતાની સરકાર સામે કંઇ ફરિયાદ હોય તો તે તારથી મફત મોકલી શકે છે; વીસથી વધારે શબ્દમાં તેમાં ન હોવા જોઇએ.

કેટલાકોએ આ બાબત જ ફરિયાદ કરી છે!

★ હિન્દમાં પાકીસ્તાન સ્થપાઇ ગયા પછી બાકી રહેલા પ્રદેશને શું કહેવામાં આવશે ?

બાકીસ્તાન, બીજું શું !

★ બર્મામાં દુરીયન નામે એક જાતનો હલવો બને છે જે ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે, પણ બહુ ગંધાય છે. તેની ગંધ દૂર કરવા તે ખાધા પછી ત્યાં થતું મંગુસ્તાન નામનું ફળ ખાવાની લોકો સલાહ આપે છે.

છતાં બર્માના લોકો પોતાના દેશનું નામ મંગુસ્તાન પાડવા આગ્રહ નથી સેવતા એ આશ્ચર્ય ભર્યું છે!

★ 'માતૃભૂમિની સેવા અર્થે જેલમાં આવ્યા છો કે રોટલામાં માટી છે તેની ફરિયાદ કરવા ?' જેલ સુપ્રીન્ડન્ટે પૂછ્યું.

'માતૃભૂમિની સેવા કરવા; માતૃભૂમિને ખાવા નહિ.' સત્યાગ્રહી કેદીએ જવાબ આપ્યો.

★ પ્રજામાં પોતાનો વટ ન જાળવી શકનારાજ વટ–હુકમોથી રાજ ચલાવવું પસંદ કરે છે.

★ કેટલાક કહેવાતા પ્રજા પ્રતિનિધિઓનું ધ્યાન પ્રજાને નામે પોતાના નિધિ ભરવા પ્રતિ જ હોય છે.

★ સીધા કહો તો **ઝીના**
ઉલટા કહો તો **નાઝી**.

★ 'આ સરકારી ખબરખાતું છે.'
'રોજની કેટલી ખબરો ખાઇ જાય છે?'

★ 'આવડું મોટું મકાન કોનું છે?'
'સરકારી ખબરખાતાનું.'
'ત્યારેજ. અણગમતી ખબરો સંઘરી રાખવા માટે એવડા મકાનની જરૂર પડેસ્તો!'

★ રાષ્ટ્રની દરેક યોજનામાં સહકાર આપવાની '**જી, ના**' કહેનારનેજ **જીન્ના** કહેતા હશે?

★ 'કાલે સરઘસમાં તમને લાઠીમાર પડ્યો તે મેં હમણાંજ જાણ્યું.'
'મને તો ગઇ કાલથી ખબર છે!'

★ **થોડું લખ્યું ઝાઝું કરીને વાંચશો —**
સેન્સર થયેલા ખબરો!

★ નેપોલીઅન કદિ કાંદો ખાતો નહિ. પણ લિપઝિગની લડાઇ વખતે એને મેંઢાના માંસ સાથે કાંદો ખાવાની ઇચ્છા થઇ. ખાધો, ને ઇતિહાસકારો કહે છે કે એનો કાંદો નીકળી જવામાં આ બાબત કારણભૂત હતી.

સિંગાપુરના સાચવનારાઓએ કાંદો ખાધેલો કે નહિ તે જણાયું નથી!

★ બે બાળકો વાત કરતા હતા.
'મારા બાપુ ઘોડેસ્વાર સિપાઇ છે.' એકે કહ્યું.

'મારા બાપુ પણ સિપાઇ છે.' બીજાએ કહ્યું.

'એમાં શું વળે? કંઇ તોફાન થાય તો મારા બાપુ ઝટ નાસી જઇ શકે ને?' પહેલાએ કહ્યું.

★ મેઘધનુષ અને પોલીસ વચ્ચે ઘણું સામ્ય છે. બન્ને તોફાન શમી ગયા પછી દેખા દે છે.

★ અકબરના રાજમાં લોકો અમન-ચમન ઉડાવતા.
ને અંગ્રેજના રાજમાં દમન—ચમન?

★ અમેરિકાના પ્રવાસે ગયેલા હિન્દીને ત્યાંના ભોમીઆએ ગર્વથી 'સ્ટેચ્યુ ઓફ લીબર્ટી' બતાવતાં કહ્યું, 'આ અમારી સ્વાતંત્ર્ય દેવીછે.'

'અમારે ત્યાં પણ મૃત દેવીઓની મૂર્તિઓ ઉભી કરવાનો રિવાજ છે.' હિન્દીએ મર્મ કર્યો.

★ કેટલાક વણ નોતર્યા પરદેશી મહેમાનોને આપણે હવે કહી દેવું જોઇએ કે :—**LEAVE AND LET LIVE.**

★

'જગતની સંસ્કૃતિ ટકાવી રાખવા લડાતા આ યુધ્ધમાં તમે કેમ ભાગ લેતા નથી?' એમ કોઈ રાજકીય નેતાએ ઓક્સફર્ડના એક પ્રોફેસરને ૧૯૧૪-૧૮ની લડાઇમાં પૂછેલું.

'હું પોતે જ સંસ્કૃતિ છું, ને મારા રક્ષણ માટે તો આ યુધ્ધ ચાલે છે. એટલે એમાં કપાઈ કે સળગી મરવા હું શા માટે જાઉં?' એણે જવાબ આપ્યો.

હિન્દ જગત સંસ્કૃતિઓનું ધામ છે. એના રક્ષણ માટે આ યુધ્ધ ચાલી રહ્યું છે એમ આપણને વારંવાર કહેવામાં આવે છે. હિન્દે

શા માટે.......

★ અંગ્રેજો હિન્દમાં આવ્યા ત્યારે તેમનો પ્રથમ દુભાષીઓ રતન સરકાર નામે એક ધોબી હતો.

ત્યારથી અંગ્રેજો હિન્દ વિષે પોતાનું જ્ઞાન ધોબી માફકજ ઝીંકે જાય છે.

★ સામાન્ય માન્યતા છે કે સૈનિકની પહેલી ફરજ પોતાના દેશ માટે મરી ફીટવાની છે. એ ભુલ ભરેલી છે. તેની પહેલી ફરજ તો દુશ્મનો તેમના દેશ માટે મરી ખૂટે એવું કરવાની છે.

★ A politician's greatest asset is his lie-ability !

★ There are two main political parties in India; one organizes ryots, the other riots,

★ કાયદાની અવનવી કલમોથી આપણા પર રાજ ચલાવતી પદ્ધતિને આપણે નાહક શાહીવાદ કહી વગોવીએ છીએ. તેને તો કલમ વાદ જ કહી શકાય.

★ જાણીતા અંગ્રેજ લેખક સી. એફ. બ્રાઉને એક ભાષણની શરૂઆતમાં પ્રમુખને ઉદ્દેશીને કહેલું કે—

Sir, I am not a politician and my other habits are good !

★ The most promising career is of a politician.

★ A merciful providence has fashioned us a hollow;

In order that we might our principles swollow.

★

★ 'સંગીત કોમી ઐક્ય સાધવાનું ઉત્તમ સાધન છે.' સંગીતકારો કહે છે.

જનાબ ઝીણાએ પોતાને માટે second fiddle પસંદ કરી લીધી છે.

★ ગૃહજીવન જેવું હોતું નથી એટલે ઘણા જાહેર જીવનમાં ઝંપલાવે છે; ઘણાને જાહેર જીવનને લીધે ગૃહજીવન જેવું કંઇ રહેતું નથી.

★ કેટલાકોને સભાક્ષોભ થાય છે —
ને કેટલાકોથી સભાને.

★ 'કચ્છના રાજાને 'મહારાવ' શા માટે કહેવામાં આવે છે?' એક પ્રશ્ન.

કચ્છી બોલીમાં 'રાવ'નો અર્થ ફરિયાદ થાય છે; અને કોણ કહે છે કે રાજાઓ આપણી મહા'રાવ' નથી?

★ કેટલાક નેતાઓ ફળાહાર પર રહે છે ...
ને કેટલાક ફાળાહાર પર!

★ In politics, truce is stranger than friction.

★ સુંદર શરૂઆત કરેલું અને સુંદર રીતે અંત આણેલું વ્યાખ્યાન લોકોનાં હૃદય જીતી લે છે.

આ શરૂઆત અને અંત વચ્ચે ગાળો જેટલો ઓછો તેટલી શ્રોતાઓની ઓછી ગાળો.

★ 'જો જૂદા જૂદા પ્રાંતો, જાતિ કે ભાષા પ્રમાણે હિંદના ભાગલા પાડવામાં આવશે તો હિંદના બે નહિ, બાવીસ ટૂકડા બની જશે.' એક નેતા.

ને એ બધા ટૂકડા ટૂકડા માટે મોહતાજ બની જશે.

★ રાજનીતિમાં જ્યારે તમને થાબડવામાં આવે ત્યારે સમજવું કે ક્યાં ઘા કરવો તેનું સામા પક્ષને સૂચન અપાઇ રહેલ છે.

★ છેલ્લા મહાયુદ્ધની સંધિ ૧૯૧૮ ના નવેમ્બરની અગીઆરમી તારીખે થઇ તેના માનમાં તે દિવસે બે મિનિટની શાંતિ જળવાય છે.

તે અત્યાર સુધી દુનિયામાં ફક્ત તે જ બે મિનિટ શાંતિ જળવાઈ રહે છે.

★ બ્રીટને જ્યારે ઝેકોસ્લોવેકિયાને મદદ કરવાની જાહેરાત કરી ત્યારે હબસીનીઆના રાજા હેઈલે સીલાસીએ તેના પ્રમુખ મી. બેનેસને તાર કરેલો; 'બ્રીટને તમને મદદ કરવાનું જાહેર કર્યું છે. મારી સહાનુભૂતિ સ્વીકારશો.'

★ **A Candidate for any seat is asked to stand, he wants to sit, and is expected to lie.**

★ બે નેતાઓ વચ્ચે તારથી નિવેદનોની આપ-લે થાય તે માટે મરાઠીમાં "તારાતારી" શબ્દ વપરાય છે.

અને એના અનુસંધાનમાં 'ગાળાગાળી, મારામારી' આવી જ જાય છે.

★ સ્વમાન માટે કરાતા જાપાનીસ પ્રકારના આપઘાત "હારીકીરી" ને આપણે જાપઘાત ન કહી શકીએ?

★ ઠોઠ વાઇસરોયને વટહુકમ ઘણા.

▼

અખો : એક અધ્યયન

અખાના સાહિત્યનું અધ્યયન કરતાં મને તેમાં લીગના રાજકારણ પર પ્રકાશ પાડતા કેટલાક છપ્પા હાથ લાગ્યા છે જે અખાનો રજકારણમાં કેટલો જીવંત રસ હતો તે દર્શાવી તેને દૃષ્ટા તરિકે પૂરવાર કરે છે.

એક ઝીણાને એવી ટેવ, મુસ્લીમ લીગને જ દેખે દેવ,
કોંગ્રેસ પેખી પાડે ત્રાડ, ગાંધી દેખી કાઢે ગાળ,
રાજકારણમાં લાતમલાત, અખા એ તો મહા ઉત્પાત.

★

કોમીવાદ બ્રીટનનો જણ્યો, ઝીણાએ પોતાનો ગણ્યો,
ઓછું પાત્ર ને અદકું ભણ્યો, મોટો થઇ માતાને નડયો,
અખા એની કહું શું વાત, મેંડક પેટ ફૂલાવે માત્ર.

★

ધન હરે ધોખો નવ હરે, મુસ્લીમ મોવડી થઇને ફરે,
પાકીસ્તાનની વાતો કરે, નક્કર યોજના નવ કંઇ ધરે,
અખા એ તો અંધારો કૂવો, તાગ લેનારો ડૂબી મૂઓ.

★

કોમીવાદનું વહાણ જ કર્યું, પાકીસ્તાનને નામે તર્યું,
અંગ–સીંધ એ વહાણે ચડયાં, વેરઝેરમાં જઇને પડયાં,
(જયમ) નાર નાનકડી હવું પ્રસુત, (ત્યમ) કોએલીશન મીનસ્ટ્રી તુત.

▼

આઝાદીનો વારસદાર

(શ્રી. મેઘાણીના "તલવારનો વારસદાર" પરથી)

બેડી પડી છે પગમાંય ગુલામીકેરી બેડી પડી રે,
ભારતમાતા અકળાય, ગુલામીકેરી બેડી પડી રે.

ભારતમાતાને બહેની, બબ્બે કુંવરીઓ,
બે વચ્ચે ચાલી છે હોડ, ગુલામીકેરી બેડી પગે

નાને માગી છે પાદશાહી પાકીસ્તાનની,
મોટે લીધી છે મુક્તિ–વાટ, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો મ્હાલે છે મહેલાતકેરી સાયબી,
મોટો સેવે છે જેલવાસ, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો ચડીયો છે કાંઈ ગર્વ–અંબાડીયે,
મોટેરો નમ્ર સરદાર, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો કાઢે છે રોજ નવલાં નિવેદનો,
મોટેરો ઘૂમે ધમસાણ, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો ભડકે છે વાત રાષ્ટ્રિય આવતાં,
મોટાને મન વિશ્વ રાષ્ટ્ર, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો સંતાય સુણી માતાની હાકલું,
મોટેરો દે છે હોંકાર, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો ફૂલ્યો છે કાંઈ મોટાના ભોગથી,
મોટાના ત્યાગ તો અપાર, ગુલામીકેરી બેડી પગે રે.

નાનો ઉભો છે આજ બ્રીટનની ઓથમાં,
મોટાને ઇશ્વરની ઓથ, ગુલામીકેરી બેડી પગે રે.

નાનાનું નામ ચોરે–ચૌટે ગવાય છે,
મોટાની છબીયું પૂજાય, ગુલામીકેરી બેડી પગે રે.

બેડી પડી છે પગમાંય ગુલામીકેરી બેડી પડી રે.
ભારતમાતા અકળાય ગુલામીકેરી બેડી પડી રે.

નવાં સ્વપ્ન

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીયું રે સાહેલી મારા સપનામાં રે.
આજ રે સપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહી–દૂધના વાટકા રે સાહેલી મારા સપનામાં રે.
આજ રે સપનામાં મેં તો લવીંગ લાકડી દીઠી જો,
ઢીંગલા ને પોતીયાં રે સાહેલી મારા સપનામાં રે,
આજ રે સપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે સાહેલી મારા સપનામાં રે.
આજ રે સપનામાં મેં તો પારસ પીપળો દીઠો જો,
તુલસીનો ક્યારો રે સાહેલી મારા સપનામાં રે,
આજ રે સપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડીયાંની ફોર્યું સાહેલી મારા સપનામાં રે.

★

ડોલતો ડુંગર ઇ તો બ્રીટન કેરી શાખ જો,
ખળખળતી નદીયું રે શહીદ શોણિત વહેતાં'તાં રે.
ઘમ્મર વલોણું ઇ તો વાઇસરોય વટ હુકમો જો,
દહી–દૂધને વાટકે રે કોમ્યુનિસ્ટ જમતા'તા રે.
લવીંગ લાકડી ઈ તો 'ના'મેરી એમરી જો,
કાઉન્સીલને ઢીંગલે રે અણુદાદા રમતા'તા રે.
જટાળો જોગી ઇ તો અમારા ઝીણા જો,
સોનાની થાળીએ રે લોઢાની મેખ મારતા'તા રે.
પારસી પીપળો ઇ તો અમારા ગાંધી જો,
તુલસીનો ક્યારો રે અખંડ હિન્દ ગણતા'તા રે.
ગુલાબી ગોટો ઇ તો જવાહર વીર જો,
ફૂલડીયાંની ફોર્યું : આઝાદી પ્રબોધતા'તા રે.

▼

'આ શરમાતા વિચાર ! મારાથી ડર મા,
હું તો કવિ છું.' —ટાગોર.



રવિ કિરણો

કવિની વિનોદવૃત્તિ ધીમે ધીમે વધ્યા કરતી નદિ જેવી હતી. એકવાર કોઇ રાજકુંવરી એમના દર્શન કરવા આવી. અજન્ટાની ગુફામાંથી જાણે કોઇ પ્રતિમા ભૂલી પડી હોય એવું એનું સંગઠિત શરીર હતું. કવિને હજુ ધોળાં ન્હોતાં આવ્યાં. રાજકુંવરી બોલી : 'તમે ઘણાજ સુંદર છો.' કવિને લાગ્યું, જાણે પોતાની નજીક ઝાંઝર ઝમકી રહ્યાં હોય. એમણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. એટલે રાજકુમારીએ ફરીથી કહ્યું : 'તમે ઘણા જ સુંદર છો.' આ વખતે કવિએ ઘણા ધ્યાનથી રાજકુમારી સામે જોઇ કહ્યું: 'તમે પણ ઘણાં જ સુંદર છો.'

આ વાતની ખાત્રી કરવા મેં કવિને પૂછ્યું તો એ હસવા માંડ્યા : 'મેં જરૂર એવું કહી નાખ્યું હશે.' એમણે કહ્યું.

'પણ મને તો આ વાત જોડી કાઢેલી લાગેલી.'

'કહ્યું ને, મારા વિષે એવી તો અનેક વાતો તને સાંભળવા મળશે...આખરે હું પણ માનવી જ છું.'

★

એકવાર કોઇ નવાબના કુટુંબીએ કવિને જોઇને કહ્યું: 'બલ્લાહ ! ક્યા નૂરાની ચેહરા હૈ !' કવિના મંત્રીએ જ્યારે આ વાક્યનો તરજૂમો કરી સંભળાવ્યો ત્યારે કવિએ સ્હેજ હસી કહ્યું: 'એમણે મને મારી જુવાનીમાં જોયો હોત તો કોણ જાણે શું એ કહેત !'

★

કેટલાક વર્ષો પહેલાં વિશ્વભારતીએ 'ચયનિકા' નામે કવિની શ્રેષ્ઠ કવિતાઓનો સંગ્રહ પ્રસિદ્ધ કરેલો. આમાંની કવિતાઓ મત લઇને પસંદ કરવામાં આવેલી. મત આપનારાઓમાં કવિના પ્રસંશકો પણ હતા. પણ આ સંગ્રહ કવિને એટલો પસંદ ન પડ્યો. કારણ, એમાં કેટલીક એવી કવિતાઓ ન્હોતી આવી જે કવિને ઘણી ગમતી. એમણે પોતે એક સંગ્રહ 'સંચયિતા' નામે તૈયાર કર્યો. એ જ્યારે પ્રગટ થયો ત્યારે ઘણા કવિમિત્રોએ ફરીઆદ કરી કે એમાં કેટલીક એવી કવિતાઓ પણ પેસી ગઇ છે જે એટલી ઉચ્ચ કક્ષાની ન્હોતી. એક જણને તો એટલું લાગી આવ્યું કે એમાંની એક કવિતાનું તત્વ સમજવા કવિ પાસે જઇ પહોંચ્યા. 'એમાંનું હું કંઇ ન જાણું. સર-રાધાકૃષ્ણનને મળો. મારી કવિતા હું પોતે પણ એટલી નથી સમજતો. મારી કવિતાના દર્શનશાસ્ત્ર પર એમણે એક મોટું મસ પુસ્તક લખી કાઢ્યું છે.' કવિએ કહ્યું.

★

૧૯૩૪ માં ખાન અબદુલ ગફારખાનનો પુત્ર શાન્તિનિકેતનમાં નંદલાલ બોઝ પાસે ચિત્રકળા શીખવા આવેલો. એક દિવસ કવિએ તેને કહ્યું; 'ખાન, જરા તમારો હાથ લાવો જોઉં.' અને ઘણા ધ્યાનપૂર્વક કવિ એનો હાથ જોઈ રહ્યા. પછી બોલ્યા: 'આ હાથ તુલિકા ઉપાડવા નથી નિરમિયો, ખાન !'

'જનાબ, મૈં ઐસી તસ્વીર બનાઉંગા, જીસે દેખકર હર પઠાન બચ્ચા અપની બંદુક સમ્હાલ લેગા.' પઠાણપુત્રે કહ્યું. કવિએ એને છાતી સરસો લઈ લીધો.

★

૧૯૩૫ ની વાત છે. કવિ લાહોર ગયા હતા. એક બંગાલણ એમને માટે બંગાળી મીઠાઇથી ભરેલી પ્લેટ લઇ આવી. એની સુગંધથી આકર્ષાઇ કવિએ કંઇક વખાણ કર્યાં. 'જરા ખાઇ તો જુઓ,' એણે કહ્યું.

'ખાધું નથી ત્યાં સુધી જ આ વખાણ છે. પછી તો મોઢું ચાવવામાં પરોવાશે.' કહી કવિ હસી પડયા.

★

યુરોપમાં કવિને કોઇએ પુછેલું કે 'હિન્દુસ્તાનમાં કોઇ બીજો પણ મહાકવિ છે?'

'એમ તો હું પોતે પણ મહાકવિ નથી. હા, પણ કવિઓનો અમારા દેશમાં દુકાળ નથી. રેંટીયો કાંતતી સ્ત્રીઓ પણ કંઇક કવે જાય છે. કોશીઆ અને ખેડુત પણ પોતા પુરતું કાવ્ય રચી લે છે. અમારા ખલાસીઓનાં કરૂણ 'ભટીયાલી' ગીતો અને બાઉલોનાં મર્મી ગીતોનું મહત્વ પણ ઓછું નથી. આ બધા ગીતોમાં અમારી કવિતાનું જીવંત તત્ત્વ વહ્યા કરે છે.'

★

ગોર્કીએ પોતાની ડાયરીમાં એક ઠેકાણે લખ્યું છે: 'જ્યારે હું ટોલ્સટોય સાથે ચેખવની 'દાર્લીશકા' વાર્તાની ચર્ચા કરી રહ્યો હતો ત્યારે તેમણે કહ્યું: 'એ તો એક કોર જેવી છે, જેને કોઇ કુમારીકાએ ભરી હોય. અગાઉના વખતમાં એવી કુમારિકાઓ હતી જે પોતાના જીવન અને યૌવનનાં સ્વપ્નાં એકાદ રંગીન ચિત્ર રૂપે કોર પર ગુંથી કાઢતી.' રવીન્દ્રનાથના પાત્રોને પણ આ વાત ઘણે અંશે લાગુ પડે છે.

★

કવિએ એક વાર કહેલું કેઃ 'જયારે કોઇ નવું કાવ્ય સ્ફુરે છે ત્યારે તરત હું દીનુબાબુ (દિનેન્દ્રનાથ, કવિના ભત્રિજા) ને બોલાવું છું. એમનો સંગીત પર એટલો કાબુ છે કે કોઇ પણ કાવ્યને તેઓ તરત સ્વરલીપિમાં બાંધી લે છે.' ઘણી વાર એવું પણ બન્યું છે કે અરધી રાતે કવિની આંખો ઉઘડી ગઇ, કોઇ નવો ભાવ સ્ફુર્યો, કોઇ નવો સ્વર જાગી ઉઠ્યો ને ગીત સરવા લાગ્યું. આ વખતે દીનુબાબુની ઘણી જરૂર પડતી. કેમકે એમનું માનવું હતું કે ગીતોના નવા સ્વર સંતાકુકડી રમતા હોય છે. એક વાર છટકી ગયા તો પાછા હાથ જ ન લાગે. કવિનાં નવાં ગીતોનું સ્વાગત કરવા, પછી તે દીવસે સ્ફુર્યાં હોય યા રાતે, દીનુબાબુ સદા તૈયાર રહેતા. કવિનાં ગીતો વિષે શ્રી. રામાનંદ ચટ્ટોપાધ્યાય લખે છે કે એ બધાં મળીને લગભગ બે હજારની સંખ્યા પર પહોંચી જાય.

★

'તમારી વાર્તાઓમાં તમને કઇ પસંદ છે, ગુરૂદેવ ?'

'એ કહેવું મુશ્કેલ છે. પણ 'હાર–જીત' મને ઠીક ઠીક સારી લાગે છે. એમાં મારા જીવન–દર્શનનો નિચોડ છે, જીવનનાં શાન્ત વાતાવરણમાં કરુણ સ્વર ગુંજી ઉઠે છે. આનંદ ભલેને કેટલો ય કેમ ન હોય, કારુણ્યની વીણા તો વાગે જ જશે.'

સ્વ. નરસિંહરાવને પણ એ જ ગમતું હતું. પોતાના એક ફોટોગ્રાફ પર હસ્તાક્ષર કરી આપતાં એમણે લખેલું : 'આ વાદ્યને કરૂણ ગાન વિશેષ ભાવે.'

★

'તમે કવિતા કેવી રીતે સર્જો છો ?' કોઇએ પૂછ્યું.

'મને શી ખબર ? ભાવનાઓનો આવેગ આવતાં જ આંખો છલકાઇ આવે છે. આંસુ દડવા માંડે છે; એ જ રીતે જયારે હૃદય ભરાઇ આવે છે ત્યારે કવિતા ઝરી પડે છે.' જવાબ મળ્યો.

બાઇબલમાં કહ્યું છે કે : 'Out of the fullness of heart the mouth speaketh.' (હૈયું જ્યારે ભાવોથી ભરાઇ ઉઠે છે ત્યારે મ્હોંએથી વહે છે.) સાચી કલાનું આ જ લક્ષણ છે.

★

૧૯૨૦ ની યુરોપયાત્રામાં પેરીસમાં ફ્રાંસની પ્રસિદ્ધ કવિયિત્રી કાન્તે–દ–નોએલે સાથે એમની મુલાકાત થઇ. એણે કહ્યું કે જ્યારે મહાયુદ્ધની જાહેરાત થઇ ત્યારે તે ફ્રાંસના વડા પ્રધાન શ્રી. કલેમેન્શો પાસે હતી. એ વખતે તેમને એટલો આઘાત થયેલો કે માનસિક સ્વસ્થતા મેળવવા એ બન્નેએ ગીતાંજલિના ફ્રેંચ અનુવાદમાંથી કેટલાં ય પદો સાથે વાંચેલાં.

★

બંગભંગ વખતે બંગાળની એકતા કાયમ રાખવાના સંદેશારૂપે રક્ષાબંધનની યોજના એમણે શરૂ કરેલી. ૧૬ મી ઓક્ટોબર ૧૯૦૫ બંગભંગનો પહેલો વર્ષદિન હોવાને કારણે બંગાળ આખામાં હડતાળ હતી. 'અરાંધન' કરી, અપવાસથી એ જાહેર દિવસ ઉજવેલો. સાંજે જાહેર સભામાં 'બાંગ્લાર માટી, બાંગ્લાર જલ' વાળી રવીન્દ્રનાથની કવિતા બધાએ સાથે ગાઈ અને પરસ્પર રાખડી બાંધી બંગાળની એકતા જાળવવાની દીક્ષા સહુએ લીધી. છેવટે 'બિધિર બંધન કાટબે તુમિ, એમની શક્તિમાન ?' (ઇશ્વરે જે દ્વારા અમને એકતા અર્પી છે તે બંધન કાપવાની શું તારામાં શક્તિ છે ?) એ પ્રશ્નમય પદ્ય સહસ્ર કંઠોએ ગાયું. રવીન્દ્રનાથને એ દિવસે ધન્ય લાગ્યો.

આ શુદ્ધ ભારતીય સંજ્ઞા ૩૭ વર્ષ જુની હોવા છતાં આજ પણ કેટલી સોહામણી લાગે છે? અને આજકાલ હિંદ–ભંગ કરવાની થતી વાતો સામે ફરી આ સંજ્ઞાની, રક્ષાબંધનની, હિન્દીઓને જરૂર નથી શું ? કહે છે કે કવિ દૃષ્ટા હોય છે; તે વાત આજે સાચી ઠરવા આવી પહોંચી છે.

★

સ્વ. દીન બંધુ એન્ડ્રુઝે આ વાત કરેલી. 'ગીતાંજલિ' લખી રહ્યા પછી ગુરૂદેવે મને એ વાંચી સંભળાવી. મને લાગ્યું કે એક સર્વ પ્રકારે પરીપૂર્ણ અને નિર્દોષ રચના રચાઇ છે. આ સંપૂર્ણ સર્જન એવા છંદોમય ગદ્યમાં લખાયું હતું, જેનો થોડો સ્વાદ ફક્ત ઉપનિષદની ભાષામાં ચાખ્યો હતો. પરંતુ અમારા અંગ્રેજી સાહિત્ય માટે તો આ ગદ્ય–છંદ સર્વથા અભિનવ વસ્તુ હતી. ગુરૂદેવનો આગ્રહ હતો કે એક અંગ્રેજ તરિકે હું એમાં અંગ્રેજી સાહિત્યને યોગ્ય એવા, જરૂર પડે તો, સુધારા કરી દઉં. પણ એ સર્જન એટલું સંપૂર્ણ હતું કે એમાં સુધારાને જરાય અવકાશ નહતો. આખા પુસ્તકમાં ફક્ત પાંચેક જગાએ મને લાગ્યું કે પરિચિત અને પ્રચલિત શબ્દોની જગાએ પાંચ અપ્રચલિત શબ્દોનો પ્રયોગ થયો છે. મેં ડરતાં ડરતાં એ ગુરૂદેવને બતાવ્યા. એમણે પોતાને સહજ એવા ઔદાર્યથી એ જગાએ મેં સૂચવેલા શબ્દ મૂકી દીધા. પણ ઈંગ્લાંડમાં ત્યાંના સર્વશ્રેષ્ઠ સાહિત્યક યીટસ, રોથેસ્ટીન, એઝરા પૌંડ વિ. ની વચ્ચે એ ગીતાંજલિ વાંચી સંભળાવતા હતા ત્યારે મુગ્ધ થઇ તેમણે એટલું કહ્યું કે 'તમારી રચના સંપૂર્ણ છે. ફક્ત પાંચેક જગાએ એવું લાગે છે કે એનો છંદોમય પ્રવાહ અને સ્વાભાવિક લય ખંડિત થાય છે.' કહેવાની જરૂર નથી કે એ પાંચે જગા પર મારા સૂચવેલા શબ્દો હતા. કવિવરે એ વખતે મને ભોંઠો ન પાડવા મારૂં નામ ન આપતાં, 'એની સ્વાભાવિકતા સચવાઇ રહે એ માટે મેં ઉપલા શબ્દો મૂકેલા.' એમ કહી પોતે પહેલાં મૂકેલા શબ્દો કહ્યા. બધા એકી અવાજે બોલી ઉઠયા: 'વાહ, બરાબર આ જ શબ્દો અહીં બંધ બેસે છે. એથી તમારી રચના સંપૂર્ણ બને છે.'

★

મી. એલ્મહર્સ્ટ ગુરૂદેવના એક અંગ્રેજ અનુયાયી છે. ગુરૂદેવ તરફની એમની ભક્તિ માટે એટલું કહેવું બસ થશે કે શ્રીનિકેતનની સંસ્થા શરૂઆતથી તે આજ સુધી ફક્ત એમની એકલાની સહાયથી જ

ચાલી રહી છે. એમની ઇચ્છા ગુરૂદેવની એક વિસ્તૃત જીવનકથા લખવાની હતી. એ માટે લગભગ છ વર્ષ એ ગુરૂદેવ સાથે રહી એમના ભાષણો તથા બીજા પ્રસંગો બરાબર નોંધતા રહ્યા. દિવસે દિવસે એમનું આશ્ચર્ય વધતું જ ગયું. છઠ્ઠા વર્ષને અંતે એક દિવસ ગંભીર વિષય પર ગુરૂદેવની સુગંભીર આલોચના સાંભળી એમણે કલમ પછાડી કહ્યું: 'ગુરૂદેવ, તમારી જીવનકથા લખવાનું મારે માટે તો અસંભવ છે.'

★

અમેરીકાના વિખ્યાત લેખક વિલ ડ્રાન્ટે એક વાર રવીન્દ્રનાથ પર પોતાનું એક પુસ્તક ભેટ મોકલેલું. એ પર પોતાના હસ્તાક્ષરમાં એણે લખેલું: 'You are the reason why India should be free.' (હિંદુસ્તાનના સ્વાતંત્ર્યના દાવા માટે તમે એક જ કારણ બસ છો.)

★

કવિના ગામમાં બે વિધવાઓના ખેતરની સરહદ પર એક અનેનાસનું ઝાડ ઉગેલું. એની માલિકી માટે અનેનાસ ઉતરતાં ત્યારે એ બન્ને વચ્ચે ઝઘડો ઉભો થતો. એ એવો તો કંકાસ ઉભો કરતી કે આખું ગામ ત્રાસી જતું. ગામ લોકોએ કવિવરને આની ફરિયાદ કરી. એમણે બન્નેને બોલાવી વાત જાણી લીધી. એકને પુત્ર હતો, બીજી નિઃસંતાન હતી. કવિએ પોતાનો માનવી ન્યાય ઘડી કાઢયો. બીજે વર્ષે જયારે તેઓ અનેનાસ લઇ કવિ પાસે ન્યાય માગવા આવ્યાં ત્યારે કવિએ પેલા બાળકના કાનમાં ફૂંક મારી: 'બેટા, જો પણે તારી માસી ઉભી, એને ગળે વળગી પડ અને બચ્ચી કર જોઉં.' બાળકે તેમ કર્યું કે પેલી નિઃસંતાન વિધવાનો માતૃભાવ ઉભરી આવ્યો. કજીયો શમી ગયો અને અનેનાસની માલિકી આ નવા ભાણેજની થઇ.

★

કલકત્તાના કેટલાક સાહિત્યકારો વિશ્વભારતીના કલા, સંગીત, નૃત્ય વિ. વિભાગો જોઇ તે જ સાંજે પાછા વળવાનો વિચાર કરતા હતા

ત્યાં કવિવરે કહ્યું; 'એ બધું કોઇ બીજે વખતે જોઇ શકાય એમ છે. પણ શ્રીનિકેતન દેખાડયા વિના તમને આજે જવા નહિ દઉં. રાષ્ટ્ર-જાગૃતિમાં મારો જે કંઇ ફાળો છે તેનું મૂર્ત સ્વરૂપ શ્રીનિકેતન છે.'

સાહિત્યકારો સ્તબ્ધ થઈ ગયા. એમના ખ્યાલ હતો કે કવિ પોતાનાં સાહિત્યસર્જનોને જ રાષ્ટ્રજાગૃતિના ફાળામાં ગણતા હશે, હળ–દાતરડાનાં સર્જનને નહિ.

★

દિવસે દિવસે તબિઅત બગડતી જતી હતી છતાં છેક છેલ્લા દિવસો સુધી કવિની રમૂજીવૃત્તિ ઓછી થઇ નહોતી. નબળી તબિઅતને અંગે તેમને કેટલાક વખતથી ગ્લેકસો પર રાખવામાં આવતા હતા. એટલે તેઓ પોતાને 'ગ્લેકસો બેબી' તરિકે ઓળખાવતા. અને જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે બે મહીનાના બાળકને જેટલા પ્રમાણમાં ગ્લેકસો આપવામાં આવે છે તેટલા જ પ્રમાણમાં ડૉકટરોએ તેમને આપવા કહ્યું છે ત્યારે પોતાની વાત કેટલી ખરી પડી છે કહી હસી ઊઠયા. એ પછી જ્યારે જ્યારે તેમને ડોઝ આપવામાં આવતો ત્યારે ત્યારે એ મજાકમાં બોલી ઊઠતા: 'હવે હું કેટલા મહિનાનો બાળક થયો?'

★

કવિવરના પિતા મહર્ષિ શ્રી. દેવેન્દ્રનાથ એક વાર ટ્રેનમાં મુસાફરી કરતા ત્યારે કોઇ ગામડીઆએ તેમનું નામ પૂછ્યું.

'અરે, મને નથી ઓળખતો? મને લોકો મહર્ષિ શ્રી. દેવેન્દ્રનાથ કહે છે.' ગામડીઓ તો આવા મહાન પુરૂષની સાનિધ્યમાં બેસવાનું મળ્યું જાણી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. એ હરસથી પીડાતો હોઇ એનાથી સુખે બેસાતું નહોતું. જ્યારે મહર્ષિએ તેનું નામ પૂછ્યું ત્યારે તેણે શરમાતે શરમાતે નમ્રતાથી કહ્યું: 'મને મારા ગામના લોકો અર્સી શ્રી. ખગેન ગોપાલ કહે છે.'

દેવેન્દ્રનાથે પોતાને માટે 'મહર્ષિ' શબ્દ વાપર્યો તેની સામે મોટાઇ દર્શાવવા ગામડીઆએ પોતાના નામ પહેલાં આ નવી ઉપાધિ ઉમેરી !

★

હોમરૂલની ચળવળને પરદેશોમાં આગળ ધપાવવા તથા હિન્દની લડતનું દષ્ટિબિંદુ પરદેશીઓને સમજાવવા પ્રચારની જરૂર હતી. એ માટે અંગ્રેજી પર પ્રભુત્વ ધરાવનાર અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર હિન્દીઓની જરૂર હતી. નોબેલ ઇનામ જીતી લઇ કવિવરે સમસ્ત દુનિયાનું ધ્યાન પોતાના તરફ અને એ રીતે હિન્દ તરફ ખેંચ્યું હતું. એમનો રાજવંશી ચહેરો, ભવ્ય દાઢી અને અંગ્રેજી પરનું પ્રભુત્વ કોઇનું પણ માન માગી લે એવાં હતાં.

તિલકે ટાગોરનું મહત્વ માપી લીધું. મુંબઇમાં એમની મુલાકાત ગોઠવાઇ. કલાકો સુધી બન્નેએ એ બાબત ચર્ચા કરી અને છૂટા પડતી વખતે 'ટાગોરે એક વાર તો અમેરિકા જવું જ' એવું વચન પણ લોકમાન્યે કવિવર પ.સેથી લીધું. એ પ્રવાસ-ભાષણોના ખર્ચ માટે એક લાખ રૂપીયાનો ચેક પણ કવિવરને મોકલાઇ ગયો. પણ એ ચેક પાછો વળ્યો. ઘણી દિલગીરી સાથે ટાગોરે અમેરીકા જવાની પોતાની અશકિત જાહેર કરી.

'એ તો કવિ; એને મન કવિતા પહેલી, પછી દેશભકિત' એ વખતે તિલકે ટીકા કરી કહેવાય છે.

તિલક જે કહેવા માગતા હતા ને ટાગોર વિષે જે સાવ સાચું હતું તે એ કે એમને મન કવિતા પહેલી, પછી રાજકારણ; અને રાજકારણમાં પડયા ન હોવા છતાં કવિ સાચા દેશભકત હતા એની કોણ ના કહી શકશે ?

★

શરદ બાબુને કોઇએ પ્રશ્ન કરેલો: 'તમારા અને ટાગોરના સર્જન વચ્ચે તફાવત કેટલો ?'

તેમણે જવાબ આપ્યો કે 'તેમાં તફાવત કે સામ્ય જેવું છે જ નહિ. હું જે કંઇ લખું છું તે જનતા માટે લખું છું; ને કવિવર જે કંઇ લખે છે તે મારા માટે લખે છે.'

★

સ્વ. શ્રી. રામાનંદ ચટ્ટોપાધ્યાય કવિ વિષે લખે છે કે 'મને તેમની સાથે રહેવાનો લાભ મળ્યો હતો. હું જોતો કે અમારા સૂઇ ગયા પછી રાત્રે પણ કવિવરના ઓરડાની બત્તી બળતી જ હોય ને સવારે અમે ઉઠતા એ પહેલાં ઉઠીને કવિ કામે વળગેલા જ હોય.'

શાંતિનિકેતન જોવા યુરોપથી આવેલ કોઈ પ્રવાસી કવિવરના ઓરડા પાસેથી નિકળ્યા અને બપોરના ભાગમાં આરામ લેવાને બદલે તેમને કામમાં પરોવાયલા જોયા.

'બપોરે વિદ્યાર્થીઓ, શિક્ષકો બધા આરામ લે છે ત્યારે આપ આટલી વૃદ્ધાવસ્થાએ કેમ આરામ નથી લેતા?' તેમણે પૂછ્યું.

'તેઓ ઉંઘે છે, કારણ કે તેમને જાગવાને માટે ઘણો સમય છે. મારી પાસે એટલો સમય નથી એટલે મારે મારું કામ જલ્દી આટોપી લેવું જોઇએ ના!' કવિએ કહ્યું.

એંસી વર્ષની ઉંમરે પણ એ એટલું કામ કરતા કે ખુદ ગાંધીજીને પણ કવિવર પાસેથી 'તેઓ જમ્યા પછી થોડો આરામ લે જ' એવું વચન લેવું પડ્યું હતું.

★

'ટાગોરના સંસ્મરણો' વિષે લખતાં સર વિલીયમ રોથેન્સ્ટીને જણાવ્યું છે કે અંગ્રેજીમાં 'ગીતાંજલિ' પ્રગટ થયા પછી તરત જ રોબર્ટ બ્રીજીઝ, ફોક્સ સ્ટ્રેંગ વેઝ, અને બીજાઓએ ટાગોરને ઓક્ષફર્ડની ડીગ્રી અપાય તે માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ લોર્ડ કર્ઝન તે વખતે ચાન્સેલર હતા. બંગાળના ભાગલા સંબંધી તેને અને ટાગોરના કુટુંબને મતભેદ હતો. એટલે કહે છે કે કર્ઝને સંમતિ આપી નહિ.

સર વિલીઅમના કહેવા મુજબ ત્યાર પછી યીટસ અને ટાગોર વચ્ચે મૂળ સહાનુભૂતિ તથા સમજણુમાં ટાઢાશ આવી. કેમ કે યીટસને લાગવા માંડયું કે ટાગોર આટલાં બધાં પુસ્તકો અંગ્રેજીમાં પ્રગટ કરે તે ખોટું છે. કવિ તથા સ્વદેશાભિમાની તરિકે તેમણે ફકત બંગાળીનો જ ઉપયોગ કરવો જોઇતો હતો. આ ફરિયાદ ગમે તેવી કડવી છતાં સાચી હોઇ શકે. પણ સર વિલીઅમ જો બંગાળી હોત તો તેમની ટીકા ગણના પાત્ર હોત. કોઈ પણ બંગાળીને પૂછી જુઓ કે 'ટાગોરે બીજી ભાષામાં પુસ્તકો લખ્યાં તેથી તમારી ભાષાને કંઇ નુકશાન થયું છે ખરું ?' તેમનું અંગ્રેજી લખાણ તો બંગાળીથી ભરપુર ટેબલ પર પડેલા ટૂકડા સરખું છે.

★

કવિવર ઘણાજ સુજન સ્વભાવના ને ઉદાર દિલના હોઇ ઘણા તેમના આ સ્વભાવનો ગેરલાભ લઇ જતા. કોઇ ફિલ્મ કુંપનીવાળા તેમને ફિલ્મ બતાવી પાછળથી જાહેરાત કરતા કે 'કવિવર ટાગોરે આની મુક્તકંઠે પ્રસંશા કરી છે.' તો કોઇ સાબુ કે તેલ–ટોઇલેટ બનાવતી કુંપની પોતાની ચીજોની ઉત્તમતાની ખાત્રી આપવા કવિવરના અભિપ્રાયનો હવાલો આપતી. ખરી રીતે તો કવિવરે સામાને ખોટું ન લાગે માટે સૌજન્યના બે શબ્દો કહ્યા હોય તેનો આ લોકો દુરપયોગ કરતા.

એકવાર આવું બન્યું ત્યારે તેમના મંત્રીએ તેમને ઉધડા લીધા. 'આમ જે તે લોકોને જેમતેમ અભિપ્રાય આપી દેવા તે ઠીક ન કહેવાય.'

'પણ હું કયાં જેમ તેમ અભિપ્રાય આપી દઉં છું ?' કવિવરે દાઢી પસવારતાં કહ્યું, 'જોને, રેઝરબ્લેડ માટે મેં કદિ ઉંચો અભિપ્રાય આપ્યો છે ?'

★

શાંતિનિકેતનના એક વિદ્યાર્થી શ્રી. રવીન્દ્રનાથ ટાગોરને મૂત્રાશયની ગંભીર બિમારી ઉપડી હતી. તે માટે ઈન્જેકશનની જરૂર પડી. પણ


ક્યાંય પત્તો ખાતો ન હતો. બધી દવાઓ કાળા બજારમાં તણાઈ ગયેલી. છેવટે એક દુકાનદારે 'કોને માટે જોઈએ છે?' કહી નામ પૂછતાં દરદીનું નામ જણાવવામાં આવ્યું. કવિવર ટાગોરનું નામ સાંભળી એ ચાકાળો ઉઠયો ને ઝટપટ દવા કાઢી આપી. એને યાદ પણ ન રહ્યું કે કવિવર તો કયારના અવસાન પામ્યા છે. શેકસપીયરે 'What is in a name?' ભલે કહ્યું હોય પણ નામને પરિણામે દવા મળવાથી તરત માટે તો દરદી બચી જવા પામેલ.

★

'હું ખાલી હાથે અને આશાભર્યે હૈયે પ્રવાસે ઉપડું છું; માર્ગમાં ઘણા જોખમો છે પણ મારા મનમાં કોઈ બ્હીક નથી.'

'ગીતાંજલિ'માંથી કવિવરનાં ઉપલાં વાકયોનું અવતરણ એક તકતી પર કોતરી તેમણે બોલપુરથી કલકત્તા જે ડબ્બામાં છેલ્લો પ્રવાસ કર્યો હતો તેમાં તેમના સ્મરણ તરિકે એ મૂકવામાં આવી છે.

▼



અક્કલ બડી કે.......!

અક્કલ બડી કે આયર્લૅન્ડ?

આયર્લૅન્ડની એક મ્યુનિસિપાલીટીના સભ્યોએ બાર કલાકની તિવ્ર ચર્ચા નીચે પછી નીચે મુજબનો ઠરાવ કર્યો :—

'આ ગામમાં નવી જેલની ખાસ જરૂરીઆત હોવાથી ઠરાવવામાં આવે છે કે જૂની જેલ તોડીને તેના આટકાટમાંથી નવી જેલ બાંધવી. એ બંધાઇ રહે ત્યાં સુધી કેદીઓને રાખવા જૂની જેલનો ઉપયોગ ચાલુ રાખવો.'

આમ આયર્લૅન્ડ એકલાને જ અક્કલનો ઇજારો નથી મળ્યો. સ્પેનના જનરલ ફ્રાંકોના સૈન્યમાં પણ કેટલાક અક્કલબાજખાંઓ હતા. જ્યારે ફ્રાંકોની એક ટુકડીએ કારૂના પર હલ્લો કર્યો ત્યારે ગામનો મુખી ભાગી ગયો. 'તેં નહિ તો તારા બાપે મને ગાળ દીધી હોવી જોઇએ' એવા પેલા ઘેટા અને વરૂના ન્યાયે ટુકડીના સરદારે ગામના મુખીની પત્નીને પકડી મંગાવી અને ગોળીએ દેવા હુકમ કર્યો. પણ મુખી-પત્નીને પેટમાં ચાર માસનું બાળક હતું. સાચા ખ્રિસ્તીથી ગર્ભવતી સ્ત્રીની હત્યા કરી શકાય નહિ એવો ધાર્મિક પ્રતિબંધ છે. આ સરદારે બુદ્ધિ દોડાવી અને મુખી-પત્ની પર ઓપરેશન કરાવી તેના ચાર માસના ગર્ભને દૂર કરાવ્યો. પછી એને કબરમાં સુવાડી ગોળીએ વીંધી. ધર્મ પણ સચવાયો અને શત્રુ પણ નાશ પામ્યો !

આ તો જાણે ગામડીઆઓની વાતો થઇ. પણ ફ્રાન્સની પાર્લામેન્ટે એક વાર નૂતન વર્ષનો ઉદય થતાં અટકાવેલો. આવતા વર્ષનું અંદાજ-પત્ર આગલા વર્ષના છેલ્લા દિવસ સુધીમાં પસાર થઇ જવું જોઇએ એવો ત્યાં રિવાજ છે. ૧૯૩૬ માં આગામી વર્ષનું અંદાજપત્ર છેક છેવટના દિવસો સુધી પસાર ન થયું. તા. ૩૧ મી ડિસેમ્બરે પાર્લામેન્ટની બેઠક મળી. રાતના બાર વાગવા આવ્યા પણ કામ પુરૂં થયું નહોતું એટલે પાર્લામેન્ટના ઘડીઆળને બંધ કરી દેવામાં આવ્યું. અંદાજપત્ર પસાર થયા પછી જ તે ઘડીઆળને ફરી ચાલુ કરવામાં આવ્યું. કાંટા ફર્યા, બારના ટકોરા થયા અને પાર્લામેન્ટમાં જુનું વર્ષ પૂરૂં થઇ નવું વર્ષ શરૂં થયું. ખરી રીતે તો અંદાજપત્ર નવા વર્ષના દિવસે જ પસાર થયું હતું પણ ઘડિયાળને થોભાવી દેવાથી રેકર્ડમાં ૧૯૩૬ નોંધાયું.

★

શું નુકશાનકારક, ચ્હા કે કોફી ?

આ તો વીસમીસદીની વાતો છે. અઢારમીસદીમાં જયારે ચ્હા અને કોફી સ્વીડનમાં દાખલ થવા માંડયાં ત્યારે એ બે પીણામાંથી કયું પીણું નુકશાનકારક છે એ માટે સ્વીડનના લોકોમાં મોટો વિવાદ જાગ્યો.

એ વખતનો સ્વીડનનો રાજા ગસ્તાવ ત્રીજો ઉપલા ત્રણે કરતાં અક્કલમાં ઓછો ઉતરે એવો નહોતો. અત્યારના વિજ્ઞાનને પણ હેરત પમાડે એવા પ્રયોગથી એણે સિદ્ધ કરી બતાવ્યું કે ચ્હા એક નુકશાન-કારક પીણું છે.

રાજ્યની જેલમાં બે જોડીઆ ભાઇઓને કોઇ ગંભીર ગુન્હાસર ફાંસીની સજા કરવામાં આવેલી તે માફ કરી દીધી અને રોજ એક મોટું તપેલું ભરીને એકને ચ્હા અને બીજાને કોફી આપ-વાનું ઠરાવ્યું, જેથી મનુષ્યો પર એ પીણાની શી અસર થાય છે તે નક્કી કરી શકાય.

રાજા અને પ્રજાની આતુરતા અને નિરાશા વચ્ચે બન્ને ભાઇઓ 'હોંશથી' જીવતા જ ગયા અને ચ્હા–કોફીની કેટલીયે તપેલીઓ ગટગટાવી ગયા. આખરે ૮૩ વર્ષની ઉંમરે એક ભાઇ મરણ પામ્યો. એ ચ્હા પીનારો હતો. બસ ! નક્કી થઇ ચૂક્યું કે ચ્હા એ નુકશાનકારક પીણું છે. ત્યારથી દુનિયા કોઈ પણ દેશ કરતાં સ્વીડનમાં કોફી વધુ વપરાય છે.

★

ચીલી અને આર્જેન્ટાઇન

દક્ષિણ અમેરિકાના ચીલી અને આર્જેન્ટાઇન દેશ વચ્ચે એક યુદ્ધ પત્યા પછી ભવિષ્યમાં કદિ એ બે વચ્ચે યુદ્ધ ઊભું ન થાય એ માટે એ બન્નેની સરહદ પર ઇશુ ખ્રિસ્તનું પૂતળું શુભભાવના તરિકે મૂકવામાં આવ્યું કે જ્યાં સુધી એ પૂતળું કાયમ છે ત્યાં સુધી કોઇએ એક બીજાની શંકા રાખવાનું કારણ નથી; ખ્રિસ્તની મીઠી નજર તેમને અમનચમન અને શાંતિમાં રાખશે.

પણ વિધિની ક્રૂરતાએ એ પૂતળું જ બન્ને દેશો વચ્ચે વિગ્રહનું કારણ થઇ પડ્યું. એ ચણાઇ રહ્યા પછી કોઇએ ચીંધ્યું કે તેની

પીઠ ચીલી તરફ છે. ચીલીવાસીઓને લાગ્યું કે તેમનું અપમાન કરવા જ આમ કરવામાં આવ્યું છે. વિગ્રહ ફાટી નીકળવાની તૈયારી હતી એટલામાં એક ચીલી દૈનિકે એ વિદ્વેષને વ્યંગમાં પલટી દઇ બાજી સુધારી લીધી. એણે લખ્યું: 'આર્જેન્ટાઇના લોકો પર ખ્રિસ્તને અવિશ્વાસ હોવાથી તેમના પર સદાય નજર રહે એ માટે જ ખ્રિસ્તનું મ્હોં એ તરફ કરવામાં આવ્યું છે.'

બન્ને દેશવાસીઓ આ પર ખેલદિલીથી હસી ઉઠયા ને વેરને હસી કાઢ્યું.

★

બટાટાની વાવણી

આયરલેન્ડનો એક ખેડુત લશ્કરમાં જોડાઇ પશ્ચિમના મોરચા પર લડવા ઉપડી ગયેલો, ત્યાં એને એની પત્નીનો પત્ર મળ્યો: 'બટાટાની વાવણી કરવાની ઋતુ આવી પહોંચી છે. પણ લડાઇને લઇને પુરતા મજુરો મળતા નથી કારણ કે લોક બધુ લશ્કરમાં જોડાવા ઉપડી ગયું છે અને મજુરીની મોંઘવારી ઘણી છે.'

થોડીક વાર તો ખેડુતે માથુ ખંજવાળ્યું. પછી કંઇક તુક્કો સૂઝતાં લખ્યું; 'વાવણી માટે મોંઘી મજુરી ખરચી ખેતર ખેડવાની કે ખોદાવવાની જરૂર નથી. ખેતરમાં મેં બોમ્બ અને જૂના હથિયારો દાટી રાખ્યાં છે. તે જો લશ્કરને ખબર પડશે તો ઝૂંટવી જશે.'

આયર્લૅન્ડમાં એનો પત્ર સેન્સર થયો. સેન્સર ખાતાએ એ ગામના અધિકારીઓને એ ખેડુતનું ખેતર ખોદી હથિયારો જપ્ત કરવાનો હુકમ કર્યો.

થોડા દિવસ પછી ખેડુતને બીજો પત્ર મળ્યો: 'કોણ જાણે શું થયું કે થોડા દિવસ પર રોયા લશ્કરના સીપાઇઓ આવેલા અને આપણું આખું ખેતર ખોદી કાઢયું. કહે કે અમારે જૂનાં હથિયારો અહીં

દાટયાં છે તે જપ્ત કરવાં છે. આખું ખેતર એમણે ખોદી કાઢયું પણ હથિયાર બથિયાર કંઇ મળ્યા નહિ.. હવે મારે શું કરવું ?'

'બટાટાની વાવણી' હસીને ખેડુતે જવાબ લખ્યો.

★

તદ્દન જુઠ્ઠી વાત !

જાણીતો લેખક જહોન ગન્થર જાપાન ગયેલો ત્યારે ત્યાંથી પોતાના મિત્રોને અમેરિકા પત્ર લખ્યા કે 'મારી ટપાલ અહીં સેન્સર થાય પછી જ તમને રવાના કરવામાં આવે છે એવી મને શંકા છે.'

બીજે દહાડે જાપાનની પોસ્ટ ઓફીસ તરફથી ગન્થરને ખુલાસાપત્ર મળ્યો કે 'તમારા પત્ર સેન્સર કર્યા પછી અમેરિકા મોકલાય છે તે વાત સદંતર જુઠી છે.'

★

રખે વટલી જવાય !

નર્મદ સમયના કેટલાક કહેવાતા 'સુધારાવાળા' નિરકુંશ જીવન સાથે પ્રાચીન મત મુજબની રૂઢિ તથા આચાર જાળવવા કેવું વિચિત્ર વર્તન રાખતા તેનો એક સાચો દાખલો નોંધાયેલો છે. ગુજરાતના એક શહેરની બે આગળ પડતી કોમોમાં દારૂ પીવાની લત પડી ગઇ હતી. તેમણે એક મંડળી જેવું સ્થાપેલું તેમાં એ બન્ને કોમના માણસો રોજ દારૂ પીવા એકઠા થતા. પરંતુ જૂના આચાર જાળવી રાખવા માટે આ દારૂડીઆ મિત્રો પોત–પોતાની જ્ઞાતિના દારૂના પ્યાલા અલગ રાખતા જેથી વટલાઇ જવાય નહિ !

★

જાહેરાત ઉપયોગી છે ખરી ?

ઈંગ્લેન્ડની પેંગે ગામની રોટરી કલબે હમણાં ચર્ચાનો વિષય રાખ્યો હતો; 'કલબને જાહેરાત ઉપયોગી છે ખરી ?' સભ્યોમાંનો વિરોધ પક્ષ વિરૂદ્ધ મત આપી બહુમતિથી ચર્ચા જીતી ગયો.

સભા પુરી થયે આ ચર્ચાનો આખો અહેવાલ વર્તમાનપત્રોમાં મોકલી આપવા સભ્યોએ સર્વાનુમતે નક્કી કર્યું હતું!

★

સસ્તા દરે પ્રેમપત્રો

બ્રાઝીલના ટપાલખાતાએ એક વાર જાહેરાત કરી કે 'યુવક-યુવતીઓ પોતાના પ્રેમપત્રો જો ગુલાબી કવરમાં પોસ્ટ કરશે તો તે બુક–પોસ્ટના દરે લઇ જવામાં આવશે. શરત એટલી જ કે બુક–પોસ્ટના નિયમ મુજબ એ તપાસી શકાય એવી રીતે ખુલ્લા હોવા જોઇએ, જેથી આ યોજનાનો કોઇ ગેરલાભ (!) ન લે.'

★

પોસ્ટકાર્ડનું કાવત્રું.

ઝારના વખતમાં રશિયામાં એટલી કડક સેન્સરશીપ હતી કે ક્રાન્તિકારીઓ પત્ર લખવાને બદલે પોસ્ટકાર્ડ લખતા. 'ખુલ્લા પોસ્ટ-કાર્ડમાં તે કોઇ ખાનગી વાતો લખતું હશે?' એવી અધિકારીઓની માન્યતા હોઇ કાવતરાંની ઘણી યોજનાઓ પોસ્ટકાર્ડ દ્વારા જ રશિયા પહોંચતી.

★

અક્કલ બડી કે ઇટાલી?

ઇસ્વી સન પૂર્વે કેટલાય વર્ષ પહેલાં ઇટાલીના સ્વતંત્ર નગર સાયનામાં એલેક્ષાન્ડરેસો નામે એક સરમુખત્યાર થઈ ગયેલો. એણે નગરવાસીઓ પર એટલા બધા કર નાખ્યા કે બધા ત્રાહ્ય પોકારી ઉઠયા. છેવટે જીયોયાની નામના શહેરીએ માથું ઉંચક્યું. બળવો થયો અને સરમુખત્યારશાહી નાશ પામી.

આ જુલ્મમાંથી છોડાવનારને શું ઇનામ આપવું તે નક્કી કરવા નગરપંચ બેઠું. તેમાં મતભેદ થયો. કેટલાકોનું કહેવું થયું કે ધન આપવું.

'પણ દેશભક્તિનું મૂલ્ય ધનથી આંકી શકાય નહિ.' બીજા પક્ષે કહ્યું.

'તો શું એને સરદાર કે જમીનદાર બનાવી એલેક્ષાન્ડરેસો માફક પાછો સરમુખત્યાર બનવાની તક આપવી?' ત્રીજાએ કહ્યું.

છેવટે એકે કહ્યું કેઃ 'આ પાપમય સંસારમાં આવા પુણ્યપુરૂષને માટે કોઇ પણ પ્રકારનું ઇનામ કે પદવી ઓછી પડે તેમ છે. માટે એને મારી નાખવો જોઇએ. પછી આપણે તેની સંત તરીકે પૂજા કરીશું'.

'વાહ! કેવો સુંદર ઉકેલ! ઇશ્વર સિવાય સંતોથી કોઇ પણ ચઢે એમ નથી. એ સંત થવાને લાયક છે.' બધા આનંદથી નાચી ઉઠયા.

યોગ્ય સમયે જીયોયાનીનો વધ કરવામાં આવ્યો. આખું નગર એની મૃત્યુ–ક્રિયામાં સામેલ થયું. અને ત્યારથી સંત જીયોયાનીનો મૃત્યુ દિવસ ઇટાલીમાં રાષ્ટ્ર દિવસ તરીકે હજુ સુધી મનાતો આવ્યો છે!

★

પહેલી પસંદગી

બે ભાઇઓને વારસામાં ખેતર મળ્યું. તેની વહેંચણી બાબત વાંધો પડતાં ગામના મુખીને ભાગ પાડી આપવા બોલાવવામાં આવ્યો. 'અરે, એમાં લડવાનું શું છે? પહેલો ખેતરના બે ભાગ કરે અને બીજો પહેલી પસંદગી કરે. કોઇને ગુમાવવાનું નહિં રહે.' મુખીએ આવતાં વેંતજ કહ્યું.

★

નકલ કરાવી લેશો!

બ્રિટનની સરકારી કચેરીમાં નવા આવેલા એક અધિકારીએ જોયું કે કચેરીની અભરાઇઓ પર ઘણા જૂના અને હવે તો નકામા જેવા પત્રવ્યવહારની ફાઇલોના ઢગલા ખડકાયેલા હતા. એણે પોતાના ઉપરી પાસેથી એ બાળી નાખવવાની રજા મંગાવી. જવાબમાં નવો હુકમ

આવ્યો કે 'એ બાળી નાખવામાં કંઇ વાંધો નથી. પણ ભવિષ્યમાં કોઇ વાર કામ લાગે એ માટે એની નકલ કરાવી લેશો !'

★

તોપને ટકોરે

ઇજીપ્ટના મુખ્ય શહેર કેરોના ચર્ચમાં એક મોટી તોપ છે, જે દરરોજ બપોરે બાર વાગે ફૂટે છે. એ પરથી શહેરીઓ પોતાનું ઘડીયાળ નિયમિત કરી લે છે. એક ડચ ખલાસીને આ વાત જરા નવાઇ ભરી લાગી એટલે તે ચર્ચ જોવા ગયો. એણે ત્યાંના સંતરીને પૂછ્યું: 'ભલા ભાઈ, બરાબર બાર જ વાગ્યા છે તે તું કેમ નક્કી કરે છે?' સંતરીએ પોતાની ખીસ્સા-ઘડીયાળ બતાવી કહ્યું કે 'આ ઘડીઆળ ઇજીપ્ટના સર્વોત્તમ ઘડીયાળીએ બનાવ્યું છે. એને નિયમિત ચાવી અપાય છે અને વચ્ચે વચ્ચે એને એ સાફ પણ કરી જાય છે.' ખલાસીને આવા ઉત્તમ ઘડીયાળીને મળ્યા વિના ઇજીપ્ટનો ફેરો અફળ જાય એમ લાગ્યું. તે એને મળવા ગયો. 'પણ તું બરાબર બાર વાગ્યા છે એ શા પરથી નક્કી કરે છે?' આખરે તેણે પૂછ્યું.

'એમાં પૂછવાનું શું હતું? ગામમાં પેલા ચર્ચની તોપ વાગે છે કે તરત જ હું મારા ઘડીયાળનો સમય નિયમિત કરી લઉં છું !'

★

હલ્લો જોન્સ, તું પણ આવ્યો છે કે?

અમેરિકાના એક જાહેર કાર્યકર્તાએ જ્યારે ચૂંટણીમાં ઉમેદવાર થઇ પોતાની નેમ સમજાવવા ગામેગામ ભાષણો કરવા માંડ્યાં ત્યારે લોકમાનસને વશ કરવા એક સાદી યુક્તિ રચી. વ્યાસપીઠ પર આવી એ શ્રોતાઓ તરફ જોઇ જાણે તેમાંથી ઘણાખરાને ઓળખતો હોય તેમ 'હલ્લો જોન્સ, તું પણ આવ્યો છે કે?' 'કેમ સ્મિથ, તબીયત કેમ છે?' ના પ્રશ્નો ફેંકી, હસી, ભાષણ કરવા માટે તૈયાર કરેલી નોંધનો કાગળ ફેંકી દઇ કહેતો: 'મને ખબર નહોતી કે મારે મિત્રો વચ્ચે બોલવાનું છે. એવું જાણતો હોત તો આ નોંધ તૈયાર કરત નહિ.

તમારી સાથે તો હું હૃદયસરસી, દિલ ખોલીને વાતો કરી શકું. ભાષણો તો અજાણ્યા પાસે હોય.' એમ કહી શ્રોતાઓની સહાનુભૂતિ મેળવી લેતો ને નોંધનો કાગળ ઉશડી મેલતો.

એક ખબરપત્રી જે એની સભાઓના અહેવાલ લેવા સાથે ફરતો તેણે ગામેગામ આ વક્તાના ઓળખીતા 'જોન્સ' અને 'સ્મિથ' રૂપે ફૂટી નીકળતા જોઇ આશ્ચર્ય અનુભવ્યું. એક દિવસ સભા બરખાસ્ત થયા પછી કુતુહલવશ વ્યાસપીઠ પર જઇ તેણે પેલી નોંધનો કાગળ ઉપાડી શું લખ્યું છે તે જાણવા પ્રયત્ન કર્યો.

એ તો વક્તાનું મોદીનું જૂનું બીલ હતું !

★

ગામલોકની ફરિયાદ

એક ડાહ્યો પાદરી "ગામલોકની ફરિયાદ" નામે નોંધપોથી હંમેશ પોતાની ટેબલ પર રાખી મૂકતો. ગામનો કોઈ જણ જેવો એની પાસે બીજાનું બુરું બોલવા માંડતો કે એ કલમ ઉપાડી ટેબલ તરફ જતો ને નોંધપોથી ઉઘાડી પેલા ખોદણી કરનારને કહેતોઃ 'જરા ઉભા રો' તમારી ફરિયાદ નોંધી લઉં, જેથી પેલો મળે ત્યારે તેને એ બાબત મીઠો ઠપકો આપી શકું.'

પોતાની નિંદા કાગળ–કલમ પર ચડવાની છે એ જોઇને જ એ ઠરી જતો. બીજી વાર એ કદિ આવો કુપ્રયત્ન કરતો નહિ. એ પાદરીએ ચાળીશ વર્ષ સુધી આ નોંધપોથી રાખી; હજારો વાર ઉઘાડી ને ઢાંકી; પણ એમાં એક પણ શબ્દ લખવાની એને જરૂર પડી નહિ !

★

સંરક્ષણ જોખમાઈ જાય છે !

ઉત્તર આયરલેન્ડના ડોનીગલ ગામે એક જણ ફરવા ગએલ. ત્યાંથી તેણે પોતાના મિત્રને ગામના સુંદર દૃશ્યો છાપેલું પોસ્ટકાર્ડ લખ્યું.

એમાં જણાવેલું, 'એકવાર ગામમાં આવેલી કીલીબેકસ ગોદીઓનો ફોટો લેતાં સિપાઈએ મને અટકાવ્યો ને કહ્યું કે કદાચ એ ફોટો ક્યાંક છપાઈ દુશ્મનના હાથમાં જાય તો આયરલેન્ડનું સંરક્ષણ જોખમાઈ જાય.'

એ પીક્ચર પોસ્ટકાર્ડની પાછળની બાજુએ એ જ ગોદીઓનો ફોટો હતો !

★

પસ્તીની હરીફાઈ

બ્યુડા-પેસ્ટ, હંગેરીની શહેરસુધરાઈએ હવાઈ હૂમલાથી બચવાના પ્રયોગો કરવા અંધારપછેડો પાથર્યો તે પહેલાં શહેરના જાણીતા અને સંભાવિત ખીસ્સાકાતરૂઓને પકડી લીધેલા, જેથી શહેરીઓ એક હૂમલાથી બચવા જતાં બીજા હૂમલાનો ભોગ ન થઈ પડે.

લંડનના એક પરગણાના લોકલબોર્ડે પસ્તી એકઠી કરવા હરીફાઈ ગોઠવેલી. તેને સફળતા ઇચ્છતા સંદેશા અને અભિનંદન-પત્રોનો એટલો જથ્થો એકઠો થયેલો કે જો કમીટી હરીફાઈમાં ઉતરી હોત તો તે જ ઇનામ ખાટી જાત !

★

ભલે પધાર્યા !

મર્હૂમ પાંચમા જ્યોર્જ જ્યારે પ્રીન્સ ઓફ વેલ્સ તરીકે હિન્દનો પ્રવાસ કરવા આવેલા ત્યારે લાહોરમાં તેમને આવકાર આપવા ઠેરઠેર ધજાપતાકા ટાંગવામાં આવેલી. પોતે કદાચ સત્કારમાં પાછળ રહી જશે માની અતિ ઉત્સાહમાં આવી જઈ એક કબ્રસ્તાનની વ્યવસ્થાપક કમીટીએ કબ્રસ્તાન પર પણ 'વેલ કમ' ની પતાકા મોટે અક્ષરે ટાંગી મૂકેલી !

▼



રજવાડી રમૂજ

મળ્યો છે: અર્ધો લાડુ નંગ એક.

દેશી રાજ્યોમાં નીકળતાં કેટલાંક ફરમાનો ખરેખર અકકલના નમૂનારૂપ હોય છે. હમણા કોટા રાજ્યે 'ખાસ હજુર ફરમાન નં. ૧૮૩' આ પ્રમાણે પ્રગટ કર્યું છે;

'નોકરીના બદલામાં જે લોકો ઇનામ લેવા ઇચ્છતા હોય એમણે પોતાની અરજી મૃત્યુ પહેલાં ઓછામાં ઓછા એક મહિના અગાઉ હજુર સમક્ષ પેશ કરવી.'

'અકસ્માતને કારણે જેમણે રજા મેળવવી હોય તેમણે એક અઠવાડિયા અગાઉથી અરજી રજૂ કરી દેવી.'

કચ્છના દુર્ભાગ્યે હાસ્યરસના પત્રોમાં જેની ગણુના નથી થઇ, એવા કચ્છ–રાજય–ગેઝેટમાં થોડાં વર્ષો પહેલાં છપાયેલું કે:

'–ગામની શાળાની એક ઓરડીમાંથી થોડાંક કપડાં અને એક અર્ધો લાડુ નંગ ૧. (મગજનો) મળી આવ્યો છે. માલેક ધણીએ બાકીનો અર્ધો ભાગ રજૂ કરી મજકુર વસ્તુઓ લઇ જવી.'

એવીજ રીતે એક લોહીવાળા ધારિયાની, જેનું હોય તેણે માલીકી પૂરવાર કરી તે લઇ જવું એ મતલબની જાહેર ખબર પણ છપાયેલી.

★

ચાલો, પાંચમી કતાર ખોલીએ!

લડાઇને લીધે હમણાં પાંચમી કતાર (ફીફ્થ કોલમ) શબ્દ ખૂબ પ્રસિદ્ધિમાં આવ્યો છે. પહેલવહેલો તે સ્પેનના ગૃહયુદ્ધ વખતે જનરલ ફ્રેંકોએ વાપર્યો હતો. માદ્રીડ ઉપર હલ્લો કરતી વખતે એણે પોતાના લશ્કરની ચાર ટુકડી કરી જૂદે જૂદે નાકેથી શહેરને ઘેરો ઘાલ્યો. તે વખતે તેણે કહ્યું કે મારી પાંચમી કતાર (ટુકડી) શહેરમાંના મારા મિત્રો છે, જે મને અંદરથી સહાય કરશે.

એકવાર આ 'ફીફ્થ કોલમ' શબ્દે કચ્છની દિવાન ઓફીસમાં ખુબ ચર્ચા ઉભી કરેલી. સરકારના લશ્કરીખાતા તરફથી રાજયને પૂછાણ આવ્યાં કે કચ્છમાં 'ફીફ્થ કોલમ' છે કે નહિ? પત્ર દિવાન ઓફીસે આવ્યો કે વધુ હકીકત માટે નીચેની પ્રશ્નાવલિ સહીત ત્યાંના પોલીસ-ખાતા પર મોકલવામાં આવ્યો:

(૧) કચ્છમાં ફીફ્થ કોલમ છે કે નહિ?

(૨) ન હોય તો શા કારણે નથી? સ્થાપના શકય છે? તો શા પગલાં લેવાં જોઇએ?

(૩) તે ઇચ્છવા યોગ્ય છે કે નહિ?

(૪) તેનું બંધારણ શી રીતનું હોવું જોઇએ?

(૫) તે માટે ખર્ચનો શો અંદાજ આવશે ?

સવાલો પણ પૂરી પાંચ કતાર (લાઈન)માં છે. પોલીસખાતાએ શો જવાબ આપ્યો તે જણાયું નથી. પણ શ્રી. પટ્ટાભી સીતારામૈયાએ કહ્યું હતું કે 'દેશી રાજ્યો એ સરકારની પાંચમી કતાર છે;' તે પરથી જવાબ જડી રહે છે.

★

દુશ્મનોને કેદ કરો.

દેશી રાજ્યોમાં જ આવા દાખલા મળી આવે છે એમ નથી. ગઇ લડાઇ વખતે આફ્રિકન સરકારને ઈંગ્લેંડના સંસ્થાનિક મંત્રી તરફથી તાર મળ્યો કે 'લડાઈ જાહેર કરી છે. દુશ્મનોને કેદ કરો.'

આફ્રિકન સરકારે ગ્રીક, જર્મન ફ્રેંચ, રશીઅન, પોર્ટુગીઝ, ઇટાલીયન વિ. બધા પરદેશીઓને કેદ કરી લઇ સામો તાર કર્યો: 'ઉપર પ્રમાણે દુશ્મનો પકડયા છે. આમાંથી કયા આપણા દુશ્મનો છે તે લખી જણાવો.'

★

રંગ ભીનો છે.

ઝારના શરદમહેલના સુંદર બગીચામાં એક બાંકડાની ચોકી કરવા બે સંત્રી હતા. દર ત્રણ કલાકે તેમની બદલી થતી. નવા જ નિમાઇ આવેલા એક સરદારે આ નિર્દોષ બાંકડાની ચોકી શા માટે કરવામાં આવે છે તે જાણવા માગ્યું પણ કંઇ દસ્તાવેજી નોંધ કે હુકમ જડયો નહિ. વધુ પૂછપરછ કરતાં મરણકાંઠે આવેલા એક ડોસલ સંત્રી પાસેથી જાણવા મળ્યું કે એ બગીચામાં આજથી ૨૦૦ વર્ષ પહેલાં આગલા ઝારે મિજબાની આપેલી ત્યારે આ પાટલી રંગાવેલી. તેના ભીના રંગ પર કોઇ મહેમાન ભૂલથી ન બેસી જાય એ માટે ચેતવણી આપવા ઝારે એક સંત્રી ત્યાં મૂકેલો. ૧૯૦૮ માં બળવાની

બાકને લઇને દરેક સ્થળે ચોકીઆતોની સંખ્યા બમણી કરવામાં આવેલી ત્યારથી આ પાટલીને પણ બીજો ચોકીદાર મળ્યો છે!

★

દુશ્મનોના હાથમાં ન જવું જોઇએ.

બ્રીટનના યુદ્ધખાતા તરફથી જર્મનો કઈ કઇ જાતનાં હથીઆરો વાપરે છે તે દર્શાવતી ચોપડી સૈનિકોમાં વહેંચવા પ્રગટ થઇ છે. પુંઠા પર લાલ શાહીથી મોટા અક્ષરોમાં છાપ્યું છેઃ 'આ પુસ્તક દુશ્મનના હાથમાં કોઈ પણ રીતે ન જવું જોઇએ.' રખેને જર્મનો જાણી જાય કે પોતે કયા હથીઆરો વડે બ્રીટન સાથે લડી રહ્યા છે!

★

દસાડા દફતરમેં કયું નહિ?

કોઇ માની ન શકે એવી વાત છે. અમેરિકાના લાડીલા હાસ્ય લેખક માર્ક ટવેઇનના બે પુસ્તકો "હેકલબરી ફિન" અને "ટોમ સ્વાયરનાં પરાક્રમો" બીભત્સ ગણીને જપ્ત કરવામાં આવેલાં. બ્રાઝીલની સરકારે એને સામ્યવાદી પ્રચારસાહિત્ય ગણી કાઢી મનાઇ ફરમાવેલી. જયારે એ બન્ને બાળકો માટેની નિર્દોષ સાહસ કથાઓ છે.

"એલીસ ઇન વંડરલેન્ડ" નામની બાળકો માટેની જગવિખ્યાત કલ્પનાકથા ચીનના એક ભાગમાં જપ્ત કરવામાં આવેલી. ત્યાંના સુબાએ કારણમાં જણાવેલું કે 'આ વાર્તામાં મનુષ્યોને પ્રાણીઓ સાથે વાત કરતા બતાવ્યા છે તેથી માનવ જાતની આબરૂ હલકી પડે છે ને પશુ પંખીઓમાં માનવ જાતનો જે કંઇ વટ પડે છે તે નીકળી જવાનો આથી ભય ઉત્પન્ન થાય છે.' જાણે પશુઓ પણ પુસ્તક વાંચતા હોય!

'દસાડા દફતરમેં કયું નહિ?' પ્રમાણે પોતે પણ કયાંક રાજ-ભકિતમાં પાછળ રહી જશે એમ ધારી 'હિંદ સંરક્ષણ ધારા' જેવો 'ડિફેન્સ ઓફ દસાડા એકટ' એક દેશી રાજ્યે પોતાને ત્યાં ચાલુ કર્યો

અને રશિઅન સાહિત્ય જપ્ત કરવા માંડ્યું. જપ્તીમાં લીધેલાં પુસ્તકોમાં 'રાતું રૂસ' 'રશિઅન નારી' 'રસિયણના રાસ' વિ. પુસ્તકો હતાં !

★

જીવતો બળવાખોર.

મુંબઇ રેડીઓ પર દિલ્હી સ્ટેશનનો એટલો દાબ છે કે એકવાર કવિ નર્મદાશંકર પર વાર્તાલાપ યોજવા માટે ત્યાંથી રજા મંગાવવી પડી હતી. ત્યારે મુગલાઇ અદાથી તુમાર બાજી ચલાવી દિલ્હી રેડીઓએ એ જીવતો બળવાખોર માણસ કયાં રહે છે ને શું કરે છે એની ખાનગી માહિતી મંગાવી હતી !

★

બાકી રહ્યા આઠ !

યુદ્ધ સમયમાં સંદેશાઓ પર સેન્સરની કાતર કેવી વિચિત્ર રીતે ચાલે છે તેનો દાખલો હમણાં બહાર આવ્યો છે. અમેરિકાની એક આગેવાન સમાચાર સંસ્થાએ ૫૦૦ શબ્દોનો સંદેશ ચીન પર મોકલ્યો. અમેરિકી સેન્સરે તેમાંથી ૩૮૮ શબ્દો ઘઉંમાંથી કાંકરાની જેમ કાઢી નાખ્યા. આથી જાણે પોતાની કામગીરી પર ઠપકાની દરખાસ્ત પસાર થતી હોય એમ ગણી ચીનાઇ સેન્સરે તેમાંથી બીજા ૧૦૪ શબ્દો કાઢી નાખ્યા. સંદેશો મેળવનારને જ્યારે બાકી રહેલા આઠ શબ્દો મળ્યા હશે ત્યારે તેનાથી બોલાઇ જવાયું હશે કે :—

સોના કીધા સાઠ બાકી રહ્યા આઠ,
આઠમેં કહેના કયા ? સમઝના કયા ?

★

'યાજ્ઞિક, યેહ નહિ ચલેગા.'

રાજકોટ કોલેજવાળા શ્રી. રમણલાલ યાજ્ઞિક પોતાનું રંગમંડળ લઈ એક વાર જુનાગઢ નવાબના દરબારમાં 'સીતા વનવાસ'ને લગતું

નાટક ભજવવા ગએલા. દૃશ્યમાં સીતાને વલ્કલ પહેરાવેલાં જોઇ નવાબનો મિજાજ ખાટો થઇ ગયો. એ બરાડી ઉઠયા; 'યાજ્ઞિક, યેહ નહિ ચલેગા.'

'શું નહિ ચલેગા, ખુદાવીંદ ?' યાજ્ઞિકે પૂછ્યું.

'યેહ સીતા, તુમ હિન્દુઓંકી બડી દેવી ઔર કોઇ મુફલિસ ઔરત સા લિબાસ પહને ? મુઝસે નહિ દેખા જાતા. કયા મેરે પોષાક-ખાનેમેં કુછ કમી હય ? લોગ કયા કહેંગે ? સીતાકો જરીયાન લિબાસ પહિના દો.'

શ્રી. યાજ્ઞિકે નવાબને સમજાવ્યું કે એ તો વનવાસ જવાનું દૃશ્ય હોઇ સીતા અને રામે ખુદ રાજીખુશીથી વલ્કલ ધારણ કરેલાં. ને દૃશ્યમાં વાસ્તવિકતા લાવવા એ જ પહેરાવવાં ઘટે.

'ઉસ જમાનેમેં યહ ચલતા હોગા. લેકિન આજ હમારે યહાં કયા કમી હય જો સીતા વલ્કન પહને ? સજાદો ઉનકો જરીયાન વસ્રોંસે.'

શ્રી. યાજ્ઞિકને લાગ્યું કે 'બુરે ફંસે.' રાજહઠ આગળ નમતું મૂકવું જ પડયું. એમના નાટકની સીતા ઘરેણાં–લૂગડાંથી લદાએલી, ઠાઠમાઠથી નવાબના સંતોષ સાથે વનવાસ ગઇ !

★

હુકમની બેગમ

ભોપાળના બેગમસાહેબા અમુક બાબતને અંગે ગમગીનીમાં ગરકાવ હતાં સાંભળી લોર્ડ મીન્ટોએ તેમને એક પત્ર લખ્યો. એ એટલો તો ગળ્યો લાગ્યો કે બેગમ સાહેબાએ એ પત્રના માનમાં એકવીસ તોપ ફોડાવી ! આ વાત લોર્ડ મીન્ટોએ હીન્દી વજીર લોર્ડ મોરલેને લખતાં એનો જવાબ આવ્યો: 'એ વાંચી હું દિવસો સુધી હસ્યો છું; એ બેગમ કોઇ હુકમસરનું પાનું હોવી જોઇએ.'

★

કેદીને વર્ષાસન !

સ્પેન અને ફ્રાંસની સરહદ પર પીરીનીઝ પર્વતની તળેટીમાં આવેલ અંડોરાના પ્રજાસત્તાકને ફક્ત અગીઆર માણસોનું લશ્કર છે.

આ રાજમાં ખૂનના ગુન્હાસર એક કેદીને ફાંસીની સજા કરવામાં આવેલી. પણ રાજ પાસે ફાંસી દેવાનું યંત્ર ન હોવાથી ફ્રાન્સ પાસે તેની માગણી કરી. ફ્રાન્સમાંથી રેલ્વે દ્વારા અંડોરામાં એ યંત્ર લાવતાં જે ખર્ચ લાગે તે રાજ્ય ખમી શકે એમ ન હોવાથી આ યોજના પડતી મુકવામાં આવી. કેદી નાસી જાય તો બલા ટળે એ માટે કેદનાં જાળીયાં ખુલ્લાં મૂકી દેવામાં આવ્યાં. કેદી પણ માથાનો મળ્યો હતો. એ નાસવાનો જરાય ઇરાદો ધરાવતો ન હતો. છેવટે પ્રજાસત્તાકના પ્રમુખે વિનંતી કરી કે જો તે નાસી જવા તૈયાર હોય તો ફ્રાન્સ જવા સુધીનું ગાડીભાડું આપવા સરકાર તૈયાર છે.

કેદીએ કહ્યું કે ફ્રાન્સ જેવા અજાણ્યા પ્રદેશમાં કંઇ ધંધો-રોજગાર એને ન મળે તો એ ભૂખે જ મરી જાય. છેવટે સરકારે એને વર્ષાસન બાંધી આપેલું !

★

બકરાની ઓંણી !

ઝાલાવાડ રાજ્યે એકવાર રાજકુમારના જન્મને અંગે સઘળા કેદીઓને છોડી મૂકયા હતા. પણ જેલ ખાલી રાખી શકાય નહિ એવી માન્યતાને લઇને નવા કેદી આવે નહિ, ઓંણી થાય નહિ, ત્યાં સુધી એક બકરાને ગોંધી રાખેલો!

★

સરહદના મામલા.

બલ્ગેરિયા અને રૂમાનિયાની સરહદ કેવળ ગામની બરાબર વચમાંથી જ જાય છે એમ નથી. એક સ્થળે તો એક ખેડુતના ઘરમાંથી જ જાય છે.

આ સરહદ ઘરની વચમાંથી એવી રીતે જાય છે કે ઘરના બે ઓરડા રૂમાનિયાની સરહદમાં છે ને રસોડું, ભંડાર વગેરેના ત્રણ ઓરડા બલ્ગેરિયાની સરહદમાં છે. !

એટલે કે ખેડુતના ઘરના માણસોને પેલા બે ઓરડામાં જવું હોય તો રૂમાનિયાની હદમાં જવું પડે ! ને એ બે ઓરડામાંથી પાછું રસોડામાં આવવું હોય તો બલ્ગેરિયાની હદમાં આવવું પડે! આમ રોજ એ કુટુંબને દિવસમાં દશ બાર વાર સરહદો ઓળંગવી પડે છે.

પરંતુ બલ્ગેરિયા અને રૂમાનિયાની પોતાના હકકની માની લીધેલી રાજવટ ને પોતાનો રાજવટનો અધિકાર જતો કરવો ન હતો. સરહદ ઓળંગવી હોય તો 'પાસપોર્ટ' જોઇએ જ. પાસપોર્ટ વગર સરહદ ઓળંગાય તો ગુનો થાય !

એટલે બલ્ગેરિયા અને રૂમાનિયાની સરકારોનો એક એક પસાયતો ખેડુતના ઘરમાં રહે છે. ને જેટલી વાર ખેડુતને પોતાના જ ઘરની અંદર બલ્ગેરિયા કે રૂમાનિયાની સરહદ ઓળંગવી પડે તેટલી વાર બેય જણા એના પાસપોર્ટ ઉપર સહીઓ કરે છે !

મૂળ પાસપોર્ટ ઉપર આ બે સરહદી 'અમલદારો'ની સહીઓવાળા કાગળો ચોટાડવામાં આવે છે. આ કાગળોની લંબાઇ જ અત્યાર સુધીમાં એક હજાર ફુટની થઇ છે !

★

છીંકનાં શુકન

ફ્રાન્સનો રાજા ચૌદમો લુઇ એક વખત નશામાં ચકચુર બની પેરીસના રસ્તા પર ચાલ્યો જતો હતો એટલામાં કોઇએ છીંક ખાધી. લુઇને એ છીંક એટલી ગમી ગઇ કે એણે એ માણસને પોતાનો મુખ્ય સરદાર બનાવ્યો. દરબારીઓએ આનું કારણ પૂછતાં તેણે કહ્યું કે ખરો મરદ જ આવી સરસ છીંક ખાઇ શકે ! ને એટલા માટે એ સરદાર

થવાને યોગ્ય છે. એ સરદારના વંશજોએ નેપોલીઅનના સમય સુધી આ પદવી ભોગવી હતી.

★

નાહક નાક કપાવ્યું !

મુંબઈ પરીક્ષા આપવા ગયેલા કાઠિયાવાડના એક નવાબી રાજના વિદ્યાર્થીઓ ત્રીજા વર્ગમાં પાસ થયા તે ખબર નવાબને સંભળાવતાં કેળવણી અધિકારીએ કહ્યું: 'જહાંપનાહ, મુંબઈના વિદ્યાર્થીઓ પહેલા વર્ગમાં, સુરત–વડોદરાના બીજા વર્ગમાં ને આપણા વિદ્યાર્થીઓ ત્રીજા વર્ગમાં આવ્યા છે.' ત્યારે નવાબ સાહેબ ઘણા ગુસ્સે થઇ ગયા: 'ત્રીજા વર્ગમાં શા માટે આવ્યા ?' તેમણે કહ્યું, 'શું આપણી પાસે સલૂન નથી ? તો પછી સ્પેશીઅલ દોડાવીને તેડાવવા હતા. નાહક નાક કપાવ્યું માથે રહીને !'

★

એક પણ પત્થર ફેંકયો નહિ !

રશિયામાંથી એક અમેરિકી ખબરપત્રીએ પોતાના પત્રને લખ્યું: 'સોવિયેત સૈન્યની કવાયત વખતે અમેરીકી એલચી મોસ્કો સ્તાલીનની 'એક પત્થર ફેંકી શકાય એટલી નજીક ઉભા હતા.' (વિધિન એ સ્ટોન્સ થ્રો)

'અમારા માનીતા નેતા વિષે આવું અપમાનકારી લખાણ મોકલી તમે શું કહેવા માગો છો ?' રશિયન સેન્સર બરાડયો. જયારે તેને ઉપલી અંગ્રેજી કહેવત સમજાવવામાં આવી ત્યારે તેણે આ રીતે લખવા સૂચવ્યું: 'અમેરીકી એલચી સ્તાલીનની નજીક ઉભા હતા. એમણે એક પણ પત્થર ફેંકયો નહિ !'

★

મધ્યયુગી સ્પેનમાં માણસ અને ગોધા વચ્ચે સાઠમારી ગોઠવી લોકો ક્રૂર આનંદ માણતા. સ્પેનની એક રાણીને આ જોઇ અરેરાટી છૂટી. તેણે આ બંધ કરી પશુઓ તરફ પ્રેમભાવ બતાવવા સુંદર પાંજરાપોળ ઉભી કરી અને તે માટે ધન મેળવવા તેણે એક સાઠમારી ગોઠવેલી !

લાગે છે કે વિધાતાએ જયારે અકકલની વહેંચણી કરવા માંડી હશે ત્યારે આ મહાશયો ચારણી લઇ દોડયા હશે !

▼



તંત્રી કથાઓ

એ વાતમાં વજૂદ નથી !

એક તંત્રી આખા દિવસની રઝળપાટથી થાકી લોથપોથ થઈ પ્રેસમાં આવ્યા ને આરામ લેવા ટેબલ પર પગ લંબાવ્યા કે કંપોઝીટરે આવી તકાદો કર્યો: 'સાહેબ, હજુ એક કોલમ જેટલી જગા ખાલી છે, તો જલ્દી મેટર લખી આપો.'

તંત્રીએ કાગળ કલમ હાથમાં લઈ ઘસડી કાઢ્યું :—

શહેરમાં વધી પડેલો લશ્કરી લોરીઓનો અત્યાચાર

'ગઈ કાલે સાંજે સ્લેટર રોડ પર એક લશ્કરી લોરી ત્રણ માણસો પર ફરી વળતાં તેમને સખત ઇજા થઈ હતી. તેમને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ત્યાં પાછળથી તેમનું મરણ નિપજ્યું હતું. શહેરમાં લશ્કરી લોરીઓની હંકામણી હમણાં હમણાં ભારે બેદરકારી

ભરી બનતી જાય છે તે સામે સખત હાથે કામ લઈ સત્તાવાળાઓએ તેને દાબી દેવી જોઈએ.'

'પણ સાહેબ, આ વિગત તો બિનસત્તાવાર છે. એવી વિગતો કેમ છાપી શકાય ?' કંપોઝીટરે કહ્યું.

'તું એમાં ન સમજે. તું તારે છાપી નાખ.' તંત્રીએ ઠંડા દિલે કહ્યું.

કમ્પોઝીટરે આજ્ઞાનુસાર મેટર કંપોઝ કર્યું. છતાં થોડીક જગા વધી એટલે પાછો મેટર માગવા તંત્રી પાસે આવ્યો.

ફળદ્રુપ ભેજાનાં તંત્રીએ તરત લખી આપ્યું :

સ્ટૉપ-પ્રેસ

'યંત્ર પર જતાં ખબર મળે છે કે ઉપલા અકસ્માતના સમાચારોને સમર્થન મળતું નથી. એટલે એમાં કોઈ પણ પ્રકારનું વજુદ નથી.'

★

" , . ? ; ! — : ( ) "

અમેરિકન હાસ્ય લેખક માર્ક ટ્વેઈન આગળ તંત્રીઓ હંમેશાં ફરિયાદ કરતા કે તમારા લેખોમાં વિરામચિહ્નોનું કંઈ ઠેકાણું હોતું નથી. આથી કંટાળી જઈ એક દિવસ ટ્વેઈને દરેક તંત્રીને લખી મોકલ્યું: 'મહેરબાન સાહેબ,

"આ સાથે " , . ? ; ! — : ( ) " મોકલ્યાં છે. મારા લેખોમાં જરૂર પડે તે તે ઠેકાણે તેમને વેરતા જશો તો ઘણો જ આભારી થઈશ. આપનો ટ્વેઈન."

★

છાપી કાઢીશ !

કહે છે કે શ્રી. બ. ક. ઠાકોરના કાવ્ય માટે એક તંત્રીએ બે ચાર કાગળો લખ્યા છતાં કાવ્ય ન મળવાથી ધમકી લખી મોકલી કે

'હવે જો વળતી ટપાલે કાવ્ય નથી મોકલ્યું તો તમારું કોઈ જૂનું કાવ્ય સ્વ. નરસિંહરાવની જોડણીમાં છાપી કાઢીશ.'

ત્રીજે દહાડે કાવ્ય આવી ગયું !

★

સામળદાસ, તારી માંદગી !

'અતિશય થાકને કારણે શ્રી. સામળદાસ ગાંધી માંદગીમાં સપડાઈ ગયા છે. આઠ દિવસ તેમની બધી રોકાણો રદ કરવી પડે છે.' "વંદે-માતરમ્" ખબર આપે છે.

આમાં પત્રકારિત્વ ક્યાં આવ્યું ? ખરી રીતે આ ખબર આમ અપાવા જોઈતા હતા :—

સામળદાસ, તારી માંદગી !

તાવે ઘેરેલો ગુર્જર પત્રકારિત્વનો ગઢ.

મુંબઈ, તા. ૯.૧૧.૪૪. 'વન્દેમાતરમ્'ના વાચકવૃંદ અને જનતા જનાર્દનને જણાવતાં અમને દિલગીરી થાય છે કે કાર્યાલય પર દુઃખનો દાવાનળ ત્રાટકી પડ્યો છે. શ્રી. સામળદાસ ગાંધી છેલ્લા બે દિવસથી તાવના કારમા પંજામાં ઝડપાઈ ગયા છે. શબ્દકોષની સગડીમાંથી કલમચીપીઓ વડે ચૂંટી કઢાએલા ધગધગતા લાવારસ જેવા શબ્દ-અંગારથી મઢેલી એમના અગ્ર અને ઉગ્ર લેખો આને લઈને આઠેક દહાડા દેખાશે નહિ. તેની અમે ક્ષમા ચાહીએ છીએ.

ખબરના તરસ્યાજનો ટેલીફોન પર તૂટી પડયા છેઃ મિત્રોદ્વારા એમની મુલાકાતની માગણીઓ વરસી પડી છેઃ એમની મુલાકાતથી મિત્રોને આ તબક્કે અમે છે–ટા–જ રહેવા વિનંતિ કરીએ છીએ. દરમ્યાન તબીબી સારવાર માટે ચક્રો (મોટરનાં સ્તો!) ગતિમાન થયાં છે. ને એમને આ નાગચૂડમાંથી બચાવી લેવાના વિરાટ પ્રયત્નો ચા–લુ–જ છે.'

★

નવા જન્મેલા !

અમેરિકાના 'સ્પ્રીંગફિલ્ડ હેરલ્ડ' પત્રના તંત્રીને ગર્વ હતો કે તેના પત્રમાં કદિ ખોટી બાતમી પ્રસિદ્ધ થતી નથી. ભૂલથી એક દિવસ મૃત્યુનોંધોના વિભાગમાં એક એવા જણનું નામ છપાઇ ગયું જે હજુ જીવતો હતો. એણે તરત તે પત્રના તંત્રી સેમ્યુઅલ લોવેલ્સને એ બાબત ફરિયાદ કરી. પોતાના પત્રના ચોક્કસાઇ ભરી બાતમી આપવાના ગર્વને કાયમ રાખતો જવાબ તેણે આપ્યો કે 'જ્યારે 'સ્પ્રીંગ ફિલ્ડ હેરલ્ડ' કોઇને મરેલો જાહેર કરે છે ત્યારે તે ખરેખર મરી ગયો હોય છે. પણ તમને સંતોષ આપવા અમે 'નવા જન્મેલા' તરીકે અમારી જન્મ–નોંધમાં તમારૂં નામ મૂકી બદલો વાળી આપીશું'.

★

પીળું પત્રકારિત્વ.

૧૮૧૫ માં જ્યારે નેપોલીઅને એલ્બાથી પેરીસ પર કૂચ કરી ત્યારે ફ્રાન્સના 'મોનીટર' પત્રમાં નીચે મુજબના ખબર પ્રગટ થયા :—

માર્ચ ૧૦ : એ નર રાક્ષસ પોતાના દેશવટાના સ્થળેથી નાસી છૂટયો છે.

માર્ચ ૧૧ : એ કોસીંન કૂતરાએ કેપ જુઆનની ખાડી પાસે તંબુ તાણ્યા છે.

માર્ચ ૧૨ : એ નરવ્યાધે ગેઇપમાં દેખા દીધી છે. એની ચારે બાજુએ લશ્કર ધસી રહ્યું છે. અમને લાગે છે કે એ પર્વતોમાં રવડી રઝળી મરી જશે. કારણ કે લશ્કરની ભીંસ ચારે દિશાથી છે.

માર્ચ. ૧૩ : એ રાક્ષસ ગ્રીનોબલ સુધી આવી પહોંચ્યો છે.

માર્ચ. ૧૪ : એ જુલ્મી હમણાં લીઓન્સમાં છે. એના આવવાથી બધા ત્રાસી ઉઠયા છે.

માર્ચ. ૧૮ : એ વરૂએ રાજધાનીથી આઠ માઇલ દૂર પડાવ નાખવાની ધૃષ્ટતા કરી છે.

માર્ચ. ૨૦ : બોનાપાર્ટ લશ્કરની નામરજી છતાં આગળ વધી રહ્યો છે. પણ તે પેરીસ પહોંચે એવો સંભવ દેખાતો નથી·

માર્ચ. ૨૧: નેપોલીઅન પેરીસના કિલ્લાની અંદર કાલે આવી પહોંચશે.

માર્ચ ૨૨ : સમ્રાટ નેપોલીઅનનો ઉતારો હમણાં અતિથીગૃહમાં છે.

માર્ચ ૨૩ : ગઇ કાલે સાંજે આપણા ચક્રવર્તી સમ્રાટ નેપોલીન બોનાપાર્ટે પ્રજાજનોની ખુશાલી વચ્ચે નગરપ્રવેશ કર્યો અને રાજમહેલમાં આવી પહોંચ્યા હતા. આથી સર્વત્ર ઉત્સાહ વ્યાપી ગયો છે. અને લોકો આનંદથી ગાંડાતૂર બની ગયા છે !

★

દિલગીર છીએ કે...

લેખકોના લેખો તેમને માઠું ન લાગે એ રીતે પાછા વાળવા એ તાંત્રિક કુશળતા છે. લખાણો પાછાં વાળતી વખતે ચીનના તંત્રીઓ જે ભાષા વાપરે છે તે નમ્રતા અને વ્યંગનો ઉત્તમ નમૂનો બની રહે એવી છે. તેઓ લખે છે:

'આપે ઇશ્વરી બક્ષીસ તરિકે પાઠવેલો આપનો લેખ અમે અવર્ણનીય આનંદ સાથે વાંચી ગયા. અમારા પૂર્વજોની રાખના સોગંદ લઇ કહીએ છીએ કે આજ સુધીમાં અમો રમૂજ અને શૈલિની બાબતમાં સાહિત્યજગતને હચમચાવી નાખે એવું તમારા આ દિવ્યસર્જન જેવું સર્વોત્તમ સર્જન જોવા કદિ ભાગ્યશાળી થયા નથી. જો અમે તે છાપીએ તો અમારા પત્રની ઉચ્ચ નીતિ અને ધોરણનું એ પ્રતિક બની જશે, ને પછી બિચારા ઉગતા લેખકોને અમે આ આદર્શના ખ્યાલમાં ક્યાંક અન્યાય કરી બેસીશું એવી અમને બીતી રહે છે. ને આવું દિવ્ય લખાણ એકવાર છપાયા પછી પ્રકાશકો અમને આવાં જ લખાણો પ્રગટ કરવાનું ફરમાન કરે. ને તંત્રીજગતની ક્રીડાના મત મુજબ આવો અભ્યાસપૂર્ણ લેખ આવતા દશહજાર

વર્ષમાં શીખ્યા છતાં ય મળવો મુશ્કેલ હોઇ આ સાથે આપનો દિવ્યલેખ નાછૂટકે અને દિલગીરીપૂર્ણ રીતે અજાણે ક્ષમાયાચના સાથે પરત કરીએ છીએ.'

★

તંત્રીઓનાં બહાનાં

એકવાર ઇંગ્લેન્ડના કેટલાક નામાંકિત લેખકો તંત્રીઓએ એમના લેખો પાછા વાળવા શા શા બહાનાં આપ્યાં હતાં તેની ચર્ચા કરતા હતા. એકે કહ્યું કે મારા મિત્રને તેનો લેખ પાછો વાળતો પત્ર મળ્યો તે અનુપમ છે. તંત્રીએ લખેલું: 'આ સાથે તમારા કોરા કાગળ પાછા મોકલું છું. એ પર કોઇએ કંઈ લખી કાઢયું હોય એમ જણાય છે !'

એક પ્રકાશકે લેખકની હસ્તપ્રત પાછી વાળતાં લખેલું: 'તમારૂં પુસ્તક અમે છાપવા નથી લઇ શકતા એ માટે દિલગીર છીએ. પણ તમારા એ પુસ્તકના કાગળ ખરીદી લેવા અમે તૈયાર છીએ. એની પાછલી કોરી બાજુ અમને કામ લાગશે.'

★

'તમે કંઇ લખો છો ખરા ?' ઊગતા લેખકને કોઇએ પૂછ્યું.

'ઘણું ઘણું; પણ તંત્રીઓમાં એવી માન્યતા ફેલાઇ લાગે છે કે હું ફક્ત તેમના જ વાંચવા માટે લખું છું.' પાછા વળતા લેખોથી નિરાશ થયેલા લેખકે કહ્યું.

★

તંત્રીઓની ટકોર

'મારી કવિતામાં મેં ક્રાન્તિની ભભૂકતી જ્વાળાઓ મૂકી છે.' કવિએ તંત્રીને લખેલું.

'તમારી એ કવિતાને ભભૂકતી જ્વાળામાં મૂકો તો ક્રાન્તિ કરી કહેવાશે.' પરત થતા કાવ્ય સાથે તંત્રીની ટકોર આવી.

એક લેખકે 'હું લાંબું કેમ જીવ્યો' નામે લેખ તંત્રી પર મોકલ્યો.

'વાર્તા ટપાલથી મોકલી એટલે' તંત્રીએ લખી વાળ્યું.

'વાર્તા નાપસંદ પડે તો પરત કરવા આ સાથે ટીકીટો બીડી છે.' ઉગતા લેખકે લખેલું.

'તમારી વાર્તામાં રાખી લેવા જેવું તત્ત્વ ફક્ત એ જ હતું.' તંત્રીએ ડામ્યો.

'મારી મૌલિક વાર્તા પાછી કેમ મોકલી ? શું તે પ્રગતિશીલ નહોતી ?'

'એનો પ્રગતિશીલ અંશ મૌલિક નહોતો. ને મૌલિક અંશ પ્રગતિશીલ નહોતો !' જવાબ આવ્યો.

★

'તમારા લેખો સારા અક્ષરે લખી મોકલતા જાઓ' તંત્રીએ લખાણ પાછું વાળતાં લખેલું.

'અક્ષર સારા હોત તો ક્યાંક નામું લખવાનો નોકરો જ ન શોધી લેત ?' લેખકે લખ્યું.

★

તંત્રીઓની મુંઝવણ

લખાણો પાછા વાળવાનું કારણ ઘણી વાર તંત્રીઓની માનસિક મુંઝવણ હોય છે. કેટલાક વર્ષ પર ઇંગ્લેન્ડમાં 'ધી એડિટર રિગ્રેટસ' (તંત્રી દિલગીર છે કે......) નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું હતું તેમાં આધુનિક પ્રસિદ્ધ પંદર નવલિકાકારોની નવલિકાઓ હતી, જે બધી તંત્રીઓએ એક યા બીજા કારણસર અસ્વીકાર કરી હતી. છતાં પુસ્તકરૂપે તે બહુતવિક્રયી નિવડી હતી.

★

તંત્રીઓ કનેથી પાછું ન ફરતું કોઇ પણ લખાણ હોય તો તે પત્રના લવાજમ ભર્યાનું છે.

★

સ્થળસંકોચને લીધે !

એક ગૃહસ્થે કોઇ છાપાના તંત્રીને પોતાને ત્યાં જમવા નોતરેલો. કેટલુંક ખાઇ રહ્યા પછી એણે તંત્રીશ્રીને થોડો વધુ દૂધપાક લેવા આગ્રહ કરવા માંડયો. આદતના જોરથી તંત્રીથી કહેવાઇ ગયું કે 'હું જણાવવાને દિલગીર છું કે સ્થળ સંકોચને લીધે મારે તે આવતા અંક માટે મુલતવી રાખવું પડે છે.'

એ દૂધપાક તંત્રીશ્રીએ આવતા અંક કરતાં આવતા ટંક માટે મુલતવી રખાવ્યો હોત તો તેમને વિશેષ લાભ થાત !

★

છાપાનો કરોળીઓ.

માર્કટવેઇન જ્યારે દૈનિક પત્ર ચલાવતો ત્યારે એક વાર એક દુકાનદાર તરફથી એને ફરિયાદ મળી કે: 'તમારા ગઇ કાલના છાપાના પાનાં વચ્ચે એક કરોળીઓ મળી આવ્યો છે. આનો અર્થ શો સમજવો ?'

એ દુકાનદારની જાહેરખબર ટવેઇનના પત્રમાં આવતી નહોતી. એટલે તેણે ચતુરાઇથી જવાબ વાળ્યો: 'અમારા છાપાનાં પાન વચ્ચે જડી આવતો કરોળીઓ ઘણો સૂચક છે. કયા કયા વેપારીઓ અમારે ત્યાં જાહેરખબર નથી કરતા તે આ કરોળીઓ ફૂંફોળી કાઢે છે ને એવા આવડત અને દુરંદેશી વિહીન વેપારીઓની દુકાનમાં નિરાંતે ધામા નાખી પોતાની જાળ ગુંથવા માંડે છે. કારણ, એ જાણતો હોય છે કે આ પ્રકારના વેપારીઓને ત્યાં માલ વા ખાતો પડયો હોય છે. ત્યાં તેને ખલેલ પહોંચાડનાર કોઇ નહિ હોય !'

★

એક બાજુએ લખો.

છાપું કાઢેલું પણ તેમાં તે ફાવ્યો નહિ ને ઘણું દેવું થઇ ગયું. મેજ પર રોજ રોજ નાણાંની ઉઘરાણી કરતા પત્રનો ઢગલો થતો.

તેમાંના કેટલાકનો જવાબ એ તરત વાળતો. લેણદારોને એ કયા બહાનાં બતાવે છે તે જાણવા કુતુહલથી એક દિવસ એના સાથીદારે એ વાંચી જોયા ત્યારે એણે આશ્ચર્ય સાથે રમૂજ અનુભવી. એમાં લખ્યું'તું:

'વ્હાલા સાહેબ,

તમારા પત્રો કચરાટોપલીને આધીન કરવામાં આવ્યા છે. બન્ને બાજુએ લખાઇ આવેલા પત્રો પર ધ્યાન ન આપવાનો અમારા તંત્રી-ખાતાનો નિયમ છે.'

ને ફરી એક બાજુએ લખાઇને એ પત્રો આવતા ત્યાં સુધી એ નાણાંની જોગવાઇ કરી લેતો.

★

હાજી આજે મૂડમાં નથી.

સાહિત્યના શહીદ સ્વ. હાજી મહમ્મદ પણ તંગીમાં હોય ત્યારે આવો જ નૂસખો લડાવતા.

એકવાર 'વીસમીસદી' માટે લીધેલા કાગળની ઉઘરાણી કરવા આવનાર લેણદારને સીડી ચડતો જોઇ તેઓ સામે બેઠેલા તેમને મળવા આવનાર ભાઇ પર સખત ગુસ્સે થઇ બરાડવા માંડયા. મળવા આવેલ ભાઇએ, તેમના જાણીતા હોઇ, માઠું તો ન લગાડયું પણ તે ડઘાઇ તો ગયા જ. જ્યારે સીડી ચડતો લેણદાર 'હાજી આજે મૂડમાં નથી' સમજી બીજી કોઇ અનુકુળ તારીખે આવવા દાદર ઉતરી ગયો.

એને ઉતરી જતો જોઇ હાજીએ એ તરફ પેલા ભાઇનું ધ્યાન દોર્યું ત્યારે જ એને સમજ પડી કે એ ગુસ્સો નહિ, ગુસ્સાનો અભિનય હતો.

★

'વીંછી' અને 'અસ્તરો'

કેટલાક વર્ષો પહેલાં પારીસમાં બે સામયિકો પ્રગટ થતાં હતાં. એકનું નામ હતું 'અસ્તરો' ને બીજાનું નામ હતું 'વીંછી'. દર અઠવાડિએ એ

બન્નેમાં એક બીજા પર ખૂબ કાતિલ ટીકા આવતી. હજારો લોકો એ શાબ્દિક લડાઈ વાંચવા છાપું ખરીદતા અને તે પર ચર્ચા કરી ખુશ થતા.

છેવટે તેમણે માઝા મૂકી. પત્રકારિત્વનાં બધાં બંધનો તોડીને અંગત ટીકામાં તેઓ સરી પડ્યાં ત્યારે એક પરગજુ ગૃહસ્થે એ બન્નેના તંત્રીને જમવા નોતરી તેમનું સમાધાન કરાવી આપવા વિચાર્યું.

બન્નેએ આમંત્રણ સ્વીકાર્યું. પણ તે દિવસે ઉદાસ અને મુડદાલ જેવો લાગતો એક જ જણ આવ્યો. ઘણી વાટ જોઈ છતાં બીજો તંત્રી આવ્યો નહિ એટલે યજમાને તેને માયાળુ સ્વરે પૂછ્યું : 'તમે કયા પત્રના સંપાદક છો ?' '**વીંછી**'ના કે '**અસ્તરા**'ના ?'

'બન્નેનો !' તેણે રહસ્ય ખુલ્લું કર્યું.'

★

મોતીના દાણા જેવું !

હોરેસ ગ્રીલી અમેરિકાનો જાણીતો પત્રકાર હતો. માખીના પગ જેવા અક્ષરો લખવાની તેને આદત હતી. એક વાર એણે તંત્રી મંડળમાંથી એકને રજા આપી. પેલાએ ગ્રીલીના એ લખાણનો ત્રણ–ચાર જુદી જુદી રીતે ઉપયોગ કર્યો. બીજા છાપખાનામાં જઈ એને હોરેસે આપેલા ભલામણપત્ર ઓળખાવ્યો ને તરત તેને રાખી લેવામાં આવ્યો. માંદા પડવાના બહાના માટે દાકતરના સર્ટીફીકેટ તરીકે પણ એ જ પત્ર એ રજૂ કરતો. ને ન્યુયોર્કની રેલ્વેમાં રેલ્વેઅધિકારી તરફથી મળેલા ફ્રી પાસ તરિકે પણ એનો ઉપયોગ કરતો. અક્ષરો એવા ગરબડીઆ હતા કે જરૂર કોઈ મોટા માણસનો પત્ર છે માની તે ઉકેલવાની માથાકૂટ કોઈ કરતું નહિ.

હોરેસના આખા છાપખાનામાં એના અક્ષરો વાંચીને બીબાં ગોઠવી શકે એવો એક જ કંપોઝીટર હતો. એક વાર એ જરા બહાર ગયો ત્યારે બીજા સાથીદારોને ગમ્મત સૂઝી. બે કૂકડાઓને

પગે શાહી લગાડી તેમને કાગળ પર લડાવ્યા. પછી એ કાગળ એ કમ્પોઝીટરના ખાના પર મૂકી દીધો.

આવીને એણે કાગળ જોયો કે બોલી ઉઠયો: 'ઓહો, આજ તો મેટર જલ્દી મોકલાવ્યું છે.' કહી કંપોઝ કરવા માંડયું. છેવટે એક ડાઘો પડયો હતો ત્યાં આવી અટકયો. થોડી વાર માથું ખંજવાળ્યું. પણ છેવટે તેને પોતાનો પરાજય કબૂલ કરવો પડયો. હોરેસ પાસે જઇ કહ્યું: 'સાહેબ, દિલગીર છું, પણ આજ પહેલી જ વાર મારે તમને પૂછવા આવવું પડયું.'

હોરેસે 'લખાણ' પર ઉડતી નજર ફેંકી કહ્યું: 'બોઘા, જોતો નથી 'મનની સ્વસ્થતા' લખ્યું છે તે? મોતીના દાણા જેવું ચોખ્ખું છે!'

★

એ પણ છાપી શકાય એવું નથી!

કુસ્તીજંગમાં આવેલા પહેલવાનોની મુલાકાત લેવા નવા ખબરપત્રીને મોકલવામાં આવેલો. કલાકેક પછી એ કાર્યાલયમાં આવી ફસડાઇ પડયો. 'કેમ, શી ખબર લાવ્યા છો?' તંત્રીએ પૂછ્યું.

'આ' કહી અળવીતરા પ્રશ્નોના જવાબોમાં પહેલવાનોએ ચખાડેલા સ્વાદના ઘા એણે બતાવ્યા.

'પણ એ થોડું છાપી શકાય એમ છે? એમણે કહ્યું શું?'

'એ પણ છાપી શકાય એવું નથી!'

★

પછી કહેતા નહિ કે નહોતું કીધું!

મહાપુરૂષોના અચાનક અવસાનથી દૈનિકપત્રોના તંત્રીઓને મૃત્યુનોંધો લખવાની મુશ્કેલી પડે છે. તેથી અમેરિકાના 'મર્ક્યુરી' પત્રના તંત્રીએ આવી નોંધો અગાઉથી જ લખાવી રાખવાનો નિર્ણય કર્યો. એ પોતાના સાહિત્યકાર મિત્રો કને જઇ માગી જ લેતો કે: 'ભાઇ, લખાવો મને,

તમારા ગુજરી ગયા પછી જગતને જે કંઇ તમારા વિષે જણાવવું હોય તે મને લખાવી નાખો. પછી કહેતા નહિ કે મેં કીધું ન્હોતું !'

માર્ક ટવેઇનની મૃત્યુ નોંધ તેના જીવતાં એક છાપાએ છાપી નાખેલી. મી. ટવેઇને તેના તંત્રીએ તાર કરી જણાવ્યું : 'મારા મૃત્યુના સમાચાર જરા અતિશયોક્તિથી ભરેલા છે.'

★

'તમારા પત્રમાં મારે વિષે જુઠ્ઠી વાતો કેમ છાપી છે?' એક તંત્રીને કોઇ ઉદ્યોગપતિએ ફરિઆદ કરી.

'તમારા વિષે સાચી વાતો છાપી નાખી એ તો તમારું શું થાય ?' તંત્રીએ કહ્યું.

★

તમે છપાવવા ઇચ્છો તે કરતાં તમે છુપાવવા ઇચ્છો એ ખબરોમાં તંત્રીઓ વધુ રસ લે છે.

★

હમણાં દિલ્હીના એક તંત્રીને ખોટા સિક્કા રાખવાના ગુન્હા માટે પકડવામાં આવ્યા છે.

કદાચ એ સિક્કા તંત્રીને સમાલોચનાર્થે પણ મળ્યા હોય !

★

અજબ ગોટાળો


★

અમેરિકાના 'પ્રોગ્રેસ' (પ્રગતિ) પત્રના તંત્રી મથાળાં બાંધવા માટે એક દિવસ લડાઇ અને આંતરરાષ્ટ્રીય સમાચાર તારવતાં તારવતાં એટલા કંટાળી ગયા કે બીજી સવારના છાપામાં એમણે મથાળું કરી માર્યું:

"THE WORLD IN AN AWFUL MESS"

("દુનિયા કોઇ અજબ ગોટાળામાં ઘેરાઇ ગઇ છે !")

▼



કવિ કથાઓ

સાહિત્યકારોની બનાવટ

ઓસ્ટ્રેલીઆની એક જાણીતી પ્રકાશન સંસ્થા તરફથી 'અર્લ મેલે' ના નામથી એક કાવ્ય સંગ્રહબહાર પાડવામાં આવ્યો હતો અને ઓસ્ટ્રેલીઆના કવિઓએ અને વિવેચકોએ તે કાવ્યસંગ્રહને કળાની એક સુંદર કૃતિ તરીકે વધાવી લીધો હતો. આમ તે સંગ્રહ ઉપર

ચોતરફથી પ્રશસ્તિઓની વર્ષા વરસી રહી હતી તે દરમિયાન એવી હકીકત બહાર પડી કે આ કાવ્યસંગ્રહના રચનાર બે ઓસ્ટ્રેલીઅન સૈનિકો હતા અને તેમનો આશય ઓસ્ટ્રેલીઆના સાહિત્યકારોની કેવળ બનાવટ કરવાનો હતો. આ બન્ને સૈનિકો એક દિવસ બપોરે ઓક્સફર્ડનો અવતરણ સંગ્રહ તેમજ બીજા કેટલાંક પુસ્તકો લઇને બેઠા અને બે લીટી અહિંથી અને ચાર લીટી તહીંથી એમ મનમાં આવ્યું તેમ વિવિધ સામગ્રી એકઠી કરીને તેમાંથી અર્થ વિનાની કેટલીક કડીઓ તેમણે વણી કાઢી અને સંગ્રહરૂપે બહાર પાડી. એક ચોકકસ કાવ્યની ત્રણ લીટીઓ તો મચ્છરો ઉત્પન્ન કરતાં સ્થળોની સફાઇ સંબંધે કરવામાં આવેલ અમેરીકન રીપોર્ટમાંથી જ સીધેસીધી ઉધ્ધૃત કરવામાં આવી હતી. આ કાવ્યસંગ્રહને હર્ષપૂર્વક વધાવી લેનારા કેટલાક વિવેચકોમાં ઓસ્ટ્રેલીઆના એક જાણીતા વિવેચન પત્રના અધિપતિ 'એંગ્રી પેંગ્વીન' પણ હતા, જેમણે પ્રસ્તુત કાવ્યસગ્રંહને અસાધારણ બુદ્ધિમતિભાના સર્જન તરીકે વર્ણવ્યો હતો. એ સંગ્રહના વિવેચનમાં તેમણે જણાવ્યું હતું કે તેમણે મેલેને ઓસ્ટ્રેલીઆના બે સમકાલીન સાહિત્ય ધુરંધરોમાંના એક તરિકે તુરત જ ઓળખી કાઢયો હતો.

આપણે ત્યાં પણ આવું બનેલું. કવિવર ટાગોરે કિશોર અવસ્થામાં બંગાળના જૂના વૈષ્ણવ કવિઓની લઢણમાં ઘણાં કાવ્યો લખ્યાં હતાં, ને તેમના શરમાળપણાને લીધે તે 'ભાનુસિંહ' ઉપનામે પ્રસિદ્ધ કર્યાં. બંગાળના સાહિત્ય જગતમાં એથી હો હા મચી ગઇ. કાવ્યો પ્રાચીન લઢણમાં હોઇ એ નામના કોઇ પ્રાચીન કવિના કાવ્યો સંશોધન રૂપે બહાર પડે છે એવું બધા પર એમણે ઠસાવ્યું. એક વિદ્યાર્થીએ તો એ પર બ્રહન્નિબંધ (થીસીસ) લખી જર્મનીની વિદ્યાપીઠ કનેથી પી. એચ. ડી. ની ઉપાધિ પણ મેળવી !

એ પરથી બીજા સાહિત્યકારોએ પ્રાચીન સાહિત્યનો વિશેષ અભ્યાસ કરવા વધુ શોધખોળ કરવા માંડી ત્યારે ખબર પડી કે એ લખનાર તો આધુનિક કિશોર કવિ ટાગોર હતા !

*

મેં ભી બીબી પાસ હું !

ઉર્દુના મહાકવિ સ્વ. અકબર ઇલ્લાહાબાદીને એક ગૃહસ્થ મળવા ગયા. એ વખતે કવિ જનાનખાનામાં હતા. એ ગૃહસ્થે કાગળ પર પોતાનું નામ લખી તે પાછળ પોતાની બી. એ. ની ડીગ્રી ઉમેરી પોતે આવ્યા છે તેની જાણ કરવા કવિ કને મોકલી.

એજ ચીઠ્ઠી પર કવિએ તરત લખી મોકલ્યું: 'આપ બી. એ. પાસ હૈં તો મેં બીબી પાસ હું !'

★

એક સમે હનુમાન ભીમ બે એક એકથી મળીઆ

કવિ નાનાલાલ રાજકોટ છોડી અમદાવાદ આવ્યા ત્યારે એમના મનમાં ગાંધીજીના પોતે પ્રેરક ને સાહિત્યકાર થશે એવી એમની આકાંક્ષા હશે. ગાંધીજીના રાજમાં તો જેની જેટલી શકિત ને ઉપયોગીતા તેનું તેટલું સ્થાન. કવિનું સ્થાન કવિ તરિકે રહ્યું. અમદાવાદમાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે નાનાલાલનું વ્યાખ્યાન હતું. એમનાં પત્ની સૌ. માણેકબેન મંડપમાં આવવા ગયાં ત્યારે એક સ્વયંસેવિકાએ એમને ન ઓળખવાને લીધે રોકયા. કવિ ઉગ્ર થઇ ગયા. સ્વયંસેવિકાએ માફી માગી. કવિએ કહ્યું કે વલ્લભભાઇએ માફી માગવી જોઇએ. વાતનું વતેસર થયું. ઝઘડો ગાંધીજી પાસે ગયો. એમણે ચુકાદો આપ્યો કે સ્વયંસેવિકા માફી માગે, વલ્લભભાઇ નહિ; એમનો કંઇ દોષ નહોતો.

ગાંધીજીની ૫૦ મી જન્મતિથિ નિમિત્તે જે કવિ 'પચ્ચાસ પચ્ચાસ ઘંટા વગડાવતા' તે ગાંધીજીના અને તેમના અનુયાયીઓના આથી વિરોધી થઇ ગયા. વલ્લભભાઇને એમણે સંદેશો મોકલ્યો: 'આવી જા, દ્વંદ્વયુદ્ધ કરીએ, સ્થળ નકકી કરીને.'

વલ્લભભાઇ જેનું નામ ! એમણે સામો સંદેશો કહાવ્યો: 'મારે જગા નકકી નથી કરવી; જ્યારે ને જ્યાં તું સામે મળશે ત્યાં ઠોકીશ.'

થોડા વર્ષો પહેલાં બે ફ્રેંચ વૈયાકરણીઓ વચ્ચે આવી જ રીતે જામી હતી. અને મિત્રોની સલાહથી એમણે એકમેકથી દશ ડગલાં દૂર રહી વ્યાકરણથી લડવાનું સ્વીકાર્યું હતું. લાગે છે કે કવિનું આહ્વાન સરદારે સ્વીકાર્યું હોત તો કવિ તેમને સુરઅંગાને તીર અપભ્રંશથી લડવા જરૂર નિમંત્રત.

ને તે વખતે સરદાર ચરોતરી ગદ્યની કેવી અસ્ખલિત અને અશ્રાવ્ય ધારા વહાવત તે આપણે કલ્પી શકીએ છીએ.

ને એ વખતે પશ્ચાદભૂમાં સૌ. માણેકબેન ગાતાં હોતઃ

'મારા કેસરભીના કંથ હો !
સીધાવોજી રણવાર.'

—તો રંગ રહી જાત !

★

શ્રી. ઠાકોરની એલફિલી

શ્રી. બ. ક. ઠાકોર મરીનડ્રાઈવ પર ફરતા હતા ત્યાં એક તંત્રી પોતાના માસિકનો અંક લઇ પહોંચ્યા ને શ્રી. ઠાકોરને આપ્યો.

'છોકરા, આમાં મારા વિરૂદ્ધ કૈં છે કે ?' એમણે પૂછ્યું.

'ના.' તંત્રીએ કહ્યું.

'ત્યારે એ મને કામ નહિ લાગે.' ઠાકોરે ધડાકો કર્યો.

★

ઘોડો ન જુએ એમ !

રાજકોટથી આવેલા પ્રોફેસર ઠાકોર સેન્ટ્રલ સ્ટેશને ગાડીવાળાથી ભાડું ઠરાવતા હતા : 'અલ્યા, ઘેલાભાઇ મેન્સન, ચોપાટી, શું લઇશ ?'

'બે રૂપીઆ' પાલણપૂરી ચોંઇએ ફેંક્યું.

'પહેલાં તો આઠ આનામાં પહોંચાડી દેતા હતા' કહી બલ્લુકાકાએ ભાડું ઠરાવવા રકઝક માંડી. થોડીક વાર સુરૂચિપૂર્ણ સોનેટયુદ્ધની

જેમ પરસ્પર સંવાદો ચાલ્યા, પછી કંટાળી જઇ ચોંઇએ કહ્યું : ' કાકા, જે આપવું હોય તે આપજો, પણ બૂમો પાડતા બંધ પડો. ને ઘોડો ન જુએ એમ ગાડીમાં બેસી જાઓ, નહિ તો એ વળી બેઠી હડતાળ પર ઉતરશે. હું બીજી બે સવારીમાંથી કમાઇ લઇશ.'

કાકા પોતાની સ્થુળકાય પરનો કટાક્ષ સમજી જઇ ચુપચાપ ગાડીમાં ચડી બેઠા.

✶

લેણદારો બારણે કેમ ન ચડે ?

અંગ્રેજ રાજકવિ આલ્ફ્રેડ ઓસ્ટીનને લોર્ડ યંગે એક ખાણાના મેળાવડામાં પૂછ્યું : 'તમો શો ધંધો કરો છો, મી. ઓસ્ટીન ?'

'હું કવિ છું.'

'ઠીક પેદા કરી લેતા હશો.'

'ના રે, લેણદારો બારણે ન ચડે એટલું જ.'

'એ કેવી રીતે ? તમારા કાવ્યો એમને વાંચી સંભળાવો છો ?'

✶

'અમેરિકાના લોસ એંજેલીસની કોર્ટમાં એક કવિપત્નિએ છૂટાછેડા માગવાના કારણમાં જણાવ્યું હતું જે તેનો પતિ તેમના મહેમાનોને પોતાની રચેલી કવિતા સંભળાવી પજવતો હતો.

કોર્ટે છૂટાછેડા કરી આપ્યા.

✶

પિતાને પગલે

પ્રખ્યાત આયરીશ કવિ થોમસ મૂર ઘણીજ ગરીબ અવસ્થામાંથી ઊંચે આવ્યો હતો અને તે માટે મગરૂર હતો. જયારે તે ઉન્નતિને શિખરે પહોંચ્યો ત્યારે એને લંડનની ભારે દમામદાર ક્લબના સભ્ય થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. એ માટે એકઠી થએલી

સમિતિમાં તેના સભ્યપદ પ્રત્યે વિરોધ ધરાવનાર એક જ લૉર્ડ હતો. તેણે પૂછ્યું: 'મી. મૂર, મારા ખ્યાલમાં છે ત્યાં સુધી તમારા પિતા ગામડાના એક નાના મોદી હતા, ખરું ?'

'બેશક' મૂરે કહ્યું: 'અને ભારે પ્રમાણિક પણ હતા.'

'અને એને પગલે તમે કેમ ન ચાલ્યા તે અમને કહેશો ?' લૉર્ડે ધૃષ્ટતા કરી.

'કારણ કે મારામાં એમના જેટલી બુદ્ધિ નહોતી,' મૂરે કહ્યું, અને પછી એ ઉમરાવને પૂછ્યું, 'મેં સાંભળ્યું છે કે તમારા પિતા ભારે સજ્જન હતા. તમે એમના પગલે કેમ ન ચાલ્યા ?'

★

કવિતાનો સાર

ગાંધીજીની રમૂજવૃત્તિ પણ તીવ્ર છે. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જતા હતા ત્યારે એ જ સ્ટીમર પર એક ગોરો હતો, જે નિત નવીન ગાળો તેમને સંભળાવ્યા કરતો. એક દિવસે એણે ગાંધીજીની ઠેકડી કરતું કાવ્ય લખ્યું અને એને પીનથી પરોવીને ગાંધીજી કને લાવ્યો. પાનામાં શું લખ્યું હશે એ ગાંધીજી જાણતા જ હતા. એમણે ચુપચાપ એ પાનાં ફાડી નાખ્યાં અને એમાંની પીન કાઢી લઇ સાચવીને પોતાની ડબ્બીમાં મૂકી દીધી. ગોરાએ કહ્યું: 'ગાંધી, વાંચ તો ખરો; એમાં પણ કંઇક સાર છે.'

'એમાં જે કંઇ સાર હતો તે મેં ખેંચી લઇ આ ડબ્બીમાં પૂરી દીધો છે.'

બધા ખડખડાટ હસી પડયા. ગોરો ચાટ પડી ચાલતો થયો.

★

જ્યોતીન્દ્ર કવિ કેમ ન થયા ?

'મારો કવિ થવાનો પ્રથમ પ્રયત્ન નિષ્ફળતાને વર્યો હતો.' શ્રી. જ્યોતીન્દ્ર કહે છે, 'કરુણરસનું એક વિરહ કાવ્ય લખવાની ધમાલમાં મેં

મારાં પૂજ્ય માતાજીને સ્વર્ગસ્થ થયેલાં માની લઇ કાવ્યાંજલિ અર્પી. પણ તેમને વંચાવતાં, 'મૂઆ, મને જીવતીને કેમ મારી નાખે છે?' નો શિરપાવ મળતાં મેં એ પ્રયત્ન પડતો મૂકેલો.'

★

મંદ બુદ્ધિ નીવડે તો?

ઇંગ્લેન્ડનો કવિ આલ્ફ્રેડ ટેનીસન પોતાના પુત્રનું નામ શું પાડવું તેનો એકવાર વિચાર કરતો હતો. કોઇએ સૂચવ્યુંઃ 'તમારા નામ પરથી જ રાખો, નામ કાઢશે. આલ્ફ્રેડ નામ શું ખોટું છે?'

'ઉં હું' એણે કહ્યું

'કેમ?'

'કદાચ એ મારી જેમ મંદ બુદ્ધિ નિવડે તો?'

★

—તો અગાઉથી!

'આ ઓરડીનું ભાડું શું?' કવિ ઘર ગોતવા નીકળ્યા હતા.

'મહિને વીસ રુપીઆ"

'જાણો છો? હું કવિ છું' કવિએ ઓળખાણ આપવાનો પ્રયત્ન કર્યો

'તો અગાઉથી વીશ રૂપીઆ!' મકાનમાલિકે અનુભવવાણી ઉચ્ચારી.

★

સ્વર્ગીય સૂચન

ફ્રાન્સનો કવિ અને એલચી પોલ કલાઉડેલ માંદો પડયો ત્યારે એના એક આગળમતીઆ મિત્રે સહાનુભૂતિદર્શક તાર કર્યો 'તમારૂં મૃત્યુ નજીક આવ્યું જાણી દુઃખ થયું. સ્વર્ગે પહોંચો ત્યારે મને જરૂર યાદ કરજો.'

'તમારા સ્વર્ગીય સૂચન માટે આભાર' કવિએ સામો તાર કર્યો, 'એ માટે હું મારા કફનમાં ગાંઠ વાળી રાખીશ.'

★

શું વેચાયું ?

'મેં સાંભળ્યું છે કે તમે કાવ્યસંગ્રહ છપાવ્યો છે; કંઈ વેચાયું ખરું ?'

'હાસ્તો; ઘરવખરી !'

★

કવિની કરામત

ઈંગ્લેંડના કવિ શેરીડન પર પુષ્કળ દેવું હતું. લેણદારોથી બચવા એને ગલી-કૂંચીઓમાં સંતાઈને સાવધાનીથી બહાર જવું પડતું. એક વાર જરૂરી કામસર એ જતો હતો ત્યાં સામેથી ઘોડા પર બેસી એક લેણદાર ધસમસતો આવતો જણાયો. છટકી શકાય એમ નથી જાણી કવિએ કરામત કરી.

'આજે તો આપ ઘણા ઉમદા ઘોડા પર બેસીને આવ્યા છો. ઘોડો ખૂબ જાતવાન લાગે છે. આપની બેસવાની અને ચલાવવાની છટા પણ એટલી જ ફાંકડી લાગે છે' કહી તેને આવકાર આપ્યો.

લેણદાર ફૂલાયો: 'આ ઘોડો તમને પસંદ છે ?' એ હરખમાં બોલી ઉઠ્યો.

'આવું ઉમદા પ્રાણી કોને પસંદ ન પડે ? એની દોડ પણ એવી જ તેજીલી હશે.' કવિએ કહ્યું.

'જોઈને જ ખાત્રી કરો' ફૂલણજી લેણદારે પોતાના ઘોડાની દોડ-શક્તિનો પરચો આપવા ઘોડાને મારી મૂક્યો.

ને શેરીડને આ તકનો લાભ લઈ બાજુની ગલીમાં અદૃશ્ય થઈ જવામાં પોતાની દોડશક્તિ વાપરી !

★

બમણા લોકો વાંચે છે!

'મારાં કાવ્યો પહેલા કરતાં બમણા લોકો હવે વાંચે છે' કવિ પોતાના મિત્ર પાસે ગર્વ લેતા હતા.

'એમ? તમે પરણી આવ્યા એ પણ મને કહ્યું નહિ?' મિત્રે કટાક્ષ કર્યો.

★

આંસુઓ ઉન્હાં

શ્રી. અમૃતલાલ શેઠ રંગૂનમાં હતા ત્યારે એકાદ ઓરડામાં એકલા બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડતા અને ત્યાર પછી કવિતા લખતા.

'આવી કવિતા તે કોણ છાપશે?' એ વિચારે? એમાં રડવા શું બેઠા? રડવાનું તો વાંચકોને ભાગે આવશે!

કહે છે કે એમાંની એકાદ કડી આવી હતી:—

ગુજરાત મારા કાવ્યની બે–ચાર કડી આ વાંચજે,
કવિતા નથી પણ ધ્રૂસકાંના આંસુડાં અવલોકજે.

શ્રી. ઇન્દુલાલ ગાંધીએ "ખંડિતમૂર્તિઓ" માં ઠીક જ લખ્યું છે કે:—

સુંદરતા એ કુરૂપતાનાં
ને ચારિત્ર્ય અપવિત્રતાનાં
કવિતા પશ્ચાતાપ તણાં છે
આંસુઓ ઉન્હાં.

★

જ્યોતિન્દ્રની મૂર્ખાઇ

સુરત કોલેજમાં જ્યોતીન્દ્ર દવે ફેલો હતા ત્યારે એક વાર કવિ શ્રી. ન્હાનાલાલનું ભાષણ રાખેલું. બધી તૈયારી થઇ ગયેલી. ને જ્યારે

તે કવિને લેવા ગયા ત્યારે વાતચીતમાં ઔપચારિક રીતે જાણવા ખાતર કવિએ જ્યોતીન્દ્રને પૂછ્યું: 'તમે કવિતા કરો છો?'

'ના.' જ્યોતીન્દ્રે ઝબકારો કર્યો, 'એ મૂર્ખાઈ હું કરતો નથી.'

ને ન્હાનાલાલ ઉખડયા: 'ત્યારે શું હું કવિતા કરું છું તે મૂર્ખાઇ કરું છું, એમ?' કહી રીસાઇ બેઠા ને આવવાની ના પાડી દીધી.

ન્હાનાલાલ જેને ત્યાં ઊતર્યા હતા તે જજમાનને ન્હાનાલાલને સમજાવવા જ્યોતીન્દ્રે આગ્રહ કર્યો. જજમાન જરા- જડસુ ને જલદ સ્વભાવના હતા. 'ન તે કેમ આવે? બોચી પકડી લઇ જઇએ' એમણે કહ્યું.

પછી તો જ્યોતીન્દ્રે જ કવિને મનાવ્યા: 'હું જો કવિતા કરું તો તે મૂર્ખાઇ કહેવાય; ને તમે જો ન કરો તો મૂર્ખાઈ કહેવાય.' એમણે કહ્યું.

કવિ માની ગયા. જો કે આજે આ વાત સંભારી આપતાં કવિ એવો પ્રસંગ બન્યો હોય એમ માનતા નથી.

આજે તો જ્યોતીન્દ્ર પણ એ "મૂર્ખાઇ" કરે છે; છન્દ–વૃ-તોમાં જ નહિ, ગઝલ અને હઝલમાં પણ. એમનાં એ કાવ્યો જોતાં લાગે છે કે એ જો હવે કવિતા નહિ લખે તો મૂર્ખાઇ કરી કહેવાશે!

★

અગદળમ્ કે મગદળમ્?

તામીલ ભાષામાં કવિઓ ચાંદનીને 'અગદળમ્' નામના ફૂલામણા નામથી સંબોધે છે.

આવો 'કોમળ' શબ્દ સાંભળ્યા પછી તામીલ ભાષાનો કવિ જ કવિતા રચી શકે!

અગડબંબ ઉચ્ચારોવાળી તામીલ ભાષામાં 'અગદળમ્' પર લખેલી કવિતા સાંભળ્યા પછી મારા જેવાને તો એ કવિને માથે 'મગદળમ્' મારવાનું જ મન થઇ જાય!

★

મને સાંભરે આપણી રાત, સખિ !

લી ટાઇ પો નામનો ચીનનો શાયર જીવનનો અજબ ઇતિહાસ લખાવી ગયો છે. આ કવિ મસ્ત હતો. નિજાનંદે હંમેશાં મસ્તીમાં જ મઝા લેતો. એક ચાંદની રાતે એ ઘરની બહાર નિકળ્યો. ચાંદનીએ એને ઘેલો બનાવ્યો. એ ગયો એક સરોવરના કાંઠે.

સરોવરના પાણીમાં ચંદ્રિકા નહાવા ઉતરી હતી. કવિને લાગ્યું કે એની માશુકનો ચહેરો સરોવરમાં છુપાયો હતો. કાંઠા પર એ ઠરી શક્યો નહિ. એ તો સરોવરની અંદર છુપાએલું ચંદ્રિકાનું રૂપેરી મુખ ચૂમવા ગયો અને જળસમાધિ કરી.

આપણા સ્વ. કવિ કાન્ત પણ આવા ચંદ્રિલ હતા. ભાવનગર પાસે એક ઝરો છે. માતાનું મંદિર છેઃ કાન્ત અવારનવાર ત્યાં જતા અને ચાંદની રાતમાં પાણીમાં પડયા રહેતા. એ હાલતમાં એમની પાસે ચંદ્રના કિરણો સાથે કવિતા આવી જતી. એ કવિતા એમના મનને પંપાળતી અને એની કલ્પના પાણી ઉપર તરતી.

આવા એક અનુભવમાંથી એમણે 'મને સાંભરે આપણી રાત, સખિ !' એ ગીત લખ્યું.

✶

કવિતા અને ક્રીકેટ

ઈંગ્લાંડના લોર્ડઝના મેદાન પર ઓસ્ટ્રેલીઅન ટીમની બેટીંગ ચાલતી હતી. બોલરો પોતાની બધી યુક્તિઓ વાપરી ચૂકયા પણ બન્ને બેટસમેને એકધારી સાડાપાંચ કલાકની રમત બતાવી ત્યારે પ્રેક્ષકોને લાગ્યું કે પોતાના દેશની પ્રતિષ્ઠા જવા બેઠી છે. પ્રેક્ષક તરીકે આવેલા અને સારા ખેલાડી તરીકે પંકાએલા ટેનીસન કવિના પૌત્ર લોર્ડ ટેનીસનને તેમણે કહ્યું: "આપણા બોલરોને શૂર ચડે એવી તમારા દાદાની બનાવેલી કોઇ કવિતા ગાઓ તો હવે લાજ રહે એમ છે."

બીજા પ્રેક્ષકે ટકોર કરી: "એમણે ગાઈ સંભળાવેલી. એટલે તો બોલરો ઢીલા પડી ગયા છે."

★

કવિની માખી

ઇટાલીની રાજધાની રોમ પાસે કુઇલીન નામનો પહાડ છે. ત્યાં એક માખીની ઘણી સુંદર કબર આવેલી છે. રોમના પ્રસિદ્ધ કવિ માર્જિવની એ પ્રિય માખી હતી. એ મરી ગઇ ત્યારે માર્જિવને ખૂબ દુ:ખ થયું. તેણે ઘણા જ ઠાઠમાઠથી એની મરણક્રિયા કરી. જે કબરમાં એને દાટવામાં આવી હતી તેની પરિક્રમા રાજકુટુંબે પણ કરી.

ને આપણે ત્યાં 'જાજરૂની માખી' પર કવિઓ ફ્કત કાવ્ય લખીને જ બેસી રહ્યા છે!

★

ગઝલ એટલે શું?

'ગઝલ' એ છંદનું નામ નથી. એ કાવ્યનો એક પ્રકાર છે. એ મૂળ અરબ્બી શબ્દ છે. અને એનો અર્થ પ્રેમયુકત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું એમ થાય છે. તેના ક્રિયાવાચક નામ તરીકે 'મુગા ઝેલત' એ રૂપમાં એનો અર્થ સ્ત્રીઓ જોડે પ્યાર અથવા તેમની જોડે જુવાનીમાં ભોગવાતી મઝાઓ સંબંધી વાતચીત કરવી થાય છે. એવું પણ કહેવામાં આવે છે કે 'ગઝલ' નામનો એક માણસ હતો. તેણે તેની આખી જીંદગી સ્ત્રીઓ જોડે મોજમઝા માણવામાં ગુજારેલી. તે પરથી એવી મઝા વર્ણવનારા કાવ્યને 'ગઝલ' નામ અપાયેલું છે.

★

તજકણ

★ એક વિજ્ઞાની કહે છે કે વિજ્ઞાનની મદદથી અભણ કણબીને પણ હવે કવિ બનાવી શકાય છે.

કવિ થયા પછી એને મુઠ્ઠી જાર પણ ખાવા મળી શકશે કે નહિ એ વિષે એ કંઇ કહેતો નથી.

★ ઇટાલીનો એક લૂંટારો જન્મટીપની સજા પૂરી કરી ત્રીસ વર્ષે હમણાં છૂટયો છે. એ ત્રીસ વર્ષના બધા ઐતિહાસિક બનાવો વિષે તેણે કવિતાઓ લખી છે. જે પ્રસિદ્ધ કરી તે ખૂબ કમાયો છે.

અને આપણે ત્યાં કાવ્યપુસ્તકોનો જોઇતો ઉપાડ ન થવાને લીધે કવિઓને લૂંટારા બનવાની સ્થિતિ આવી ઉભી છે.

★ "કવિતા પશ્ચાતાપ તણાં છે
આંસુઓ ઉન્હાં."

(ઇન્દુલાલ ગાંધી)

કાવ્ય પુસ્તકનાં કલ્પેલાં વેચાણની મૂર્તિ ખંડિત થઇ તેથી ઉપલી લીટી સરી પડી લાગે છે!

★ ન્યૂયોર્કના કવિ પર હુમલો કરી કેટલાક ધાડપાડુઓ બે હજાર ડોલર ઉઠાવી ગયા. આ બનાવને ત્યાંની પોલીસ એક 'રહસ્ય' ગણે છે.

રહસ્ય તો એ કહેવાય કે કવિ હોવા છતાં એ એટલું ધન એકઠું કરી શકયો.

★ એક કવિ અફસોસ કરે છે કે તેમને કોઇ મિત્ર નથી.

એ પોતાનાં કાવ્યો મિત્રોમાં ગાઈ સંભળાવવાનો આગ્રહ મૂકી દે તો ઘણા મિત્રો મળી આવશે.

★ પણ તંત્રીઓને મન કવિતા એટલે લેખો પૂરા થયે વધેલી જગાનો ઉપયોગ કરવા માટેનું લખાણ.

★ " જયાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવિ" એવી કહેવત છે. પણ રવી અને કવી બન્ને હોઇ કવિ રવિન્દ્રનાથ ટાગોર કયાં કયાં નથી પહોંચ્યા ?

★ ચીનાઓએ કવિતા લખવા માટે પહેલવહેલો કાગળ શોધ્યો.

ને ત્યારથી આ અનર્થ શરૂ થયો.

★ 'કવિઓ જન્મે છે......'એક કહેવત.
સંતતિ નિયમનને આ દલીલ વાજબી ઠેરવે છે.

★ 'આ સતીશ કહે છે કે તેના કાવ્ય પુસ્તકની નકલો ચપોચપ ઉપડી ગઇ; તમે શું ધારો છો ?'

'પ્રકાશક ને ત્યાં ખાતર પડયું હશે !'

★ 'તમારૂં કાવ્ય વાંચતાં મને જવાહર યાદ આવી ગયા.'
'પણ એ તો ગુજરાતી કવિતાનો કક્કો ય નથી જાણતા.'
'એટલે સ્તો !'

★ 'દરેક કવિની કૃતિમાં એના મનની છાપ પડેલી હોય છે' એક વિવેચક.
'બ્લેંક વર્સ' લખનારા આ વિધાન સામે જરૂર વાંધો ઉઠાવશે.

★ 'તમારૂં શ્રેષ્ઠ કાવ્ય કયું ?' કોઇકે ન્હાનાલાલને પ્રશ્ન કર્યો.
'તમે મારૂં અપમાન કરો છો; મારા બધા છોકરા હોંશીયાર છે.' તેમણે મર્મમાં જવાબ આપ્યો.

★ શ્રી. બળવંતરાય ઠાકોરનું શ્રેષ્ઠ કાવ્ય તમે કયું માનો છો ?'
'વિના પુરસ્કાર હવે નવ લખું હું કદા' નું 'શરદ' વાર્ષિકમાં લખેલું એક લીટીનું કાવ્ય.

★ 'શ્રી. ઇન્દુલાલ ગાંધીના એક કાવ્યસંગ્રહનું નામ 'ઈંધણાં' છે.
આજે ગુજરાતમાં કવિતાનો ખરો ઉપયોગ શો હોઇ શકે તે આ નામદ્વારા કવિ સૂચવે છે.

▼

દીઠી મુંબઇની ટ્રામગાડી!

મુંબઇમાં શ્રી. ઝવેરચંદ મેઘાણીને ટ્રામમાં ઉભા રહેવું પડેલું તે પરથી સ્ફુરેલું.

દીઠી મુંબઇની હાડમારી રે
આજ દીઠી મુંબઇની ટ્રામગાડી;

ઉભા રાખ્યા છે મેઘાણી રે
આજ દીઠી મુંબઈની ટ્રામગાડી.

માથે બાંધેલ એણે સોરઠીયો ફેંટો,
તરવરિયા દેહ પરે ઝભ્ભો છે ઝૂલતો,
લહેરંતા હાથોમાં ભાતીગળ થેલી,
એની કાયા પર બંડી કાળી,
શોભે ખિસ્સામાં શેફ્રર્સ ન્યારી,
આજ ઉભા દીઠા મેં મેઘાણી.

સાહિત્ય સર્જનને કાજે ઘડેલી
સોરઠી શાયરની અંગુલિ,

એ રે અંગુલિએ ટ્રામમાં ઉભા ઉભા
બેઠકને પકડી રાખેલી;

ચાર–ચાર દોઢીયાં આપ્યા છતાં
તારે ઉભવું પડયું રે મેઘાણી;

લાજી લાજી અમારાં લોચન બીડાય છે
ઓ રે મુંબઇની ટ્રામગાડી!

ઉભા રાખ્યા તેં મેઘાણી રે;
આજ દીઠી મુંબઈની હાડમારી



અભિનય અને અદાકારો

વિવાહ અને વાજાં

વૈશાખ–જેઠ ઉતર્યા ને ઘણાં પરણી ઉતર્યાં પણ આપણાં બસુરાં બેન્ડવાજાં તરફ કોઇની દૃષ્ટિ ગઇ નથી. એમાંથી જે બારોબાર હાસ્ય ને ફિલસુફી ઝરે છે તેની બેકદર (!) ગુજરાતે કીમત કરી નથી.

અભણ વાજાંવાળા અંગ્રેજી ઓરકેસ્ટ્રા માફક પદ્ધતિસર બેન્ડ નથી વગાડી શકતા એટલે તેમણે ફિલ્મો–નાટકોનાં ગાયન ટાણું–કટાણું સમજ્યા વિના વાજામાં વગાડવા માંડયાં છે.

મારા એક વરરાજા મિત્રને માંડવે જ્યારે હું જઇ ચડયો ત્યારે વાજાંવાળા જાણે તેને શિખામણ આપતા હોય તેમ,

'કીસે કરતા મૂરખ પ્યાર પ્યાર પ્યાર,
તેરો કૌન હય ?'

અને 'સાર આ સંસારમાં ન દીઠો' વિ.તેની પ્રણયોર્મિને ખૂંદી નાખતાં ગાયન વગાડી રહ્યા હતા.

બીજા એક મિત્ર ચોરીમાંથી પરણી ઉતર્યા કે લાડી લઇ પાછા વળતા વરઘોડામાં બેન્ડે ભેંકડો તાણ્યો :—

'બન ચલે રામ રઘુરાઇ
સંગ ચલી જાનકીમાઇ.'

જાણે કે પરણીને રામ વનવાસ ગયેલા તેમ આ વર–વહુને પણ વનવાસ વેઠાવવો હોય ! ત્યાં તો સામેથી પાછા વળતા બીજા એક વરઘોડાના બેન્ડવાળા એના વરરાજાને શિખામણ આપતા હોય તેમ,

'જાઓ જાઓ હે મેરે સાધુ'
રહો ગુરૂ કે સંગ.'

વગાડતા હતા. એ બિચારા વરરાજા કયા 'ગુરૂ' ની સાથે રહેવા જાય ? વાજાંવાળા કદાચ વહુને જ વરરાજાની 'ગુરૂ' ધણી વરને ચેતવી દેતા હોય તેમ મને લાગ્યું. તો પછી પેલી મનુસ્મૃતિમાં લખ્યું છે કે 'પતિ એ પરમ ગુરૂ છે' તે બદલાવી 'પત્ની એ પરમ ગુરૂ છે' લખવું જરૂરી છે. કોણ કહે છે કે આપણા વાજાંવાળાઓમાં હાસ્યવૃત્તિ નથી ?

કન્યાને માંડવે પણ આજ સ્થિતિ હતી. ત્યાં સાઇગલનું 'કરૂં કયા આશ નિરાશ ભઇ' વાગી રહ્યું હતું. એ પૂરૂં થયું કે 'કયા કારન હૈ અબ રોનેકા ?' શરૂ કર્યું. જાણે કે કન્યાને શિખામણ આપતી હોય કે 'બ્હેન, તારી આશ નિરાશ થઇ એમાં રોવાનું કારણ શું છે ? પડ્યું પાનું નિભાવી લેજે.' હવે કોણ કહેશે કે વાજાંવાળાઓ ફીલસુફ નથી ?

સપ્તપદી પૂરી થઇ ત્યારે બહાર 'મને ભોળીને ભરમાવી રે આ, કેમ કરૂં ?' વાગી રહ્યું હતું.

ફકત બે-ત્રણ ઠેકાણે પ્રસંગને ઉચિત ગાયનો વાગતાં સંભળાયાં. જેવો વરઘોડો નિકળ્યો તેવું જ પંકજ મલ્લિકનું **'પીયા મિલનકો જાના'** શરૂ થયું, જે વરને ઘણુંજ ગમ્યું હશે. જ્યારે કન્યાને માંડવે વરઘોડો પહોંચ્યો ત્યારે કન્યાના મનની વાત કહેતા હોય તેમ કન્યાપક્ષનાં વાજાંવાળાઓએ **'બાલમ, આય બસો મોરે મનમેં'** શરુ કર્યું ત્યારે હું તો વાજાંવાળા પર ફિદા થઇ ગયો. કહેવત છે કે 'રાજા, વાજાં ને વાંદરાં વગાડીએ તેમ વાગે.' તો આ રીતે જ વગાડવાં જોઇએ. છેવટે કંઇ ન સૂઝે તો તેમણે લગ્નની ગંભીરતા સમજાવવા ફકત **'બંદે જીવન હૈ સંગ્રામ'** વગાડી બેસી રહેવું.

★

પ્રેમનો પગાર

'વ્હાલા, જોયું પેલો એક્ટર એની પ્રેમિકાને કેટલાં નખરાં કરી રીઝવે છે? તમે તો કદિ ય......'

'એવો પ્રેમ કરવા માટે એને હજારોનો પગાર મળે છે તે ભૂલી ગઇ?'

★

જીવદયા મંડળીની વિનંતિ

યુરોપની એક નાટકશાળામાં કુતરો લઇ એક જણ નાટક જોવા નીકળ્યો. પણ ત્યાં દરવાજે 'કુતરાંઓને નાટકઘરમાં લઈ જવાની મનાઇ છે' નું પાટીયું જોઇ એકલો જ દાખલ થયો.

નાટક એટલું કંટાળાજનક નીવડ્યું કે બહાર નીકળતી વખતે તે પેલા પાટીયા નીચે લખતો ગયો 'જીવદયા મંડળીની વિનંતિથી.'

★

જવાબદાર પાઠ

'આ પોસ્ટમેનના પાઠમાં ફકત કાગળ લઇ જવાના કામમાં કંઇ મઝા પડતી નથી. કંઇ જવાબદારીભર્યો પાઠ આપો ને?'

'આવતે વખતે તને રજીસ્ટર્ડ કાગળ લઇ જવાનું સોંપશું, થયું ?'

★

ફ્રેડરીકની ટ્રેજેડી

પ્રશિયાના રાજા ફ્રેડરીક ધ ગ્રેટને ટ્રેજેડીઓ લખવાનો ઘણો જ ધખારો હતો. લખી લખીને એ તે વખતના જાણીતા લેખક વોલ્તેરને તે કરૂણિકાઓ વાંચી સંભળાવતો. છેવટે એક દિવસ વોલ્તેર કંટાળ્યો ને રાજાને સંભળાવી દીધું કે તેની કરૂણિકાઓ ખરેખર કરૂણિકાઓ જ છે તેમાં કંઇ દમ નથી.

આથી ફ્રેડરીકે ગુસ્સે થઇ તેને કેદમાં નાખ્યો. કેટલાક મહિના પછી વોલ્તેરે પોતાનો મત બદલ્યો હશે માની ફ્રેડરીકે તેને છોડયો, અને ફરી પાછી કરૂણિકાઓ સંભળાવવા મંડયો.

અર્ધું સાંભળ્યા બાદ વોલ્તેર ઉભો થઇ ચાલવા માંડયો.

'કેમ, કયાં જાય છે ?' ફ્રેડરીકે પૂછયું.

'પાછો જેલમાં'

ફ્રેડરીકે કરૂણિકાઓ લખવાનું માંડી વાળ્યું.

આપણા એક જાણીતા નાટક લેખક વોલ્તેર જેવા તદ્દન અવ્યવહારૂ નહોતા, પણ એક નાટકકંપનીના માલિકને નાટક લખવાનો ભારે ધખારો. એ પણ ફ્રેડરીકની જેમ પોતાના આ વોલ્તેરને નાટક સંભળાવતા.

આપણા આ વોલ્તેર તેને 'ઓહો, અરરર, ગજબ કર્યો' વિ. વિશેષણોથી વધાવી લઇ, તેમને ફુલાવી ફૂલાવી પોતાનું કામ કઢાવી લેતા. છેવટે ટાણું આવતાં એક દિવસે તેમણે સંભળાવી દીધું કે 'શેઠ, તમારા જેવા પણ જો નાટકલેખક બની જશે તો પછી અમે ખાશું કોને?

★

અભિનયનો એકકો

બે મિત્રો નાટક જોવા ગયેલા. એક પરણેલો અને બીજો કુંવારો હતો. નાયકનું કામ જોઇ પરણેલો મિત્ર ફિદા થઇ ગયો. 'કેવું ફાંકડું

કામ કરે છે ? નાયિકા તરફ જે અદાથી પ્રેમ પ્રદર્શિત કરે છે તે અદ્ભુત છે.'

'પણ એ બન્ને તો ૧૮ વર્ષથી એક બીજાને પરણેલાં છે.' કુંવારાએ કહ્યું.

'હેં ?' પરિણીત મિત્ર આશ્ચર્ય પામ્યો, 'ત્યારે તો ગજબનો અભિનય કરે છે!'

★

સજીવતા !

ડાયરેક્ટરઃ (એક્ટરને, મૃત્યુના દ્રષ્યમાં) 'તમે આમ મરવાને ખાતર શું મરો છો ? મરવામાં કંઇ સજીવતા તો બતાવો !'

★

આંખકા નશા

કેટલાક વર્ષો પહેલાં 'ખુબસુરત બલા' તથા 'આંખકા નશા' નાટકો બહુ જ વખણાતા હતા. તેની જાહેરાતનાં પાટીયાં ચિતરનારે એક વાર 'ખુબ સુર તબલા' તથા 'આંખ કાન શા' ચિતરી માર્યું હતું.

★

ડૂમાનું કોલર

એલેકઝાન્ડર ડૂમાનું એક નાટક પેરીસમાં પહેલવહેલું ભજવાતું હતું એ વખતે હાજર રહેવા ડૂમા તલપાપડ થઇ રહ્યો હતો. પરંતુ તેના ખમીસને કોલર નહોતું. એની મુંઝવણુનો પાર ન રહ્યો. ખુદ નાટકનો લેખક કોલરવિહીન દશામાં કેવી રીતે જઇ શકે ? છેવટે તેને એક ઉપાય સુઝયો. જાડા પુંઠામાંથી તેણે કોલર બનાવી કાઢયું અને પોતાના જીવનના એ મહદ્ પ્રસંગે હાજરી આપી.

નાટક ભજવવાનો એવો જ એક બીજો પ્રસંગ હતો. એની

મા મરવા પડી હતી ને એનું નાટક ભજવાતું હતું. ડૂમા તે જોયા વિના રહી શકે એમ ન્હોતું છતાં માતૃપ્રેમ તેને એકલી મૂકી જતાં અટકાવતો હતો. છેવટે તે રંગભૂમિ પર ગયો ખરો પણ દરેક અંક પૂરો થયે માની ખબર કાઢવા ઝડપભેર દોડતો દોડતો ઓરડીએ આવતો ને પાછો એ જ ઝડપથી દોડતો દોડતો થીએટર પર જતો.

★

શૉની લઘુમતિ

બર્નાર્ડ શૉનું એક નાટક ભજવાતું હતું. શૉ બોક્ષમાં બેસીને જોઇ રહ્યો હતો. ત્યાં પીટક્લાસમાંથી કોઈએ અણગમાનો સીસકારો કર્યો.

શૉએ તરત જ કટાક્ષ કર્યોઃ 'દોસ્ત, મને પણ નથી ગમતું પણ આખા ઓડીયન્સ સામે આપણે બે જણ શા હિસાબમાં ?'

મેં પણ......

અમેરિકામાં જ્યારે મીસ કોર્નેલીઆ ઓટીસ સ્કીનરે શૉનો નાટક 'કેન્ડીડા' ભજવી બતાવ્યો ત્યારે શૉએ એને અભિનંદતો તાર કર્યો. 'સરસ; સર્વોતમ !'

મીસ સ્કીનરે નમ્રતાથી જવાબ વાળ્યો. 'એટલા વખાણને પાત્ર નથી.'

શૉએ લખ્યું: 'મેં તમારે માટે નહિ, નાટકને માટે લખ્યું હતું.'

'મેં પણ', મીસ સ્કીનરે ચામડી ઉતરડી લે એવો વળતો કટાક્ષ કર્યો.

એવા નાટકોમાં હું કદિ જતો નથી.

એનો 'સંત જોન' નાટક પહેલી જ વાર ભજવાતો હતો તે જોવા આવવા માટે કું. ના માલિકે જ્યારે તેને આમંત્રણ આપ્યું ત્યારે શૉએ તેની લાક્ષણિકતાથી લખી મોકલ્યુ: 'એ લેખકનાં નાટકોમાં મને કદિ રસ પડતો નથી, ને મારૂં ચાલે ત્યાંસુધી એવા લેભાગુ લેખકોએ ઘસડી કાઢેલા નાટકોમાં હું કદિ જતો નથી.'

★

કજીયાનું રિહર્સલ

"કજીઆળાં દંપતી વિષે મેં એક નાટક લખ્યો છે તે જોયો કે ?"

"ના, પણ તમો પતિ–પત્નીને એનું રિહર્સલ કરતાં જોયાં ખરાં."

★

ડ્રૂમાના પહેલા નાટકનો સ્વીકાર થયો ત્યારે એ આનંદજનક સમાચાર આપવા તે ઘર તરફ દોડયો. પણ રસ્તામાં એ નાટકની હસ્તપ્રત કયાં પડી ગઈ તેનો તેને ખ્યાલ રહ્યો નહિ. બીજો કોઇ નાટય-કાર હોત તો આથી નિરાશ જ થઇ જાત. પણ ડ્રૂમાએ થોડી વાર આઘાત અનુભવ્યા પછી કહ્યું: "કંઇ નહિ, મને બધું મોઢે છે."

ને એક એક રાતમાં એણે આખું નાટક ફરીથી લખી કાઢયું !

★

જોઇએ છે: ડિટેકટીવ

"આ નાટકની સફળતા માટે એમાં એક પાત્ર ઉમેરવાની જરૂર છે."

"કયું ?"

"ડિટેકટીવ."

"શા માટે ?"

"(નાટકનો) પ્લોટ શો છે તે શોધી કાઢવા !"

★

શેરલોક હોમ્સ અને ચાર્લી ચેપ્લીન

શેરલોક હોમ્સ ડિટેકટીવનાં પરાક્રમો લખી મશહૂર થનાર સર આર્થર કોનન ડૉઇલ સફળ નાટક લેખક પણ હતા. એમના એક નાટકમાં કામ કરતા એક નાના એકટરે તેમની પાસે એક ખેલદિલ માગણી મૂકી કે તેમણે બન્નેએ પોતાનાં જીવનનાં પાછલાં વર્ષોની કમાણી સરખે ભાગે વહેંચી લેવા કરાર કરવા. એથી સર આર્થરને વધુ ધન મળવા સંભવ છે.

એક નાચીઝ એક્ટરની આ વાત સર આર્થરે, અલબત્ત, હસી કાઢેલી. લોકો જાણે છે કે એમનાં લેખક અને નાટયકાર તરિકેનાં છેલ્લાં વર્ષો દેવાથી ભરપૂર હતાં.

એ નાનો એક્ટર ચાર્લી ચેપ્લીન હતો, જેની કમાણીનો આજે કંઇ પાર નથી.

★

ઓડીઅન્સ પણ એકઠું થતું નથી

એક પ્રેક્ષક ફરિયાદ કરે છે કે આપણા થીએટરોમાં જગા હોય તે કરતાં વધુ ટિકિટો વેચી ઓડીઅન્સમાં જે ગીરદી જમાવવામાં આવે છે તે સામે શા માટે કોઇ પગલાં લેતું નથી?

કેમ માની લીધું કે પગલાં લેવાતાં નથી? આપણા કેટલાક નાટય-કારો અવારનવાર એવાં નાટકો લખે છે જેથી ગીરદી તો શું, ઓડી-અન્સ પણ એકઠું થતું નથી!

★

પીટ કલાસની મોજ

નેપોલીઅન અને સેનાપતિ લેન્સ ફ્રાન્સનું લોકપ્રિય નાટક "ફિગો-રોનું લગ્ન" જોવા ગયા હતા. નાટકની અધવચ્ચે પડદો ઉપડયો ત્યારે લેન્સે કહ્યું: "આ નાટક મેં અનેક વાર જોયું છે. પહેલાં તો હું એના પર મરી ફીટતો પણ આજે જરાય આનંદ નથી આવતો. કેમ?"

નેપોલીઅન હસી પડયો. પછી બોલ્યો: "એટલું પણ નથી જાણતા? અગાઉ તમે પીટકલાસમાં બેસતા ને આજે ઓરકેસ્ટ્રામાં બેઠા છો."

★

બધું બતાવે છે

કેટલીક નટીઓની કપડાં પહેરવાની પદ્ધતિ સુરૂચિ સિવાય બધું બતાવે છે.

★

રેશન કાર્ડ લાવ્યા છો ?

લડાઇને લઇને ઇંગ્લેન્ડમાં જણુ દીઠ ખોરાકની માપબંધી અમલમાં આવી છે. દરેક જણુને એક પરમીટ કે રેશન કાર્ડ (પરવાનો, રજા–ચીઠી) એના ખોરાક પુરતી કાઢી આપવામાં આવે છે. શેકસ્પીઅરનો "મરચન્ટ ઓફ વેનીસ" હમણાં ત્યાં ભજવાયો ત્યારે એમાં આવતા એક સીન વખતે, જેમાં શાઇલોક એક રતલ માંસ મેળવવાનો જ આગ્રહ રાખે છે, ત્યારે ન્યાયધીશ બનેલા નટથી બોલાઇ જવાયું: 'પણ માંસ મેળવવાનું રેશન–કાર્ડ સાથે લાવ્યા છો ?"

આખું ઓડિયન્સ અટ્ટહાસ્ય કરી ઉઠ્યું.

★

ભેખ રે ઉતારો રાજા ભરથરી !

"ભેખડેથી પડો રાજા તરફડી." આ કોઇ જુલ્મી દેશી રાજા પ્રત્યે વેરભાવ બતાવવા નથી લખ્યું. પણ "ભેખ રે ઉતારો રાજા ભરથરી" ગીતની પહેલી લીટીનો અપભ્રંશ એ ગીત ગાવા પ્રયત્ન કરતા એક બાળક પાસેથી સાંભળવા મળ્યો છે.

★

ઇંગ્લેન્ડમાં ગઇ લડાઇને લગતાં જે નાટકો હમણાં હમણાં ભજવાય છે તેમાં આવતા જર્મન પાત્રોનું કામ કરવાની એકટરો આનાકાની કરે છે. કારણમાં જણાય છે કે જનતાને નાપસંદ એવા જર્મન પાઠ ભજવવા માટે તેમને જોખમ ઘણું ઉઠાવવું પડે છે; લોકોની નારાજી અને બદનામી વહોરવી પડે છે; તેના પ્રમાણમાં બદલારૂપે પગારમાં તેમને કંઇક વધુ વળતર મળે તો જ કામ કરવા તૈયાર થાય છે.

★

શેકસ્પીઅર પણ કબરમાં ઉભો થઈ જશે

ઇંગ્લેન્ડની એક કું. એ "કીંગ લીઅર" એટલા પુર બહારમાં

ભજવ્યો કે અવલોકનકારે ખુશ થઇ જઈ લખ્યું કે "આ નાટક જોવા ખુદ શેક્સપીઅર પણ કબરમાં ઉભો થઇ જશે."

બીજે અઠવાડિએ કું.એ "ઓથેલો" ભજવ્યું. પણ તે નિષ્ફળ ગયું.

"શેક્સપીઅર પાછો કબરમાં જેમ હતો તેમ પડખું વાળી સૂઇ ગયો છે." નિરાશ થઈ અવલોકનકારે લખ્યું.

★

ટેક્ષીને કેમ છે ?

ઇંગ્લેન્ડની મશહૂર અભિનેત્રી મિસ ગ્રેસી ફિલ્ડઝ એકવાર પોતાનો પાઠ અદા કરવા થીએટર તરફ ટેક્ષીમાં રવાના થઇ, ત્યાં રસ્તામાં અકસ્માત થયો. ટેક્ષીમાંથી ઉથલી જઇ એ રસ્તા પર જઇ પડી. "મિસ ફિલ્ડઝ, ક્યાં ય વાગ્યું તો નથી ને ?" પોલીસે પૂછ્યું.

"હું તો ઓ. કે. છું, પણ પેલી ટેક્ષીને કેમ છે ?" રમૂજી પાઠ અદા કરતી આ અભિનેત્રીએ સામો ખેલદિલ સવાલ પૂછ્યો.

★

છેલ્લો ઉપાય

બીજી કંપનીના નટનું સંગીત વખણાતું જોઇ એ નટની ઉંઘ જ ઉડી ગઇ. ઘણા ઉપાયો કર્યા પછી એક દિવસ કંટાળી જઇ એણે એક એક રાતની ફી આપી પેલા હરીફને બોલાવી મંગાવ્યો. "આજ છેલ્લો ઉપાય હવે બાકી રહ્યો છે." કહી તેને પોતાની સામે ગાવા ફરમાવ્યું.

★

લંડનની એક ફરતી નાટક કું. ખુલ્લી મોટરલોરીઓમાં નાટક ભજવે છે.

ભૂખડીબારશ કુંપનીઓ માટે આ રીત વધુ સલામતીભરી છે. પીટમાંથી જેવા ગંડેરીના ઘા પડવા માંડે કે ચાલતી પકડી શકાય.

★

ચંપલનું મૂલ્ય

એ વખતે બંગાળ નીલ સાહેબના અત્યાચારોથી પીડાતું હતું. ઠેર ઠેર એમના જૂલ્મો સામે વિરોધ દર્શાવાઇ રહ્યો હતો. આ અરસામાં કલકતાના કેટલાક બંગાળી યુવકોએ એ અત્યાચારોને લગતો એક નાટક ભજવવા નકકી કર્યો. એક સન્માનનીય વ્યકિત તરીકે શ્રી. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરને તેમાં આમંત્રેલા. નાટકનું એક પાત્ર જયારે નીલ સાહેબ થઇ ખેડૂતો પર જૂલમ કરી રહ્યું હતું ત્યારે એ દૃશ્ય જોઇ સહૃદય વિદ્યાસાગરથી રહેવાયું નહિ. પોતે નાટક જોઇ રહ્યા છે તે ભૂલી ગયા. ક્રોધમાં આવી જઇ એમણે એ પાત્ર પર પોતાની ચંપલ ફેંકી.

નાટક પૂરો થયા પછી એ પાત્ર ભજવનાર યુવક એમની પાસે આવ્યો અને કહ્યું કે "તમારી તરફથી એવા જ "ચાંદ" ની જરૂર હતી. મારૂં પાત્ર મેં એવી સફળતાથી ભજવ્યું કે તમારા જેવા ધીર પુરૂષ પણ લાગણીના પ્રવાહમાં ખેંચાઇ ગયા. સોના–રૂપાના અનેક ચાંદો કરતાં આ ચંપલનું મૂલ્ય મારે મન વધુ છે."

★

ત્યાં હું ઉભેલો !

" આ એ જ થીયેટર છે જયાં તમોએ નટ તરીકે પહેલો દેખાવ દીધેલો ?"

"હા; ને સ્ટેજ પર ઇંડાના ડાઘ દેખાય છે ત્યાં હું ઊભેલો."

★

જરૂર પણ શી ?

પતિ પત્નીને ચાલતે નાટકે પ્લોટ સમજાવતો હતો. વારંવાર ચાલતી આ વાતચીનથી કંટાળી જઇ પાછલી હરોળમાંથી એકે કહ્યું: "માફ કરશો, પણ અમે સંવાદ સાંભળી શકતા નથી."

"ને અમારો સંવાદ સાંભળવાની તમારે જરૂર પણ શી ?" પતિએ વળતો કટાક્ષ કર્યો.

★

શરમજનક નથી શું ?

અમેરિકન નાટ્યકાર ઓરસન વેલેસનું એક નાના ગામડામાં ભાષણ ગોઠવાયું હતું. પણ હાજરી એટલી ઓછી થઇ કે વક્તાનો પરિચય આપનાર પણ ન આવેલો. એટલે મી. વેલેસને જાતે પોતાનો પરિચય આપવો પડયો.

"બ્હેનો અને ભાઇઓ,

મારી નમ્ર જાતનો પરિચય આપવા મને ઉભો કરવામાં આવ્યો છે. હું તમને મારી ચડતીનાં સંસ્મરણો કહીશ. હું રંગભૂમિનો દિગ્દર્શક છું, ઉત્પાદક છું, રંગદર્શી અભિનેતા પણ છું. હું ફિલ્મકથાનકો લખું છું, ફિલ્મોત્પાદક છું, ફિલ્મ એકટર પણ છું. રેડીઓ માટે લખું છું, બોલું છું, દિગ્દર્શન કરૂં છું. જાદુ પણ જાણું છું. રેખાચિત્રો દોરૂં છું, ચિત્રકામ કરૂં છું ને પુસ્તકપ્રકાશક પણ છું. વળી વાયોલીન અને પીઆનો બજાવનાર પણ છું." અહીં જરા થોભી સભાજનોની નાની સંખ્યા તરફ કટાક્ષ કરતાં કહ્યું: "આટલા બધા વેલેસને સાંભળવા આટલા ઓછા ગામલોક આવ્યા તે શરમજનક નથી શું ?"

★

શા માટે વેડફી આરૂં ?

રંગભૂમિના એક જાણીતા હાસ્યનટના પુત્રને તાવ આવતો હતો. ડૉકટરે દવા સાથે સલાહ આપી કે છોકરાને આનંદમાં રાખવાની ખાસ જરૂર હોઇ, થોડી ગમ્મત ભરી વાતો કહેતા રહેવું. આ અભિનેતાએ તરત પોતાના ધંધાભાઇ એવા બીજા હાસ્યનટને બોલાવી મંગાવ્યો. એણે પોતાના ટૂચકા અને અભિનયથી પેલા બાળકને ખુશખુશાલ કરી મૂકયો.

કોઇ પડોશીએ પછી એને પૂછયું કે "તમે હાસ્યનટ હોવા છતાં બીજાને શા માટે તેડાવ્યો ?"

"મારી એક નાઇટની ફી રૂ. ૫૦) છે. તે હું શા માટે બાળોક પાછળ વેડફી મારું ? પેલો તો મિત્રભાવે આવેલો !"

★

આપઘાત ઝેરથી કરવો કે પીસ્તોલથી ?

ડાયરેકટર : તમારા નાટકનો 'વિલન' ઝેર પીને મરે છે તેને બદલે પીસ્તોલથી આપઘાત કરે એમ રાખો તો સારું.

લેખક : એમ કરવું આવશ્યક છે ?

ડાયરેકટર : હા, એથી ઝોકાં ખાતા પ્રેક્ષકો ઘેર જવાનો સમય થયો જાણી જાગૃત તો થશે !

★

લંડનની એક નાટકશાળામાં નવા નિમાએલા સ્ટેજ મેનેજરે ખર્ચમાં કાપકુપ કરવા માંડી. તેની પહેલી નજર ત્રણ બીલાડીઓ પર ગઇ, જેમના ખોરાક માટે રૂપીઓ ખર્ચ આવતો. એ સામે એકટરોએ વાંધો ઉઠાવતાં કહ્યું: "સ્ટેજ પરની સીનેરી અને ડ્રેસો ઉંદરો ખાઇ જાય છે. તેથી બીલાડીઓ પાળી છે."

"એ જ હું કહેવા જતો'તો. જ્યારે તેમને ઉંદરો ખાવા મળે છે ત્યારે ખોરાકની જરૂર શી ? ને ઉંદરો ન ખાતી હોય તો પછી એમની જરૂર શી ?"

★

રમણલાલ દેસાઇની સંયુકતા

શ્રી. રમણલાલ દેસાઇનું 'સંયુકતા' નાટક એક સ્થળે ડ્રેસ રિહર્સલમાં ભજવાતું હતું. સંયુકતાના સ્વયંવરનું દૃશ્ય આવ્યું અને શણગારાઇને બેઠેલા રાજવીઓનાં ઓળખાણ સાંભળી મુખ જોતી સંયુકતા વરમાળ લઇ પોતાની દાસી સાથે દરબારમાં નીકળી. સંયુકતાને પૃથ્વીરાજ વિના બીજો કોઇ વીર ગમવાનો નહોતો જ; અને સંયુકતાના

પિતા જયચંદ્રે પૃથ્વીરાજનું અપમાન થાય એ ઢબે દ્વારપાળને સ્થાને પૃથ્વીરાજનું પૂતળું ઉભું કર્યું હતું. પૂતળા પાસે આવતાં સંયુકતાએ એને જ વરમાળ આરોપી.

ઇતિહાસ અને શ્રી. રમણલાલના નાટકનું સૂચન એ હતું કે પૂતળા પાછળ સંતાયેલ પૃથ્વીરાજે તે જ ક્ષણે સંયુકતાને હરી જવી. ઇશ્વરેચ્છાએ એ નાટકના પૃથ્વીરાજ રમણલાલના સૂચન સાથે સંમત થયા નહિ ને તેમણે સંયુકતાને બદલે દાસીને ઉપાડી દોડવા માંડ્યું! ત્યાં તો સંયુકતાએ પૃથ્વીરાજના પહેરણનો છેડો પકડી બૂમરાણ મચાવ્યું: 'એને નહિ, મને ઉંચકી જાઓ!'

★

જેવો છે તેવો દેખાજે!

મનુને સ્કૂલના નાટકમાં એક વખત મૂર્ખનો પાઠ લેવાનો હતો. તેણે એ બાબત એક કસાયલા મિત્રની સલાહ પૂછી: 'મારે મૂર્ખા દેખાવા માટે શું કરવું?'

'કંઈ કરવાની જરૂર નથી. જેવો છે તેવો દેખાજે' જવાબ મળ્યો.

★

એક થીએટર પર તેના કદરદાન પ્રેક્ષકોને સૂચના આપતી નીચેની જાહેરાત ટાંગેલી દેખાઇ હતી: 'ડોરકીપર અવિવેકી જણાય તેમણે મેનેજરને જોવા!'

★

અજ્ઞાત ફિલસૂફ

લાંબી લાઇનમાં ઘણો વખત ઉભા રહ્યા પછી એને ટીકીટ તો મળી પણ ખેલ ડબ્બો નીકળ્યો. બહાર નીકળતાં એ અજ્ઞાત ફિલસૂફ નાટકશાળાની દિવાલ પર લખતો ગયો: 'દુનીઆના ઇતિહાસમાં આટલો

બધો વખત આટલા બધા માણસોએ આટલી નિરર્થક ચીજ માટે ભાગ્યે જ રાહ જોઈ હશે.'

★

ઓડીઅન્સ ફેલ ગયું.

એક સાંજે પોતાના નિષ્ફળ ગએલા નાટકનો પહેલો ખેલ જોઇ ઓસ્કાર વાઇલ્ડ કલબમાં આવ્યો ત્યારે એક મિત્રે પૂછ્યું: 'કેમ, આજે ખેલ કેવો ગયો ?'

'ખેલ ? ખેલ તો પૂરબહારમાં ગયો. ઓડીયન્સ ફેલ ગયું.'

★

આખરે એ એકલી સૂતી છે !

હોલીવૂડની એક મિજબાનીમાં કોઇએ ગમ્મત ખાતર તુક્કો વહેતો મૂક્યો કે દરેક જણ પોતાની ખાંભી પર શો મૃત્યુ લેખ કોતરાવવા ઇચ્છે છે તે એક કાગળ પર લખી વારાફરતી વાંચી સંભળાવે.

અનેકવાર પરણી ચૂકેલી એક નટીએ પાસે બેઠેલા અમેરિકાના વિખ્યાત મશ્કરા વિલ રોજર્સને કહ્યુ: 'શું લખવું તે મને સૂઝતું નથી.'

'જો તમારામાં વાંચવાની હીંમત હોય તો હું લખી આપું" રોજર્સે કહ્યું. નટી કબુલ થઇ.

'આખરે એ એકલી સૂતી છે.' નટીએ ઉભા થઇ વાંચ્યું બધા શા માટે હસે છે તે તેને સમજાયું નહિ.

★

—તો અમારે માથે ટાલ પડી જશે.

'રામરાજય'નું શૂટીંગ ચાલી રહ્યું હતું. સીતા બનનાર શ્રીમતિ શોભના સમર્થ ટૂંકકેશી હોઇ કલાકોના કલાકો સુધી લાંબા વાળની વીગ તેમને પહેરી રાખવી પડતી. અને દ્રશ્ય પૂરૂં થાય કે ફરીથી લેવાય ત્યારે વારંવાર પ્હેરઉતાર કરવી પડતી. આથી

કંટાળી જઈ તેમણે એક દિવસ ડાયરેક્ટર વીજુભાઈ કને જઈ વીગ ફગાવતાં કહ્યું: 'આમ ને આમ ચાલશે તો મને લાગે છે કે મારા માથામાં ટાલ પડી જશે.'

'ને જો તમે વીગ નહિ પહેરો તો અમારા માથામાં ટાલ પડવાનો વખત આવશે,' વીજુભાઈએ ટકોર કરી, 'સમર્થ પણ થોડા કલાકો વીગ પહેરી રાખવા અસમર્થ થશે તો ફિલ્મ બનશે કેવી રીતે?'

★

ચાર્લી નાપાસ થયો!

એક વાર લંડનમાં ચાર્લી ચેપ્લીનનું શ્રેષ્ઠ અનુકરણ કોણ કરી શકે છે તેની હરિફાઈ ગોઠવાઈ. લંડનના સેંકડો લોકોએ એમાં ભાગ લીધો. ચાર્લી પોતે પણ છૂપા નામથી હરિફાઈમાં ઉતર્યો. પરિણામ આવ્યું ત્યારે ખબર પડી કે પરિક્ષકોએ ચાર્લીને તેના પોતાના અનુકરણ માટે નાપાસ કરેલો. એટલું જ નહિ પણ ઇનામ જીતનારા પહેલા દસ જણમાં પણ તેનું નામ નહોતું!

★

કરડી ખાધેલા!

સૈનિકોમાં ઉત્સાહ પ્રગટાવવા સીનેમા નટી હોસ્પીટાલમાં આવી હતી. ઘવાએલા સૈનિકને એણે પૂછ્યું: 'તમે કોઇ દુશ્મનને માર્યો છે?'

'હા.'

'કયા હાથે?'

'આ,' સૈનિકે જમણો હાથ ઉંચો કર્યો.

નટીએ એ હાથ પોતાના હાથમાં લઈ તે પર બે-ત્રણ ભાવભીનાં ચુંબનો ચોડયાં. પછી બીજાની પથારી પાસે ગઇ. 'તમે કોઇ દુશ્મનને માર્યો છે?' તેને પૂછ્યું.

'મેં તો સેંકડોનો સંહાર કર્યો છે.'

'કયા હાથે?'

જેમેં એ બધાને કરડી ખાધેલા' હોઠ પર સેંકડો ચુંબન પામવાની લાલચે સૈનિકે કહ્યું.

★

રવિવારની રજા

ફિલ્મના સેન્સરો ઘણી વાર ગમ્મતી કાપકૂપ કરે છે. અમેરિકામાં થોડા વખત પહેલાં 'સીંગ સીંગ જેલમાં ૨૦૦૦૦ વર્ષ' નામની ફિલ્મની સાતમી રીલમાંથી એક પુરૂષ સ્ત્રીને લાત મારે છે એ દેખાવ સેન્સરે કાપી નખાવ્યો. ફિલ્મઉત્પાદકોની અરજી પરથી સેન્સરે રવિવારે તે સીન ન બતાવવો એ શરત સાથે બીજા બધા દહાડે તે સીન બતાવવાની છૂટ આપી.

સ્ત્રીને લાત મારતા પુરૂષના પગને પણ રવિવારે રજા જોઇએ ને?
હમણાં જાપાની સેન્સરે કેળાં ખાતી પોલીસનું દ્રશ્ય કપાવી નાખેલું.
ખરી રીતે તો પોલીસને ઘી-કેળાં ખાતી બતાવવી જોઇતી હતી.

★

સિગારેટની સાઇકોલોજી

સીનેમાના એક ડોરકીપર પાસેથી જાણવા મળ્યું છે કે પ્રેક્ષકોને ફીલ્મ ગમી કે નહિ તેની ગણત્રી કાઢવાની તેની રીત ટીકીટની બારી પરનો દરોડો નહિ પણ પ્રેક્ષકોની બીડી-સિગારેટનાં વધેલાં ઠુંઠાં છે. જો ચાલતા ખેલે સીનેમામાં વધુ સિગારેટો પીવાતી હોય તો સમજવું કે ફિલ્મ નિરસ છે. ફિલ્મ સરસ હોય તો બીડી સળગાવવાનું સાંભરતું જ નથી. વળી ફિલ્મ કેટલા પ્રમાણમાં ગમી કે ન ગમી તે હોલમાં પડેલાં ઠુંઠાં પરથી કયાસી શકાય. જો ઠુંઠાં તદ્દન નાના હોય તો જાણવું કે ફિલ્મ બિલકુલ નથી ગમી. ને અર્ધાં કે તેથી મોટાં ઠુંઠાં વધ્યાં હોય તો જાણવું કે ખેલમાં નીરસ દશ્યો પછી રંગીલાં દશ્યો જરૂર આવ્યાં હોવાં જોઇએ, જેથી ચેતાવેલી બીડીઓ ફેંકી દઇ જોવામાં પ્રેક્ષકોએ ચિત્ત પરોવ્યું હોય.

★

(૧૫૮)

સ્ટેશન એક્ટ્રેસ

જાણીતા લેખક મોરીસ ડીકોબ્રા એકવાર રજા ગાળવા અમેરિકાના રિવેરા ગામે ગયેલ. ત્યાં એમને એક સુંદર યુવતીની ઓળખ થઇ, જે પોતે એકટ્રેસ છે એમ જણાવતી હતી. ડીકોબ્રાએ વાત આગે કરવા તેને પૂછ્યું: 'તમે સ્ટેજ ઉપર કામ કરો છો કે સીનેમામાં?'

'હું? હું તો સ્ટેશન એકટ્રેસ છું. મારે તો જયારે જાણીતા નટો પ્રવાસે નીકળે ત્યારે તેમનાથી આગળ જઇ તેઓ જે જે સ્ટેશને ઉતરે તે તે સ્ટેશને અભિનય કરવાનો હોય છે. દા. ત. કલાર્ક ગેબલ કે રોબર્ટ ટેલર જેવા સ્ટેશન પર પગ મૂકે કે હું જાણે તેના પર મોહી પડી હોઉં એવો અભિનય કરી હર્ષની ચીચીયારી પાડું છું, એને ભેટવા દોડું છું, મને ચુંબન આપવા વિનંતી કરું છું; અને જો એ ના પાડે છે- અને એને શિખવ્યા પ્રમાણે એ ના જ પાડે છે—તો હું હું હતાશ થઇ મારૂં હૈયું ભાંગી પડયું હોય એવો અભિનય કરી જમીન પર તૂટી પડું છું.'

'પણ એથી તમોને શો ફાયદો?'

'કેમ નહિ? આથી એકટરના મોહકપણા વિષે ગામમાં ખૂબ જાહેરાત થાય છે. લોકો ધંધો-ધાપો છોડી એને જોવા માટે ધસી જાય છે. એની ફિલ્મો જોવા મરી પડે છે. ફિલ્મ કંપની કમાય છે ને હું કમાઉં છું. આવા એક અભિનય માટે મને ૧૫૦ રૂપિયા મળે છે, જે આ જમાનામાં જરાય ખોટા નથી. વધુમાં સ્થાનિક છાપાઓને ખોરાક મળે છે. એકટરનો આદરસત્કાર કરવામાં ભલેને 'હું, બાવા ને મંગળદાસ' જેવા ત્રણ-ચાર જણ હોય પણ બીજે દહાડે છાપામાં જરુર આવવાનું કે-

'ગેબલને ઘેરી વળેલી ગામની ગોપીઓ'

'ટેલર પર મોહી પડેલી ગામના એક સંસ્કારી કુટુંબની યુવતી' વિ. વિ.

★

પૈસા પાણીમાં ગયા

અમથો શહેરમાં સીનેમા જોવા ઉપડયો હતો. ફિલ્મમાં એક દૃશ્ય એવું આવતું હતું જેમાં હિરોઇન તળાવમાં નહાવા પડવા માટે લુગડાં ઉતારતી દેખાડાતી હતી. જેવી હિરોઇન છેલ્લું કપડું કાઢી જળક્રિડા કરવા પાણીમાં પડવાની તયારી કરતી હતી તેવીજ ટ્રેન આવી ને તેને આવરી લેતી. આ જોઇ એ બબડી ઊઠયો: 'પૈસા પાણીમાં ગયા.'

'કેમ, શું થયું ?' પાસે બેઠેલાએ પૂછયું.

'શું થયું શું ? આજ પાંચ દિવસથી હું આ રસિક દૃશ્ય પૂરૂં જોવા ફરી ફરી આવું છું પણ વાસ્તવિક જીવનમાં મોડી થતી ટ્રેન પડદા પર કદી મોડી થતી દેખાતી નથી !'

★

હોલીવૂડનું લશ્કર

હોલીવૂડ પણ પોતાનું લશ્કર ધરાવે છે. પણ તે અમર છે. ફક્ત સિનેમા માટે એ મરવાનું કામ કરે છે. એના સેનાપતિ છે મી. ઓપેલ. આ સૈન્ય રૂપેરી પડદા પર કોઈ પણ દેશ માટે ડાયરેકટરોનો હુકમ મળતાં લડવા માંડે છે. એમાંના શૂરા ૪૮ સૈનિકો આજ સુધી ૪૦ વાર મરી ચૂકયા છે, સમરાંગણમાં લાશ થઇ પડી ગયા છે, અને પગારના પૈસા મળતાં આ લાશો ઉભી થઈ ચાલતી થઇ જાય છે.

★

ફિલ્મી સામ્રાજ્યવાદ

'ફિલ્મીસ્તાન'માં પ્રશ્ન પૂછાયો છે કે 'સીનેમા આલમમાં રાજા, રાણી અને ગુલામ કેટલા ?'

'ફિલ્મ લાઇનમાં રાજા ચાર; રાજા નેને, રાજા પંડિત, રાજા યાજ્ઞિક અને ઝહુર રાજા. એક પાંચમા રાજા હતા તે સ્વર્ગવાસી થયા, રાજા સેન્ડો. રાણીઓ છ; દેવીકારાણી, સુશીલારાણી, બીજરાણી,

રાધારાણી, ઇન્દુરાણી ને સ્વરૂપરાણી. બાકી હમણાં તો 'પ્રોડયુસરને ગમે તે રાણી ને સેક્રેટરીશીપમાંથી આણી' જેવું થઇ પડયું છે. ગુલામો ચારઃ—ગુલામ મહમદ, ગુલામ હઇદર, ગુલામ હુસેન, ગુલામ કાદિર.'

'આ લાઇનમાં પોતાને 'એક્કા' માનનારા ઘણા છે.' તંત્રી જવાબ આપે છે.

રાજા, રાણી અને ગુલામો ઉપરાંત અહીં નવાબ, ચક્રવર્તી, તથા 'બાપુ' શાંતારામ પણ છે. તેમના દરબારમાં 'વિજય' કરી આવનારા 'ભટ્ટો' અનેક છે; બે સરદારો, ચંદુલાલ શાહ અને સરદાર અખ્તર છે; 'સ્નેહ' ની 'પ્રભા' પ્રસરાવતા 'પ્રધાનો' છે; અત્રે આચાર્યો છે. યાજ્ઞિકો છે, બારોટો છે, જાગીરદાર, પટેલ, દેસાઇ અને અનેક 'શાહ' સોદાગરો છે. રાજાઓ જો ગાદીત્યાગ કરે તો તેમનું સ્થાન લેવા ત્રણ તો કુમારો છેઃ અશોકકુમાર, 'કુમાર' મિન્જન, અને ભદ્રકુમાર. ચારેક રાજકુમારીઓ પણ છે. રાજદરબાર ને 'શોભાના' રૂપ બધા 'સમર્થો' અહીં છે. ને પ્રજા પણ છેઃ 'પ્રજા' પિકચર્સ રૂપે !

★

ગુડ બાય, મી. ચિપ્સ !

'ગુડ બાય મી. ચિપ્સ'માં રોબર્ટ ડોનાટનો એક સાદા સ્નેહાળ શિક્ષક તરિકેનો અભિનય ચીકાગોના પ્રેક્ષકોને એટલો અસર કરી ગયો કે કલ્પિત કથાની એ વ્યકિતને જીવંત માની મધરાતે પહેલો ખેલ છૂટયો કે ઘણા પરબારા ટેલીફોન પર તૂટી પડયા. ડાયરેકટરીમાં જેટલા 'મી. ચિપ્સ' ચીકાગોમાં હતા તે બધાને ફોન કરવા માંડયા. 'મધરાતે કોનો ફોન હશે ?' વિચારી એ બિચારા ફફડતા જ્યાં ફોન હાથમાં લેતા કે સંભળાતું 'તમારો અભિનય ગજબનો છે, ગુડ બાય, મી. ચિપ્સ.'

★

ઝડપ અને ઝાડા

અમેરીકી અદાકાર જેક બીનીએ તેના આફ્રિકા અને સીસીલીના પ્રવાસની વાત કરતાં આધુનિક યંત્રવાદને લઇ કેટલી ઝડપ આવી છે

તે કહ્યું: 'મેં :આફ્રામાં નાસ્તો કર્યો; કેરોમાં જમ્યો ન જમ્યો ત્યાં તો વિમાન પેલેસ્ટાઇન પહોંચ્યું; ને મને ઝાડા પણ શરૂ થઈ ગયેલા !'

★

એકટર–નામ–મંડળ

અમેરિકાના ઇલીઓનીસ પ્રાંતના કેન્ટકી પરગણામાં 'તમારા બાળકનું નામ એકટરના નામ પરથી પાડો' નામનું મંડળ ચાલે છે. એના ૫૨૧ સભ્યો છે. દરેક સભ્યને નટ–નટીઓના નામોની યાદી આપવામાં આવે છે, જેથી તેને ત્યાં બાળકનો જન્મ થતાં નામ શોધવાનું સરળ થાય.

કલોડીએટ કોલબર્ટ નામની નટી એના નામ પરથી પાડેલાં બસો બાળકો ધરાવે છે, અને કેરોલ લોમ્બાર્ડ ૨૫૪. શર્લી ટેમ્પલો તો ત્યાં અનેક મળી આવે છે. કારણ, શર્લીના જન્મદિવસ ૨૩ મી. એપ્રીલે જન્મેલી બાળકીઓનાં મા–બાપ એ નામ પાડવાનોજ આગ્રહ રાખે છે.

આ છોકરીઓ સમજણી થાય છે ત્યારે પોતાની દરેક વર્ષગાંઠે શર્લી ટેમ્પલ પાસેથી અભિનંદનની માગણી કરે છે.

જ્યારે કોઇ કારણસર નટ કે નટીને પોતાનું નામ બદલવાની જરૂર પડે છે ત્યારે મડાગાંઠ ઉભી થાય છે. એના નામરાશીઓમાં ફફડાટ થઇ રહે છે.

બસ્ટર કીટન એક વેળા ઘણો લોકપ્રિય નટ હતો. થોડા વખતના ફિલ્મસંન્યાસ પછી એણે પાછું ફિલ્મક્ષેત્રમાં ઝૂકાવેલું. એને એનું નામ બદલવાની સલાહ ફિલ્મી જાહેરાતખાતાએ આપી. અમેરિકામાં કીટનના નામરાશીઓ હજારોની સંખ્યામાં છે. તેમણે આ સામો વાંધો લીધો. સઘળા બસ્ટર કીટનોની સભા બોલાવી જંગી જેહાદ જગાવી અને બસ્ટર કીટન પાસે ડેપ્યુટેશન મોકલ્યું.

પોતાના પ્રસંશકોની આવી મમતા જોઇ કીટને પોતાનું નામ

બદલવાની વાત પડતી મૂકી.

★

એક્ટ્રેસની ઉંમર

'ફિલ્મ એક્ટ્રેસો કઈ ખરી ઉંમરે ક્ષેત્રસંન્યાસ લે છે ?' એક પ્રેક્ષકનો પ્રશ્ન.

સોળ વરસની સુંદરી રૂપે એ ફિલ્મક્ષેત્રમાં દાખલ થાય છે; પંદર–વીસ વર્ષ કામ કરે છે ને "૨૧" મે વર્ષે વિદાય લે છે. આ તારિકાઓ તેમના ચમકતા સિતારાના યુગમાં મોટી થવાની આનાકાની કરે છે. પણ સંન્યસ્ત લીધાને બીજે જ વર્ષે ૪૫ જેવડી દેખાય છે.

★

સીનેમાથી જન્મતાં અનિષ્ટો

અલ્હાબાદના એક સીનેમામાં ફર્સ્ટ કલાસમાં બેઠેલી એક બાઈએ બાળકને જન્મ આપ્યો હતો.

"સીનેમાએ ઘણાં અનિષ્ટોને જન્મ આપ્યો છે" એમ વારંવાર કહેવામાં આવે છે તેમાંનું આ એક હશે ?

★

મોંઘેરાં સિલ્હૂત

છાયાચિત્રનો અંગ્રેજી પર્યાય શબ્દ 'સિલ્હૂત' ફ્રેંચ ભાષાનો છે. ફ્રેંચ સરકારના એક વખતના ખજાનચીનું નામ હતું 'એ ત્યાં દે' સિલ્હૂત'. આ મહાશય પોતાના કિલ્લા જેવા બંગલાની દિવાલોને પોતાના મહેમાનોનાં છાયાચિત્રોથી શણગારવામાં મશગુલ રહેતા. આથી કાળા રંગમાં કોતરીને કે રંગપૂરણી કરીને કરવામાં આવતા ચિત્રોનું નામ 'સિલ્હૂત' પડી ગયું.

▼

તજફણુ

★ શ્રીમતિ દેવિકારાણીનો પ્રિય શોખ પોતાની ફિલ્મો જોવાનો છે.
વારંવાર પોતાનું મ્હોં અરીસામાં જોવાની સ્ત્રીઓની ટેવ અહીં નવે સ્વરૂપે રજૂ થાય છે.

★ લડાઇ અને મોંઘવારીને લઇને અમેરિકામાં દરેક વસ્તુ લાંબો વખત ચલાવવાની સલાહ અપાઇ રહી છે.

હોલીવૂડની નટીઓએ પતિ બાબતનો શો નિર્ણય કર્યો તે બહાર આવ્યું નથી.

★ ટાગોરની 'ગોરા' નવલકથા ઉતારવાના ફિલ્મહક્ક ઇંગ્લેન્ડની એક કુંપનીએ ખરીદી લીધા છે.
આખરે જાત પર ગયા!

★ કહે છે કે પાપીઓ પાપ કરવા અંધારૂં શોધે છે.
સીનેમા જોનારાઓની આ બદનક્ષી છે.

★ કેટલીક નટીઓ તેમના નામ આગળ '**Miss**' શબ્દ શા માટે લગાડે છે?
ઇશ્વરનો ઉપકાર માનો કે તે '**Virgin**' નથી લખતી!

★ હિન્દી ફિલમ ઉદ્યોગ આખા દેશમાં કુલ ૧૫૦ સીનેમાપત્રો જાહેર ખબર દ્વારા નિભાવે છે.
ફક્ત તેમના પ્રામાણિક અવલોકન નથી નિભાવી લેતું!

★ આપણી પીઠ પાછળ વાતો કરતા માણુસો ધિક્કારવા યોગ્ય છે; ખાસ કરીને સીનેમામાં.

★ **Bombay shoots too many pictures and not enough stars.**

★ કોઇ અમેરિકી નટીને એક ખબરપત્રીએ પૂછ્યું કે તમે પરણેલા છો?" તો જવાબ મળ્યોઃ 'અવાર નવાર!'

★ અદાકાર મોતીલાલને પૂછવામાં આવ્યું કે 'તમારા જીવનનું ધ્યેય શું છે ?'

'આવકવેરાથી બચવાનું !'

'પણ એમાં પકડાતાં જેલ જવું પડે એમ છે.'

'ધ્યેય સિદ્ધિ અર્થે શાં શાં સંકટો નથી ઉઠાવવાં પડતાં ?' તેમણે કહ્યું.

★ હોલીવૂડના એક સીનેમામાં ટીકીટો સાથે ભડાકા કરતી બંદૂક પણ વેચાતી મળે છે. જેથી સ્ટંટ ચિત્રો જોવા આવનાર છોકરા નાયક જ્યારે ખલનાયકને બંદૂકના બાર કરી તગડી મૂકતો હોય છે ત્યારે પોતાના એ માનીતા નાયકને મદદરૂપ થવા ખુરશી પર બેઠે બેઠે ખલનાયક પ્રત્યે બાર કરી ચિત્રની પૂરેપૂરી મઝા માણી શકે !

★ અમેરિકામાં નટીઓના હસ્તાક્ષરો એકઠા કરનાર કેટલાક શોખીનોએ હવે તેમના હસ્તાક્ષરોને બદલે ઓષ્ટાક્ષરો માગવા માંડયા છે. એટલે કે તેમના લીપ્સ્ટીક રંગેલા હોઠથી એમના સંગ્રહમાં ચૂંબન છાપ ચોડે !

★ ફિલ્મોમાં વરસાદ આવે છે તેમાં દૂધ ભેળવેલું હોય છે.

ને શહેરોમાં દૂધ આવે છે તેમાં વરસાદ !



સહુનો વેરીડો

(શ્રી. મેઘાણીના "કોઇનો લાડકવાયો" પરથી.)

●

ગુન ગુન ગુંજન ઘેરૂં સંગીત ઘર ઘરમાં સંભળાયે,
સમજ પડે ના, કયો કનૈયો બંસી મધુરી વાયે !

નહિ ગોકુળ, ના મથુરા આ,
નહિ વૃંદાવનનો પથ આ.

જરીક ડોક નમાવી દીઠી ગ્રામશેરીઓ નાની,
ન્હોતી રાધા, નહિ કનૈયો, હતી સેવિકા છાની;

કેસરરંગી સાળુ ધારી,
દેશદુહિતાઓ દુલારી.

મચ્છર ત્રાસે ત્રાસ્યા જનની સેવાર્થે કંઇ સો સો,
ગ્રામસેવિકા આવી ઝાડુ લઇને હાથે સો સો;

સાધનો અન્ય સંગ લાવી,
મચ્છર—સેવા મન ભાવી.

ફ્લીટ ભરેલા સો સો ડબ્બા વખારમાંથી લાવે,
કુમકુમવરણી ગ્રામસેવિકા પિચકારી ભરી લાવે;

મચ્છર મરતા મરતા રે,
જાતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
ફ્લીટ ભીંજાયા પતિ–સુત–વીરની શૈય્યા પર ત્યાં લળતી;

મુખથી ગણુ ગણુ ગણુ કરતી,
શીષ પર પાંખ મીઠી ધરતી.

થોકે થોકે લોક ઉમટતા દુશ્મન જોવા માટે,
ફિટકારોના મેહ વરસતા પ્રતિ મચ્છર ગણુગણુાટે;

શત શત ડંખતણી યાદે,
સહુકો' મચ્છર શું બાધે.

સો સો ફ્લીટના ડબ્બા ને સો સો લલનાના હાથો,
તેમાંથી ના બચીયો કોઇ, છતાં વીર એક નાઠો;

રણુ છોડેલ છતાં બંકો,
બજ્યો એ વીર તણો ડંકો.

સહુ મચ્છરના વહાલાજનનો મળીઓ જ્યાં દુઃખમેળો,
છેવાડો ને એકલવાયો, બહાદૂર બચ્ચો અકેલો;

વણુ છંટાયો છટકેલો,
સહુનો અજાણુ વેરીડો.

એને શરીરે ફ્લીટ છાંટવા કો' ન સેવિકા ફાવી,
એને છાંટણુ ફ્લીટ—પિચકારી નવ કો' ત્યાં લઇ આવી;

સહુના વેરીડા એ તો,
ચૂકાવી નજરો સહુની હો.

એની સાબુત નાજુક પાંખો પીઠ પાછળ ઉડન્તી,
“માંડ બચ્યો છું, રે” એ વિચારે મૂછો ફરફરન્તી;

સહુના એ વેરીડાની,
છાતડી ગજ ગજ ફૂલન્તી.

છટકેલા એ મચ્છરવીરને પૂરો કરવા માટે,
યુક્તિ એવી ગહન યોજજો કે એ ધૂળ જ ચાટે;

ગટર—ગંગા કેરે ઘાટે,
વળાવજો વૈકુંઠની વાટે.

સહુના એ વેરીડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એની પાંખો ઉપર કર જોડામણ કરજો;

માથે ફ્લીટધારા કરજો,
"હાશ, ગઈ કાશ" જ ઉચ્ચરજો.

કો' મચ્છરી મગરૂબ હશે એની બાંકી મૂછો પર,
હશે ફિદા થઇ મચ્છરી કો' એની પરી શી પાંખો પર;

એનાં સંગીત નિતરતા
ગુંજને શબ્દપુષ્પ સરતાં

એની ફ્લીટાંકિત ગટર પર ચણજો દીવાદાંડી,
એ પર વંચાયે એમ લખજો લીટી એક જ લાંબીઃ

'ફ્લીટ પિચકારી છંટાણી,
મચ્છરે સોડ અહીં તાણી.'

▼



જાહેરખબરોની ઝમક.

જોઇએ છે: હિરોઇન!

જગતની પહેલી જાહેરખબર કોણે કરી હશે? કઇ રીતે થઇ હશે? એ જોવા બેસીએ તો આપણે આદમ જાતના મૂળ પાસે જવું જોઇશે. એ યશનો ફાળો એક સર્પને ભાગે જાય છે. જો પેલા કુટીલ સર્પે આદમ જે ફળ ખાવાની ના કહી ગયો હતો તે ખાવા ઇવાને લલચાવી ન હોય તો જગતની પહેલી જાહેરખબર રચાઇ જ ન હોત. એ ફળ ખાવા લલચાવવા સર્પે જે ભાષા અને ભભક વાપરી હશે તે જગતની પહેલી જાહેરખબરના શબ્દો હશે. ત્યારથી જાહેરખબરની સૃષ્ટિનું અને આ સૃષ્ટિનું સાચું મંડાણ થયું એમ આપણે માની શકીએ.

ત્યારપછી તો આ કળા પાશ્ચાત્ય લોકોએ અને ખાસ કરીને

અમેરિકીઓએ એટલી તો ખિલવી છે કે પેલી કહેવત 'બોલે તેનાં બોર વેચાય'ની જેમ જાહેરખબર કરે તો તેના ઠળીઆ સોત વેચાઇ જાય!

હમણાં લોકોની મનોવૃત્તિ સીનેમા તથા નટનટીઓ વિષે જાણવા તથા તેની નકલ કરવા તરફ વળી છે. તે લક્ષમાં લઇ એક પ્રકાશકે તેણે બહાર પાડેલ નવલકથા તરત વેચાઇ જાય એ માટે દૈનિકોની 'અંગત ટચૂકડી'માં જાહેરાત મૂકી કે,

'જોઇએ છે હિરોઇન'

'જાણીતી ફિલ્મ કુંપની માટે હીરો અને હીરોઇન જોઇએ છે. અમારા ફલાણા પુસ્તકમાં વર્ણવાયેલાં હીરો–હિરોઇન જેવાં લક્ષણો હોવાં જરૂરી છે.'

તે સાંજે તે પુસ્તક લેવા તેને ત્યાં ગ્રાહકોનો દરોડો પડ્યો.

★

એક ચાલાક મીઠાઇ વાળાએ જાહેરાત કરેલી કે: 'તમારી ઘરવાળીએ બનાવ્યો હોય તેવો વેનીલા હલવો રતલના ફક્ત બે ડોલર.'

'તમારી ઘરવાળીએ બનાવવા ધાર્યો હોય પણ ન બનાવી શકી હોય તેવો હલવો રતલના ત્રણ ડોલર!'

એક સ્ટોરને બારણે લખેલું:—'અંદર પધારો, અમારા માણસો તમારી સાથે એવી માયાળુતાથી વર્તશે કે જાણે પોતાની પુત્રીઓને પરણાવવાને આતુર પિતાઓજ જોઇ લ્યો!'

★

'વ્હાલા બચ્ચુ, તું કયાં છે?'

હમણાં એક જણનો બચ્ચુ નામનો કુતરો ખોવાઇ જતાં તેણે તે શોધી લાવનારને રૂા. ૧૦૧ નું ઇનામ આપવાનું જાહેર કરેલું. તે કરતાં આ રીતે જ ખબર આપી હોત તો કેવી સરસ લાગત!

'વ્હાલા બચ્ચુ, તું કયાં છો? તારા વિના તારી પાલક માતાને અન્ન બિલકુલ ભાવતું નથી. અમારી તો ઉંઘ જ ઉડી ગઇ છે. તું જ્યાં હો

ત્યાંથી તારો ભસભસાટ તરત મોકલજે. તોજ અમને ઘસઘસાટ ઉંઘ આવશે. ચાવવા માટે જોઇતાં હાડકાં મંગાવી લેજે. મુંઝાઇશ નહિ. કંઇ આડું અવળું કરી બેસતો નહિ. કુતરાનો જનમ કંઇ વારે વારે નથી મળતો. તારી ઇચ્છા મુજબ બધું થશે. પડોશીની મોતડી સાથે તારે નાતરૂં કરવું હોય તો તેમાં અમારે કંઈ વાંધો નથી. માટે તું જ્યાં હો ત્યાંથી તરત ચાલી આવજે.

લી. તારો પાલક પિતા.

★

તેને પણ ઘંટનાદ કરવો પડે છે.

નવા નીકળેલા પત્રમાં જાહેરખબર આપવા એ સમજાવી રહ્યો હતો. 'પણ અમને જાહેરખબર આપવાની મુદ્દલ જરૂર જણાતી નથી. છેલ્લા એંસી વર્ષથી આ દુકાન જાહેરખબર કર્યા સિવાય પણ ધીકતી ચાલે છે.' દુકાનદારે કહ્યું.

'પેલું મકાન શેનું છે?' કેનવાસરે પૂછ્યું.

'એ તો આ ગામનું ૩૦૦ વર્ષ જૂનું મંદિર છે.'

'છતાં પોતે અહીં છે તે જાહેર કરવા તેને પણ ઘંટનાદ કરવો પડે છે!' કેનવાસરે છેલ્લી દલીલ ફેંકી.

★

જરાય જાહેરખબર કર્યા વિના કોઇ પણ સંસ્થા પૈસા પેદા કરે જતી હોય તો તે ટંકશાળ જ છે.

★

ન જાણ્યું જાનકીનાથે......

હલ શહેરની મ્યુનીસીપાલીટીએ પોતાનું સ્મશાન લોકોમાં પ્રિય થાય એ માટે મફત દફનક્રિયા કરી આપવાની જાહેરાત કરી છે.

એનો લાભ લેવા લોકો બહોળા પ્રમાણમાં મરી પડશે એવી આશા રાખવી વ્યર્થ નથી.

વેસ્ટમિનિસ્ટરની શહેરસુધરાઇએ પોતાના માણસોને હવાઇ હુમલાથી બચાવવા માટેનાં ભોંયરાં તૈયાર કરવા માટે ૩૦૦ પોંડનો ખરચ મંજુર કર્યો છે. આ ભોંયરાં સ્થાનિક કબ્રસ્તાનમાં ખોદવામાં આવશે.

એ ઇરાદાથી કે ભોંયરાં જો હવાઇ હુમલાથી લોકોને બચાવી ન શકે તો કબર તરિકે તો કામ આવી શકે ?

મુંબઇમાં મરીનલાઇન્સ પર આવેલી નાનાશંકરની વાડી ઉર્ફે સ્મશાનની ભીંતો પર 'આ જગા ભાડે આપવાની છે'નાં પાટીયાં જોઇને કોઇ નવાસવા માણસને એમ જ થાય કે મુંબઇમાં મરતાં પહેલાં યોગ્ય ભાડું આપી જગા રિઝર્વ કરાવવી પડતી હશે. પણ ખરી રીતે તો ધંધાદારીઓને એ ભીંતો પર જાહેરખબર આપવાનું આમંત્રણ છે. કોઇ દવાવાળાની કે સિનેમાવાળાની જાહેરખબર ને બદલે

'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે?
અમોને કંઇ નથી પરવા અમે વીમો ઉતારેલ છે.'

એ શબ્દોમાં વીમાવાળાની કે

'સાર આ સંસારમાં ન દીઠો
વીલમાં પૈસા મળ્યા એટલો એ છે મીઠો.'

તથા 'વીલ અને વારસાને લગતા દાવાઓ અમે સફળતાથી (વૈતરણી ?) પાર ઉતારીએ છીએ' એ શબ્દોમાં વકીલોની જાહેરખબર ત્યાં વધુ શોભી ઉઠશે.

★

ગપ્પામારૂ કે ગજરા મારૂ ?

'જાપાન ક્રોનીકલ' માં પોતાની કુંપનીના વહાણોના નામો બદલવાની જાહેરાત કરતાં 'ઓસાકા સોસેન કૈસા' કુંપનીએ જણાવ્યું કે 'જહાજ 'મેન્જુ મારૂ' અને 'લાપ્લાટા મારૂ' નું નામ 'કન્જુ મારૂ' હવેથી કરવામાં આવશે. વળી 'કોકોકુ મારૂ' નું નામ 'ગોકોકુ મારૂ' રાખવામાં આવ્યું છે. જેથી 'હોકોકુ મારૂ' નામ સાથે ભળી ન જાય !

કોઈ ગપ્પામારૂ ગજરા મારૂની વાત કરતો હોય એવું નથી લાગતું ?

★

ચીનાઇ ચાતુરી

ચીનમાં પોતાના માલનો પ્રચાર કરવા ઇચ્છતી એક અમેરિકન પેઢીએ ત્યાંના એક ચીની ભાષાના માસિકમાં નિયમિત જાહેરખ આપવા માંડી. બે–ચાર વર્ષો પછી તેને થયું કે 'ચાલો, ચીન વિષે કંઇક માહિતી મેળવીએ.' એક ચીના દુભાષીયાને એ માસિકના કેટલાક અંકો આપી એમાંથી કંઇક વાંચી સંભળાવવા કહ્યું. અંકો ઉથલાવી રહ્યા બાદ દુભાષીઓ હસ્યો; 'માસિકના અંકોમાં એકનું એક જ લખાણ છાપેલું છે. કહો તો વાંચી સંભળાવું.'

તપાસ કરતાં ખબર પડી કે તેઓ ચીનાઇ ચાતુરીના ભોગ થઇ પડયા હતા. એ માસિકનો ચીનમાં કંઇ ફેલાવો નહોતો. ફક્ત જાહેરખ આપનારાઓ પૂરતી નકલો કાઢી, તે પર અંગ્રેજીમાં માસિકનું નામ, મહિનો, વર્ષ અને અંકનો નંબર નવો છાપી વેપારીઓને રવાના કરવામાં આવતું. લખાણ એનું એ જ હર વખતે રહેતું. ચીનની ચિત્રામણી ભાષામાં અમેરિકનો શું ઉકેલી શકવાના હતા ?

★

સોનેરી સંચો !

બારડોલીમાં મચ્છર વધી પડયા હતા. ત્યાંના કેટલાક ગૃહસ્થોએ છાપામાં વાંચ્યું કે કલકત્તાની કોઇ કંપનીએ મચ્છર ઉડાડવાનો એવો સંચો શોધી કાઢયો છે કે જેનો જમતી વખતે ઉપયોગ કરી શાન્તિથી ભોજન લઇ શકાય. ત્યાંના ૩૦–૪૦ જણાએ રૂપિયા એકઠા કરી કંપનીને મોકલ્યા. મોકલ્યા તે મોકલ્યા જ. ઘણા યાદી–પત્રો લખ્યા પછી કંપની તરફથી એવો જવાબ આવ્યો : 'જમવા બેસતી વખતે જમણા હાથે જમવું ને ડાબે હાથે મચ્છર ઉડાડતા જવા. આ અમારો સોનેરી સંચો છે !

★

ખોવાયું છેઃ મળ્યું છે.

'મહેરબાન સાહેબ,

'ગયા મંગળવારે મારો સીઝન પાસ ખોવાઇ ગએલો; તે બાબતમાં તે જ સાંજે તમારા પત્રમાં જાxખ આપેલી. સવારે ઘેરથી ઑફીસે જવા નીકળતાં મારા બીજા કોટના ખીસામાંથી એ પાસ નીકળી પડયો. તમારા પત્રની આવી સુંદર કામગીરી અને ત્વરિત અસર માટે જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.'

(એક દૈનિકના તંત્રીને મળેલો પત્ર)

★

લા મિઝરેબલ્સ

પારીસના એક ચોપડી વેચનારાએ પોતાની જાહેરાતની બારી (શો વિન્ડો) માંથી એક દિવસે બધાં પુસ્તકો ઉપાડી લઇ ફક્ત હીટલર અને મુસોલીનીના બે મોટા ફોટા મૂકયા. જર્મન સત્તાવાળા આ નવા તાબેદારોની રાજભક્તિ જોઇ ત્યાંથી જ પુસ્તક ખરીદવા લાગ્યા. કેટલા ય દિવસો પછી તેમને ખબર પડી કે દુકાનદારે એ ફોટાઓ વચ્ચે વિકટર હ્યુગો લિખિત 'લા મિઝરેબલ્સ' ની એક નાની પ્રત ગોઠવેલી ! !

★

દલાલોએ તસ્દી લેવી નહિ

મોટર ટાયરોની મોંઘવારી અને અછતને લઇને અમેરીકન પરણુનારા કેટલી નિકૃષ્ટ હદે પહોંચી ગયા છે તેનો નમૂનો બોસ્ટનના એક પત્રમાંની જાહેરખબર આપે છે.

'એક મોટર લોરી ધરાવતી વિધવા બાઇ લગ્ન કરવા ઇચ્છે છે. જરૂરીઆતવાળાએ તરત લખવું. દલાલોએ તસ્દી લેવી નહિ.

બીજે જ દિવસે એ બાઇને લગ્નની માગણી કરતા સેંકડો પત્રો આવી પડયા. લગભગ બધાએ લખેલું; 'ટાયરો કઇ બનાવટનાં અને

કેવી સ્થિતિમાં છે એ જાણવા માટે એના ફોટા બીડો.'

જેને પરણવા ઇચ્છે છે એ બાઇના રૂપ, ગુણ કે ફોટાની એમને પડી નહોતી. લાગે છે કે 'સ્ત્રી એટલે પગનું ખાસડું'ની માફક આધુનિક અમેરિકા સ્ત્રી એટલે મોટરનું ટાયર ગણાતું હશે. ને વાત પણ ખોટી નથી. સ્ત્રી વિના સંસારની મોટર કેમ ચાલે? જો કે અમેરીકન નટીઓએ તો પતિને દર વર્ષે મોટરની જેમ બદલાતું પુરૂષ–મોડેલ તો ગણી જ કાઢ્યું છે.

આ પરથી ધરોની આવી તંગીમાં કોઇ મુંબઇગરો નીચે મુજબ જાહેરખબર આપે તો નવાઇ ન થવી જોઇએ.

'જોઇએ છે: વાર્ષિક બારસોની આવક અને બે હજારની મોંઘવારી મેળવા સ્વાશ્રયી યુવક માટે ભાગે ખપતી કન્યા, વિધવા, કે છંડાયલી, રૂપ નહિ હોય તો ચાલશે, પણ રૂમ ધરાવતી હોવી જોઇએ. રૂમનો ફોટો તથા ક્ષેત્રફળ તરત મોકલો.'

▼



વેપાર–વણજ

બોમ્બ ફોડવાનો ધંધો

યુરોપનું ગયું મહાયુદ્ધ પુરું થયું તે વખતે ફ્રાન્સની ભૂમિ પર છૂટેછવાયે ઠેકાણે અનેક બોમ્બ દટાઇ રહ્યા હતા. આ બોમ્બ શત્રુઓએ નાખ્યા હોવા છતાં ફૂટેલા ન હોવાથી 'જીવંત' રહેલા. એવી જગાએ જ્યારે કોઇ સહેલાણીઓ ફરવા નીકળી પડતા ત્યારે અચાનક અથડાવાથી આ બોમ્બ ફૂટતા અને જાનમાલની ઘણી હાની થતી. આથી ફ્રાન્સમાં લોકોને ફરવા જવાનું ભયંકર થઇ પડેલું. એટલે આવા બોમ્બ શોધી, ખોદીને ફોડી નાખવાનું કામ કેટલાકોએ ઉપાડ્યું. એ માટે એક લીમિટેડ કું. પણ સ્થપાઇ છે. ગયા મહાયુદ્ધમાં નંખાયેલા આ બધા

બોમ્બો હજુ ફૂટી રહ્યા નથી. એટલે કંપનીનો ધંધો ધમધોકાર ચાલે છે ને તે સારો જેવો નફો કરે છે.

આજ સુધીમાં આ કંપનીના માણસોએ એકંદરે ૧૫ લાખ બોમ્બ શોધી કાઢી ફોડી નાખ્યા છે. આ કામ એટલી હોશિયારીથી આ લોકો કરે છે કે હજુ સુધી કંપનીના એક પણ માણસને ઇજા થઇ નથી.

★

જંતુ ખાવાનો ધંધો

અમેરિકાના એક ઇસમનો ધંધો તદ્દન વિચિત્ર પ્રકારનો છે. સોડા વોટર તૈયાર કરનારી એક કંપનીની નોકરીમાં તે માણુસ રહેલો છે. તેનું કામ માત્ર આટલું જ છે: કોઇ માણુસે તે કંપનીમાંથી કાંઇ પીવાની ચીજ વેચાતી લીધી હોય તેમાં કાંઈ જીવ-જંતુ મળી આવે અને તે માટે તે માણુસ કંઇ તકરાર કરે તો તે જીવજંતુ ખાઇ જવાથી કશી હાનિ થતી નથી તે બતાવી આપવાનું કામ એનું છે. તે માટે એ જીવજંતુ ખાઇ જાય છે. એણે આજ સુધીમાં આવાં દશ હજાર જીવડાં ખાધાં છે, જેમાં મચ્છર, માખી, માંકડ ઇત્યાદિ આવી જાય છે.

એક વાર એક શરબતના ગ્લાસમાંથી ઉંદરડી મળી આવતાં એક ગ્રાહકે કંપની પર ફરિયાદ માંડી. એ વખતે ઉંદરડી ખાવાથી કશું નુકશાન થતું નથી તે બતાવવા એને ઉંદરડી ખાઇ જવી પડેલી.

બીજા એક પ્રસંગે એને કાચના ટુકડા ખાઇ જવા પડેલા.

★

ઓસ્ટ્રેલીઆના ઉંદરો

ઓસ્ટ્રેલીઆમાં વર્ષો પહેલાં ઉંદરો પાક ન બગાડે એ માટે શહેરીઓ પાસેથી જુદી જુદી યોજનાઓ માગવામાં આવી હતી. તેમાંની એક ઉંદરો પાક ન બગાડે તે માટે ૧૦૬૨ માઇલની વાડ બંધાવવાની હતી. એ બંધાઇ

પણ પાક બગડતો અટકયો નહિ. એટલે ત્યાંની સરકારે જે કોઇ એક ઉંદરને મારશે ને તેની ખાત્રી તરીકે તેની પૂંછડી રજુ કરશે તેને એક આનો ઇનામ આપવામાં આવશે એવી જાહેરાત કરી. આથી ઘણા ઉંદરકુટુંબોનો થોડા જ અઠવાડિયામાં કચ્ચરઘાણ નીકળી ગયો. પણ ગમ્મતની વાત એ બની કે ઓસ્ટ્રેલીઆમાં ઉંદરો ઘટવાને બદલે એટલાને એટલા રહ્યા છતાં એક આનો ઇનામ લેવા સરકારી ખાતાઓમાં સેંકડો પૂંછડીઓ આવવા લાગી.

વાત એમ બની કે બાજુના પ્રદેશ મલાયા અને સીંગાપુરના ટાપુઓમાં આ વાત ફેલાઇ જતાં તેમણે એમાંથી વેપારી નૂસખો ઉભો કર્યો. પોતાના પ્રદેશમાંના ઉંદરો મારી નાખી, યા તો તેમની પૂંછડી જ ફકત કાપી લઇ કે છેવટે મરેલા ઉંદરોની પૂંછડીઓ એકઠી કરી સારા જથ્થામાં ગુણો ભરી ભરી ઓસ્ટ્રેલીઆ તરફ નિકાસ કરવા માંડી. આનું પરિણામ એ આવ્યું કે ઓસ્ટ્રેલીઆમાં તો હતા એટલી જ સંખ્યામાં ઉંદરો રહ્યા ને મલાયા તથા સીંગાપુર ટાપુઓમાંથી ઓછા થયા. વર્ષો સુધી ત્યાં આ બાંડા ઉંદરો ફરતા દેખાતા હતા.

સ્વ. ગિજુભાઇની સાતપૂંછડીઆ ઉંદરની વાત તો આપણે સાંભળી છે. સીંગાપુર–મલાયામાં એવા ઉંદર થતા હોત તો ત્યાંના લોકો કેટલા કમાઇ જાત ?

★

માખીઓ મારવાનો ગૃહઉદ્યોગ !

આવીજ રીતે બલ્ગેરિઆમાં જ્યારે માખીઓ વધી પડેલી ત્યારે રાજ્યે દર ડઝન માખીઓ મારવા બદલ એક શીલીંગનું ઇનામ જાહેર કાઢેલું.

આપણે ત્યાં આળસુઓને 'બેઠો બેઠો માખીઓ શું માર્યા કરે છે ? કંઇ ધંધો કર' એમ કહી ટોકવામાં આવે છે. પણ તે વખતે તો

ત્યાંના ઉદ્યોગી માણસોએ પણ વધારાની કમાણી કરવા માખીઓ માર-વાનો ગૃહઉદ્યોગ કરવા માંડેલો !

✶

સંઘર્યો ઉંદર પણ કામનો

તમે હોર્સપાવર (ઘોડા–બળ) વિષે સાંભળ્યું હશે પણ માઉસ–પાવર (ઉંદર–બળ) કદિ સાંભળેલ છે ? સ્કૉટલેન્ડના ડેવીડ હૂટન નામના વિચક્ષણ શોધકે ઉંદર–બળની શોધ કરી છે.

આજ સુધી ઉંદરો તદ્દન નકામા પ્રાણી મનાતાં આવ્યાં છે. ડેવીડે પ્રત્યક્ષ પ્રયોગોથી બતાવ્યું છે કે ઉંદર પણ કામનો છે. એણે એક ઉંદરીયું બનાવી તેમાં નાનું ચક્ર ગોઠવ્યું. પછી પાંજરામાં ઉંદરને પુરી ચક્ર ચલાવતાં શીખવ્યું. પ્રયોગકાળમાં એક ઉંદરે ૩૫ દિવસમાં અડધો શેર ખોરાક લઇ એ નાના ચક્રનાં ૩૬૮ માઇલ જેટલા આંટા ફેરવ્યા. પછી હૂટને આ ચક્ર સાથે તરાક લગાવીને એ થકી સુતર, રેશમ, અને શણ કાંતવાનું નાનુ કારખાનું કાઢયું. આ કારખાનામાં એક ઉંદર–મજુર પાંચ અઠવાડિયામાં ૨૨૫૦ વાર લાંબો તાર કાઢી શકે છે. એ કદિ હડતાલ પાડતો નથી, નથી પગારવધારો માગતો.

આવી ઉંદરમીલ ડંફરમીન ગામમાં કાઢવા હૂટને પરવાનો માગ્યો. એ મીલમાં ૧૦૦૦૦ ઉંદરો કામે લગાડવાનો ઇરાદો હતો. અડસટ્ટા મુજબ આ મીલમાંથી એને દર વર્ષે ત્રણ હજાર પૌંડનો ચોકખો નફો થવાનો હતો.

પણ આ વિચાર અમલમાં આવે તે પહેલાં ડેવીડ હૂટન અવસાન પામ્યો.

આપણા ગણેશજીએ ઉંદરને વાહન તરીકે અમથા પસંદ કર્યા હશે ?

✶

પરાંવાસી : (દુકાનદારને) તમે ઉંદરીયું વેચો છો ? એક લાવજો ને. જરા ઉતાવળ કરજો. મારે ૮–૪૦ની લોકલ પકડવી છે.

દુકાનદાર : એવડું મોટું ઉંદરીયું તો મારી પાસે નથી !

★

ભૂતનો વેપાર

આપણે ત્યાં મૃત્યુ પછી પિતૃઓને પીંડદાન કરવાનો રિવાજ છે તેમ ચીનમાં મૃતાત્માઓ પાછળ કાગળનાં 'ભૂત' અર્પવાનો રિવાજ છે. દા. ત. એક શ્રીમંત ચીનો મરી જાય તો તેની વિધવા મૃત પતિનાં આત્માને સંતુષ્ટ કરવા માટે આવાં કાગળનાં ભૂતો તૈયાર કરવશે. કેટલીક વાર માણસો હરી ફરી શકે તેવું સંપૂર્ણ રાચરચીલાંથી સુસજ્જ ઘર, જેમાં પથારી પાસે ટેલીફોન હોય, બારણે મોટરો ઉભી હોય, તૈયાર કરાવવામાં આવે છે. પછી મંદિરનાં આંગણુંમાં પૂજારી એને મંત્રવિધિ કરી અગ્નિદાહ દે છે, જેથી આ ઘર અને એની સુખસગવડ સ્વર્ગમાં એના પતિને મળે.

ચીનના મોટા શહેરની શેરીઓમાં ઘણાં લોકો આવા ભૂતો વેચવા બેઠા હોય છે. તમારે જે કંઇ તમારા સ્વર્ગસ્થ મિત્રો કે પિતૃઓને મોકલવું હોય તે તેઓ બનાવી આપે છે. સાધારણ લોકો મોટર કે વીમાન ન મોકલી શકે તેમને માટે ઘોડાગાડી અને બળદગાડીના નમૂના પણ તૈયાર હોય છે. આ ધંધામાં બે લાખ માણસો રોકાયલા છે.

★

ચાવીનો ચારો

વીલીમય હેસી નામના અંગ્રેજને વારસામાં એક ઘડીયાલની દુકાન મળી. એમાં જૂના જમાનાની બનાવટનાં ખીસ્સા–ઘડીયાલો ભર્યાં હતાં, જેમને ભીંતે ટાંગવાનાં ઘડીયાળો માફક રોજ ઉઠીને ચાવી દેવી પડતી. ઘડીયાળ બધાં ચાલુ હતાં પણ એવા જૂના મોડેલનાં ઘડીયાળ કોણ લે ?

પણ હેસી એમ હારે એમ નહોતું. એ તો ઉપડયો ઘડીયાલો લઇને અમેરિકાના પનામા રાજમાં. ને ત્યાંના દેશીઓને ઘડીયાલ વેચી આર્યાં. ફક્ત ચાવી પોતાની પાસે રાખી.

હવે રોજ સવારે ઉડીને એ ઘડીયાલના માલિકો હેસીની દુકાને આવી ઘડીઆળને ચાવીનો ચારો અપાવી જાય છે. બદલામાં હેસી ફક્ત એક નાળીએરનું ભાડું લે છે. આ નાળીએર તે પરદેશ ચડાવી નવી કમાણી કરે છે.

★

માડાગાસ્કરમાં નેફીલો નામે કરોળીઆ થાય છે. બે થી ત્રણ ઇંચની એની લંબાઇ હોય છે. મોસમ આવે ત્યારે આવા લાખો કરોળીઆ જીવતા પકડી લઈ છાબડીમાં પૂરી દેવામાં આવે છે. અહીં દોરાનાં વ્યવસ્થિત ફિંડલાં તેમની આગળ મૂકી કરોળીઆને છૂટા કરવામાં આવે છે. તેઓ આ દોરાની જાળ વણે છે. એ જાળ એટલી તો મજબુત બને છે કે એથી માછલીઓ અને પક્ષીઓ સહેલાઇથી પકડાય છે. દરેક કરોળીઓ તેના જીવન દરમિયાન ૪૦૦૦ વાર જેટલું દોરાનું જાળું તૈયાર કરે છે.

★

બાઇબલમાંથી બંદુક

અપંગ ઘેટાને ખભે ધરી જીવહિંસા નહિ કરવાનો પ્રથમ અને જીવનભર ઉપદેશ દેનાર ભગવાન બુદ્ધની ત્રણ પ્રતિમાઓ જાપાનીસોએ ચીન સાથેના યુદ્ધમાં કપાએલા ૧૦૦૦ સૈનિકોના ત્રણ લાખ હાડકાંમાંથી સર્જી છે. ને તેની પાસે મૃતાત્માઓને શાન્તિ આપવા પ્રાર્થના કરવામાં આવે છે.

જૂની વધી પડેલી બાઇબલોનો શો ઉપયોગ કરવો તેની મુંઝવણ હવે મટી છે. સોળ વર્ષની શોધખોળ પછી એક માણસે એમાંથી કચકડો અને બંદુકમાં જામગ્રી આડે ભરવાનું રેશમી રૂ બનાવવાનું શોધી કાઢી, તેનું પેટન્ટ લીધું છે. ઇંગ્લાંડમાં કાર્ડીફ આગળ અને બીજે આઠ ઠેકાણે જૂની બાઇબલોમાંથી બંદુકનું રૂ બનાવવાનાં કારખાના એણે નાખ્યાં છે. આ રીતે ઇસુનો અહિંસક ઉપદેશ હવે બંદુકોમાં ભરાવા માંડયો છે.

'ટારઝને, ધી એપમેન' વિગેરે ટારઝ ગ્રંથમાળાના પુસ્તકોનો

લેખક એડગર રાઇસબરો એક વેપારી તરીકે તદ્દન નિષ્ફળ ગયો હતો. છેવટે તેણે 'સફળ વેપારી થવાની કૂંચીઓ' વિષે લેખો લખવા માંડયા; અને એમાં એ ઠીક કમાયો !

★

પાણીઢાળ ક્રિયા

વરસાદના દિવસો હતા. રસ્તે ખૂબ કાદવ હતો. એવામાં એક મોટર ત્યાંથી પસાર થઇ અને તેનું પૈડું કાદવમાં ખૂંચી ગયું.

'એલા એઇ, આ પૈડું જરા ઉંચકવા લાગોને, કંઇક મળશે.' મોટરમાલિકે પાસે ઉભેલા બે ગામડીઆને કહ્યું.

મહામહેનતે એ બે જણે મળી પૈડું કાદવ બહાર કાઢયું ને મોટરને ચાલતી કરી આપી. તેમને આઠેક આના આપતાં શેઠે સહૃદયતાથી પૂછ્યું; 'આવા એકલવાયા પ્રદેશમાં તમો શો ધંધો કરો છો ?'

'આ જ; પાણી ઢોળી વિશેષ કાદવ કરવાનો. રોજની એકાદ–બે મોટર તો જરૂર ફસાઇ જાય છે. ને અમારું પેટીયું આ રીતે કૂટી કાઢીએ છીએ.' ઠાવકું મ્હોં રાખી એકે કહ્યું.

★

ચેક મળ્યો !

'પછી તમને મારો ચેક મળ્યો કે ?'

'હા, બે વાર; એક વાર તમારા તરફથી ને બીજી વાર બેંક તરફથી !'

★

શ્રદ્ધા ઉઠતી જાય છે.

'આપણા લોકની પ્રામાણિકતા પરથી હવે ધીરે ધીરે મારો વિશ્વાસ ઉઠતો જાય છે.'

'કેમ, શું થયું ?'

'ગઇ કાલે મેં એક રૂપીઆનું પરચુરણ લીધું તેમાં તેણે બે આની ખોટી પહેરાવી દીધી. એ તો સારૂં થયું કે મેં ટ્રામમાં ટીકીટ

કઢાવતાં તે સરકાવી દીધી. બાકી હવે આપણા લોકો પરથી મારી શ્રદ્ધા ઉઠતી જાય છે!'

★

વેચી મારજો!

સટોડીઆને તાવ આવ્યો હતો. 'કેટલો છે, ડૉકટર? પત્નીએ પૂછ્યું.

'૧૦૩ ડીગ્રી.'

'૧૦૫ થાય ત્યારે વેચી મારજો,' સટોડીઓ લવ્યો.

★

'મારી પાસે પાંચ માઇલ દોડવાની શરતમાં જીતેલો સોનાનો ચાંદ, દશ માઇલની શરતમાં જીતેલો ચાંદ, તરવામાં રેકર્ડ સ્થાપવા બદલ રૂપાનો કપ, કુસ્તી જંગમાં જીતવા બદલ મળેલા બે રૂપાના મગફળ અને બોક્ષીંગમાં મળેલા બે ચાંદ છે.'

'ત્યારે તો તમે કોઇ ભારે કસરતબાજ હો એવું જણાય છે.'

'કસરતબાજ? અરે, હું તો ગીરવી રાખવાનો ધંધો કરૂં છું!'

★

હડતાળ: ઘટાડા માટે!

ગયા સૈકાની આખરમાં બ્રિટનના લીસેસ્ટર ગામની ઉનની મીલના કામદારોએ પોતાના પગારમાં સાડા સાત ટકા ઘટાડો કરવા માટે માગણી મૂકી હતી ને તે માટે હડતાળ પાડી હતી. તેમની દલીલ હતી કે આ પગાર ઘટાડાથી માલની કીંમત ઓછી થશે તેથી લોકોની ખરીદશકિત વધી માલની માંગ નીકળશે. આથી બીજા બેકાર કામદારોને રોજી મળશે ને સરવાળે શેઠીઆઓને નફો થતાં કામદારોને બોનસ રૂપે જે વળતર મળી રહેશે તે ઓછું નહિ જ હોય.

★

બાવન જણ ઠગાયા!

આજના છાપામાં કંઇ સણસણતા ખબરો નહોતા. છતાં કોઇ પણ પ્રકારે છાપું તો વેચવું જ જોઇએ, એટલે ફેરીઓ બૂમ પાડતો

નીકળ્યો : '**ગામમાં વધી પડેલો ઠગોનો ઉપદ્રવ : ૫૧ જણ ઠગાયા.**'

એક રાહદારીએ છાપું ખરીદ્યું પણ ઠગોને લગતી કંઇ ખબર ન જોઇ રાતોપીળો થઇ ગયો. ત્યાં થોડે દૂર એ જ ફેરીઓ ફરી બૂમ પાડતો સંભળાયો; '**ગામમાં વધી પડેલો ઠગોનો ઉપદ્રવ : બાવન જણ ઠગાયા.**'

★

અજબ લોક !

'આ વીમાવાળાઓ પણ કોઇ અજબ લોક જણાય છે.'

'કેમ ?'

'પહેલાં તેઓ 'આ જીંદગીનો શો ભરોસો છે ? કદાચ તમે કાલે જ ગુજરી જાઓ તો ?' એવું તમારા મન પર ઠસાવે છે. ને વીમો ઉતરાવ્યા પછી તમે લાંબું જીવો એમ ઇચ્છે છે.'

★

તમારો પગાર

પગાર માટે અંગ્રેજીમાં વપરાતો 'સેલેરી' શબ્દ લેટીન 'સેલારીઅમ' માંથી ઊતરી આવ્યો છે. રોમન પ્રજામાં મીઠું એટલું મોંઘુ હતું કે ત્યાં પગાર મીઠામાં જ ચૂકવાતો. ને 'સેલારીઅમ'નો અર્થ એ જ થાય છે.

★

True friends stick together until debt them doth part.

A man is known by the Company he floats.

A Solicitor is a man who lives on his writs.

There are three kind of lies : Lies, damned lies & statistics.

★

મરતો ગયો ને તારતો ગયો.

પોતાના માલની જાહેરાત કરવા અમેરિકાની કુંપનીઓ હંમેશા

અવનવા તુક્કા ઉઠાવતી રહે છે. હમણાં ત્યાં કોઇ માણસને ફાંસીની સજા થઇ હતી. જે દિવસે ફાંસી દેવાની હતી તેને આગલે દિવસે એક બીસ્કુટ બનાવતી કું. નો આડતીયો એને જેલમાં મળવા ગયો ને તેના કુટુંબની ખબરઅંતર આપ્યા પછી તેના મૃત્યુબાદ તેના કુટુંબને ભરણ-પોષણ માટે કંઇ મુશ્કેલી ન ઉઠાવવી પડે એવી જોગવાઇ કરી આપવાની કું. તરફથી તેણે ઇચ્છા દર્શાવી. બદલામાં તેણે એટલુંજ કરવાનું કે ફાંસી આપતી વેળા જ્યારે તેની છેલ્લી ઇચ્છા પૂછવામાં આવે ત્યારે કહેવું કે 'મેં એ કું.નાં બીસ્કુટ આજ સુધી ખાધાં છે. તેથી મારી તંદુરસ્તી સારી રહી છે. ને એનાં જેવાં સ્વાદીષ્ટ ને સરસ બીસ્કુટ બનાવનાર કોઇ કું. મારી જાણમાં નથી.'

આટલું કહેવાની શરતે તેણે કું. તરફથી તેના કુટુંબને દશ હજાર ડોલર ગણી આપ્યા.

બીજે દિવસે છાપામાં એની ફાંસીના સમાચાર સાથે આ વિચિત્ર ઇચ્છાની વાત પણ છપાઇ હતી. છાપાંઓએ આની મોટા અક્ષરે નોંધ લીધી. પરિણામે કું. નાં બીસ્કુટો પર દરોડો પડ્યો ને કું. કરોડો કમાઈ ગઇ.

કેટલાકો વિષે કહેવાય છે કે 'મરતો ગયો ને મારતો ગયો.' આ માણસ મરતો ગયો ને કુટુંબને તારતો ગયો.

★

આદર્શ ઘર

મોન્ટ્રીઅલની ઘર બાંધનારી એક પેઢીએ પોતાના ધંધાની જાહેર-ખબર કરવા એક નવો જ તુકકો અજમાવ્યો છે. શહેરના ફેશનેબલ લત્તામાં એ એકાદ મકાન ચણે છે ને છેલ્લામાં છેલ્લી ઢબનાં ફરનીચર બનાવનાર કુંપનીના સહકારથી એને શણગારે છે.

પછી તરતમાં પરણી ઉતરેલા કોઈ દંપતીને બે વર્ષ માટે રહેવા આમંત્રણ આપે છે ને એ બે વર્ષ દરમ્યાન એક આદર્શ ઘરરખુ દંપતી માફક ફરનીચરને તથા ઘરને જરા ય નુકસાન કે જફા ન પહોંચે

એવી રીતે રહેવાની તેમની પાસે શરત કરાવે છે. આ શરત બરાબર પળાઈ રહ્યે બે વર્ષ પછી આ આદર્શ ઘર તેમને નામે કરી દેવામાં આવે છે.

આ બે વર્ષ દરમ્યાન કુંપની પોતાના ચણેલા ઘરોમાં રહેનારા કેવા સુખી બને છે તેની ધૂમ જાહેરખબર કરે છે ને આ ઘર જોવા પોતાના ભાવિ ગ્રાહકોને આમંત્રે છે. અઠવાડિયાના કાંઇ પણ નક્કી કરાયેલા બે કલાક વચ્ચે ગ્રાહકો તે જોવા આવે છે ને સંતોષ પામી આ કુંપનીએ બસાવી તૈયાર કરાવી આપેલાં આવાં ઘરો પોતે વસાવી લે છે.

★

સાબુ-નાણાં !

પરચુરણની તંગીમાં આપણે ત્યાં કૂપનો અને ટપાલ ટિકીટોનો વપરાશ વધી પડયો છે. સિક્કાની ઘટતી જતી મહત્તા જોઇને જ ગાંધીજીએ સૂતર-નાણાંની વાત સૂચવી હતી. પણ મેકસીકોમાં ફરી આવનાર એક અમેરિકન વેપારી લખે છે કે તેને ગામડાંઓમાં ઘણી વાર પૈસાને બદલે સાબુ મલતો હતો. દરેકનું કદ સાધારણ બિસ્કુટ જેવડું હતું ને તે પર ગામનું નામ તથા સરકારી મંજુરીની છાપનો સિક્કો મારેલો હતો. એ છાપ ભૂંસાય નહિ ત્યાં સુધી એ સાબુ-સિક્કો ચલણી રહતો. છેવટે જેના હાથમાં રહી જાય તેણે તે વડે ન્હાઇ નાખવાનું !

★

રૂમ અપાઇ ગઇ છે !

જગા મેળવવાની તંગી એકલા મુંબઇમાં જ છે એમ નથી. અમેરિકાના મોટા મોટા શહેરોમાં પણ લડાઇને લઇને વસ્તીમાં ફૂગાવો આવ્યો છે. વોશિંગ્ટનમાં એ માટે એક ક્રૂર રમૂજ પણ પ્રચલિત છે કે એક ડૂબતો જણ મદદ માટે બૂમો પાડતો હતો. પસાર થતા એક રાહદારીએ તે જો તેનું નામઠામ આપે તો બચાવવા પ્રયત્ન કરવા કહ્યું; ડૂબતો માણસ તરણું ઝાલે એ મુજબ પેલાએ નામઠામ આપ્યું કે રાહદારી સીધો ઊપડયો ડૂબતો જણ રહેતો હતો તેના મકાનમાલિક

પાસે ને 'એ તો હવે લગભગ ડૂબી ગયો હશે' કહી તેના રૂમની માગણી કરી.

'તમે ઘણા મોડા પડયા' મકાનમાલિકે કહ્યું, 'એ રૂમ તો એને ધક્કો મારી ડૂબાડી દેનારને નામે અપાઇ ગઇ છે.'

★

I remain

એક મુંબઇગરાને પોતાનું મકાન તરત ખાલી કરી જવા મકાન-માલિકે અંગ્રેજીમાં નોટીસ મોકલી. ભાડાનિયમનના કાયદા હેઠળ પોતે તદ્દન સલામત છે ને ધરધણી કંઇ શકે એમ નથી એની ખાત્રી હોવાથી એણે અંગ્રેજીમાં જ શ્લેષમાં જવાબ લખી મોકલ્યો :—

Dear sir,
I remain,
yours truely.

★

જવાહર ચપાટી !

એકવાર કારોબારીની બેઠક માટે દિલ્હી ગએલા જવાહર કારો-બારીના સભ્યો સાથે ચર્ચામાં ઉતરી જઇ, મતભેદ અને મનદુઃખથી કંટાળી જઈ બહાર નીકળી પડયા; ચાલવા માંડયા. મનને શાંત પાડવા ઘણું ચાલી નાખ્યું ત્યારે ખબર પડી કે તેમને ભૂખ લાગી છે. પોતાના નામના જયનિનાદોથી એ કંટાળી ગયા હતા. જ્યાં પોતાને કોઈ ઓળખે નહિ એવી નાનીશી હોટલના ખૂણામાં જઈ બેસી ગયા ને ચપાટી (રોટલી) મંગાવી.

એ ચપાટી ચાવતા બેઠા હતા ત્યાં જ બીજો જણ આવ્યો, એમને ઓળખી કાઢયા ને 'આદાબ બર્ઝ, પંડીતજી' કહી પાસેના ટેબલ પર જગા લીધી. હોટેલમાં બેઠેલા બીજાઓ માટે આટલા શબ્દ બસ હતા.

એ બધા પંડિતજીને ઘેરી વળ્યા. પોતાના અર્ધા બાકી રહેલ ભાણા તરફ એક તૃષ્ણાભરી નજર નાખી જવાહર જેમતેમ કરી ટોળામાંથી નાસી છૂટયા.

પણ એ હોટલનો માલિક અક્કલનો અધુરો ન હતો. તે દિવસથી તેણે પોતાની ચપાટીઓને 'જવાહર ચપાટી' નામ આપી જાહેરખબર આપવા માંડી. અધુરામાં પુરૂં, જવાહરની છબીનો એક રબ્બરનો સ્ટેમ્પ બનાવી દરેક ચપાટી પર એ છાપવા માંડયો! તે દિવસથી આ હોટલ પર હંમેશ દરોડો રહ્યા કરે છે.

રાષ્ટ્રનું જવાહર કોને આકર્ષતું નથી?

★

બિચારો માનવી!

માનવી નાણાં મેળવવા માટે દોડધામ કરે તો તેને ધન–ઘેલો કહેવામાં આવે છે; એકઠાં કરેલાં નાણાં જાળવી રાખે તો તે મુડીવાદી કહેવાય છે; નાણાં ખરચે નહિ તો તે કંજુસ કહેવાય છે અને નાણાં ખરચવા માંડે તો તે તેને ઉડાઉનો ઇલ્કાબ મળે છે. નાણાં મેળવી શકે નહિ તો તે નકામો માનવી ગણાય છે, નાણાં મેળવાનો પ્રયત્ન કરે તો તેને બેઠાખાઉનો બિલ્લો મળે છે. મહેનત કર્યા વિના નાણાં મળી જાય તો તે પરજીવી ગણાય છે; અને જો જીવનભર સખત મહેનત કર્યા પછી નાણાં મેળવે છે તો લોકો તેને જીવનનું કંઇ પણ સુખ ભોગવી નહી શકનારા મુર્ખ તરિકે ઓળખે છે!

★

કેટલા બધા લોકો ગુજારો કરે છે!

'મેં પહેરેલો આ કોટ ખરેખર આશ્ચર્ય પમાડે તેવો છે.'

'મને તો તે સાધારણ જેવો લાગે છે.'

'તું સમજ્યો નહિ. જો, એનું રૂ ભરૂચમાં ઉગેલું; માન્ચેસ્ટરમાં તેના તાર કંતાએલા; તે પાછા અમદાવાદ આવી વણાપા ને કાપડ બન્યું. સુરતથી મેં તે ખરીદેલું ને મુંબઇમાં કોટ શીવડાવેલો.'

'પણ તેમાં નવાઇ જેવું શું છે?'

'કેમ નહિ? જેના મેં હજુ પૈસા પણ નથી ચૂકવ્યા તે પર કેટલા બધા લોકો ગુજારો કરે છે?

▼

તજકણુ

★ વિજ્ઞાને શોધેલા યંત્રોમાં અકસ્માત્ શા માટે થાય છે, જાણો છો? એ બધાં અકસ્માત્ જ શોધાયાં છે એટલે!

★ બે વેપારીઓ રસ્તામાં મળી ગયા. 'કેમ, ધંધાપાણી કેમ ચાલે છે?' એકે પૂછ્યું.

'ઘણાં જ સારા.'

'!?'

'મેં કહ્યું જે, આવતા વર્ષ કરતાં ઘણાં સારા.'

★ 'મેં મારૂં જૂનું રહેઠાણ બદલી અહીં રહેવા આવવાની તૈયારી કરી ત્યારે મારો મકાનમાલિક બિચારો રોઇ પડેલો.'

'હશે; પણ હું તો અગાઉથી ભાડું લઇ લઉં છું!'

★ છાપાંઓ ખબર આપે છે કે મુંબઇમાં રસ્તાઓ પહોળા થશે અને મકાનો ઉંચા થશે.

આથી મકાનમાલિકોનાં દિલ સાંકડાં થઇ ભાડૂતોનાં મન ઉંચાં થશે.

★ આવક ઉપર કર એટલા વધી પડયા છે કે સરકાર આવક જ કર તરિકે રાખી લે અને કર આવક તરિકે આપણને રાખવા દે તો જ હવે જીવી શકાય એમ છે.

★ રૂપીઆ કે આનાની મદદ વિના માત્ર પાઇ પર જ કોઇ વેપાર ચાલતો હોય તો તે છાપખાનાનો છે. એ કેવળ છ-પાઇ ઉપર જ નભે છે.

★ હાથને કર એટલા માટે કહેતા હશે કે તે કર ભરવામાં કામ લાગે!

★ આપણા પણ કારભાર ચાલે છે કે કરભાર?

★ દિવાસળી પર કર લાગ્યો છે.

કર પર દિવાસળી કયારે લાગશે?

★ 'હજુ તો ઘણા નવા કરો પડશે.' એક માન્યતા.

અમારા ભાવિ ખીસ્સાકાતરૂઓની રહી સહી આશા પર આથી પાણી ફરી વળશે.

★ વૈજ્ઞાનિક ફેરાડેએ જ્યારે પહેલવહેલો ડાયનેમો શોધી ઈંગ્લેન્ડના વડા પ્રધાન ગ્લેડસ્ટન પાસે રજૂ કર્યો ત્યારે તેણે કહ્યું: 'પણ મી. ફેરાડે, આખરે આ શોધનું મહત્વ શું ?'

'એ જો ઉપયોગી થઈ પડી તો એ પર કર નાખી શકાશે. એ શું ઓછા મહત્વની વાત છે ?' ફેરાડેએ કહ્યું.

★ 'ઘેર બેઠા પૈસા બનાવો' એક જાહેરખબર કહે છે.

પણ એમ બનાવેલા પૈસા ચલાવવા જતાં જે બખડજંતર ઉભું થાય છે તેનો જ વાંધો છે.

★ વ્યાપારી ક્ષેત્રોમાં ઘણા જણને ઉંચા ચડાવવામાં કે નીચા પાડવામાં કોઈ એક જણનો હાથ હોય તો તે લીફ્ટમેનનો છે.

★ એકવાર હીન્દી સરકારે કાનપુરમાંથી બે લાખ જોડા ખરીદવા કોન્ટ્રેક્ટ કર્યો. જોડા આવ્યા ત્યારે ખબર પડી કે એ બધા એકજ પગના હતા. ને ખાસડાં સરકારને માથે પડયાં.

આનું નામ જ અ—જોડ સોદો !

★ જ્યારે જ્યારે હું તને જોઉં છું ત્યારે મને મગન યાદ આવે છે.'

'પણ અમો વચ્ચે તો કંઇ સરખાપણું નથી'

'કેમ નહિ ? તમો બન્ને પર મારા દશ—દશ રૂપીઆ લેણા છે ના !'

★ 'બન્ને છેડેથી ખુલ્લી વસ્તુઓ બુક—પોસ્ટથી મોકલી શકાય છે,' પોસ્ટલ ગાઇડ.

પાયજામો પણ ?

★ દમને અંધાધુંધી ઉભી કરી;

—ને ફુગાવાએ ધંધાધુંધી.

★ ચંદ્રનો એક દિવસ પૃથ્વીના ૧૪ દિવસ જેવડો હોય છે.

અમારા દરજીનું પણ એવું જ છે !

★ 'તમારે બેંકમાં કંઇ છે ?'

'હા, ફક્ત વિશ્વાસ !'

'પાણીનો બરફ બને છે ત્યારે મુખ્ય ફેરફાર શો થાય છે ?'

★ 'ભાવનો !'

★ 'મુર્ખાઓ પોતાના પૈસા તરત ખોઇ બેસે છે.'

'ક્યાં ખોઇ આવ્યા ?'

★ 'સેફ્ટી બ્લેડ'નો શોધક મી. જીલેટ પોતે એ વડે ગળું કાપી મૂઓ હતો.

તો પછી એ બ્લેડના ભાવોએ લોકોનાં ગળાં કાપવાં માંડયાં છે એમાં નવાઇ શી ? છતાં એ 'સેફ્ટી' કહેવાય છે !

★ બ્રાઝીલનું ટપાલખાતું ટપાલ ટીકીટો પાછળ જાહેરખબર છાપવા વિચાર કરે છે.

આથી જાહેરખબર આપનારનાં નામ દરેકની જીભે ચડી જશે.

★ 'સર્વપ્રિય થવાની એક કુંચી કઇ બાબત ક્યારે ભૂલી જવી જોઇએ તે યાદ રાખવાની છે.'

અમારા લેણદારોને આ સત્ય ક્યારે સમજાશે ?

★ દૂધમાંથી કપડાં બનશે એવી શોધ થઇ છે.

આ હિસાબે આપણે અર્ધું પાણી પહેરવું પડશે !

★ 'આ એક રૂપીઆની નોટો તરત ઝાંખી પડી જાય છે,' એક ફરિયાદ.

ખરી ફરિયાદ તો એ છે કે હાથમાંથી ગયા પછી એની પાછી ઝાંખી જ થતી નથી.

★ 'ભણેલાઓ અને વેપારીઓ વચ્ચે ઘણી બાબતો લેવા-દેવા જેવી હોય છે.' એક વેપારી.

પણ તમે વેપારીઓ તો ભૂલ-ચૂક જ લેવા-દેવાનો આગ્રહ રાખો છો તેનું શું ?

★ 'સુખી થવાનો સાચો રસ્તો પ્રામાણિકતા છે.'

પણ તેનું પ્રમાણ નહિ સાચવો તો દુઃખી થવાનો પણ એ જ રસ્તો છે.

★ શાહીચૂસ ૧૪૬૫ માં શોધાયું.

છતાં શાહી સૂકાય ત્યાં સુધી ઘણા તેને શોધવા ટેબલ પર ફાંફાં મારી રહ્યા હોય છે !

★ 'તમે જાહેર કરેલું ને કે સંતોષ ન થાય તો પૈસા પાછા ?'
'પણ મને તો તમારા પૈસાથી સંતોષ થયો છે !'

★ બાપઃ 'આ સિક્કો જોયો કે ? ૩૦૦ વર્ષ જૂનો છે.'
દિકરો : 'તે ૩૦૦ વર્ષે સુધી એને ખર્ચી નાખ્યા વિના લોકોનો જીવ કેમ રહ્યો હશે ?'

★ 'રેડીઓની શોધ ઘણાને આશીર્વાદરૂપ થઇ પડી છે.' એક વિજ્ઞાની
ને એ બંધ કરવાની કૂંચીની શોધ એથીયે વધુ આશીર્વાદરૂપ થઇ પડી છે.

★ 'દરજીઓ માનવસ્વભાવના મોટે ભાગે પરીક્ષક હોય છે.'
દુકાનમાં પગ મૂકયો ન મૂકયો કે એ તમને **માપી** લે છે.

★ 'જીવનમાં સફળતા મેળવવા માનવીએ પોતાના ધ્યેયે પહોંચવા ટૂંકામાં ટૂંકો રસ્તો લેવો જોઇએ.,
ટેક્ષી ડ્રાઇવરો આની નોંધ લેશે કે ?

★ પ્રાચીન બ્રાહ્મણોએ વિદ્યાલયો ઉઘાડી સંસ્કૃતિ ફેલાવી.
ને અર્વાચીનોએ ભોજનાલયો ઉઘાડી અપચો !

★ 'લક્ષ્મી સદાય સુખ લાવતી નથી.'
આવું અપશુનીયાળ શું બોલો છો ? અમને કયું દુઃખ અનુકુળ આવશે એ જાણવાની તક તો લેવા દો.

★ **Modern business is just like Pounds, Shillings and Suspense.**

★ **બેઠાનું ભાગ્ય બેઠેલું, સૂતાનું સૂતું જાણજો;**
ઉભાનું ઉભું રહેવાનું, ચાલતું ચાલનારનું
ટપાલીઓ કેવા નશીબદાર છે ?

★ 'એની પાસે પાંચ-પચીસનો જીવ છે' એ કહેતી પાંચ-પચીસ જણને જીવનભર ચૂસ્યા વિના પૈસો એકઠો થતો નથી એમ સૂચવતી હશે ?

★ **Now-a-days the World revolves on it taxes.**

★ શાહીચૂસનો શોધક તેના પૂત્ર માટે મોટો વારસો મૂકી ગએલો.
  ચૂસણુનીતિ દ્વારા એકઠો કરેલો ને ?

★ પ્રામાણિક બની જુઓ અને તમને આપોઆપ લાગશે કે દુનિયા-માંથી એક શઠ ઓછો થયો.

★ આ યુદ્ધમાં હિંદ બ્રિટનનું દેવાદાર મટી લેણુદાર બન્યું છે.
  એ માટે હિંદ તેનું સદાય ઋણી રહેશે.

★ અમેરિકામાં સિક્કો નાખોને આપોઆપ તમને ભાણું મળી રહે એવા યંત્રો તૈયાર થયાં છે.
  સિક્કો નાખીએ ને આપોઆપ નાણું મળી રહે એવા યંત્રો ક્યારે શોધાશે ?

★ નેતાઓ શબ્દો કરતાં કાર્યોને કીમતી ગણે છે.
  તાર માસ્તર કાર્યો કરતાં શબ્દોને કીમતી ગણે છે.

★ 'દરેક જણે તેની આવકના પ્રમાણમાં કપડાં પર ખર્ચ કરવો જોઇએ.' એક અર્થશાસ્ત્રી.
  નગ્નવાદનો પક્ષ કરનાર આ ભાઇ પહેલા જ નથી.



આ

અને આના જેવા બીજા અનેક
પુસ્તક જેમાં દર મહીને પાંચ
પાનાં ભરીને પ્રગટ થાય છે.

તે

નવચેતન

(ગુજરાતનું અગ્રગણ્ય માસિક)

ના

આજથી જ ગ્રાહક બનો

અને

દર મહીને તમારા આનંદનો
ખોરાક મેળવી લ્યો

★

તંત્રી: ચાંપશી વી. ઉદ્દેશી

[illegible]	લવાજમ
[illegible]	રૂ. [illegible]
[illegible]	પોસ્ટેજ રૂ. [illegible]

★

કમીશનથી ખરીદવું હોય તો

એન. એમ. ઠક્કરની કંપની

૨૮૫, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.